લેખક : લ્યૂ વૉલેસ

# બેન-હર



- રોમન સામ્રાજ્યના પ્રચંડ બળ સામે ક્રાંતિનો ધ્વજ ફરકાવનાર જહાજી - ગુલામની રોમાંચક કથા
- જે કથા ઉપર સર્જાઇ છે વિશ્વવિખ્યાત ફિલ્મ
- અનેક ભાષાઓમાં જેની લાખો નકલો વેચાઇ ચૂકી છે.

રૂપાંતર : ભગવતપ્રસાદ ચૌહાણ

3BGB2

2f

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# બેન-હર

લેખક

લ્યૂ વોલેસ

રૂપાંતરકાર

પ્રિ. શ્રી. ભગવતપ્રસાદ ચૌહાણ

ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન
એલિસબ્રીજ, અમદાવાદ – ૩૮૦ ૦૦૬
ફોન : ૬૪૪ ૫૨ ૮૧

પ્રકાશક :
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન
એલિસબ્રીજ, અમદાવાદ – ૩૮૦ ૦૦૬

# બેન–હર

| | | | |
|---|---|---|---|
| પ્રથમ આવૃત્તિ] | જાન્યુઆરી, | ૧૯૭૮ | [૧,૦૦૦ |
| દ્વિતીય આવૃત્તિ] | ઓગસ્ટ, | ૧૯૮૦ | [૨,૦૦૦ |
| તૃતીય આવૃત્તિ] | ફેબ્રુઆરી, | ૧૯૯૨ | [૧,૧૦૦ |
| ચોથી આવૃત્તિ] | ડિસેમ્બર, | ૧૯૯૮ | [૧,૧૦૦ |

મૂલ્ય : રૂ. ૨૫–૦૦

મુદ્રક :
સુર–ડેન કોમ્પ્યુટર્સ
૨૫, સોનલકુંજ સોસાયટી,
ન્યુ મ્યુનિસીપલ માર્કેટ પાસે,
મણિનગર (પૂર્વ), અમદાવાદ–૮
ફોન : ૨૧૬ ૧૫ ૨૫

# સ્વ. ડૉ. ફ્રેન્કલીન દેસાઈ



સ્વ. ડૉ. ફ્રેન્કલીન દેસાઈ તે મેથોડિસ્ટ ચર્ચના આગેવાન શ્રી મગનભાઈ દેસાઈના પુત્ર હતા. ધાર્મિક કુટુંબમાં જન્મી સ્વબળે આગળ વધી તે ડૉક્ટર બન્યા રેવ. રણછોડભાઈ ભગવાનભાઈના પુત્રી સ્વ. મુકતાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. આણંદની એમરી હોસ્પિટલમાં અને ત્યારબાદ પોતાની સ્વતંત્ર ડિસ્પેન્સરીમાં વર્ષો સુધી સેવા આપી સુવાર્તા પ્રચારમાં ખૂબ રસ ધરાવનાર ડૉ. ફ્રેન્કલીન દેસાઈએ વર્ષો સુધી આણંદ મંડળીમાં વડીલ તરીકે તેમજ કવાયરના સભ્ય તરીકે અવિસ્મરણીય સેવા આપી. ડૉ. ફ્રેન્કલીનના પુત્ર ડૉ. ઈમાનુએલ દેસાઈ ( ટેકસાસ ) અને તેમના પત્નિ સુષ્માબહેન તરફથી તેમના પિતાશ્રીની સ્નેહસ્મૃતિમાં બહાર પડતાં આ પુસ્તકના પ્રકાશન માટે રૂા. ૫૦૦૦ /–નું ઉદાર દાન મળ્યું છે, જેની આભાર સાથે નોંધ લઈએ છીએ.

રોમન .....

આખી દુનિયા માટે આ શબ્દનો અર્થ છે માલિક; પરંતુ બેન–હર માટે આ શબ્દનો અર્થ છે વિશ્વાસઘાતી અને જુલમગાર.

- મેશાલ્લા નામે બેન–હરના એક લંગોટિયા ભાઈબંધે–રોમને –તેનો વિશ્વાસઘાત કર્યો હતો. એ જ રોમનને કારણે તેની માતા અને બહેન કાં તો મૃત્યુ પામ્યાં હતાં કાં તો કેદમાં હતાં (તેમનું શું થયું છે એ બેન–હર જાણતો ન હતો).
- એ જ મેશાલ્લાને કારણે બેન–હરને એક રોમન જહાજ ઉપર આજીવન કેદની સજા થઈ હતી.
- એ જ મેશાલ્લાને ભોંયભેગો કરવાની એકમાત્ર ઇચ્છાથી બેન–હર જિંદગી જીવતો હતો – અદમ્ય વેર.
- બદલાની આગ એના મનમાં દાવાનળની જેમ સળગતી હતી. એ ક્યારે છૂટે અને મેશાલ્લાને બદલો ચુકાવી દે અને રોમન સામ્રાજ્યને ઝુકાવી દે.

**નવલકથાનાં અન્ય આકર્ષણો**

રોમાંચ ખડા કરી દે તેવી રથસ્પર્ધા

ચાંચિયાઓ સાથેની ભયાનક દરિયાઈ લડાઈ

નમ્ર નાઝારીની ખૂબસૂરત કથા

## સ્વ. કુ. સુમન્તાબહેન ક્રિશ્ચિયન

જન્મ :– ૨૮–૧૨–૧૯૨૮ મૃત્યુ :– ૩૦–૬–૧૯૯૨



સ્વ. કુમારી સુમન્તાબહેનનો જન્મ એક ધાર્મિક કુટુંબમાં પિતા સ્વ.રેવ. જયોતિભાઈ જગજીવનદાસ તથા માતા મરિયમબહેનને ત્યાં સને ૧૯૨૮ના ડિસેમ્બરની ૨૮મી તારીખે થયો હતો. જીવન ઉપયોગી શિક્ષણ તેઓએ પંચમહાલ, તથા આણંદ અને બોરસદ બોર્ડિંગમાં રહીને પ્રાપ્ત કર્યું હતું. પી.ટી.સી. થઈને દાહોદની એમ. વાય હાઈસ્કૂલમાં શૈક્ષણિક કાર્ય એકધારું ૩૬ વર્ષ સુધી કરી બાળકો તથા શિક્ષણગણનો સ્નેહ સંપાદન કર્યો. મંડળીની અનેકવિધ સેવામાં સાથ અને સહકાર આપવામાં કદી પાછી પાની કરી નથી તથા સન્ડે સ્કૂલના નાનાં ભૂલકાંઓમાં પોતાની સેવા જીવનના છેલ્લા શ્વાસ સુધી બજાવી હતી. કુટુંબના અન્ય ભાઈ–બહેનોના જીવનમાં અને ભણતરમાં તેઓએ મહામૂલો ફાળો આપ્યો હતો, તેઓ હસમુખા સ્વભાવના હોઈ દરેકનો પ્રેમ તેમણે સંપાદન કર્યો હતો. તેમની સ્મૃતિમાં તેમની બહેનો તથા ભાભી તરફથી આ પુસ્તક છપાવવા માટે રૂા.૫૫૦૧/– નું દાન આપવામાં આવ્યું છે.

સપના બહેન તરફથી દીકરા આકાશના જન્મ દિન નિમિત્તે રૂા. ૪૦૦૦

અનુવાદક તરફથી રૂા. ૨૦૦૦

## નિવેદન

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીની ૧૨૫મી જ્યુબિલી નિમિત્તે જનરલ લ્યૂ વોલેસની આ અદ્ભુત નવલકથાને ગુજરાતી ભાષામાં રજૂ કરતાં ભારે આનંદ અનુભવું છું. એમ.જી.એમ. દ્વારા આ નવલકથા ઉપર તૈયાર થયેલી અને મશહૂર અદાકાર ચાર્લ્ટન હસ્ટનને ચમકાવતી ફિલ્મ સમગ્ર વિશ્વમાં અત્યંત લોકપ્રિય બની છે. પોતાના જ દિલોજાન દોસ્ત દ્વારા દગાખોરીનો ભોગ બને. બેન–હર આજીવન જહાજી–કેદની સજા મેળવે છે. બદલાની અદમ્ય આગથી એ તડપતો રહે છે, જહાજ પરથી નાસી છૂટવામાં સફળ બને છે, અને રોમાંચક રીતે રોમમાં જ તાલીમ લઈ રથસ્પર્ધામાં મેશાલ્લાને પરાજિત કરી વેર વાળે છે. દિલ ધડકાવનારા સંજોગોમાં કરુણાસાગર નાઝારીની અમીદ્રષ્ટિને કારણે મૃતપ્રાય માનેલાં માતા અને બહેનને પાછાં મેળવે છે, અને યરુશાલેમમાં જ દુન્યવી રાજય સ્થાપવાને બદલે ક્રોસ ઉપર કરુણ મૃત્યુને ભેટતા ઈસુને નિહાળી ખ્રિસ્તી બને છે.

જે સંજોગોમાં આ નવલકથા તેના લેખક જનરલ લ્યૂ વોલેસ ઝ દ્વારા રચાઈ તે પણ એટલા જ હૃદયસ્પર્શી છે. લોહી અને માંસથી ધબકતા એક ઐતિહાસિક, સચ્ચાઈસભર પાત્ર તરીકે ઈસુને નિરૂપતી આ કથા વિધાયક વિશ્વાસનો નિર્ણાયક પુરાવો છે. આ પ્રેરણાત્મક, જોરદાર, નાટયાત્મક કથા વાચકોને જરૂર પસંદ પડશે.

– ભગવતપ્રસાદ ચૌહાણ

## બીજી આવૃત્તિની પ્રસ્તાવના

ખૂબ ટૂંકા સમયમાં આ પુસ્તકની બીજી આવૃત્તિ થાય છે તે તેના જોરદાર કથાવસ્તુનો અને ગુજરાતી ખ્રિસ્તી સમાજની ઊઘડેલી વાચનભૂખનો ઉમદા પરિચય કરાવી જાય છે. પુસ્તકને ઉમળકાથી આવકારવા બદલ વાચકોનો હૃદયપૂર્વક ખૂબખૂબ આભાર માનું છું.

– ભગવતપ્રસાદ ચૌહાણ

## ‘બેન–હર  ના લેખક વિશે થોડુંક

વેરની ઝનૂની આગમાં સળગતો, બદલાના દાવાનળમાં વીંટળાયેલો એક યહૂદી યુવક, જાણ્યેઅજાણ્યે રોમની પ્રચંડ શાહી સત્તા અને એક યહૂદી સુથાર વચ્ચેના સંઘર્ષમાં ભાગીદાર બને છે. જેની સત્તાનો સૂરજ મધ્યાહ્ન તપે છે તેવું રોમન સામ્રાજ્ય અને ગાલીલના એક સુથાર યુવક વચ્ચેની અસમતોલ છતાં ભયાનક અથડામણમાં અણધાર્યો જોડાઈ જાય છે. યુવાનીમાં જ જિંદગીના સાગરના કંઈ કંઈ દુર્ઘર્ષ ઝંઝાવાત જોઈ ચૂકેલો એ જહાજી ગુલામ છે બેન–હર. આ યુવાનના મનમાં ખેલાયેલાં પ્રચંડ યુદ્ધો, પેલા યહૂદી સુથાર સાથેનાં, જિંદગીના નાજુક મોડ પરનાં કોમળ મિલનો, ચારેબાજુ ઘૂઘવતા પરાજયના સાગર મધ્યે એ જ યહૂદી સુથારને માટે પોતાનું સર્વસ્વ હોડમાં મૂકી દેવાનો તેનો અંતિમ નિર્ણય. આ જ બેન–હરને આ યુગની એક સર્વશ્રેષ્ઠ નવલકથા બનાવનાર તત્ત્વો છે.

લાખો લોકોએ અનેક ભાષાઓમાં અનૂદિત થયેલી આ નાટયાત્મક પ્રણયકથા, કલાત્મક સંઘર્ષકથા વાંચી છે; પરંતુ ઘણાં થોડાં તેના લેખક જનરલ લ્યૂ વોલેસે કેવા સંજોગોમાં આ બેનમૂન કથા રચી તેથી પરિચિત છે.

યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જનરલ લ્યૂ વોલેસ‘હબસીઓના સ્વાતંત્ર્ય માટે યુદ્ધો ખેલનાર ઉત્તરનાં રાજયોને પક્ષે લડે છે, અને યુદ્ધમાં એકવાર તો દુશ્મન દળોના પાછળના ભાગમાં ભૂલથી ઘૂસી જઈ, ખૂબ પરાક્રમો દાખવી પાછા પોતાના લશ્કરમાં ભળી જાય છે.

યુદ્ધ પૂરું થતાં જનરલ લ્યૂ વોલેસ રાજકારણમાં સક્રિય બને છે, અને રાજયોના ગવર્નરપદ સુધી પહોંચે છે.

એરિઝોના રાજયના ગવર્નરપદની ટર્મ એમણે પૂરી કરી ત્યારની આ વાત છે. એ ટ્રેનમાં વતનમાં પાછા ફરતા હતા ત્યારે તે વખતના પ્રસિદ્ધ નાસ્તિક કર્નલ ઈંગરસોલ તેમને ભેટી ગયા. કર્નલ ખ્રિસ્તી ધર્મની ખૂબ ઠેકડી ઉડાવતા અને જનરલને તેમાં શ્રદ્ધા રાખતા જોઈ તેમણે કહ્યું : ' ખ્રિસ્તી ધર્મ કેટલા બેહૂદા સિદ્ધાન્તો પ્રગટ કરે છે અને છતાં કેટલાક બુદ્ધિશાળી માણસો પણ તેમની વાતો માની લે છે, એ કેટલું વિચિત્ર છે ?

જનરલે કહ્યું : " સાચે જ વિચિત્ર કહેવાય."

" એક વખત એવો જરૂર આવશે જયારે બાઇબલનાં અર્ધસત્યો અને કપોળકલ્પિત વાતોને બદલે લોકો વિજ્ઞાનનાં સત્યો સ્વીકારશે," કર્નલે જણાવ્યું.

ડબ્બામાં થોડીવાર શાંતિ છવાઈ રહી. પછી જનરલ તરફ ફરી કર્નલ ઈંગરસોલે કહ્યું, "જનરલ, તમે તો ગવર્નરપદે રહી ચૂકેલા વિ દ્વાન અને વિચારક છો. તમે શા માટે માહિતી એકત્ર કરી, પુરાવાઓ અને હકીકતો મેળવી એવું પુરવાર કરતા નથી કે ઇસુ ખ્રિસ્તની આખી વાત બોગસ છે – ઊપજાવી કાઢેલી છે ! એવું કેમ પુરવાર કરતા નથી કે ઈસુ નામની કોઈ ઐતિહાસિક વ્યકિત થઈ જ નથી, અને ઇસુએ નવા કરારમાં લખ્યા છે એવા કોઈ ઉપદેશો આપ્યા નથી !"

આ વિચિત્ર સૂચન કોણ જાણે કેમ વોલેસના હૃદયમાં એકદમ ચીટકી ગયું; એમને થયું કે કર્નલ ઈંગરસોલનો આ પડકાર ઝીલી લેવો જોઈએ. ખ્રિસ્તી ઐતિહાસિકતાને સ્પષ્ટ રીતે નકારી કાઢવી જોઈએ.

ઘેર જઈને જનરલ વોલેસે એમનાં પત્નીએ જણાવ્યું કે તે ખ્રિસ્તી ધર્મ એ ઐતિહાસિક સત્ય નથી તેવું પુરવાર કરવા માંગે છે.

એમનાં પત્ની અતિ ધાર્મિક સ્ત્રી હતાં. પતિની આવી વાતો સાંભળી તે ચોંકી ઊઠયાં, અને પતિના હ્દયપરિવર્તન માટે ઇશ્વરપિતાની સમક્ષતામાં ઘૂંટણે પડયાં.

ખ્રિસ્તી ધર્મ કપોળકલ્પિત છે તેવું પુરવાર કરનાર વોલેસ પેલેસ્ટાઈન પહોંચી ગયા. ત્યાં વર્ષો સુધી રહી, મુસાફરી કરી તેમણે હકીકતો અને માહિતી એકત્ર કરવા માંડી. પ્રાચીન દસ્તાવેજોનો ઊંડો અભ્યાસ કર્યો અને અસલ હસ્તલેખો પણ ઝીણવટથી તપાસ્યા. ગ્રંથાલયોમાં અધ્યયન કર્યું અને તજજ્ઞોની મુલાકાતો પણ લીધી. પછી પોતાનો ' મહાગ્રંથ રચવા માટે તે પલાંઠી લગાવી બેસી ગયા. એમને તો હતું જ કે એમના અદ્‌ભુત મહાગ્રંથથી ખ્રિસ્તી ધર્મનું અને તેના સ્થાપક ઈસુ ખ્રિસ્તનું અસ્તિત્વ અગ્નિ સામે મીણની જેમ ઓગળી જશે, અદશ્ય થઈ જશે, અને આખી દુનિયાનો ભ્રમ ભાંગી જશે.

ત્યાં જ એક અદ્‌ભુત વાત બની. જનરલના અંતરઆત્મામાં વેદનાની તીવ્ર શૂળ ઉપડી. એમની સામે પડેલ હકીકતો, આંકડાઓ અને દસ્તાવેજો પોકારી પોકારીને કહેવા લાગ્યા કે, ઈસુ તે સાચે જ ઐતિહાસિક વ્યકિત છે. બધા જ પુરાવા એ જ હકીકત તરફ જવલંત સૂર્યપ્રકાશની જેમ પોતાને દોરી જતા લાગ્યા ; જનરલે એક અદમ્ય આકર્ષણ અનુભવ્યું.

પચાસની વયે આ વિદ્વાન જનરલ આંખમાં આંસુસહિત, હ્દયમાં વેદનાસહિત ઘૂંટણે પડયા, અને જેનું અસ્તિત્વ નામશેષ કરવા, નેસ્તનાબૂદ કરવા તે મેદાને પડયા હતા તે જ સ્વામીનું સાન્નિધ્ય તેમણે સ્વીકાર્યું, અને સંશય તથા હતાશાને સ્થાને એક સનાતન તથા અદ્‌ભુત શાંતિ તેમના હ્દયમાં વહી રહી –વ્યાપી રહી.

એમનાં પત્ની પણ વર્ષોની તપશ્ચર્યા બાદ પતિમાં આવેલા આ

હૃદયપરિવર્તનથી ખુશ થઈ ઊઠયાં, અને તેમણે પતિને એકત્રિત સામગ્રીમાંથી સ્વામીનું અસ્તિત્વ પુરવાર કરતી કથા રચવાનું આહ્વાન આપ્યું, અને તેમાંથી જ સર્જાઈ બેન–હરની આ અદ્ભુત, રોમાંચક નવલકથા. તેમના જ શબ્દોમાં : “વર્ષોના મારા સંશોધન અને અભ્યાસને આધારે મને પ્રતીતિ થઈ છે કે, ઈસુ ખ્રિસ્ત તે જ આ દુનિયાના મુક્તિદાતા છે – ત્રાતા છે. તે માત્ર દુનિયાના જ નહિ, મારા પણ તારણહાર છે, અને એવી ખાતરીથી પ્રેરાઈને જ મેં આ કથાનું સર્જન કર્યું છે – બેન–હર અથવા ખ્રિસ્તની કહાણી.”

– રૂપાંતરકાર

# ચોથી આવૃત્તિની પ્રસ્તાવના

ઈશ્વર પિતાનો આભાર માનું છું કે તેમની જ અપાર કૃપામાં બેનહરની આ ચોથી આવૃત્તિ બહાર પડે છે. ગુજરાતના ખ્રિસ્તી સાહિત્ય કોઈપણ પુસ્તકની ચોથી આવૃત્તિ થાય એ ઐક વિરલ પ્રસંગ ગણાય. લોકપ્રિયતામાં જે જે મિત્રો અને સ્નેહીઓએ ફાળો આપ્યો છે અને દાનવીરોએ દાન આપ્યાં છે તેમનો હૃદયપૂર્વક આભાર માનું છું ઈશ્વરપિતા પ્રત્યેકને આશીર્વાદ આપો.

– ભગવતપ્રસાદ ચૌહાણ

# ખંડક્રમ


| | | |
|---|---|---|
| પ્રથમ ખંડ | પૃ. | ૧ |
| દ્વિતીય ખંડ | પૃ. | ૧૬ |
| તૃતીય ખંડ | પૃ. | ૩૭ |
| ચતુર્થ ખંડ | પૃ. | ૬૮ |
| પાંચમો ખંડ | પૃ. | ૧૦૬ |
| છઠ્ઠો ખંડ | પૃ. | ૧૪૩ |
| સાતમો ખંડ | પૃ. | ૧૬૩ |
| આઠમો ખંડ | પૃ. | ૧૭૪ |
| ઉપસંહાર | પૃ. | ૨૦૬ |

# પ્રથમ ખંડ

ઊના ઊના શ્વાસ લેતું અરબસ્તાનનું ધોમધખતું રણ સાગર જેવું વિસ્તર્યું હતું. આવા ઉજ્જડ રેગિસ્તાનમાં રોમન વર્ષ ૭૪૭માં આધ્યાત્મિક જ્ઞાનથી ભરપૂર ત્રણ યાત્રિકો એકબીજાને મળ્યા. કોઈક દૈવી સંકેતને સહારે : એક ઈજિપ્તનો, એક ભારતનો અને એક ગ્રીસનો. ત્રણેએ પોતાની સંસ્કૃતિ–સભ્યતાને અનુરૂપ કીમતી વસ્ત્રો પરિધાન કર્યા છે. રાજવી–ઔદાર્યને શોભે તેવી રીતે ત્રણે એકબીજાને મળે છે, પરિચય કેળવે છે અને પૂર્વાકાશમાં મહામૂલ્યવાન હીરાની જેમ અચાનક ચમકેલા અદ્ભુત તારાની ગહનરસિક વાતોમાં ડૂબી જાય છે. એ જ દૈવી સિતારાની પ્રેરણાથી ત્રણ દૂરદૂરના દેશોમાંથી આવેલા યાત્રિકો અને જ્યોતિષાચાર્યો લાંબી સફર બાદ આ રણમાં ચમત્કારી રીતે મળી ગયા હતા.

ઊંટોને આરામ આપવા ત્રણેય તંબૂ નાખે છે, નાસ્તાપાણી કરે છે, અને ત્રણેને એકબીજાનાં દર્શનો સાંભળીને ખાતરી થાય છે

કે સર્વશકિતમાન પરમેશ્વરે જ વિશ્વમાં શ્રદ્ધા, સ્નેહ અને શાંતિનું રાજય સ્થાપવા માટે જન્મેલા નવા રાજાની શોધ કરવાનું, તેની આજ્ઞા સ્વીકારવાનું અને એમ એક નવી દુનિયાના સર્જનમાં સહાયરૂપ થવાનું તેમને સોંપ્યું છે. વાતચીતમાં જ રણમાં અદ્‌ભુત રંગો બિછાવી સંધ્યા ડૂબી ગઈ, આસમાનની જેમ રેગિસ્તાન પણ શાંત બની ગયું અને ત્યાં જ દૂરના પહાડોની ઉન્નત શિખાઓ ઉપર પુનઃપ્રકાશી ઊઠયો એ અદ્‌ભુત સિતારો ! ત્રણે વિદ્વાન યાત્રિકો એકસાથે બોલી ઊઠયા : " તારો ! તારો ! ઈશ્વર આપણી સાથે છે, " અને હર્ષોલ્લાસથી લચી પડેલાં હૈયાં સાથે સંગીતથી તરબતર રણમાં તે પ્રકાશને પંથે આગળ વધ્યા. એ સંગીતમઢી સુવાસિત રાત્રી હતી. ડિસેમ્બરની પચ્ચીસમીની.

★ ★ ★

દિવસનો ત્રીજો પ્રહર હતો.

યરુશાલેમના જોપ્પા કે બેથલેહેમદ્વાર નામે ઓળખાતા બજારમાં લોકોની મોટી ભીડ જમા થઈ હતી. રોમનો, યહૂદીઓ, આરબો, ગ્રીકો એમ કયાં–કયાંના સ્ત્રીપુરુષો આવતાં અને જતાં હતાં. દક્ષિણની દીવાલ પાસે ઊભેલાં એક પુરુષ, એક સ્ત્રી અને એક ગધેડું બધાંથી અલગ તરી આવતાં હતાં.

ગધેડા પાસે ઊભેલા પુરુષના હાથમાં હંકારવાની એક નાની લાકડી હતી, અને રાબ્બીને શોભે એવાં નવાં વસ્ત્રો તેણે પહેર્યાં હતાં. ગધેડા પર બેઠેલી યુવતી કોઈ કોઈ વાર પોતાના મુખ પરનો સફેદ ઘૂંઘટ થોડોક હઠાવી લઈ ખૂબ ઝડપથી આસપાસનાં દ્રશ્યો પર દ્રષ્ટિ

કરી લેતી, પરંતુ કોઈ તેનું મુખ જોઈ શકે તે શકય નહોતું.

પાસે 'ઊભેલા એકે પૂછયું : " શું તમે નાઝરેથના યોસેફ છો ? "

ગંભીરતાથી તેણે ઉત્તર આપ્યો : " હા જી, અને આપ ? કોણ રાબ્બી શમૂએલ તો નહિ ? ઇશ્વર આપને શાંતિ આપો. "

રાબ્બીએ સ્ત્રી તરફ નિહાળતાં કહ્યું : " ઇશ્વર તમને, તમારા કુટુંબીજનોને શાંતિ બક્ષો. હવે તમે કયાં સુધી આગળ જશો ? "

યોસેફે કહ્યું : " બેથલેહેમ સુધી. "

રાબ્બીએ કહ્યું : " હા, હા, બરોબર. તમે બેથલેહેમમાં જન્મ્યા, અને ત્યાં જ તમારી પુત્રી સાથે જાઓ છો, જેથી રોમન સીઝરે ફરમાવેલી વસતીગણતરીમાં ભાગ લઈ શકો. યાકૂબનાં સંતાનોની આ કેવી દશા ! મિસરમાં હતી તેવી જ, પરંતુ આજે કોઈ મૂસા નથી કે કોઈ યહોશૂઆ ! ઓહ ! શૂરવીરોનું કેવું પતન થયું છે! "

યોસેફ : " આ સ્ત્રી મારી પત્ની છે, દીકરી નથી ! "

રાબ્બીએ ફરી પૂછયું : " રાષ્ટ્રવાદીઓની ગાલીલમાં શી હિલચાલ છે ? "

યોસેફ : " મારું ગામ નાઝરેથ તો હથેલી જેવું નાનકડું છે. મારી નાનકડી દુકાનમાં ગ્રાહકો માટે ખેતીકામની કે ઘરવપરાશની ચીજો બનાવવામાં એટલો બધો વખત જતો રહે છે કે રાજનૈતિક બાબતોમાં હું ભાગ લેતો નથી. "

એ જ વખતે યુવતીના મુખ પરનો ઘૂંઘટ સહેજ ખસી જતાં પલભર તેનું આખું મુખારવિંદ ઝળકી ઊઠયું. આ ષોડશી કન્યાનું અદ્‌ભુત સૌંદર્ય અને બાળકશી નિખાલસ–નિર્દોષ દ્રષ્ટિ જોઈ વૃદ્ધ

રાબ્બીએ કહ્યું : " વાહ, તમારી દીકરી તો અપ્સરા છે, બેનમૂન છે."

યોસેફે ફરી કહ્યું : " એ મારી પુત્રી નથી, પત્ની છે. એ બેથલેહેમના જાણીતા જોઆકિમ અને હાન્નાની પુત્રી છે."

રાબ્બી : " હા, જરૂર જાણું છું, તમારી જેમ એ પણ મહાન દાઊદના વંશજો છે. આપણા એ સુવર્ણયુગો તો કાયમ માટે આથમી ગયા, " કહી એ ઝનૂની રાબ્બી ઝડપથી ચાલ્યા ગયા. ખૂબ જ સાવધાનીથી ગધેડાની લગામ પકડી યોસેફ પત્નીની સાથે ચાલવા લાગ્યા. પહાડના પશ્ચિમ ઢોળાવે આવતાં જ સૂર્ય ડૂબી ગયો. ત્યાં જ આવી પહોંચ્યું બેથલેહેમ, જેનો અર્થ છે ' રોટલીનું ઘર. કદાચ નાજુક પત્નીને માટે રહેવાની જગ્યા નહિ હોય એ ભયે યોસેફ ઝડપથી સમય બગાડયા વગર ભીડ વચ્ચે થઈ રાહેલની કબર પાસેથી, બગીચાઓ પાસેથી, ચાર રસ્તા પાસે આવી પહોંચ્યા.

બેથલેહેમ જેવા નાનકડા ગામમાં પરદેશીઓ કે યાત્રિકો માટે રહેવાની એક જ ધર્મશાળા (ખાન) હતી. આવી ધર્મશાળાઓમાં ન તો કોઈ છાપરું રહેતું કે ન કોઈ દરવાજા. માત્ર ત્યાં પાણી મળે અને થોડુંઘણું રક્ષણ મળે. સાચું કે યોસેફ આ ગામનો જ વતની હતો, પરંતુ વસતીગણતરીના ચોક્કસ કામે આવેલો. કયાં સુધી રહેવું પડે, તે પણ નક્કી નહિ, તેથી રસ્તા ઉપર પણ ટોળેટોળાં જોઈ એ શંકાશીલ અને ચિંતાતુર બની ગયો. ધર્મશાળાના દરવાજે પહોંચ્યો. તો ત્યાંની હકડેઠઠ ભીડ જોઈને એની બધી આશા પર પાણી ફરી વળ્યું.

એક આદમી ગુસ્સાથી લાલચોળ થઈને પાસે આવ્યો. યોસેફે પૂછયું : " મને લાગે છે કે આપ પણ મારી જેમ યહૂદાહના કુળના છો. અહીં આટલી ભારે ભીડ કેમ છે તે કૃપા કરી કહેશો ? "

પેલાએ યોસેફનો ધીરગંભીર પ્રશાન્ત ચહેરો જોઈ કહ્યું : “ રાબ્બી ! આપને શાંતિ હો ! પોતાની જન્મભૂમિમાં જઈ નામ નોંધાવવું એવો હુકમ થયો એટલે હું આવ્યો.”

યોસેફ : “ હું અને મારી પત્ની પણ એટલે જ આવ્યા.”

મરિયમની આંખોમાં એક અજનબી પ્રકાશની લહરો ફરકી રહી હતી. એના અધખૂલા અધરો પર ડોકાતી હતી અભૂતપૂર્વ આકાંક્ષાઓ અને અવર્ણનીય સ્વપ્નોની ઝલક.

યોસેફ : “ હું જલદી પાછો ફરીશ. જરા દ્વારપાળને મળી જોઉં.”

હૃષ્ટપુષ્ટ દ્વારપાળ લાકડાના એક થડિયા પર બેઠો હતો. એની પાસે જઈ યોસેફ નમ્રતાથી કહ્યું : “ પરમેશ્વર આપને શાંતિ બક્ષો! શું કોઈ રહેવાની સગવડ ..... ? ”

“ કોઈ સગવડબગવડ નથી.”

“ આપે કદાચ મારું નામ સાંભળ્યું હશે. હું નાઝરેથનો યોસેફ, દાઊદના કુળમાંનો.” આ જ શબ્દોમાં જે કંઈ હતું તે બધું હતું– બધો જાદુ, બધી આશા ... દાઊદના કુળના હોવું એ કાંઈ જેવી તેવી વાત નહોતી. કોઈપણ યહૂદી માટે એથી વધુ ગર્વની બીજી કોઈ વાત હોઈ શકે નહિ.

આ શબ્દો કાને પડતાંની સાથે જ ગર્વિષ્ઠ, અક્કડ, ધારદાર આંખો બદલાઈ ગઈ, દ્વારપાળ લાકડાના ઠૂંઠા પરથી આદરસહિત ઊભો થઈ ગયો : “ હું આપને માટે સરાઈમાં તો કોઈ બંદોબસ્ત નહિ કરી શકું. પરંતુ રાબ્બી, આપને પહાડો પર ખુલ્લામાં રાત પસાર કરવી નહિ પડે. તાત્કાલિક આપનાં પત્નીને લઈ આવો, કારણ કે સૂર્યાસ્ત

થતાં જ રાત પડી જાય છે.''

"આભાર, ખૂબખૂબ આભાર !'' કહી યોસેફ ગધેડા પર બેસાડી મરિયમને લઈ આવ્યો. ચોકીદારે કહ્યું : "દાઊદની દીકરી! આપને મારા પ્રણામ, ચાલો. જે ગુફામાં હું આપને લઈ જાઉં છું તેમાં આપના યશોદાતા પૂર્વજ દાઊદ રહ્યા હતા. પોતાનાં ઘેટાંબકરાંની રક્ષાર્થે તે અહીં આરામ કરતા. રાજા થયા પછી પણ અવારનવાર તે અહીં આવતા રહેતા. ત્યાં એક મકાન બનાવ્યું. સોનાના ફર્શ પર સૂવા કરતાં દાઊદ જ્યાં સૂતા હતા ત્યાં સૂવું બહેતર.''

મકાન નાનું અને સાંકડું, એક ખડકમાંથી કોરી કાઢેલું હતું. બારી તો હતી જ નહિ. દરવાજા પાસે ચોકીદારે કહ્યું : "અંદર આવો'' અંદર જોયું તો એક ગુફાને બંધ કરવા માટે ચણેલી દીવાલનું આ મકાન હતું, આશરે ચાલીશ ફૂટ લાંબું, દસ ફૂટ ઊંચું અને પંદર ફૂટ પહોળું. બાજુઓ ઉપર સિમેન્ટની બાંધેલી પશુઓ માટેની ગમાણો હતી. માટી અને ધૂળથી દીવાલો પીળી પડેલી હતી ; પરંતુ મોટે ભાગે ઓરડો સ્વચ્છ હતો.

ચોકીદાર : "આ ફર્શ પર પડેલી ચીજો આપ વાપરી શકશો. જે જોઈએ તે લઈ લેશો.'' મરિયમ તરફ ફરી : "શું આપને અહીં ફાવશે?

મરિયમ : "કેમ નહિ ? આ તો પવિત્ર જગ્યા છે.''

"આપને શાંતિ હો,'' કહી ચોકીદાર નમન કરી ચાલ્યો ગયો, અને યોસેફ તથા મરિયમ થોડીક સાફસૂફીમાં અને કૃતજ્ઞ અંતઃકરણે ઈશ્વરસ્તવનમાં પડી ગયાં.

★ ★ ★

એક નાનો અમથો પહાડ બેથલેહેમની દક્ષિણ–પૂર્વ કે બે માઈલ દૂર આવેલા મેદાનને ઢાંકીને ઊભો છે. આ મેદાનમાં અને ખીણોમાં વનરાજીની શોભામાં વધારો કરે છે લીલાં વૃક્ષો અને ધરતીની લીલીછમ પાંપણોશું ઘાસ. આથી જ તો આ ભરવાડોનું પ્રિય સ્થળ થઈ પડયું હતું. અહીંથી જ સંભળાયા કરતાં ઘેટાં, બકરાં, ઊંટોની ઘંટડીઓનો મૃદુમધુર રણકાર અને શિકારી કૂતરાઓનું ભસવું. સૂરજદાદા પહાડની ઊંચાઈ સાથે સંતાકૂકડી રમતા, રંગો બદલતા, કયાંક દૂર છુપાઈ જાય કે તરત જ ભરવાડો ગણીગણીને સંભાળથી પોતાના વાડાઓમાં ઘેટાંબકરાં પૂરી દરવાજા પાસે અગ્નિ પેટાવી પેટની આગ પણ શાંત કરી દેતા. આ રાત્રે ત્યાં પહેરેદાર સિવાય અન્ય છ વ્યકિતઓ ઘેટાંબકરાંની ચિરપરિચિત વાતોમાં ડૂબી ગઈ. ઉપર આકાશ કોઈ વિશાળ ફૂલસમું મહોર્યું હતું અને એ વટવૃક્ષ ઉપર થોકેથોક તાજાં ફળો લચી પડયાં હતાં. બધું જ શાંત, સ્થિર, નિઃસ્તબ્ધ. જાણે કે આકાશ ખુદ ધરતીના કાનમાં કોઈ શુભસંદેશ ચૂપકીદીથી કહી દેવા તૈયાર ઝૂકયું હોય !

ચન્દ્રમાની દૂધમલ જયોતિમાં આંખો માંડીને જાગતો ચોકીદાર શિયાળવાની લાળીમાં આમથી તેમ ઊડાઊડ કરતા અંધકારનો અવાજ, કે કોઈ અચાનક જાગી ઊઠેલા બચ્ચાનું બેં બેં સાંભળતો હતો, ત્યાં તો.... મધ્યરાત્રિ જાણે મધ્યાહ્નનમાં પલટાઈ ગઈ ! બધું જ જાણે આંખો સમક્ષ સ્પષ્ટ થઈ ગયું. વાડ, ઘેટાંબકરાં, પહાડ, આકાશ, આકાશ પોતે ઘટાદાર પ્રકાશની કોઈ બારીમાંથી ધોધની જેમ નીચે ધસી આવ્યું, અને ચોકીદાર ભયથી બૂમ પાડી ઊઠયો : “ જાગો જાગો! ”

ઘેટાંબકરાં બેં બેં કરી ઊઠયાં, કૂતરા ભસવા લાગ્યા અને બધા ભરવાડો એકદમ ચોંકીને ઊભા થઈ ગયા.

ચોકીદાર : "જુઓ, જુઓ, આખું આકાશ સળગી ઊઠયું છે!"

પ્રકાશ એકદમ અસહ્ય તેજસ્વી બની ગયો, બધાંની આંખો નીચે ઝૂકી ગઈ, અને ડરથી હૈયાં લખલખી ગયાં. ત્યાં જ એક મધુર અવાજ સંભળાયો : " ડરો નહિ, હું તમને મોટા આનંદના શુભસમાચાર જણાવવા આવ્યો છું ; એ શુભસંદેશ માનવસમુદાય માટે છે." આ મધુર, સ્પષ્ટ અને હૃદયસ્પર્શી વાણીથી ભરવાડોમાં આનંદનો ઓધ ઊછળી રહ્યો. લથડતા ઘૂંટણો સ્થિર થયા. એ અસીમ પ્રકાશના કેન્દ્રમાં અતિ શુભ્ર વસ્ત્રોમાં સજ્જ, ખભા ઉપર ચળકતી પાંખોવાળી એક વ્યકિતને નિહાળી આશીર્વાદમાં નમેલા તેના પ્રકાશિત ભુજથી તેઓ આનંદથી ડોલી ઊઠયા.

સ્વર્ગદૂતે સ્નિગ્ધમધુર વાણીમાં ઉમેર્યું : " આજે દાઊદના નગરમાં તમારા ઉદ્ધારક ખ્રિસ્ત મસીહ જન્મ્યા છે, નિશાની આ છે : તમે એક બાળકને કપડાંમાં લપેટેલું અને ગમાણમાં પોઢેલું જોશો." ત્યાં જ અનંત પ્રકાશિત પાંખોથી અને સ્નેહભરી આંખોથી વ્યોમ ઊભરાઈ રહ્યું અને એક દિવ્ય સમૂહગીત સંભળાઈ રહ્યું : "આકાશમાં ઈશ્વરનો મહિમા થાઓ, અને પૃથ્વી પરના તેમના મનપસંદોને શાંતિ હો."

સેકંડોમાં તો દેવદૂતો ભરવાડોની આંખોથી અદ્રશ્ય થઈ ગયા. હજુય આકાશમાં એ અવર્ણનીય સ્વર્ગગીતના પડછંદા ગુંજતા હતા. એકે કહ્યું : " આખા બેથલેહેમમાં ગમાણોવાળી માત્ર એક જ ગુફા છે, તે દાઊદની ગુફા. ચાલો, ઊઠો, તેની આરાધનામાં જોડાઈ

જઈએ." બધા તત્કાલ ગુફા તરફ દોડયા. ત્યાં ઊભેલા પહેરેદારે પૂછયું : " આપ શું શોધો છો ?"

ઉત્તર મળ્યો : " અમે આજે રાત્રે અદ્દભુત ચમત્કારી વાતો નિહાળી અને સાંભળી છે."

" શું સાંભળ્યું છે તમે ?"

" અમે ગુફામાં જઈએ, પછી બતાવીએ. પણ આવો અને જુઓ કે મસીહ જન્મ્યો છે."

ગુફામાં હરિકેન ફાનસ સળગતું હતું. યોસેફે કહ્યું, " બાળક અહીં છે. " એક ગમાણ પાસે શાંત તેજસ્વી બાળક સૂતું હતું. પરમપવિત્ર વાતાવરણ હતું.

ચોકીદારે પૂછયું : " બાળકની માતા કયાં છે ? " બધાં મુગ્ધભાવથી, પૂજયભાવથી બાળજન્મ પછી શ્રમિત છતાં અતીવ સૌંદર્યશાળી, પુણ્યશાળી માતાને જોઈ રહ્યાં.

એક ભરવાડે કહ્યું : " આ તારણહાર–મસીહા છે. " બધાં તરત જ ઘૂંટણિયે પડી પ્રાર્થના કરવા લાગ્યાં. મસીહ–જન્મની આશ્ચર્યજનક વાતો આખા પ્રદેશમાં ફેલાઈ ગઈ.

★ ★ ★

લગભગ મધ્યાહ્ને ગુફાબાળ ઈસુના જન્મના દસમે દિવસે ત્રણ વિદ્વાન યાત્રિકો અને જયોતિર્વિદો શકેમને માર્ગે યરુશાલેમ પહોંચ્યા. સફેદ ભરાવદાર ઊંટો, ચાંદીની ચમકતી ઘૂઘરીઓ, રાજવી પોશાકો, વિદ્વતાથી ચમકતી આંખો કરતાંયે યહૂદી વટેમાર્ગુઓ આ

યાત્રિકોના પ્રશ્નથી ચોંકી ઊઠયા.

પ્રશ્ન હતો : “ યહૂદીઓનો નવો જન્મેલો બાળરાજા કયાં છે ?” પ્રશ્ન પુછાયો હતો મિસરી ખગોળશાસ્ત્રી બાલ્થાઝાર દ્વારા. યહૂદી સ્ત્રીપુરુષોએ જવાબમાં મૌન સેવ્યું. બાલ્થાઝારે પુનઃ પૂછયું : “ શું તમે. કશું જાણતા નથી ?”

“ ના.”

“ તો સર્વને કહો કે પૂર્વમાં તેનો પ્રકાશિત તારો નિહાળીને અમે તેની ઉપાસના અર્થે આવ્યા છીએ.”

એ જ દિવસે સાંજે સિયોન પર્વત પર બાંધેલા મહેલમાં આશરે પચાસ વ્યકિતઓ એકઠી મળી. હેરાદની આજ્ઞા વિના તે કદી અહીં આવંતા નહોતા. યહૂદી કાનૂન અને ઈતિહાસનાં નિગૂઢ રહસ્યો સમજવા સારુ આ વૃદ્ધ વિદ્વાનોને રાજા તરફથી નિમંત્રણ મળતું. આ સાન્હેદ્રિન સભાના પ્રમુખસ્થાને ૧૦૬ વર્ષની દીર્ઘ આયુ ધરાવતા હિલ્લેલ બેઠા. તે યહૂદી વિશ્વવિદ્યાલયના કુલપતિ પણ હતા.

પાછળ ઊભેલા એક છોકરાને ઊંડી ચર્ચાવિચારણા બાદ પ્રમુખે કહ્યું : “ જા, રાજાને કહે કે ઉત્તર તૈયાર છે. ” તરત જ બે અફસરો ખડા થઈ ગયા, ને તેમની પાછળ હીરાજડિત વસ્ત્રોમાં વૃદ્ધ રાજવી હેરોદ આવ્યા. હાથમાં રત્નજડિત છડી હતી. તીખી, કડવી, ચોટદાર વૃદ્ધ આંખોએ ચારે તરફ બારીકાઈથી જોયું. આ હતો મહાન હેરોદ ! શરીર બીમારીથી અને આત્મા જુલમોથી ગ્રસાયેલાં ! ઉંમર ૬૭ વર્ષ પરંતુ સિંહાસન સાચવવા ગમે તેવી ક્રૂરતા ગમે ત્યારે આચરી બેસે તેવું દિમાગ ! ખૂંખાર દ્રષ્ટિ વૃદ્ધ પ્રમુખ પર ઠેરવી તેણે પૂછયું,

" જવાબ ! જવાબ ! "

હિલ્લેલ : " અબ્રાહામ, ઈસ્હાક અને યાકૂબના દેવની શાંતિ રાજા સાથે હો ! આપે મસીહ કયાં જન્મ લેશે તે પ્રશ્ન પૂછયો છે."

હેરોદની પોતાની આંખો હિલ્લેલના વૃદ્ધ ચહેરા પર હથોડાની જેમ ફેંકી અને કહ્યું :

" હા, એ જ પ્રશ્ન."

" તો જવાબ છે : મસીહ બેથલેહેમમાં જન્મશે. " ટિપોઈ ઉપર મૂકેલાં ઓળિયાં ઉઘાડી તેણે કહ્યું : મીખાહ પ્રબોધકે આમ કહ્યું છે : " ઓ યહૂદાહ દેશના બેથલેહેમ, તું એટલું નાનું છે કે તારી કોઈ વિસાત નથી ; પરંતુ તારામાંથી ઈસ્ત્રાયેલ પર રાજ કરનારો એક પુરુષ પેદા થશે."

એકાદ મિનિટ હેરોદ સ્તબ્ધ બની બેસી રહ્યો. તેની વિકરાળ આંખો છત સામે જોઈ રહી. પાસે ઊભેલાના શ્વાસ અદ્ધર થઈ ગયા. કોઈ કશું બોલ્યું નહિ. અંતે તે પરિષદ–ભવનમાંથી બહાર ચાલ્યો ગયો. હિલ્લેલે કહ્યું, " મિત્રો, સભા બરખાસ્ત કરવામાં આવે છે."

સાંજે ત્રણે ખગોળવેત્તાઓ ધર્મશાળામાં બેઠા બેઠા આકાશ તરફ તાકી રહ્યા હતા : " હવે શું થશે ? તે યરુશાલેમ પણ જઈ આવ્યા. રાજાને મળી પૂછપરછ પણ કરી, છતાં હજુ દેવબાળનાં દર્શન થઈ શકયાં નથી. " ત્યાં જ એક માણસ અંદર આવ્યો.

" હું રાજા તરફથી સંદેશો લઈ આવ્યો છું."

" હવે અમારે રાજા સાથે કોઈ સંબંધ નથી."

" રાજાનો દૂત–સંદેશવાહક આપને મળવા માગે છે. " ત્રણે

જયોતિષીઓ બહાર આવ્યા. સંદેશવાહકે કહ્યું, " રાજાધિરાજ આપ સાથે ગુપ્તમાં મંત્રણા કરવા ઇચ્છે છે." ત્રણે ચૂપચાપ રાજમહેલ તરફ ચાલ્યા : રાજાનો ઓરડો ચંદનની ખુશબોથી મહેકતો હતો. સિંહાસન પર હેરોદ આરૂઢ હતો. નજદીક જઈ ઝૂકીને ત્રણેએ બંદિશ ગુજારી. રાજાએ કહ્યું : " બેસો. મને સમાચાર મળ્યા છે કે ઉત્તરી પ્રવેશદ્વારથી ત્રણ નામાંકિત પુરુષો દૂર દેશથી આવ્યા છે. શું તે આપ જ ત્રણ છો?"

મિસરીએ કહ્યું : " હા, નામદાર.'

રાજા : " કોણ છો આપ ત્રણે ? પોતપોતાનો પરિચય આપો."

ત્રણેએ સંક્ષિપ્તમાં પોતાનો પરિચય કહ્યો.

રાજા : " દ્વાર પર જનતા અને અધિકારીઓને આપે શું પૂછયું હતું ?"

જયોતિષી : " અમે પૂછયું હતું કે યહૂદીઓનો નવો જન્મેલો રાજા કયાં છે ?"

હેરોદ : " હા, હવે લોકોનો ખળભળાટ અને ઉશ્કેરાટ સમજાયાં. શું યહૂદીઓનો બીજો કોઈ રાજા છે ?"

" હા, એક નવો રાજા જન્મ્યો છે."

ચિંતાતુર ચહેરે રાજાએ કહ્યું : " મારે ત્યાં નહિ. મારે ત્યાં નહિ. આ રાજા કયાં છે ?"

" મહારાજ, અમે પણ એની જ તલાશમાં છીએ." હેરોદની

બિહામણી આંખોમાં શંકા, વહેમ અને વેરઝેરનાં સાપોલિયાં સળવળી રહ્યાં.

" આપ તો મારી મજાક કરો છો ! આ નવો રાજા કયો ફેરફાર કરશે ? "

" મનુષ્યો પોતાની દુષ્ટતાઓથી બચી જશે."

" તો શું તમે મસીહની ઘોષણા કરશો ? "

બાલ્થાઝાર : " મહારાજ, અમે તો આપના દાસ છીએ.

રાજાએ ઘંટડી વગાડી. પ્રત્યેકને લાલ અને આસમાની રંગના ભભકાદાર પોશાક અને કમરબંધની ભેટ ધરી. તેણે પુનઃ પૂછયું, " આપે કોઈ તારો જોયો હતો, એ વાત સાચી ? "

" હા, એણે જ અમને અહીં જવાનો આદેશ આપ્યો હતો."

હેરોદ ઊભો થયો. એણે ગંભીર મુખમુદ્રાથી કહ્યું : " વિદ્વાનો, જો તમે નવજાત શિશુરાજાના દૂત હો તો મારે તમને બતાવવું જોઈએ કે યહૂદી વિદ્વાનો સાથે મેં આજે જ વિચારવિમર્શ કર્યો છે. એમણે એકમતે દર્શાવ્યું છે કે મસીહ બેથલેહેમમાં જન્મ લેશે. હું તમને ફરમાન કરું છું કે જઈને ચાલાકીપૂર્વક નવજાત શિશુની તલાશ કરો. બાળક મળે તો તરત મને ખબર આપો, જેથી હું પણ તેની પ્રાર્થના કરી શકું. તમારા આવવા જવા પર કોઈ પ્રતિબંધ નથી. " પોશાકને સમેટતો તે બહાર ચાલ્યો ગયો.

ધર્મશાળામાં જયોતિષીઓએ સેવકને કંઈક બક્ષિસ આપી, અને દરવાજા ખોલાવી જોપ્પાદ્વારથી બહાર નીકળી ગયા. યોસેફ

અને મરિયમ જે રસ્તે ગયાં હતાં તે જ રસ્તે તેઓ બેથલેહેમ તરફ આગળ વધ્યા ન વધ્યા ત્યાં તો ખુશીથી નાચી ઊઠયા. ગુમ થઈ ગયેલો અદ્દ્ભુત તારો એ જ માર્ગ પર પૂર્ણ તેજથી પ્રકાશતો દેખાયો. અને તે બેથલેહેમની ટેકરીઓમાં એક મકાન ઉપર થંભ્યો. જયાં બાળઈસુ જન્મ્યો હતો તે જ મકાન ઉપર વિશ્વાસુ સૈનિકની અદાથી તારો અટલ—અડગ ઊભો રહી ગયો.

ત્રણે ઊંટો પરથી ઉતર્યા અને નમ્રતાથી પ્રવેશ માગ્યો.

પૂછયું : " શું આ જ યહૂદીઓનું બેથલેહેમ છે ?"

રક્ષક : " ના, આ તો ધર્મશાળા છે, નગર થોડું દૂર છે."

" શું અહીં કોઈ નવજાત શિશુ છે ?"

આજુબાજુ ઊભેલાંએ આશ્ચર્યથી કહ્યું, " હા, છે."

બાલ્થાઝારે ઊંચે સાદે ઉલ્લાસથી કહ્યું : " અમને એની જ પાસે લઈ જાઓ. પૂર્વમાં તેનો જ તારો અમે જોયો છે. એ આ જ મકાન ઉપર આજે પણ એ જ દિવ્ય તેજથી ઝળહળે છે. અમે એ બાળરાજાને પ્રણામ કરવા દૂર દેશથી આવ્યા છીએ."

જનસમુદાય પણ તેમની સાથે ગુફામાં પ્રવેશ્યો. અંદર તેમણે દીવાના પ્રકાશમાં માની ગોદમાં ખેલતા એ અદ્દ્ભુત બાળકને જોયો.

બાલ્થાઝારે મરિયમને પૂછયું, " શું આપ જ આ પવિત્ર બાળકની માતા છો ?"

મરિયમ : " હા જી, એ જ છે મારો લાડલો પુત્ર."

બાળકના મુખ ઉપર કોઈ ઝાકઝમાળ જયોતિ નથી કે નથી

એના મસ્તક ઉપર કોઈ રાજમુગટ. એ તો બીજાં બાળકોની જેમ જ આનંદથી ચમકતી આંખે દીવા સામે નિહાળી રહ્યો છે.

પૂર્વના જ્યોતિષીઓ બહાર જઈ ઊંટો પરથી સુવર્ણ, સુગંધી ધૂપ અને બોળની કીમતી બક્ષિસો લઈ આવ્યા, અને બાળઈસુને ચરણે અત્યંત આદરપૂર્વક તે ધર્યાં.

આ જ તે મુક્તિદાતા છે, આ જ તે રાજાઓનાં રાજા છે, જેની શોધમાં તે જોજનો દૂરથી ભારે પરિશ્રમ ઊઠાવીને આવ્યા હતા. તેમણે પ્રસન્નતા અને પવિત્રતાપૂર્વક બાળઈસુની આરાધના કરી.

# દ્વિતીય ખંડ

બાળરાજાના જન્મ પછીના ૨૧ વર્ષની આ વાત છે. ઑગસ્ટસ સીઝરે યહૂદી સ્વાભિમાન પર પ્રચંડ પ્રહાર કરી યહૂદાને એક રોમન પ્રાંત બનાવી દઈ સિરિયાના ગવર્નરને તેની હકૂમત સોંપી દીધી હતી. પરાજિત ગર્વિષ્ઠ યહૂદીઓને આ ભયાનક ગર્વભંગમાં એક જ વાતનું થોડુંઘણું આશ્વાસન હતું. મહાયાજક હેરોદના મહેલમાં રહેતા હતા. રોમન ગવર્નર વેલેરિયસ ગ્રેટસના શાસનના આ સમયમાં રાજકીય વાતાવરણ ભારે ક્ષુબ્ધ હતું, અને યહૂદીઓ તથા રોમનો વચ્ચે લડાઈઝઘડાનો આરંભ થઈ ચૂકયો હતો.

બાળઈસુના જન્મના એક વર્ષમાં જ ઘાતકી અને ક્રૂર હેરોદ મૃત્યુ પામ્યો હતો, જો કે તેની રકતપિપાસુ સમશેરે બેથલેહેમમાં જન્મેલાં બે વર્ષ નીચેનાં તમામ માસૂમ બાળકોની કરેલી પૈશાચિક હત્યા હજુય કોઈક ઓથારસમાં દુઃસ્વપ્નની જેમ કયારેક જનતાને યાદ આવી જતી.

★ ★ ★

સિયોન પર્વત પર આવેલા એક રાજમહેલના રળિયામણા બાગમાં જુલાઈ મહિનાની એક ધોમધખતી બપોરે બે યુવાનો ગંભીર ચર્ચાવિચારણા કરતા બેઠા હતા. એક ઓગણીસ વર્ષનો અને બીજો પંદર વર્ષનો. બંને શરીરે મજબૂત બાંધાના, કદાવર અને ખૂબસૂરત હતા. પહેલી દ્રષ્ટિએ તો બંને ભાઈઓ જ લાગે, બંનેના વાળ, આંખો શ્યામ અને ચહેરા ભરાવદાર હતા.

મોટો મેશાલ્લા, રોમન અધિકારીનો ગર્વિષ્ઠ પુત્ર, હજુ હમણાં જ રોમમાં અભ્યાસ પૂરો કરી પાછો ફર્યો હતો. યહૂદી યહૂદાએ શ્વેત ખૂલતો ઝભ્ભો પરિધાન કર્યો હતો, તેને રાજવંશી હોવા ઉપરાંત ધાર્મિક શિસ્તનો અનુભવ હતો.

" તેં જ કહ્યું ને કે નવા પ્રોકયુરેટર આવતી કાલે આવે છે ?"

" હા, આવતી કાલે," મેશાલ્લાએ ઉત્તર આપ્યો.

" તને કોણે કહ્યું ?"

" નવા મુખ્ય યાજક ઇસ્માઇલ મારા પિતાને આ વાત કહેતા હતા તે મેં સાંભળી. શાહીસ્વાગતની ધમધોકાર તૈયારીઓ ચાલે છે. બીજો ખામોશ રહ્યો."

" આપણે આ જ બગીચામાં છેલ્લા મળ્યા હતા, નહિ ?" મેશાલ્લાએ કહ્યું : તેં કહ્યું હતું : ' ઈશ્વરની શાંતિ તારી સાથે રહો,' અને મેં જવાબ વાળ્યો હતો : ' દેવો તને રક્ષો '; કેટલાં વર્ષો થયાં એ વાતને ?

" પાંચ," યહૂદીએ કહ્યું. " અને તું કેટલો ખૂબસૂરત લાગે છે ?"

" તું પણ મજાનો બન્યો છે, પણ મારા મિત્ર યહૂદા, તું એ તો બતાવ કે નવા મેજિસ્ટ્રેટના આગમનમાં તને આટલી જિજ્ઞાસા કેમ છે ?"

" કેટલાં બધાં વર્ષો બાદ તું એક રાજકુમાર બનીને પાછો આવ્યો છે ! પણ મને લાગે છે કે તું અસલનો દોસ્ત મેશાહ્યા હોત તો કેવું સારું !"

રોમન નવયુવકે કહ્યું : " શું હું એ જ જૂનો મેશાહ્યા નથી રહ્યો ? મેં તો મોટા મોટા તત્ત્વજ્ઞો પાસેથી વિદ્યા મેળવી છે ; તેમણે કહ્યું છે : " તમારા વિરોધીને જવાબ આપતાં પહેલાં તેને પૂરેપૂરો સમજો.'

" મારે એ કહેવું છે કે આજે તારી વાણીમાં ડંખ છે, સ્વરમાં કટુતા છે ; મારા જૂના સાથીદારમાં કડવાશ નહોતી, એ પોતાના મિત્રની ભાવના કે લાગણીને ઠેસ પહોંચાડતો નહોતો," યહૂદી યુવકે સ્થિરતાથી કહ્યું.

રોમન : " મારા મહાન યહૂદા ! સાફ સાફ કેમ કહી દેતો નથી કે મેં તારું અપમાન કર્યું !"

યહૂદા : " સ્વતંત્ર રાષ્ટ્ર અને યહૂદા જેવા નાનકડા પ્રાંત વચ્ચે કેટલું અંતર છે તેની મને ખબર છે. વૃદ્ધ પ્રમુખ યાજક હન્ના જીવિત હોય ત્યાં સુધી ઇસ્માઈલ મહાયાજક બની ન શકે."

રોમન : "અચ્છા, એમ વાત છે ! તારું કહેવું છે કે ઈસ્માઈલે ગાદી છીનવી લીધી છે. તમે યહૂદીઓ એક અજીબ લોક છો. તમે આજે એવા જ છો જેવા તમારા પૂર્વજો હતા. હું આ રેતીમાં એક વર્તુળ દોરું. વર્તુળની આસપાસ ક્યાંક અબ્રાહમ, ક્યાંક ઈસ્હાક, ક્યાંક યાકૂબ અને વચમાં તમારો અજીબ ઈશ્વર–યાહવેહ ! આ વર્તુળની બહાર તમારી જિંદગી જ નહિ. ચિત્રકલા કે શિલ્પકળાના સુંદર નમૂના જોવા તેનું નામ પાપ. કવિતાનું તો તમે ધર્મશ્રદ્ધાની વેદી પર બલિદાન દીધું છે. યુદ્ધના છ દિવસોમાં તમે જે વિજય મેળવો તે સાતમે દિવસે ખોઈ નાંખો. મારા રોમન દેવોએ અમને ગરુડની પતાકા આપી, જેથી અમે સારી દુનિયા પર કાબૂ મેળવ્યો છે."

યહૂદા ઊભો થઈ ગયો. તેનો ચહેરો શોક અને ક્રોધથી લાલલાલ થઈ ગયો. એણે કહ્યું : " તું મારી મજાક ઉડાવે છે."

" મારી વાત સાંભળ. આ સ્વાગત માટે હું તારો આભારી છું, બચપણની બિરાદરી માટે પણ; પરંતુ મારે તો રોમન સૈનિક બનવું છે, યહૂદા ! તું શું બનવાનો ?"

યહૂદી છોકરો તળાવને કિનારે પહોંચી ગયો.

"જરા વિચાર કર કે રોમનો સામે કેટકેટલી શકયતાઓ ખુલ્લી પડી છે. હજુ તો સમુદ્ર પર વિજય મેળવવાનો છે, કેટકેટલા દેશો જીતવાના છે. જગતવિજેતા સિકંદરનું સ્વપ્ન પૂર્ણ કરવાનું છે. પરંતુ તમારા યહૂદીઓ સામે ભવિષ્ય શું ? કોલેજમાંથી મંદિરમાં અને વધુમાં વધુ સાન્હેદ્રિનમાં કોઈ જગ્યા મળી જાય તો ભયો ભયો."

યહૂદા ક્રોધથી પાછો ફરી ગયો. મેશાલ્લાએ બૂમ પાડી : " મને

મૂકીને જતો ના રહે." યહૂદાએ સૂકા સાદે કહ્યું : " હું અહીં આવ્યો જ નહોત તો સારું થાત. હું આવ્યો'તો દોસ્તની શોધમાં અને મને મળ્યો..... " એક રોમન, " મેશાલ્લાએ વાકય પૂરું કર્યું. યહૂદાની મુઠ્ઠીઓ જોસથી બંધ થઈ, પરંતુ જાત પર કાબૂ મેળવી તે ચાલવા લાગ્યો. મેશાલ્લા પણ તેને ખભે હાથ મૂકી ચાલ્યો. બાગના દ્વાર ઉપર યહૂદાએ ખભા પરથી મેશાલ્લાનો હાથ ઉતારી દઈ કહ્યું : " તું રોમન છે, આથી હું તને સારી રીતે સમજું છું ; પરંતુ હું ઈસ્ત્રાયલી છું અને તું મારી ભાવનાઓની કદર કરી શકતો નથી. આપણે મિત્રો બની શકતા નથી. આજે આપણે જુદા પડીએ છીએ. મારા પૂર્વજોનો પરમેશ્વર તારી રક્ષા કરો.

એના ચાલ્યા ગયા પછી રોમન થોડીવાર ઊભો રહ્યો અને પછી તે પણ માથું હલાવી ધીમે ડગલે ચાલી ગયો.

★ ★ ★

જુવાન યહૂદી રોમન મેશાલ્લાથી છેડો ફાડી બજારમાં આવેલા તેના મહેલના પશ્ચિમની બાજુએ દ્વાર પાસે ઊભો રહ્યો, અને ખખડાવ્યું. એક સ્ત્રીનોકરે ડોકાબારી ખોલી અને ઝડપથી ચાલી તે એક ખંડમાં દાખલ થયો. એક કોચમાં તેણે ધબ્બ દઈને ઊંધે માથે પડતું નાખ્યું, તેનો સફેદ ઝભ્ભો આમતેમ વેરવિખેર થઈ ગયો. સાંજ ઢળી ત્યારે એક મિસરી સ્ત્રીએ બારણું ખખડાવ્યું, અંદર આવી તેણે કહ્યું : " તમારી માતાએ તમને બોલાવ્યા છે.

" તે કયાં છે ? "

" ગ્રીષ્મઋતુ માટેના મકાનના ધાબા ઉપર."

તે બેઠો થયો : “ અમરાહ, મારે માટે કંઈક જમવાનું લાવ. જમીને તે છોકરો અટારીમાં થઈ ધાબા ઉપર અગાસીમાં ગયો.”

તેની મા આરામ કરતાં હતાં. હાથમાં સુવાસિત પંખો હતો. યહૂદા તેની પાસે જઈ તકિયા ઉપર બેસી ગયો. નીચે વિસ્તરેલા શહેરને જાણે શાંતિનું ઝોકું આવી ગયું હતું.

માએ તેના માથા ઉપર હાથ ફેરવતા કહ્યું : “ અમરાહે જણાવ્યું કે તને કશુંક થઈ ગયું છે.

તેની વિચારધારા પુનઃજાગ્રત થઈ ગઈ. થોડી ક્ષણો પછી તે બોલ્યો : “ મા, આજે મારું મન વિચારચકરાવે ચડયું છે. તું મને બતાવ કે હું શું શું થઈ શકું ? પ્રત્યેક ઇસ્ત્રાયલી પુરૂષે કોઈક વ્યવસાય તો કરવો જોઈએ ! મારે શું થવું કે કરવું જોઈએ ? ખેતી ? ઉદ્યોગ ? વેપાર ? મારે શું થવું જોઈએ ?

“ શું આજે ગમાલીએલના પ્રવચનમાં જઈ આવ્યો ?

“ ના, મેં આજે ભાષણ નથી સાંભળ્યું. હું મંદિરમાં નહી, મહેલમાં જઈ આવ્યો, ને ત્યાં મારી મુલાકાત મેશાહ્લા સાથે થઈ.”

બેટાના અવાજમાં આવેલા પરિવર્તનથી ચોંકેલી માની આશંકાઓ વધી ગઈ.

“ શું મેશાહ્લા રોમન બનીને પાછો આવ્યો છે ?”

“ હા.”

“ રોમન શબ્દનો અર્થ છે સારી દુનિયાનો માલિક. એ કેટલાં વર્ષ બહાર રહ્યો ?

" પાંચ વર્ષ."

માએ પોતાનું મસ્તક ઊંચે ઊઠાવ્યું અને રાત્રિના ભર્યાભર્યા આભમાં તે કંઈક શોધી રહી.

" મા, મેશાલ્લાએ ખૂબ કડવી વાતો કહી. આમ તો બધા લોકો ગર્વિષ્ઠ હોય છે, પણ આ રોમનોના ઘમંડથી તો દેવો પણ બચતા નથી."

" દેવો પર એમની કોઈ અસર પડે નહિ."

" મા, આજે મેં તેની સાથેનો સંબંધ કાપી નાખ્યો. આ રોમનો આપણી આટલી ઉપેક્ષા કેમ કરે છે ? હું એનાથી કઈ બાબતમાં ઊણો કે ઊતરતો છું ? એ ભલેને સીઝર હોય, એની ઉપસ્થિતિમાં મારી જાતને હું ગુલામ કેમ સમજું ? સૈનિક કેમ ન બની શકું ? કવિની હેસિયતથી દરેક વિષય પર કાવ્યો રચી વીણા સાથે ગાઈ કેમ ન શકું ? હું ગમે તે બની શકું, ભરવાડ કે કારીગર કે કવિ. પણ હું એ રોમનની જેમ કલાકાર કેમ ન બની શકું ?"

મા એક ઝટકા સાથે ઊભી થઈ અને તેજ–તીખા અવાજે બોલી : " હું સમજી ગઈ. આપણી સાથે રહેતો મેશાલ્લા બિલકુલ યહૂદી જેવો હતો. કદાચ વધુ સાથે સાથે હોત તો ધર્મ પણ બદલી નાંખત. પણ રોમમાં ગાળેલાં વર્ષોએ તેના પર ઊંડો પ્રભાવ નાંખ્યો છે. મને એનામાં આવેલા પરિવર્તનનું કોઈ આશ્ચર્ય થતું નથી, પણ ..." થોડુંક અટકી તે બોલી, " તું તો એનો બાળપણનો ભેરુ છે, તું તો ઘનિષ્ઠ મિત્ર છે, ઓછામાં ઓછું તારી તો એણે આદ્રર્તા અને સહૃદયતાથી વાત કરવી જોઈતી હતી. પહેલી પ્રીતિને ભૂલી જવી અને તેય યૌવનમાં,

એ તો ઘણો ક્રૂર સ્વભાવ કહેવાય. એના કપાળ પરનાં જુલ્ફા ઉપર માતાના હાથ હળવે હળવે ફરી રહ્યા. માએ કહ્યું : " ધીરજ રાખ, બેટા ! મેશાલ્લા શ્રેષ્ઠ રોમન–પરિવારમાંથી આવે છે. પેઢીઓથી એના કુટુંબીજનો પ્રસિદ્ધ અને માનપાત્ર રહ્યા છે. પરંતુ જો એને પોતાના કુળનું અભિમાન હોય તો તારે પણ એને પોતાની વંશાવળી ગણાવવી જોઈએ."

" જયારે હું તારા પિતા સાથે તને પ્રભુનાં ચરણોમાં સમર્પિત કરવા ગઈ, અને અમે કબૂતરો તથા ઘેટાંઓનું અર્પણ ચઢાવ્યું ત્યારે યાજકે સંતોના પરિવારના રજિસ્ટરમાં તારું નામ લખ્યું : 'ઇતામારનો પુત્ર, હૂર–પરિવારનો યહૂદા. આ પ્રથા કયારે શરૂ થઈ તે હું જાણતી નથી, પણ હિલ્લેલે એકવાર કહ્યું હતું કે એ રિવાજનો આરંભ તો અબ્રાહમથી થયો છે."

" મા, પવિત્ર ગ્રંથો પ્રમાણે હું કોણ છું ?"

" બેટા, તું હૂર–પરિવારનો છે. એ મશહૂર હૂર જે યહોશૂઆના સાક્ષી હતા."

" પરંતુ પિતા અબ્રાહમના જમાનાથી આજ સુધી આપણે શું હાંસલ કર્યું છે ? મારા પૂર્વજોએ એવી કઈ કીર્તિ સંપાદન કરી છે, જેથી બીજા એમને મહાન સમજે ?"

" હું તો એટલું સમજું છુ, બેટા, કે તું ઇસ્ત્રાયલના પ્રભુ પરમેશ્વરની સેવા કર, રોમની પણ નહિ."

" શું હું સૈનિક બની શકું ?"

" શા માટે નહિ ? શું મૂસાએ પવિત્ર યાહવેહને 'યોદ્ધો નથી

કહ્યો ? જો તું સીઝરને બદલે પરમેશ્વરની સેવા કરવાનું વચન આપે તો તને લશ્કરી સૈનિક બનવા દેવામાં મારી પૂરેપૂરી અનુમતિ છે."

આ શરતથી અને આ વાતોથી ઉકળતા ચરૂ જેવા યહૂદાના હૃદયને સાંત્વન મળ્યું, અને તે ધીમે ધીમે નિદ્રાને આધીન થઈ ગયો. હળવેથી માતાએ તેના મસ્તક નીચે ઓશીકું મૂક્યું અને ગાઢ સ્નેહથી તેના કપોલે ચુંબન કરી તે નીચે ચાલી ગઈ.

★ ★ ★

યહૂદા જાગ્યો ત્યારે સૂર્ય પહાડોની ટોચ પર આવી ગયો હતો. સફેદ કબૂતરોનાં ઝુંડ હવામાં પાંખો ફફડાવી ઊડતાં હતાં, અને નીલા આકાશ નીચે સુવર્ણમંદિર ઝળકી રહ્યું હતું. પરંતુ આ બધાંથી તેનું ધ્યાન ન ખેંચાયું, તેનું ધ્યાન તો ખેંચાયું પાસેના જ કોચ, પર બેસીને 'નેખેલ નામક એક વાદ્ય વગાડતી અને ગીત ગાતી પંદર વર્ષની મુગ્ધાથી. તાનપૂરા જેવું આ વાદ્ય તેણે ઘૂંટણો પરથી હઠાવ્યું, અને મધુર હાસ્ય વેર્યું. તિર્જા તેનું નામ હતું, અને ચહેરેમહોરે આ નાજુક નવયૌવના તેના ભાઈને ઘણી મળતી હતી. માથા ઉપર રેશમી ઓઢણી, કાનમાં સોનાનાં કુંડળ અને આંગળી પર સુવર્ણ વીંટીઓથી તે દીપતી હતી.

સ્નેહભર્યા અવાજે તેણે બહેનને બિરદાવી : " ખૂબ સુંદર, તિર્જા, ખૂબ મધુર."

" શું ગીત કે ?"

" ના, ગીત પણ ખરું, અને તેની ગાયિકા પણ. કોઈ બીજું ગીત

યાદ છે ખરું તને ?"

" ગીતો તો ઘણાં યાદ છે, પણ અમરાહ તારો નાસ્તો અહીં લાવે છે, તેને લાગે છે કે તું માંદો છે."

તેણે મૃદુતાથી ભાઈના વાળ ઓળ્યા, અને કમરે બાંધેલા નાનકડા આયનામાં યહૂદાને તેનો ચહેરો બતાવ્યો.

" તિર્જા ! શું તું વિચારે છે કે હું કંઈક જઈ રહ્યો છું ?"

એણે આશ્ચર્યથી પૂછ્યું ? " ક્યારે ? ક્યાં ? શા માટે ? " તે હસી પડ્યો : " ત્રણ–ત્રણ પ્રશ્નો એકસાથે !" પછી ગંભીર થઈ બોલ્યો : " તું જાણે છે કે કાનૂન અનુસાર મારે કોઈ ને કોઈ વ્યવસાય કરવો જોઈએ. જો પિતાજીના વ્યાપારમાં રસ ન લઉં તો તું પણ નફરત કરવા માંડે અને વેપાર ભાંગી પડે. હું રોમ જવાનો છું.

" ઓહ, તો તો હું પણ જોડે આવવાની."

" ના, ના, મારે તો મા સાથે રહેવાનું; આપણે બંને જતાં રહીએ તો તો જીવ બાળી બાળીને મા મરી જાય.'

તિર્જાના ચહેરા પરની ચમક પરોઢના તારાની જેમ અદ્રશ્ય થઈ ગઈ. " હા, એ તો બરોબર, પણ શું તારું જવું અનિવાર્ય છે ? વેપારી થવા જેટલું શિક્ષણ અહીં યરુશાલેમમાં ન મળી શકે ?"

હા, મળી શકે ; પણ, હું તો સૈનિક થવા જઈ રહ્યો છું.

તિર્જાની પારેવા જેવી ભોળી આંખો છલકાઈ ઊઠી : " પણ, તું માર્યો જઈશ."

" ના, બહેન, શું દરેક સૈનિક માર્યો જાય છે ?"

તિર્જાએ ભાઈના ગળામાં પોતાના હાથ નાંખ્યા અને બોલી,

" ભાઈ, આપણે ત્રણે અહીં કેટલાં ખુશી આનંદમાં રહીએ છીએ ! તમે અહીં જ રહો.'

તેણે મક્કમતાથી કહ્યું : " યુદ્ધ પણ એક વેપાર છે. એમાં પણ હોશિયારી અને કૌશલ્ય જરૂરી છે. તેથી તો સ્કૂલમાં જવું પડે, અને રોમન કેમ્પથી વધુ સારી કે ચઢિયાતી કોઈ સ્કૂલ નથી."

તિર્ઝા : " શું તમે રોમ માટે લડશો ?"

" હા, તને તો રોમ પ્રત્યે તિરસ્કાર છે, આખી દુનિયાને રોમ પ્રત્યે ઘૃણા છે, પરંતુ હું રોમ માટે એટલા ખાતર યુદ્ધ કરીશ કે એક દિવસ હું તેની વિરુદ્ધ લડવાની કલા શીખી શકું."

" તમે કયારે જશો ?"

ત્યાં જ અમરાહનો પગરવ સંભળાયો.

" ચૂપ રહે, અમરાહને આ વાતની ખબર ન પડે."

વિશ્વાસુ ગુલામ ચાકરડી નાસ્તો લઈ અંદર આવી. બંને ભાઈબહેન હજુ તો હાથ–મોં ધોતાં હતાં ત્યાં જ બહાર લશ્કરી બેન્ડનો મોટો અવાજ સંભળાયો, તેની સાથે જ ઉત્તરના દરવાજા તરફથી જનસમૂહનો પણ મોટો ખળભળાટભર્યો ધ્વનિ કાને પડયો. બંને એકદમ ચમકયાં.

યહૂદા દીવાન પરથી કૂદી પડયો :

"સૈનિકો ? * પ્રેટોરિયમના રોમન સૈનિકો ! હું એમને જરૂર જોઈશ."

---

* પ્રેટોરિયમના એટલે રોમન કૉન્સ્લ કે મેજિસ્ટ્રેટ્રના સૈનિકો.

એક પળમાં જ તે પોતાના મકાનની અટારીથી નીચે ઝૂકી નીચેનું દ્રશ્ય જોવા લાગ્યો, એને ખબર પણ ન રહી કે એની સાથે ઊભેલી તિર્જા પણ એના ખભા પર હાથ મૂકી એ જ દ્રશ્યો નિહાળે છે.

પહેલાં હલકાં હથિયારધારી સૈનિકોની ટુકડીઓ આવી, જેમાં નિશાનબાજો અને પાયદળ તીરંદાજો હતા ; બીજી ટુકડી શસ્ત્રસજ્જ પાયદળ સૈનિકોની આવી, જેમના હાથમાં ઢાલ અને લાંબા ભાલાઓ હતા ; એમના પછી હતા સંગીતકારો, સાજિંદાઓ ; એમની પણ પાછળ એક એકલો ઘોડેસવાર, જેની પાછળ ચાલી આવતું હતું ઘોડેસવાર સૈનિકોનું દળ. બધાંની પાછળ ફરી પાછું પાયદળ.

બે ચીજોનું આકર્ષણ ભારે હતું. સૈન્યની બંને પાંખો ફેલાવેલા ગરુડવાળી ધ્વજા, ધાતુના લાંબા તીરોની બનેલી અને સૈનિકોની કતારો વચ્ચે ઘોડેસવાર અફસર. અફસરનું મસ્તક શિરત્રાણ વગરનું ખુલ્લું હતું, છતાં એના આખા શરીર પર હથિયારોનો ગંજ ખડકાયેલો હતો. તેના ઘોડાની લગામ પર સોનાનો કળશ અને દોરીઓ પીળા રેશમની.

એના પર નજર પડતાં જ યહૂદી જનતાનું લોહી ઊકળી ઊઠયું, અને યહૂદાએ જોયું તો લોકો અટારીઓ પરથી ઢળીને પણ પોતાની મુક્કીઓ અફસર સામે ઉગામતા હતા અને થૂંકતા હતા. “ જુલમગાર, લુટારો, રોમન કૂતરો વગેરે અપશબ્દો હવામાં પથ્થરોની જેમ વીંઝાતા હતા.

યહૂદાએ અફસરને ઓળખ્યો, આ તો વેલેરિયસ ગ્રેટસ, નવા પ્રોક્યુરેટર. સાચું પૂછો તો આ અનુચિત વિરોધને કારણે જ યહૂદાને

નવા ગવર્નર પ્રત્યે સહાનુભૂતિ હતી, અને તેથી જ મકાનની અગાસીની છેક નીચેની ધાર સુધી ગવર્નરને જોવા ઝૂકયો ; પરંતુ જે જૂના જર્જરિત છજા પર તેણે હાથનો ટેકો લીધો હતો તે વજનથી તૂટી ગયું, અને નીચે પડયું. યુવક ભયથી કાંપી ઊઠયો, જેવો એણે તૂટતા નળિયાને બચાવવાનો પ્રયત્ન કર્યો તો એ બધું ઝડપથી નીચે પડવા લાગ્યું. એણે નીચેનાંઓને ચેતવવા જોરથી ચીસ પાડી. ગવર્નર તથા એના અંગરક્ષકોએ ઊંચે જોયું, તો ગવર્નર પર જ છજાનું નળિયું એવા જોરથી પડયું કે તે મરી ગયા હોય તેમ ઘોડા પરથી નીચે ગબડી પડયા.

લશ્કરી પલટણની આખી ટુકડી થંભી ગઈ. ઘોડા પરથી કૂદી સૈનિકો સરદારનું રક્ષણ કરવા તેની ચોતરફ ધસી ગયા. લોકોને લાગ્યું કે જાણીબૂજીને આ યહૂદી નવયુવકે આ સાહસ કર્યું છે તેથી તેઓ તેને શાબાશી દેવા લાગ્યા. લોકોમાં એક અજબ સનસનાટી ફેલાઈ ગઈ અને તેઓ પણ અટારીઓમાં નળિયાં તોડીને નીચેના સૈનિકો પર ફેંકવા લાગ્યા. સારી એવી લડાઈ જામી પડી. ગુસ્સે ભરાયેલા સૈનિકોએ રસ્તા પર ઊભેલાનું લોહી વહેવડાવવાનું શરૂ કર્યું, અને નાસભાગ મચી ગઈ.

યહૂદાનું મુખ એકદમ ફિક્કું પડી ગયું. તેણે ડરથી ચીસ પાડી:

" તિરુ ! ઓ તિરુ ! આપણું શું થશે ?"

તિર્ઝા ચોંકીને બોલી : " આ શું થઈ ગયું ? આ શોરબકોરનો શો અર્થ છે?"

" મેં રોમન રાજયપાલનું ખૂન કરી નાંખ્યું છે, નળિયું એના મસ્તક પર જ પડયું."

તિર્ઝાનો ચહેરો ભયથી સફેદ પૂણી જેવો થઈ ગયો. તેની આંખોમાં આંસુ તો ઊભરાઈ આવ્યાં, છતાં મોટા ભાઈના ગળામાં હાથ નાંખીને મૌન આશ્વાસન આપતી રહી.

"તિરુ ! મેં જાણીબૂજીને... આવું નહોતું કર્યું આ તો અકસ્માત છે, અકસ્માત."

એણે ફરીથી નીચે જોયું તો ગ્રેટસ મર્યા નહોતા. રોમન સૈનિકો તેને પુનઃઅશ્વારૂઢ થવામાં મદદ કરતા હતા. "તે જીવે છે, તે મર્યા નથી. પરમેશ્વરનો, આપણા પૂર્વજોના દેવનો, લાખલાખ આભાર. હું એ બધાંને આ દુર્ઘટના કેવી રીતે બની તે સમજાવીશ, અને તેઓ આપણને કશું નુકસાન નહિ પહોંચાડે."

એ તિર્ઝાને નીચે લઈ જઈ રહ્યો હતો ત્યાં જ મોટાં લાકડાંની તોડફોડના અવાજો આવવા લાગ્યા. સાથે જ ઘવાયેલાંની ચીસો, મૃત્યુ પામતાંની દર્દભરી બૂમો સંભળાવા લાગી. સ્ત્રીઓની કરુણ ચીસો પણ તેમાં ભળતી હતી. સૈનિકોએ ઉત્તરનો દરવાજો તોડી આખા મકાન પર કબજો જમાવી દીધો હતો. હવે એને આ બધી હિલચાલનો અર્થ સમજાયો. તેના નોકરની કત્લેઆમ ચાલતી હતી. તેને તેની માતાની એકદમ ચિંતા થઈ આવી.

તિર્ઝાએ પૂછયું : "યહૂદા ! આ બધાનો શો અર્થ છે ?

હતાશ સ્વરે તે બોલ્યો : "તિરુ ! તું અહીં જ ઊભી રહે, હું નીચે જઈને જોઉં કે આ ધમાલ શાની છે ?" ત્યાં જ માતાનો પણ દર્દભર્યો ચિત્કાર સંભળાયો.

સીડીનાં નીચલાં પગથિયાં પર સૈનિકો ઊભા હતા. કેટલાક

ખુલ્લી રક્તપિપાસુ તલવારો સાથે આમતેમ દોડાદોડી કરતા હતા. સ્ત્રીઓ સૈનિકોને પગે પડી જીવ બચાવવાની આજીજીઓ કરતી હતી. બધાંથી અલગ, ફાટેલાં કપડાંવાળી, વીખરાઈ ગયેલા વાળવાળી તેની માતા, એક સૈનિકની પકડમાંથી છૂટવા મરણિયા પ્રયત્નો કરતી હતી. યહૂદા ' મા, મા  પોકારી એકદમ તેની માતા તરફ કૂદ્યો. ત્યાં જ તેને પકડી લેવામાં આવ્યો.

એ જ વખતે એક બુલંદ અવાજ સંભળાયો : " આ જ તે છે. ' યહૂદાએ પાછું ફરી જોયું તો મેશાલ્લા.

" શું આ જ તે જાલિમ હત્યારો છે ? એ તો છોકરી જેવો નાજુક છે ! ' એક જાડાતગડા ફૌજીએ કહ્યું.

" હા, આ જ તે છે. પકડી લો એને. પેલી એની મા, અને દૂર ઊભી તે એની બહેન. આ તેનું જ કુટુંબ છે.'

મા–બહેન પ્રત્યેની મમતાથી યહૂદા પોતાનું બધું સ્વાભિમાન ભૂલી ગયો અને આજીજી કરવા લાગ્યો, " પ્રિય મેશાલ્લા, દોસ્ત ! તું બચપણની મિત્રતા યાદ કર અને મારાં મા–બહેનને બચાવી લે. હું તને મિત્રદાવે, મિત્રભાવે પ્રાર્થના કરું છું.

મેશાલ્લાએ જાણે સાંભળ્યું જ નહિ, તેણે ફૌજી અફસરને કહ્યું : " હું રસ્તા પરની મારામારીની મજા લૂંટવા જાઉં છું. હું વધારે મદદ કરવા રોકાતો નથી.'

એટલું કહી તે ચાલ્યો ગયો. યહૂદા તરફ તેણે એક દ્રષ્ટિપાત પણ કર્યો નહિ. યહૂદાએ તરત જ મનમાં પ્રાર્થના કરી : " જયારે આ વેરનો બદલો લેવાનો વખત આવે ત્યારે, હે ઈશ્વર, સૌથી પહેલાં,

મારે મેશાહ્રા સાથે હિસાબ ચૂકવવો છે.

પછી અફસર તરફ ફરી તે બોલ્યો, "સાહેબ ! મારી મા અને બહેનને છોડી દો. તે નિર્દોષ છે, અને ઈશ્વર ઘણો દયાવાન છે. આ ઉપકાર મારા ઉપર થશે.

અફસરે સૈનિકોને હાંક મારી : " આ સ્ત્રીઓને કિલ્લામાં પૂરી દો. ખબરદાર ! એમને કોઈ તકલીફ ન થાય, કારણ કે એમને તમારી પાસેથી પાછી માંગી લેવાનો છું. અને મોટાં દોરડાં લઈ આવો. આના હાથ બાંધી સડક પર લઈ આવો. એનો ફેંસલો પછી થશે.

માને સૈનિકો એક બાજુ ખેંચી ગયા. નાની નાજુક તિર્જાને પણ કયાંક ખેંચવા લાગ્યા. યહૂદાએ બંને તરફ એક છેલ્લી લાચાર કરુણ દ્રષ્ટિ ફેંકી, અને ધસી આવતાં આંસુ છુપાવી દેવા મુખ ઢાંકી દીધું.

એણે મુશ્કેટાટ બંધાવા પોતાના હાથ જાતે જ લંબાવ્યા ; એ ક્ષણ પૂરતું તો કશું દેખાયું નહિ. પરંતુ એ જ ક્ષણ તે બાળક મટી પુરુષ બની ગયો. મર્દ. ઊભરાતી મરદાનગીએ એને ક્ષણભર હચમચાવી દીધો.

સડકો પરની લડાઈ લગભગ બંધ થઈ ગઈ. પલટણ પોતાની તમામ શાન–શૌકત સાથે સડક પર ચાલવા માંડી. યહૂદા પણ સૈનિકો સાથે બંધાયેલો ચાલવા માંડયો, જો કે હજુ તેની આંખો હજી પેલા કેદીઓમાં પોતાની મા તથા બહેનને શોધ્યા કરતી હતી.

એકાએક જમીન પરથી ઊઠીને એક સ્ત્રી વેગથી મકાનના દરવાજા તરફ દોડી ગઈ. કેટલાક સૈનિકો તેને પકડવા દોડયા, પરંતુ તે પકડાવાને બદલે પાછી ફરી યહૂદાના પગે વીંટળાઈ વળી.

" અમરાહ ! ઓ અમરાહ ! મારી મા અને બહેનને બચાવી

લેજે. હું લાચાર છું. ઈશ્વર તારી સહાય કરો."

એક સૈનિકે તેને પકડી ઊભી કરી, તો એ ફરીથી દોડીને મકાનમાં પેસી ગઈ. અફસરે કહ્યું, " જવા દો એને. મકાનને તાળું મારીશું એટલે એ અંદર ભૂખેતરસે મરી જશે.' બીજે દિવસે સૈનિકોએ બેન–હરના એ વેરાન મહેલ પર તાળાં મારી દીધાં, અને બારણે મોટું પાટિયું મૂક્યું : ' સમ્રાટની સંપત્તિ !'

બીજે દિવસે મધ્યાહ્નને એક અફસર દસ ઘોડેસવાર સૈનિકો સાથે યરુશાલેમથી નાઝરેથ પહોંચ્યો. તે વખતે નાઝરેથ પહાડોની ગોદમાં ખીલેલા ફૂલ જેવું નાનું સરખું ગામ હતું. ગામ પાસે પહોંચતા જ ઘોડેસવારોએ તુરાઈ (એક લશ્કરી વાદ્ય) બજાવી, જેની ગ્રામજનો પર જાદુઈ અસર પડી. બધાં દ્વારો ટપોટપ ઊઘડી ગયાં, અને લોકો આ અજબ સરઘસને જોવા જમા થવા લાગ્યા.

બધાંની નજર ઘોડેસવારોના કબજામાં રહેલા કેદી ઉપર પડી. તે ઉઘાડા પગે, ઉઘાડે મસ્તકે આ મધ્યાહ્ન સમયે પગપાળો ચાલતો હતો, દોરડાથી એના હાથ મુશ્કેટાટ બાંધેલા હતાં, અને દોરડાનો છેડો એક ઘોડા સાથે બાંધી દીધેલો. તેનું આખું બદન ઘોડાઓની ધૂળથી ખરડાઈ ગયું હતું. પગમાં છાલાં પડી ગયેલાં, અને અસહ્ય થાકને લીધે તે અધમૂઓ દેખાતો હતો. ગ્રામજનોએ જોયું કે કેદી તો તદ્દન નવયુવાન હતો.

ગામના કૂવા પાસે લશ્કરી ટુકડી થોભી, મોટા ભાગના સવારો નીચે ઊતર્યા,. કેદી સડકની ધૂળ ઉપર વૃક્ષના કપાયેલા ઠૂંઠાની જેમ ધબ્બ દઈને ગબડી પડયો. એનો પ્રાણ હમણાં જ દેહને ત્યાગી જશે એમ

લાગ્યું. આ લશ્કરી ટુકડીનો ડર ન હોત તો ગ્રામજનો બેલાશક એની મદદે દોડી ગયા હોત.

લશ્કરી ફૌજીઓ ઘડાઓમાંથી પાણી પી તૃષા છિપાવી રહ્યા હતા. ત્યારે સેફોરિશની દિશામાંથી એક પુરુષ આવતો દેખાયો. પાણી ભરનાર એક સ્ત્રી બોલી ઊઠી, " જુઓ, સુથાર આવી રહ્યા છે, હવે આપણને કંઈક સાંભળવાનું મળશે !

આવનાર વ્યકિતનો દેખાવ દમામપાત્ર હતો, તેની સફેદ લાંબી દાઢી, તેના વૃદ્ધ છતાં સશકત શરીરને શોભા દેતી હતી. તે ધીમે ધીમે આવ્યા, કારણ કે તે દૂરથી આવતા હતા અને તેમણે લાકડાં કાપવાનાં કરવત, કુહાડી વગેરે ઊંચકયાં હતાં.

ભીડ જોઈને તે એ તરફ વળ્યા. એક સ્ત્રી તેની પાસે દોડી ગઈ : " આ લોકો એક કેદી લાવ્યા છે રાબ્બી યોસેફ, મહેરબાની કરીને પૂછોને કે એ છોકરો કોણ છે ? એણે શો ગુનો કર્યો છે, અને શી સજા થઈ છે ?"

રાબ્બીનો ધીરગંભીર ચહેરો પહેલાંની જેમ જ શાંત રહ્યો. એણે કેદી તરફ એક દ્રષ્ટિપાત કર્યો, અને પછી તે અફસર તરફ આગળ વધ્યા.

" ઇશ્વરની શાંતિ, તમારી સાથે હો, " તેમણે કહ્યું. અફસરે ઉત્તર આપ્યો : " આપને પણ પ્રભુની શાંતિ હો.

" શું આપ યરુશાલેમથી આવો છો ?

" હા."

" આપનો કેદી બિલકુલ યુવાન છે."

" શું હું પૂછી શકું કે એણે શો અપરાધ કર્યો છે ?"

" એ ખૂની છે."

લોકો વધુ આશ્ચર્યમાં ડૂબી ગયા ; પણ રાબ્બી યોસેફે વાત આગળ ચલાવી:

" શું તે યહૂદી છે ?"

" હા, " એ સાંભળતાં જ ગ્રામજનો પુનઃ દયા અનુભવવા લાગ્યા, કારણ કે એ પણ યહૂદી હતા.

" આપે યરુશાલેમના હૂર નામે રાજકુંવરનું નામ સાંભળ્યું હશે, હેરોદના જમાનામાં એ જીવતા હતા. આ તેમનો જ પુત્ર છે. " લોકોમાં ધીમી વાતચીતો શરૂ થઈ ગઈ.

" પરમદિવસે યરુશાલેમની સડકો પર મહેલની છત પરથી નળિયાં ફરસબંદી ફેંકી એણે રાજયપાલ ગ્રેટસને લગભગ મારી નાંખ્યા હતા," અફસરે રુક્ષ અવાજે કહ્યું.

" તો શું એણે ખૂન કયુઁ છે ?"

" ના.

" તે સજાપાત્ર છે, નહિ ?"

" હા, એને * ગેલિ વહાણ પર હલેસાં મારવાની આજીવન ગુલામીની સજા ફરમાવાઈ છે."

---

* ગેલિ એટલે ગુલામો દ્વારા હલેસાં મારીને ચલાવાતું નાનું, સપાટ વહાણ.

" ઈશ્વર તેને મદદ કરો, " દયાળુ રાબ્બીએ કહ્યું.

ત્યારે જે યુવક રાબ્બી યોસેફ સાથે આવ્યો હતો, અને તેની પાછળ ચૂપચાપ ઊભો હતો તેણે પોતાની કુહાડી નીચે મૂકી, અને તે કૂવામાંથી એક ડોલ પાણી ભરી લાવ્યો. આ કામ તેણે એટલી બધી શાંતિથી કર્યું કે સૈનિકો રોકે તે પહેલાં તે કેદીને પાણી પાવા લાગ્યો.

કમનસીબ યહૂદાના ખભા પર મુકાયેલા હમદર્દીભર્યા હાથોના સ્પર્શથી તે હોશમાં આવ્યો. તેણે ઊંચે જોયું તો જિંદગીમાં કદી ન ભૂલી શકાય તેવો ચહેરો જોયો. એક તેની જ વયનો યુવક, જેના સુંવાળા ચમકતા શ્યામ કેશ તેના ખભા પર ઝૂલતા હતા, તેની ગહેરી–ઊંડી નીલી આંખોમાં સદ્દભાવના, સહાનુભૂતિ અને સ્નેહના સાગરો છલોછલ છલકાતા હતા. તેની આંખોમાં એટલી નમ્રતા, ઊંડાણ, પ્રભાવ અને આકર્ષણ હતાં, કે બેન–હર બધું જ દુઃખ, યાતના ભૂલી ગયો. બદલો વાળવાની પ્રબળ ઈચ્છા પણ આ પ્રભાવક આંખોની અસર નીચે દબાઈ ગઈ, મુલાયમ કોમળ લાગણીઓથી તેનું હૃદય ભરાઈ આવ્યું, એણે માટલીને મોં લગાડયું, અને લગભગ આખી ભરેલી માટલી તે પી ગયો. પાણી પાનાર નવયુવક કશું બોલ્યો નહિ, કે પાણી પીનાર પણ એકે શબ્દ બોલી શકયો નહિ.

કેદીની તૃષા સંતોષાઈ કે તે નવયુવકે કેદીના ખભા પરથી હાથ ઊઠાવી તેના મસ્તક પર મૂકયા. તેનાં ધૂળભર્યાં જુલ્ફાં સવારી તેણે આશીર્વાદ દીધો. અજનબી નવયુવકે તે પછી માટલું કૂવા પાસે મૂકી દીધું, અને કુહાડી ઊંચકી યોસેફ પાસે પાછો ફર્યો.

ઘોડેસવારો અને ઘોડાઓ પાણી પી રહ્યા પછી ફૌજી ટુકડી

આગળ વધી; પરંતુ હવે અફસરના દિલમાં યહૂદા પ્રત્યેની લાગણી તદ્દન પરિવર્તન પામી હતી. તેણે જાતે કેદીને ધૂળમાંથી ઊભો કર્યો, અને એક ઘોડેસવારની પાછળ ધીમેથી બેસાડયો. રાબ્બી યોસેફ, તેમના શિષ્યો અને અન્ય નાઝરેથવાસીઓ પોતપોતાને ઘેર ચાલ્યા ગયા.

આમ, પ્રથમ જ વખત યહૂદા અને ' મરિયમપુત્ર ઈસુ એકમેકને મળ્યા અને વિખૂટા પડયા.

# તૃતીય ખંડ

આજે તો માત્ર ખંડિયેરો જ બચ્યાં છે. પરંતુ ઈસુના વર્ષ ૨૪માં ઈટાલીના પશ્ચિમ કાંઠે નેપલ્સની દક્ષિણ–પશ્ચિમે થોડે દૂર આવેલું મિસેનમ શહેર મશહૂર હતું.

જૂના સમયમાં દરિયાકાંઠે બનાવેલી દીવાલમાં એક પ્રવેશદ્વાર બનાવ્યું હતું, જેના પર ઊભો રહી ચોકીદાર ચોકી કરતો. સપ્ટેમ્બર માસની એક શીતળ સવારે ચોકીદાર સામેથી આવતા લોકોની વાતો સાંભળીને થોડો ચમકયો, પણ પછી તરત જ પુનઃઝોકાં ખાવા લાગ્યો.

આ સમુદાયમાં લગભગ વીસ–ત્રીસ વ્યકિતઓ હશે, જેમાંના મોટા ભાગના ગુલામ હતા. તેમના હાથોમાંની મશાલો પ્રકાશ ઓછો અને ધુમાડો વધુ આપતી હતી, તેમના માલિકો આગળ આગળ હાથોમાં હાથ રાખી ચાલતા હતા.

એક નજરમાં જ પહેરેદાર સમજી ગયો કે આ સહુ ખાનદાન પરિવારનાં છે,

રાતના જલસાપાણી બાદ કોઈ મિત્રને જહાજ પર વળાવવા આવ્યા હતા. બધાનું ધ્યાન પચાસ વર્ષની એક વ્યકિત પર કેન્દ્રિત થયું હતું, જે થોડોક ટાલિયો હતો ને માથા પર તેણે મુગટ પહેર્યો હતો.

એક વ્યકિતએ આ મુગટધારી વ્યકિતને કહ્યું :

“ના, ના, કિવન્ટસ ! આ તો અમારું દુર્ભાગ્ય આપણને આટલા જલદી વિખૂટા પાડે છે. બાકી ગઈ કાલે તમે સમુદ્રયાત્રાથી પાછા ફર્યા હતા.”

શરાબમાં ચકચૂર બીજો બોલ્યો : “ ના, ના, પસ્તાવાથી કોઈ ફાયદો નથી. કિવન્ટસે જે આજે ખોયું તે કાલે મેળવી લેશે.”

ત્રીજો : “ કિવન્ટસને તો ગ્રીકો લઈ જાય છે. ગ્રીકો વ્યાપારમાં યુદ્ધકલા જ ખોઈ બેઠા છે. ” આવી વાતો કરતા તે પ્રવેશદ્વાર ઓળંગી ખાડીની સામે આવેલા ડક્કા પર પહોંચ્યા. આ જૂના ખલાસી માટે મોજાંની છલકાંટોમાં આમંત્રણની મુદ્રા હતી. તેણે એક ઊંડો શ્વાસ લીધો, જાણે કે પાણીની સુગંધ અત્તરની સુગંધ કરતાં વિશેષ ન હોય!

સામેથી આવતા જહાજ પર દ્રષ્ટિ ફેંકી તેણે કહ્યું : “ જુઓ, તે આવી રહ્યું છે. જહાજ પરી આવી રહી છે, અને નાવિકને બીજી કોઈ પ્રિયતમાની શી જરૂર?”

નીચેના થાંભલા પર સફેદ સઢ ચઢાવેલા હતા, અને હલેસાં ખૂબ કમનીય રીતે, પંખીની પાંખોની જેમ, નિયમિતતાથી મારવામાં આવતાં હતાં.

છે. જો ચૂકી જઈએ તો દોષ આપણો. લેન્તુલસ, તમે ભૂલશો નહિ કે ચતુર ગ્રીક ચાંચીયાઓની ખબર લેવા જ હું જાઉ છું. આફ્રિકનો પરના સો વિજય કરતાં આ ચાંચીયા પરના એક વિજયનું મહત્વ વધુ છે.

" તો શું આપ એજિયન સમુદ્ર તરફ જઈ રહ્યા છો? નાવિકોની આંખોમાં તો તેનું જહાજ જ જિંદગીનું સર્વસ્વ હતું. " શી મોહકતા, શી છટા, શી સ્વતંત્રતા ! હા, હું એજિયન જઈ રહ્યો છું. ભૂમધ્ય સમુદ્રમાં વેપાર કરતા વેપારીઓએ સીઝરની મુલાકાતમાં રક્ષણ માગ્યું છે, અને તેથી જ મિસેનેમમાંથી હું પસંદ થયો છું."

" અભિનંદન, એરિયસ"

એરિયસે પોતાના ખિસ્સામાંથી એક કાગળ કાઢીને કહ્યું : " ગઈ રાત્રે ભોજનની મેજ પર સેજાનસનો આ પત્ર મળ્યો."

મંત્રી સેજાનસનું પ્રખ્યાત નામ સંભળી બધા પત્રની વિગતો જાણવા આતુર બની ગયા.

સેજાનસ તરફથી અફસર એરિયસને

રોમ **XIX kal** સપ્ટે.

* ટ્રિબ્યુન એરિયસ વિશે સીઝરને ખૂબ સારો રીપોર્ટ મળ્યો છે. ખાસ કરીને એણે પશ્ચિમી સાગરોમાં એરિયસના પરાક્રમોની કથા સાંભળી છે. એનાથી સીઝર પ્રભાવીત થયા છે. અને એમણે એરિયસને તરત જ પૂર્વમાં મોકલવા આદેશ આપ્યો છે.

આપણા સીઝરની ઇચ્છા છે કે તમે યુદ્ધ–જહાજો ને પૂરેપૂરાં

*ટ્રિબ્યૂન એટલે રોમન અમલદાર

તૈયાર કરો. જેથી એજિયન સમુદ્રમાં કાળો કેર વર્તાવનાર ચાંચીયાઓને સીધા દોર કરી શિક્ષા કરી શકાય. આ જહાજોની જવાબદારી સંભાળવા એરિયસને મોકલો.

સેજાનસ

એરિયસને પત્રવાચનમાં રસ નહોતો, એટલો રસ એને આવતા જહાજમાં હતો. ઉત્સાહથી તેણે પોતાનો રોમન નાગરિકનો ઝભ્ભાનો લટકતો છેડો હવામાં લહેરાવ્યો. આ નિશાનીના પ્રત્યુતરમાં જહાજના અગ્રભાગ પર લાલ રંગનો ઝંડો ફરકાવાયો, અને છત પર અનેક નાવિકો જમા થઈ ગયા, તેમણે જહાજની ગતિ બેવડી કરી દીધી. અને ખૂબ ઔત્સુકય અને ઉત્સાહથી એરિયસ આ (વ્યૂહરચનાની) નૌકાસૈન્યના જહાજની હિલચાલ નિહાળતો હતો.

જહાજ ખાસું લાંબુ, તેજગતિથી ચાલનારું, ઝડપથી ફરી શકનારું હતું એની ગતિ વધારવા નાવિકો સઢનો નહિ પણ લાંબાં હલેસાનો આધાર લેતા હતા. જહાજની વચ્ચે મજબૂત દોરડાથી બંધાયેલો એક મંચ ઊભો કરાયો હતો.

જહાજના એકવીસ લાંબાં હલેસા લાંબો સમય પાણીમાં રહેવાથી અને સફાઈને કારણે ચમકતાં હતાં, અને ખૂબ વેગથી તે સમુદ્રમાં પડતાં અને ઊંચકાતા હતાં.

જહાજ ખૂબ વેગથી ટ્રિબ્યુન ક્વિન્સ તરફ ખસ્યું. સાથીઓ ચોંકી ગયા. એકાએક જહાજ પર ઊભેલી એક વ્યકિતએ ઈશારો કરતાં જ હલેસા હવામાં ઊંચકાયા. થોડી પળો હવામાં સ્થિર રહ્યાં, અને પાણીમાં પછડાયાં. જહાજ આખું ધ્રૂજી ઊઠયું, પાણી પણ ખળભળી ઊઠયાં અને જહાજ ત્યાં જ ઊભું રહી ગયું.

એરિયસ : '' હા, દેવતાઓની કૃપાથી જ આપણને તકો સાંપડે'

તેને વાળવામાં આવે તે દરમ્યાન રોમન બ્યૂગલ (તુરાઈ) બજાવવામાં આવ્યું, અને તે સાથે જ શસ્ત્રસજ્જ સૈનિકો ઉપર ધસી આવ્યા. બધા જ જહાજના તૂતક પર વ્યવસ્થિત ગોઠવાઈ ગયા.

ટ્રિબ્યૂન ગંભીરતાથી મિત્રો તરફ ફર્યા અને કહ્યું : '' મિત્રો, હવે ફરજ, બીજું કશું નહિ. '' પછી પોતાના મસ્તક પરની માળા ઉતારીને એક મિત્ર (પાસાં ખેલનારને)ને આપતાં હહ્યું, '' લો, આ મારું આભૂષણ, જો પાછો ફરીશ તો પાછું લઈ લઈશ. જો વિજય નહિ મળે તો કદી પાછો નહિ આવું.

પછી એ મિત્રોને ભેટયા અને જહાજ પર ચઢી ગયા.

'' કિવન્ટસ, દેવો તમારી સાથે રહો.''

'' અલવિદા.''

ટ્રિબ્યૂને સેજાનસનું ફરમાન હાથમાં લઈને મુખ્ય હલેસાં મારનારને પૂછયું:

'' તમારા જહાજમાં કેટલા ગુલામો છે ? ''

'' ૨૫૦, અને બીજા દસ સંખ્યાધિક, જે જરૂર પડે કામ લાગે.''

'' એમની ટુકડીઓ કેટલી ?''

'' ૮૪, દરેક બીજા કલાક પછી ડયૂટી બદલાય છે. '' સરદારને થોડુંક આશ્ચર્ય થયું. તેણે કહ્યું : '' આ વહેંચણી થોડી મુશ્કેલભરી છે, હું એને બદલીશ, પરંતુ હમણાં નહિ : આથી તો હલેસાંબાજોને દિવસરાત આરામ ન મળે.''

પછી એણે નૌચાલન–અધ્યક્ષ સાથે વાત કરતાં કહ્યું : "મૌસમનો પવન ઠીક છે. સઢ ચઢાવો, જેથી હલેસાંબાજોને રાહત રહે.

પછી એણે વહાણના મુખ્ય પાયલોટને પૂછયું : "તમે કેટલાં વર્ષથી નોકરી કરો છો ?"

"રોમ અને પૂર્વીય સમુ+દ્રો વચ્ચે આજદિન સુધી બત્રીસ વર્ષ વીતી ગયાં છે."

"મને કહ્યું હોત તો હું તમને જ પસંદગી આપત. દેવતાઓ મદદમાં હશે તો એન્ટેમોનાની ખાડીએ પહોંચ્યા પહેલાં લંગર નહિ નાખું. કામ અત્યંત તાકીદનું છે અને તેથી જ હું તમારા પર વિશ્વાસ મૂકું છું."

એરિયસ માટે એક કામ સૌથી મહત્ત્વનું હતું, એની હાથ નીચેનાં બધાંને–સૈનિકોને અને ગુલામોને–પૂરેપૂરા ઓળખી લેવાનું. બપોર સુધી અનુકૂળ પવનને લીધે જહાજ ઝડપી ગતિથી ચાલ્યું ઉપરના તૂતક પર પૂજાની વેદી સ્થપાઈ, અને તેના ઉપર મીઠું અને જવ છંટાયા, ખૂબ જ ભક્તિભાવથી સરદારે ત્યાં દેવોને, સમુદ્રી દેવતાઓને અર્ઘ્ય આપ્યો.

પછી જયાંથી હલેસાં મારવામાં આવતાં હતાં ત્યાં વચ્ચોવચની એક કેબિનમાં તે બેઠો. કેબિનની બાજુમાં, વહાણના મોભ સાથે જોડાયેલી હલેસાંબાજો માટેની ત્રણ કતારો હતી. બીજી લાઈન પહેલાં કરતાં ઊંચી, અને ત્રીજી, બીજી કરતાં સહેજ વધુ અંતરે, અને વધુ ઊંચી હતી. આમ બંને તરફ સાઠ–સાઠ હલેસાંની પંક્તિઓ હતી.

પહેલી–બીજી કતારવાળા તો બેસીને ચલાવી શકતા, પરંતુ ત્રીજી કતારવાળાને તેમનાં લાંબાં હલેસાં ચલાવવા ઊભા રહેવું પડતું.

આ લોકોનું કામ ઘણું મુશ્કેલ હતું, એમને વાતચીતની પણ પરવાનગી નહોતી, મહેનત કરવાના સમયે એકબીજાનું મોં પણ જોઈ શકે નહિ. છૂટ્ટીનો સમય ખાવાપીવામાં ને થોડો આરામ લેવામાં ક્યાં ઊડી જતો તેની ખબરે ન પડે. હસવાનું આ બિચારા ભૂલી જ ગયેલા ને ગાયનનો અવાજ પણ ક્યારેય આવતો નહિ. બધાં રાષ્ટ્રોમાંથી પકડાયેલા આ ગુલામોમાં યુદ્ધકેદીઓની સંખ્યા વિશેષ હતી. લગભગ બધા જ પોતપોતાની શકિત અને ક્ષમતાના બળ ઉપર આ મહેનતના કામ માટે ચૂંટાયેલા હતા. હલેસાં મારવાનું કામ મહેનત સાથે સૂઝ, સમજ અને સતત ધ્યાન રાખવું પડે તેવું હતું. આ કામ કરતાં કરતાં આ કેદીઓ નિષ્ક્રિય, નિસ્તેજ, હુકમપાલન કરનારા બની ગયા હતા, શરીરે મજબૂત પણ બુદ્ધિમાં મંદ પડી ગયેલા. લગભગ અર્ધબેહોશીમાં જ જીવતા, એવી સ્થિતિમાં એમણે વર્ષો ગુજારેલાં, જેમાં દુઃખ, તકલીફો એક આદત બની જાય છે, અને આત્મા ગજબનો સહનશીલ.

પોતાની આરામખુરશીમાં ઘડીમાં જમણી બાજુ તો ઘડીમાં ડાબી બાજુ ઝૂકીને એરિયસ હલેસાંબાજોનું ઝીણવટભર્યું અવલોકન કરતો રહ્યો. કાગળ ઉપર પોતાની પ્રતિક્રિયાઓ નોંધતો રહ્યો, એને લાગતું રહ્યું કે લડાઈમાં કામ લાગે એવા ઘણા ગુલામો તેની પાસે છે.

ગુલામ હલેસાંબાજો ઓળખાય છે નંબરોથી. આ નંબરો લખાયા હોય છે એમની બેન્ચો પર. સરદારની ઊંડી–પારખતી દ્રષ્ટિ છેવટે ૬૦ નંબરના કેદી પર ઠરી.

એણે જોયું કે અન્યની જેમ તે પણ માત્ર એક લંગોટી સિવાય નગ્ન હતો. પરંતુ તે એકદમ સીધો, ટટ્ટાર બેસી કામ કરતો હતો ; હતો બિલકુલ યુવાન, વયમાં પણ કદાચ વીસથી વધુ નહિ હોય. એરિયસ માત્ર શેતરંજનો કુશળ ખેલાડી ન હતો, એ માણસ પારખવાની પણ તીક્ષ્ણ શકિત અને દ્રષ્ટિ ધરાવતો. ચમત્કાર માત્ર તાકાતથી થતા નથી ; એમાં તો દિમાગ કે સૂઝદ્રષ્ટિ પણ જોઈએ એમ તે માનતો. એણે જોયું કે ૬૦ નંબરના ગુલામનાં બાવડાં મજબૂત છે અને તેની કામ કરવાની રીતમાં અદ્‌ભુત છટા અને કૌશલ્ય છે.

તેણે મનમાં વિચાર્યું : "અરે, આ છોકરો તો લાજવાબ છે."

એટલામાં જ ગુલામ છોકરાએ પાછા ફરી જોયું, અને બંનેની દ્રષ્ટિ મળી.

"યહૂદી ! છોકરો !"

સરદાર સાથે દ્રષ્ટિ ભેગી થતાં જ યહૂદી છોકરાની પહોળી આંખો વધુ પહોળી થઈ, તેના મુખ ઉપર લોહી ધસી આવ્યું; અને જાણે ક્રોધે ભરાયો હોય તેમ તેનું હલેસું થોડું હલી ગયું, પરંતુ, બીજીવાર બંનેની દ્રષ્ટિ મળતાં જ ગુલામે આશ્ચર્ય સાથે જોયું કે ટ્રિબ્યૂને એની સામે સલૂલઈભર્યું સ્મિત કર્યું.

ફરીફરીને એરિયસ કેબિન પાસે આવતાં જ ગુલામ સામે જોઈ લેતા : " આદમી જુસ્સાવાળો છે. યહૂદી કોઈ જંગલી કે આદિવાસી નથી હોતા. હું એના વિશે વધુ જાણકારી મેળવીશ."

★ ★ ★

'આસ્ટ્રો (જહાજનું નામ) ચોથા દિવસે તો ઈયોનિયન

સાગરમાં પહોંચી ગયું. આકાશ ખુલ્લું હતું, અને દેવોની શુભેચ્છા જેવો પવન વાતો હતો. સાઈથેરા પહોંચતાં પહેલાં જહાજની બધી જાંચ કરવી જરૂરી હતી, કારણ કે ત્યાં બાકીનાં બધાં જહાજો એકઠાં થવાનાં હતાં. એને જહાજથી સંતોષ થયો હતો, છતાંયે બધી વિગતોમાં ઊંડો ઊતરવા માંગતો હતો.

ગુલામોની પાળી બદલાતી હતી ત્યારે એણે મોવડીને પૂછયું:

" પેલી બેન્ચ પરથી આવતા ગુલામને તું ઓળખે છે ?"

" આપ જાણો છો એમ જહાજ હજુ હમણાં જ જહાજવાડામાંથી બંધાઈને આવ્યું છે, એક મહિનો જ થયો છે, અને માણસો પણ નવા છે."

" એ છોકરો યહૂદી છે," એરિયસે કહ્યું.

" ઉમરાવ એરિયસ ખૂબ સમજદાર છે."

" ખૂબ નાની વયનો છે."

" છતાં પણ આપણો સૌથી કુશળ ચાલક છે."

" એ સ્વભાવે કેવો ?"

" ખૂબ આજ્ઞાંકિત, એથી વધુ મને ખબર નથી. હા, એણે એક વિનંતી કરેલી. !"

" શી !"

" કે એને એકવાર જમણી બાજુ તો બીજી વખત ડાબી બાજુએ મૂકવામાં આવે."

" કોઈ કારણ આપેલું ખરું ?"

" હા, એણે કહેલું કે એક જ બાજુએ હલેસાં મારવાથી માણસ એ જ રીતે ટેવાઈ જાય છે. તોફાન કે લડાઈ વખતે બીજી બાજુ ચલાવવાની જરૂર પડે ત્યારે આવો માણસ બેકાર થઈ પડે."

" વાહ, આ તો નવો વિચાર છે. બીજું શું એના વિશે તેં જોયું છે ? "

" તે એના સાથીદારો કરતાં દેખીતો જ ચઢિયાતો છે."

" તો તો એને રોમન કહી શકાય. એના પૂર્વઈતિહાસની તને ખબર છે ? "

" રતિભાર પણ નહિ."

" અચ્છા. એ કામ કરતો હોય અને હું ડેક પર હોઉં ત્યારે એને એકલો મારી પાસે મોકલજે."

બે કલાક બાદ એરિયસ જહાજની પાછળ ઊભા હતા. પાઈલોટચાલક જહાજને ઘુમાવવાનાં દોરડાં પકડીને નિશ્ચિંતતાથી બેઠો હતો. પ્રહરીઓ ચોકી કરતા હતા. ઊંચે જોતાં જ એરિયસે જોયું કે પેલો ગુલામ ચાલ્યો આવે છે.

" મોવડીએ મને કહ્યું કે તું એનો શ્રેષ્ઠ હલેસાંબાજ છે."

" મોવડીની મહેરબાની છે." ગુલામની આંખો નિર્મળ અને ખુલ્લી હતી, અને દ્રઢતાની અપેક્ષાએ એમાં ઔત્સુકય વધુ હતું.

" શું ઘણા સમયથી તું આ કામ પર છે ?"

" ત્રણ વર્ષથી, એમાં મને એકે દિવસ છૂટ્ટી મળી હોય એવું યાદ નથી."

" ખૂબ મહેનત–મજૂરીનું કામ છે. એક વર્ષમાં જ લોકોની હિંમત અને તંદુરસ્તી બંને ભાંગી પડે છે. અને તું તો ઊછરતો છોકરો છે."

" ઉમરાવ કદાચ ભૂલી જાય છે કે મહેનત કે બોજો ઊઠાવવામાં આત્માની પણ ઘણી મદદ જોઈએ. એની મદદથી જ કેટલીક વાર નબળા ટકી જાય છે, અને બળવાન બરબાદ થઈ જાય છે."

" તારી બોલી પરથી લાગે છે કે તું યહૂદી છે."

" રોમનોની ઉત્પતિ પહેલાં મારા વડવા યહૂદી હતા."

એના ચહેરા પર આવેલી લાલીને જોઈ એરિયસે કહ્યું : " તારા વડવાઓનો ઠાંસ–ગર્વ હજુયે તારામાં મોજૂદ છે."

" ગુલામીના સમયમાં જ ગર્વ ખૂબ જોરથી ઉછાળો મારે છે."

" હું કદી યરુશાલેમ ગયો નથી, પરંતુ ત્યાંના રાજકુમારો વિશે સાંભળ્યું છે. એમાંના એકને હું ઓળખતો હતો. એ વેપારી હતા અને સમુદ્રયાત્રા કરતા. એ રાજા બનવાને લાયક હતા. તું કયા કુળનો છે?"

" હું અત્યારે તો ગુલામોના કુળનો છું. પરંતુ મારા પિતા યરુશાલેમના રાજકુમાર હતા, વેપારી પણ હતા. મહાન ઑગસ્ટસના દરબારમાં પણ એમનું માન હતું."

" શું નામ હતું એમનું ?"

" હૂર–પરિવારના ઈતામાર."

ટ્રિબ્યૂનનો હાથ આશ્ચર્યથી ઊંચકાયો.

" તું હૂર–પરિવારનો ? તું હ્યાં શી રીતે આવ્યો ?"

યહૂદાએ સરદારના ચહેરા સામે જોયું, અને પોતાની લાગણીનો ઊભરો શમી ગયા પછી કહ્યું : " મારા ઉપર ગવર્નર વેલેરિયસ ગ્રેટસનું ખૂન કરવાની કોશિશનો આરોપ મુકાયો છે."

એકદમ ચોંકીને અને એક ડગલું પાછા હઠીને એરિયસે આશ્ચર્ય ભરેલા અવાજે કહ્યું : " તું ! તું જ એ ખૂની છે ! આખા રોમમાં એ વાતથી ભારે હલચલ મચી ગયેલી. મને પણ છેક સમુદ્ર ઉપર આ સમાચાર મળેલા. હું તો સમજતો હતો કે હૂર—પરિવારનું નામનિશાન મિટાવી દેવાયું છે."

કોમળ સંસ્મરણોનું વાવાઝોડું યુવાન હૃદય પર વીંઝાઈ રહ્યું. ગર્વ ઓગળી ગયો અને તેની આંખમાં આંસુ ચમકી ઊઠયાં. :

" મા, મા ! બહેન તિર્ઝા ! કયાં છો તમે ? કયાં છો ? " એણે સરદારના હાથ પકડી લીધા અને વિનંતી કરતા અવાજે કહ્યું : " મહાન સરદાર, આપ જે જે જાણતા હો તે તે બધું જ કહી દો. જો એ જીવતા હોય તો કહો. એ કયાં છે ? કેવી સ્થિતિમાં ? ઓ સરદાર, કહો, મને કહી દો.

" આ ભયંકર ઘટનાને ત્રણ વર્ષ વીતી ગયાં. પ્રત્યેક કલાકમાં આખી જિંદગીનો શોક અને વેદના સમાયાં છે. એક ભયાનક મૃત્યુના ખાડામાં મેં જિંદગીની પળેપળ ગણી છે. કાળી મહેનત સિવાય બીજી કોઈ વાતમાં કશું આશ્વાસન મળ્યું નથી. જો આપણે ભૂલી શકતાં હોત તો કેવું સારું ! આપ મને એટલું તો બતાવો કે મારાં મા અને બહેન કયાં છે ? એ મરી ગયાં હોય તો એમ કહી દો. તિર્ઝા, કેટલી સુંદર, કેટલી કોમળ, કેટલી મધુર ! કયાં હશે તે ? સંગીતની સરવાણીની જેમ

તે જિંદગીમાં આવી અને વહી ગઈ. અને મા, જિંદગીમાં માથી વધુ મોંઘું શું ? છતાંયે, મૃત્યુની ભયાનક પળોમાં–ઘૂઘવતાં સમુદ્રી તોફાનોમાં અને લડાઈઓમાં–બીજા ગભરાયા હશે ત્યાં હું શાંત રહ્યો છું.

" શું તેં ગુનો કબૂલ્યો હતો ? એરિયસે કડકાઈથી પૂછ્યું.

બેન–હરમાં એકાએક ભયંકર પરિવર્તન આવી ગયું. એનો અવાજ તીખો બની ગયો, મુઠ્ઠીઓ મીંચાઈ ગઈ, એની આંખોમાં જાણે વીજળી ચમકવા લાગી.

" આપે મારા પૂર્વજોના દેવ યાહવેહ વિશે સાંભળ્યું હશે. હું મારા પ્રભુની સત્યતા અને સર્વસંપન્ન શકિતમત્તાને લક્ષમાં લઈ અને આખર સુધી તેની ઈસ્ત્રાયલી પ્રજા પર તે જે સ્નેહ વરસાવે છે તેના શપથ ખાઈ કહું છું કે હું બિલકુલ નિર્દોષ છું.

સરદારને ઊંડી લાગણી થઈ આવી. " ઓ, ઉમદા દિલના સરદાર! મારામાં થોડો વિશ્વાસ મૂકો, અને મારા ભયાવહ અંધકારમાં થોડો પ્રકાશ રેડો."

એરિયસ ત્યાંથી ફરી આગળ ચાલ્યો, અને એકદમ અટકી પાછા ફરી પૂછ્યું : " શું તારા પર મુકદ્દમો ચાલ્યો નહોતો ?

" ના."

રોમન સરદારે આશ્ચર્યથી મસ્તક ઊંચે ઊઠાવ્યું : " કોઈ મુકદ્દમો નહિ ? કોઈ સાક્ષી–પુરાવા નહિ ? તારા કેસમાં ચુકાદો કોણે આપ્યો ?

" એમણે મને દોરડે બાંધી એક ટાવરમાં પૂર્યો. મેં ત્યાં કોઈને દીઠા નહિ. કોઈએ મને કશું પૂછ્યું નહિ. બીજે દિવસે સૈનિકો મને પકડી સમુદ્રકિનારે લઈ ગયા. બસ તે જ પળથી હું ગુલામ છું.'

" આ દુર્ઘટના બની ત્યારે તારી સાથે કોણ હતું ?"

" હું મારા ઘરની અગાસી પર હતો. તિર્જા મારી સાથે હતી. અમે તો માત્ર રોમન ગવર્નરને નજદીકથી નિહાળવા નીચાં નમ્યાં હતાં.'

" તારી મા ક્યાં હતાં ?'

" નીચે, એમના દીવાનખંડમાં."

" એમનું શું થયું ?"

ગુલામે પોતાની આંખો મુખ પર ઢાંકી દીધી.

" મેં એમને ક્રૂરતાથી ઘસડી જતાં જોયાં. પછી એમના વિશે મને કશી ખબર નથી. એમણે બધાંને ત્યાંથી હાંકી કાઢયાં. દરવાજાને સીલ માર્યું. એક ગુલામ માફીની કે બદલાની વાત કરી શકે નહિ. પરંતુ મારી મા તો બિલકુલ નિર્દોષ હતી.'

એરિયસના મનમાં ગુલામો વિશેના બધા અનુભવોનો નિચોડ ઊભરાઈ રહ્યો. જો આ છોકરાની વાતો, એની લાગણી સાચાં હોય તો કોઈએ ભયંકર જબરજસ્તી ને ક્રૂરતાનું નાટક ભજવ્યું છે. આખા કુટુંબને તારાજ કરી દેવાની વાતથી એને દુઃખ થયું.

એણે મોટેથી કહ્યું : " આટલું પૂરતું છે. તારી જગાએ પાછો જા."

" સરદાર, જો આપ ફરીથી મારા અંગે વિચાર કરો ત્યારે મનમાં યાદ રાખજો કે મેં માત્ર મારાં નિકટનાં સ્વજનો–માતા અને બહેન વિશે જણાવવાની પ્રાર્થના કરી હતી."

તે પોતાની જગ્ગાએ પાછો જવા લાગ્યો ત્યારે સરદાર પ્રશંસાભરી દ્રષ્ટિએ તેને જોતા રહ્યા.

" વાહ, વાહ, માત્ર થોડા શિક્ષણથી અખાડા માટે આ માણસ કેવો શાનદાર બની શકે ! કેટલો બાહોશ દોડવીર થઈ શકે ! મુક્કાબાજી અને તલવારબાજી એના મજબૂત લાંબા બાહુઓ કેટલા લાજવાબ નીવડે !" તેણે મોટેથી બૂમ પાડી : " ઊભો રહે ! જો તને આઝાદ બનાવી દેવામાં આવે તો તું શું કરે ?

યહૂદાના હોઠ ધ્રૂજયા : " માલિક મારી મજાક ઉડાવે છે !

" ના, ના દેવોના સમ, ના !"

" તો હું સહર્ષ ઉત્તર આપીશ. જીવનમાં કર્તવ્ય પહેલું. જયાં સુધી મારાં માતા અને બહેનને ધરતીના પટ ઉપર ગમે ત્યાંથી શોધી ન કાઢું ત્યાં સુધી ચેનથી બેસું નહિ. એમની ખુશી–આનંદ ખાતર જિંદગીની એકેએક પળ કુરબાન કરું.

રોમનને આ ઉત્તરની અપેક્ષા નહોતી. " મેં તો તારી મહત્ત્વાકાંક્ષા અંગે પૂછયું હતું. જો તારાં સ્વજનો મૃત્યુ પામ્યાં હોય, યા તું તલાશમાં નિષ્ફળ જાય તો પછી તું શું કરે ?"

બેન–હરના ચહેરા પર એક અજબ ઉદાસી વ્યાપી ગઈ, તે દરિયાનાં મોજા પ્રત્યે જોવા લાગ્યો. લાગ્યું કે મોજાં જેવી જ મોટી ઊથલપાથલ તેના હ્રદયસાગરમાં ચાલી રહી હતી.

" સરદાર, આ દુર્ઘટના ઘટયાના એક દિવસ અગાઉ માતા પાસે મેં સૈનિક બનવાની અનુમતિ માંગી હતી. હજુ પણ સૈનિક બનવાનો મારો ઈરાદો, અને યુદ્ધકૌશલ્ય શીખવાનું જે માત્ર એક જ સ્થળ છે ત્યાં હું જઈશ."

" શું કોઈ વ્યાયામશાળામાં જોડાઈશ ?"

" ના, રોમન લશ્કરી કેમ્પમાં હું ભરતી થઈશ."

" પરંતુ તે પહેલાં તારે હથિયાર ચલાવતાં શીખવું જોઈએ."

અચાનક એરિયસને લાગ્યું કે ગુલામને કોઈ સલાહ ન આપવી જોઈએ. તેથી વાત બદલતાં તેણે કહ્યું : " વારુ, હવે તું જઈ શકે છે. આપણા બંને વચ્ચેની વાતચીત કોઈને કહેતો નહિ. ને તારે ગ્લેડિએટર અથવા સૈનિક એ બેમાંથી કોઈ વચ્ચે પસંદગી કરવાની આવે તો વિચારજે કે પહેલી વાત સમ્રાટની મહેરબાની વડે મેળવી શકાય, પરંતુ બીજા કામમાં કોઈ મજા નથી, કારણ કે તું રોમન નથી."

થોડા વખત બાદ બેન–હર પોતાની બેન્ચ પર બેસી કામમાં જોડાઈ ગયો. આ પ્રાર્થના સાથે : " હે યહોવા ! જેના પર તેં પ્રેમ રાખ્યો છે તે હું ઈસ્રાયલનો એક સાચો દીકરો છું. મારી મદદ કર."

★ ★ ★

એન્ટેમોનાની ખાડીમાં, સાઈથેરા ટાપુની પૂર્વે, એરિયસનાં સો જહાજ એકઠાં થયાં. એક દિવસ સરદારે બધાં જહાજોનું પૂરું ઈન્સપેકશન કર્યું. પછી ત્યાંથી તે ગ્રીસ અને એશિયા વચ્ચેના એવા એક ટાપુમાં પહોંચી ગયો, જે જલમાર્ગની વચ્ચોવચ એક વિશાળ

ખડકરૂપે હતો. ત્યાંથી પસાર થનાર કોઈપણ જહાજને પડકારી શકાય. તે ઉપરાંત તે લુટારુ ચાંચિયાઓનો પણ એજિયન કે ભૂમધ્યમાં તાત્કાલિક પીછો કરી શકે તેમ હતું. ત્યાંથી જ તુર્કસ્તાનની રાજધાનીથી આવતા એક જહાજના કેપ્ટન પાસેથી તેને ઘણી કીમતી માહિતી મળી.

દરિયાના ચાંચિયા યૂળિયા અને હેલાસની ખાડીઓ વચ્ચે ગ્રીક જહાજોને લૂંટીને છુપાઈ ગયા હતા. એરિયસે બધી બાબતો પર વિચારણા કર્યા બાદ અંદાજ લગાવ્યો કે ડાકુઓ થર્મોપોલીના નીચેના ભાગમાં કયાંક હોવા જોઈએ. એણે નક્કી કયુઁ કે ચાંચિયાઓને ઉત્તર–દક્ષિણ તરફથી ઘેરી લેવા જોઈએ, અને તેમાં એક કલાકનો પણ વિલંબ ન થવો જોઈએ. તેથી તેણે જહાજ–કાફલાને તાત્કાલિક ઉપાડયો. રાત પડતાં જ જહાજચાલકે જણાવ્યું કે જહાજ યૂજિયન સમુદ્ર પાસે પહોંચી ગયાં છે.

તત્કાળ જહાજી કાફલાને રોકી લેવામાં આવ્યો. સરદારે કાફલાને બે વિભાગોમાં વહેંચ્યો, પચાસ જહાજને ખાડીના ઉપરના ભાગમાં મોકલ્યાં, અને બાકીનાં પચાસને દ્વીપના સમુદ્ર તરફના ભાગમાં મોકલ્યાં, આદેશ સાથે કે તે ઝડપથી સમુદ્રની અંદર ધસી જાય.

બેમાંથી એકે કાફલો લુટારાની જહાજોની સંખ્યા બરોબર ન હતો, પરંતુ બધાં જહાજો પર અનુશાસન હતું, રોમન શિસ્ત હતી, જે લુટારાઓમાં ન હોઈ શકે, પછી ભલે એ ગમે તેટલા બહાદુર હોય. સરદારે ઊંડી સૂઝપૂર્વક કાફલાના બે ભાગ કર્યા હતા. જો એક હારી જાય તો બીજો ભાગ લુટારાઓનો સામનો કરે.

ત્યાં બેન–હરને દરેક છ કલાકે છુટ્ટી મળતી. એન્ટેમોનાની ખાડીમાં આરામ કરવાથી તે તાજગી અને સ્ફૂર્તિ અનુભવતો હતો. તે ખૂબ સ્ફૂર્તિથી પોતાની હલેસાંબાજની ફરજ બજાવતો હતો. એને ખબર ન હતી કે એના જહાજની પાછળ બીજો આખો એક કાફલો ખૂબસૂરત ચાલે પાછળ આવતો હતો. સફરના ઈરાદાની પણ તેને ખબર પડી નહોતી. રાત પડી. ત્યાં જ બેન–હરને ડેક પરથી અગરબત્તીની સુગંધ આવી.

તેણે વિચાર્યું, “ સરદાર પૂજા કરે છે. શું અમે યુદ્ધે ચઢીએ છીએ ? ”

યુદ્ધના નામથી જ એનાં તનબદનમાં અનેરો ઉત્સાહ આવી ગયો. બધા સાથીઓમાં ભારે દિલચસ્પી આવી. બેન–હરે ઘણાં યુદ્ધો થતાં જોયાં હતાં, પણ એકેમાં તે સક્રિય નહોતો. પરંતુ તેમ છતાં શિખાઉ ગાયક રાગના સ્વરોથી પરિચિત થતો રહે તેમ યુદ્ધની વિગતોથી તે માહિતગાર બન્યો હતો. એક વાત તો નક્કી હતી, યુદ્ધમાં જો પરાજય મળે અને તેઓ બચી જાય તો કદાચ મહામૂલી સ્વતંત્રતા મળી પણ જાય એ ખ્યાલ ઘણા ગુલામોના મનમાં હતો જ. માલિક કદાચ નવા આવે, અને કદાચ વધુ સારા પણ પુરવાર થાય.

રાત્રે હરિકેન ફાનસ સળગાવી સીડીઓ પર ટાંગી દેવામાં આવ્યાં. સરદાર ડેક પરથી નીચે ઊતરી આવ્યા. નૌકાસૈન્યના સૈનિકોએ પોતાનાં આયુધો સજ્જી લીધાં. બધાં યંત્રો તપાસી લેવામાં આવ્યાં. અને ફર્શ પર ભાલા, બરછી, તલવારો, તીરો મૂકી દેવાયાં ; મોટાં વાસણોમાં તેલ અને રૂના ગોળા મૂકી દેવામાં આવ્યા.

અંતે બેન–હરે જોયું કે સરદાર એરિયસે હથિયારો સજી લીધાં, મસ્તક પર લોખંડી ટોપ પહેર્યો, અને પ્લેટફોર્મ પર ઊભા રહ્યા.

દરેક બેન્ચની સાથે લોખંડની એક મોટી સાંકળ હતી, જેના વડે ગુલામોના પગ જકડી દેવાનું શરૂ કર્યું, જેથી તેઓ મુસીબત આવી પડે તો ભાગી ન છૂટે.

કેબિનમાં પુનઃ શાંતિ સ્થપાઈ ગઈ. બેન્ચો પર લોહજંજીર સાથે જકડાયેલા ગુલામો બેહદ લજ્જાશરમ અનુભવતા હતા. વધુમાં વધુ શરમ બેન–હરને લાગતી હતી. ગુલામોનો મોવડી દરેકના પગ બેડીમાં જકડતો હતો. બેન–હરને લાગ્યું કે શું સરદાર તેનો પક્ષ નહિ લે ?

બેન–હર ચિંતાથી વાટ જોતો હતો. વચ્ચેનો સમયગાળો એને યુગ જેવો લાગતો હતો. થોડી થોડી વારે એ આરામખુશસી પર આડા પડેલા સરદાર સામે જોતો. ગુલામોનો વારો આવતો જતો તેમ તેમ તે સરદાર સામે જોતો. છેવટે બેન–હર પોતાની જાત પ્રત્યે કટાક્ષભર્યું હસ્યો, અને સરદાર સામે જોવાનું મૂકી દીધું. ગુલામોનો મોવડી આવ્યો. હવે એક નંબર બાકી હતો. લોખંડી બેડીઓનો ખણખણાટ ભયંકર લાગતો હતો. છેવટે નંબર સાઠનો વારો આવ્યો. નિરાશાથી થાકેલા બેન–હરે પોતાનું હલેસું મૂકી દીધું, અને અફસર તરફ પગ લંબાવ્યો. બસ તે જ પળે સરદાર ક્વિન્ટસે ચોંકી ઊઠીને તે તરફ જોયું અને ગુલામોના અફસરને ઈશારો કર્યો.

અફસર સરદાર પાસે પહોંચ્યો અને નંબર સાઠ તરફ જોતાં કહ્યું :

" કેટલો તાકાતવાન છે ! "

" અને કેટલો જુસ્સો ! સરદારે ઉત્તર દીધો."

" તે બેડીઓ વગર જ સારો છે. તેને બાંધશો નહિ."

એટલું કહીને તેણે આરામથી ખુરસી પર લંબાવ્યું.

વહાણ કલાકો સુધી આગળ વધતું રહ્યું. ફરજ પર નહોતા તે સૈનિકો ઊંઘી ગયા. એરિયસ તેની કેબિનમાં અને બીજા સૈનિકો ફર્શ પર.

એક–બેવાર બેન–હરની પાળી બદલાઈ, પરંતુ તે ઊંઘી શકયો નહિ. ઘોરકરાલ રાત્રિનાં ત્રણ વર્ષ અને હવે અંતે અંધકારમાં અંતે સૂર્યનું કિરણ ! દરિયામાં ભૂલો પડેલો અને હવે જમીન ! વર્ષો સુધી મૃત્યુ પામેલો અને હવે પુનરુત્થાન ! આવા કલાકે નિદ્રા ન હોય. એનો આનંદ હવે સંપૂર્ણ હતો. હૃદયમાં વેરની કોઈ આગ આજે સળગતી નહોતી.

પરોઢ પહેલાંનો ગાઢ અંધકાર હવે મોજાં પર હતો, ત્યારે 'આસ્ટ્રો ના તૂતક પરથી એક વ્યકિત ઝડપથી ઊતરી સરદાર પાસે પહોંચી ગઈ. તેણે સરદારને જગાડયો. જાગી સરદારે તરત જ શિરત્રાણ, તલવાર અને ઢાલ પહેરી લીધાં. તે સૈનિકોના કમાન્ડર પાસે ગયા અને બોલ્યા : " ચાંચિયા બિલકુલ નજીકમાં છે. તૈયાર અને હોશિયાર ! " પછી તે ભારે શાંતિથી પાછા વળી ગયા.

★ ★ ★

જહાજ પરનો એકેએક આદમી, અરે ખુદ જહાજ પોતે પણ, જાગી ગયાં. અફસરો પોતાનાં સ્થાનો પર અને નૌકાસૈનિકો આયુધો

સજી ડેક પર શિસ્તબદ્ધ, ટુકડીવાર ઊભા રહી ગયા. વચ્ચેની સીડીઓ પર તેલનાં કૂંડાં અને અગ્નિગોળા તૈયાર રાખવામાં આવ્યાં. કેટલાંયે ફાનસો તૈયાર રાખવામાં આવ્યાં. બાલદીઓ પાણીથી ભરી દેવામાં આવી. જે ગુલામો ફરજ પર નહોતા તેમને મુખ્ય અફસર સામે ઊભા કરી દેવામાં આવ્યા. બેન–હર પણ તેઓમાંનો એક હતો. ડેક ઉપર યુદ્ધની અંતિમ તૈયારીઓ ચાલી રહી હતી. નાવિકો સઢો સમેટતા હતા, જાળો ફેલાવતા હતા, યંત્રો ખોલતા હતા અને તૂતકના અગ્રભાગ પર શસ્ત્રોના ઢગ ખડકતા હતા. એ બાદ જહાજમાં પુનઃ શાંતિ પથરાઈ ગઈ, એવી શાંતિ જેમાં વિચિત્ર ભય અને આશંકાની લાગણીઓ ઘૂમરાતી હતી. છતાં એનો અર્થ હતો, તૈયારી સંપૂર્ણ થઈ.

ડેક ઉપરથી એક સંકેત મળ્યો અને હલેસાં થંભી ગયાં. આનો શો અર્થ ? બેન–હરને એકાએક હલેસાંના અવાજો સંભળાયા. સંભવતઃ પાછળ કોઈ અન્ય વહાણો હુમલો કરવાને ઈરાદે ચાલ્યાં આવે છે.

ડેક પરથી બીજો સંકેત આવ્યો. હલેસાંવાળાએ એકદમ પોતાનું કામ શરૂ કર્યું, જહાજ આગળ વધ્યું. બહારથી કે અંદરથી કોઈ જ અવાજો આવતા ન હતા. જહાજ જાણે ચિત્તાની માફક પંજો ફેલાવી કૂદકો મારવાં તૈયાર હતું !

અંતે ડેક ઉપરથી તુરાઈના બેન્ડના સ્પષ્ટ, મોટા અવાજો સંભળાયા. જહાજ ખૂબ ઝડપથી આગળ વધ્યું. હલેસાંબાજોએ હલેસાં ઊંડાં ડુબાડી જહાજને એક આંચકો આપી વેગ આપ્યો. બીજી તુરાઈઓના અવાજો સંભળાયા. બધા જ પાછળના ભાગમાંથી, આગળથી કોઈ જ નહિ. સાથે જ ભયાનક શોરબકોર થઈ રહ્યો.

જહાજને એક જબરજસ્ત ધક્કો લાગ્યો, સરદારના પ્લેટફોર્મ પાસેના હલેસાંબાજો વાંકા વળી ગયા, કેટલાક ગબડી પડયા. જહાજ પાછું પડયું અને ફરી તરત આગળ વધ્યું. તુરાઈના અવાજ ઉપર ઘવાયેલાંની મૃત્યુચીસો ગાજી રહી. ખૂબખૂબ અવાજો, લાકડાંઓ, પાટડાઓની તૂટાતૂટ ! બેન–હરને લાગ્યું કે એનું જહાજ કોઈ બીજા તૂટેલા જહાજ પરથી પસાર થઈ રહ્યું છે ! એ જ વખતે ડેકના પાછળના ભાગ પરથી વિજયના હર્ષનાદો સંભળાયા. રોમન જહાજની ચાંચ જેવા અગ્રભાગે અન્ય કોઈ વહાણને ડુબાડી દીધું હતું ! પણ એ ડૂબનારા કોણ હતા? સમુદ્ર કોને ગટગટાવી ગયો હતો ? એ કયા દેશના, કયા પ્રદેશના, કઈ ભાષા બોલનારા હતા ?

પણ થોભવાનું કયાં હતું ? ‘ આસ્ટ્રો  આગળ વધ્યું, અને ત્યારે કેટલાક નાવિકોએ દોડીને સળગતા ટેટા ડૂબતા વહાણમાં નાખવા માંડયા.

હવે તો લડાઈ બધી બાજુએ ચાલવા માંડી. આગળના ગુલામ હલેસાંબાજોથી હલેસાં છૂટી ગયાં અને તે પોતાની બેઠકો સાથે અથડાવા લાગ્યા. ડેક ઉપર બહુ જોરથી ભયાનક હિલચાલો થવા લાગી. લાગ્યું કે જહાજ બીજા જહાજથી અથડાઈ ગયું છે અને પૂરવેગે ભારે લડાઈ ચાલે છે. લડાઈનો ઘોંઘાટ એટલો બધો હતો કે મોવડીના ઢોલનો અવાજ તેમાં દબાઈ જતો હતો. કેટલાક ડરના માર્યા ફર્શ પર સૂઈ ગયા. આ ખૂંખાર લડાઈમાં બીચ ઉપરના ઝરૂખાથી બેન–હરની એકદમ નજીક એક મૃતદેહ ધબ્બ દઈને પછડાયો. એણે જોયું કે એ ઉત્તરના દેશોનો ગોરો આદિવાસી હતો. એનો ચહેરો બિલકુલ કાળો પડી ગયો હતો. એનો અર્થ તો એ જ કે ‘આસ્ટ્રો  પર દુશ્મન

ચાંચિયાઓ આવી લાગ્યા હતા. અર્થાત્ રોમનો પોતાના જ જહાજના તૂતક પર લડતા હતા.

યહૂદાના આખા શરીરમાં ધ્રુજારી દોડી ગઈ. સરદાર એરિયસને ભારે આફતોનો સામનો કરવો પડતો હશે. એ પોતાનો જાન બચાવવા માંગે છે ! પરંતુ જો સરદાર માર્યા જાય તો ! શું પોતાનાં નવાં સ્વપ્નો, અરમાનો બધાં ધૂળમાં મળી જશે ?

ડેક ઉપર હજુ પણ ઘમસાણ યુદ્ધ પૂરજોશમાં ચાલુ હતું. બાજુ પર દુશ્મન–જહાજોએ મોરચો માંડયો હતો. બેન્ચો પર લોહજંજીરથી જકડાયેલા ગુલામો જંજીર તોડવા માટે જાનની બાજી લડાવી રહ્યા હતા, અને નાકામિયાબ થવાથી પાગલોની જેમ ચીસો પાડતા હતા. બધા પ્રહરીઓ ડેક ઉપર હતા. શિસ્ત તૂટી પડતાં ચારે તરફ ભય વ્યાપી વળ્યો હતો. છતાં હલેસાંબાજોનો અફસર હજુ ખુરસી પર બેસી નગારા પર ઘાવ દેતો બેઠો હતો.

બેન–હરે એક છેલ્લી દ્રષ્ટિ તેના તરફ ફેંકી અને પછી તરત છલાંગ લગાવી ડેક ઉપર પહોંચી ગયો. ત્યાં તો ભયાનક આગ લાગી હતી. આગના લપકારા આકાશને ભરખી જવા માંગતા હોય તેમ ઊંચે ચઢતા હતા. કેટલાંય જહાજો આગમાં બળીને ભડથું થઈ જતાં હતાં. જહાજચાલકના કમરાની આજુબાજુ લડાઈ ચાલુ હતી. દુશ્મનોની સંખ્યા ઘણી વધારે અને રોમનોની ઘણી ઓછી. ત્યાં તો એના પગ લથડાયા અને તે પાછળ ફેંકાઈ ગયો. આખી ફર્શ જાણે ઊંચકાઈ અને ટુકડેટુકડા થઈ ગઈ. પલભરમાં તો ખોખાનો પાછળનો ભાગ એકદમ તૂટી પડયો, અને સમુદ્રનું બિહામણું પાણી ફૂંફાડા મારતું ચારે બાજુથી

અંદર ધસી આવ્યું. ચારે તરફ પાણી–પાણી અને અંધકાર ફેલાઈ ગયા.

ધસી આવતાં પૂરે તેને કેબિનમાં ફેંકી દીધો, પરંતુ તેનામાં જબરજસ્ત શરીરસંપત્તિ ઉપરાંત આફતો વખતે કામમાં આવે તેવો જોશ પણ હતો જ. તેથી તે પુનઃ ઊંડાણોમાંથી ઊંચકાઈ આવ્યો. ઊંચકાતાંની સાથે તેણે એક લાકડાનું પાટિયું પકડી લીધું, અને ઊંડો શ્વાસ લઈ ફેફસાંમાં પ્રાણવાયુ ભરી લીધો, અને ભીના વાળ ઝાટકી તે પાટિયા પર બેસી ગયો.

મોજાં નીચે મૃત્યુએ તેને ભયાનક રીતે પકડયો હતો, પરંતુ તે ઉપર આવ્યો ત્યારે જોયું કે અનેક બાજુએ તેની સામે ખડખડાટ હસતું મૃત્યુ ઊભું હતું. ચારે બાજુ સળગતાં વહાણ હતાં. લડાઈ હજી ચાલુ હતી. કોણ જીતતું હતું તે કહેવું મુશ્કેલ હતું. એની પાસેથી જ વહાણો લડાઈ માટે પસાર થતાં હતાં. અથડાતાં–ભટકાતાં વહાણો પરથી મૃત્યુચીસો હજીયે સંભળાતી હતી. ' આસ્ટ્રો  અને તેની સાથે લડાઈ ખેલનાર ચાંચિયા જહાજના બચી ગયેલા સૈનિકોને નાવિકો હજીયે પાટિયાંઓ પર યુદ્ધ ખેલતા હતા. જે પાટિયા પર તે બેઠો હતો તે જો કોઈની પાસે જાય તો બેન–હરનું મૃત્યુ નક્કી હતું, કારણ કે બધાય તેના શત્રુઓ હતા.

એણે જોરથી પાટિયાને આગળ ધકેલ્યું. બસ એ જ વખતે એણે એક જહાજને તેની સામે ધસી આવતું જોયું. પળેપળ જાન બચાવવા માટે કીમતી હતી. બસ એ જ વખતે તેણે એક હાથ દૂર સોના જેવો ચળકતો એક ધાતુનો ટોપ તેને દેખાયો. એના પછી તરત બે હાથ દેખાયા, જે મજબૂત અને લાંબા હતા. લાગતું હતું કે એકવાર એ

હાથોની પકડમાં આવ્યા પછી છટકવું મુશ્કેલ થઈ પડે. બેન–હર ચોંકી ગયો. ત્યાં જ ધાતુનો ટોપ ઊંચકાયો અને પછી દેખાયો ચહેરો. તેના પર પ્રકાશ પડયો ત્યારે લાગ્યું કે આંખોમાં રોશની નહોતી. જયોતિ વગરની ડૂબતી વ્યકિત જેવો અજબ, પીળો પડી ગયેલો એ ચહેરો. છતાં એને જોતાં જ બેન–હરે ખુશીની બૂમ પાડી. ચહેરો પાણીમાં ડૂબી રહ્યો હતો ત્યાં જ એણે એને પકડી લીધો, અને પાટિયા પર ખેંચી લીધો.

એ વ્યકિત સરદાર કિવન્ટસ એરિયસ હતી.

એની આસપાસ પાણી જાણે કે ઊકળતું હતું, અને ઘૂમરીઓ લેતું હતું; છતાં બધી તાકાત વાપરીને તેણે પાટિયાને નમાવીને ડૂબતા એરિયસને ઉપર ખેંચી લીધા. એ જ વખતે પેલું વહાણ બંનેની અત્યંત નજીકથી પસાર થઈ ગયું. તેણે ધક્કો લગાવી પાટિયાને તરતું કરી દીધું, અને સરદારને બચાવવામાં પૂરું ધ્યાન આપવા માંડયું.

પરોઢ થયું. તેણે વિશાળ સાગર પર તેને વિકસતું–ઊઘડતું જોયું. રોમનો જીતશે કે લુટારા ? એણે ડાબી બાજુ જમીન નિહાળી, પરંતુ તે ઘણી દૂર હતી. તેની આસપાસ તેના જેવા જ ઈશ્વરભરોસે ગમે તેમ ઘસડાતા પુરુષો હતા. તેણે દૂર એક વહાણને જોયું.

એક કલાક વીતી ગયો. તેની ચિંતા વધવા લાગી. જો જલદી મદદ નહિ મળે તો સરદારની જિંદગી જોખમમાં છે. તેણે સરદારના માથાનો ટોપ કાઢયો, બખ્તર પણ મહેનતથી કાઢયું, અને જોયું તો હૃદય ધીમે ધીમે ધબકતું હતું. તેનામાં થોડી આશા જન્મી. તે કશું જ કરી શકે તેમ નહોતો–સિવાય કે પ્રાર્થના.

★ ★ ★

ડૂબી જવામાંથી પુનઃજાગૃતિ આવવી તે પણ દુઃખદાયક ઘટના છે. ધીરે ધીરે એરિયસની બેહોશી દૂર થઈ, અંતે બેન–હરના આનંદ વચ્ચે તે બોલવાને સમર્થ બન્યા. પહેલાં તો તે કયાં છે, કોણે બચાવ્યો વગેરે અસંબદ્ધ પ્રશ્નોમાંથી તે લડાઈ વિશે પૂછવા લાગ્યા. વિજય અંગેની શંકાઓમાંથી તે સંપૂર્ણ રીતે હોશમાં આવી ગયા.

" લડાઈના પરિણામ પર આપણી મુકિત નિર્ભર છે. તેં મારે માટે શું શું કર્યું તે મેં જોયું છે. પોતાના જાનને જોખમમાં મૂકી તેં મારો જાન બચાવ્યો છે. જો આ સંકટમાંથી આપણે બચી જઈશું તો હું એક રોમનની હેસિયતથી તારી સાથે આભારી હૃદયે વર્તીશ. પરંતુ, મારે એ જોવું છે કે તેં કોઈ શુભ ઈરાદાથી મારો બચાવ કર્યો છે કે અન્ય કોઈ ઈરાદાથી. એટલે તો હું ઇચ્છું કે તું મને એક ખાસ વચન આપ, એવી વાત માટે વચન કે જેને માટે એથી વિશેષ કશું થઈ શકે નહિ."

" જો એ વાત અનુચિત કે ધર્મવિરોધી નહિ હોય તો હું તે પાળીશ."

થોડા આરામ બાદ એરિયસે કહ્યું : " શું તું ખરેખર હૂર–પરિવારનો દીકરો અને યહૂદી છે ?"

" મેં આપને બિલકુલ સાચું કહ્યું હતું."

સરદાર : " મને તારા પિતાનો પરિચય છે. મારી એની સાથે મિત્રતા હતી, ને હું એના પર પ્રેમ રાખતો હતો."

આના પછી પુનઃ ખામોશી છવાઈ ગઈ. સરદારના વિચારોમાં ઊથલપાથલ ચાલતી હતી. " તેં કેટો અને બ્રૂટસનાં નામ ન સાંભળ્યાં

હોય તેવું માની શકાય નહિ. મૃત્યુમાં પણ તે મહાન હતા. કોઈ રોમન મૃત્યુ સમયે પોતાનો ખજાનો સાથે રાખી શકે નહિ. શું તું સાંભળે છે?

" હા જી."

" મારા હાથમાં એક મોટી અંગૂઠી છે. તું એ લઈ પોતાની આંગળીએ પહેરી લે."

બેન–હરે તેમ કર્યું.

સરદાર : " આ અંગૂઠી ઘણી કીમતી છે. મારી પાસે ઘણું ધન છે. રોમમાં હું શ્રીમંત કહેવાઉં છું. આ અંગૂઠી મારા ભંડારીને બતાવીશ અને તને કેવી રીતે મળી એ સમજાવીશ તો એ મારી સંપત્તિ પણ તને આપી દેશે. જો હું જીવી ગયો તો હું તને આઝાદ બનાવીશ, અને તારા પરિવાર સાથે મેળવી આપીશ. હવે તું દેવોની સાક્ષીએ પ્રતિજ્ઞા કર કે હું કહું તેમ તું કરીશ."

" સરદાર ! હું યહૂદી છું !"

" તો તારા દેવની સાક્ષીએ પ્રતિજ્ઞા કર."

" સરદાર ! મને તમારી ગંભીરતાની ચિંતા થાય છે. આપ આપની ઇચ્છા શી છે તે બતાવો."

" તો તું પ્રતિજ્ઞા કરીશ ?"

" એટલા માટે જ હું પૂછી રહ્યો છું. ત્યાં જુઓ. ઇશ્વરની કૃપાથી ઉત્તરની દિશાએથી એક વહાણ આવી રહ્યું છે."

" શું તું તેના દેખાવથી તે કયા દેશનું છે તે કહી શકે ?"

" ના, મેં તો માત્ર હલેસાં ચલાવ્યાં છે."

" તેના પર કોઈ ધ્વજ છે ?"

" હું જોઈ શકતો નથી."

એરિયસ થોડો સમય શાંત રહ્યા.

" શું એ આપણી તરફ આવે છે ?"

" હા."

" ધ્વજ સિવાય બીજી કોઈ નિશાની દેખાય છે ?"

" હા, તેણે સઢ ચઢાવેલા છે, એટલું જ હું કહી શકું."

" રોમન જહાજ પર વિજયમાં ઘણા ધ્વજો ફરકતા હોય. એ દુશ્મન–જહાજ હોવું જોઈએ. જો એ ચાંચિયાઓનું જહાજ હોય તો તારી જિંદગી સલામત છે. એ કદાચ તને ફરી હલેસાંએ જોડી દે, પણ મારી નહિ નાંખે. પણ... જો એ દુશ્મન–જહાજ હોય તો તું મને પાટિયા પરથી ગબડાવી ડુબાડી દેજે. શું તું પ્રતિજ્ઞા કરે છે ?"

" હું એવી રીતે કોઈની જિંદગી લઈ શકું નહિ. સરદાર, આ તમારી અંગૂઠી લઈ લો. તમારાં વચનો પણ પાછાં લઈ લો. હું હત્યા નહિ કરી શકું. તમે એ લઈ લેતા નથી તેથી હું પ્રતિજ્ઞામાંથી મુકત થાઉં છું. હું તમારી બક્ષિસ દરિયાને આપી દઈશ. આમ કહી બેન–હરે અંગૂઠી દરિયામાં ફંગોળી દીધી."

એરિયસ : " તેં ભારે બેવકૂફીનું કામ કર્યું છે. જિંદગીનો દોરો તો હું તારી મદદ વિના પણ તોડી શકું છું, તો તારું શું થશે ?"

બેન–હર : " સરદાર, આપ પ્રથમ વ્યકિત છો જેણે ગુલામીના આ દિવસોમાં મારી સાથે હમદર્દી બતાવી છે. ના, ના, એક બીજી વ્યકિત પણ હતી." ...અને તેની આંખોમાં નાઝરેથમાં મરણની અણીએ પાણી પાનાર યુવકનો ચહેરો સમગ્ર વસંતની ખુશબો લઈને ખીલતા ફૂલની જેમ ખીલી ગયો. તેણે કહ્યું : " આપ પહેલી વ્યકિત છો જેણે મારા વિશે પૃચ્છા કરી છે. આપનો હત્યારો બનવા કરતાં આપની સાથે જાન ન્યોછાવર કરવાનું મને વધુ મશે.

બંને ખામોશ થઈ ગયા. બેન–હર જહાજ તરફ બારીક દ્રષ્ટિથી જોઈ રહ્યો હતો. તેણે કહ્યું : " વહાણ રોકાઈ ગયું છે. હવે તે ફરી ચાલવા માંડયું."

" કઈ તરફ ?"

" આપણી ડાબી તરફ એક તૂટેલું જહાજ છે તેની તરફ. એ વહાણનાં માણસો જહાજ પર લેવાઈ રહ્યાં છે."

એરિયસે આંખો ઉઘાડી. જહાજોને નિહાળ્યા બાદ તેણે બેન–હરને કહ્યું : " તારા પરમેશ્વરનો આભાર માન; હું પણ મારા દેવો પ્રત્યે આભાર વ્યકત કરું. લુટારા તો જહાજોને ડુબાડી દે, બચાવે નહિ. વિજય મારો છે. આપણે બચી ગયા. હાથ ઊંચો કરી જહાજને બોલાવ, જલદી બોલાવ."

યહૂદાએ હાથ હલાવવા શરૂ કર્યા. અંતમાં નાની નૌકાના

નાવિકોએ આ ઈશારો જોયો, અને બંનેને તત્કાળ જહાજ પર ઊંચકી લીધા. એક મહાન વીરને છાજે તેવી રીતે જહાજ પર એરિયસનું સન્માન થયું. એક આરામખુરસી પર સૂતાં સૂતાં એણે લડાઈનો આખરી વૃત્તાંત સાંભળ્યો. એરિયસની સૂચના અનુસાર જહાજી કાફલો બીજા કાફલાને મળવા ઉત્તર તરફ ચાલી નીકળ્યો. બંને કાફલાઓએ દુશ્મનનાં વહાણોને ચારે તરફથી આંતરી લીધાં, એકપણ શત્રુ ચાંચીયો બચ્યો નહિ. દુશ્મનનાં વીસ વહાણો પણ કબજે કરી લેવાયાં.

પાછા ફરતાં જ મિસેનસમાં સરદાર એરિયસનું શાનદાર સ્વાગત થયું. એની સાથેના નવયુવક વિશે એના મિત્રોએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં એરિયસે પોતાના બચાવની, મુકિતની વીરોચિત પરાક્રમ–કથા કહી સંભળાવી. તેણે બેન–હરનો પરિચય કરાવ્યો, પણ એનો પૂર્વઈતિહાસ કોઈને જણાવ્યો નહિ.

બેન–હરને પાસે બોલાવી એરિયસે જાહેર કર્યું : “ વહાલા મિત્રો, આ મારો દીકરો અને ઉત્તરાધિકારી છે. એ જ મારી મિલકતનો માલિક પણ રહેશે. આજથી તમે એને મારે નામે જ ઓળખજો. જેવી રીતે મારા પ્રત્યે પ્રેમ દર્શાવ્યો છે એવો જ પ્રેમ એના પ્રત્યે પણ રાખજો.

દત્તકવિધિ કાયદા પ્રમાણે થઈ ગઈ. બહાદુર રોમને આમ બેન–હર સાથે પોતાની પ્રતિજ્ઞાનું પાલન કર્યું. એક મહિના પછી એક મહાઉત્સવમાં વીસે વહાણોના લાકડામાંથી કાપી ચોંટાડેલા એક ટુકડા

ઉપર નીચેનું કોતરણીકામ ૮૦,૦૦૦ પ્રેક્ષકો વાંચી શકે તે રીતે મૂકવામાં આવ્યું :

'ક્વિન્ટસ એરિયસે

યુરિપસના અખાતમાં

ચાંચિયાઓ પાસેથી

કબજે કરેલું.

# ચતુર્થ ખંડ

ઈસુનું ૨૯મું વર્ષ, મહિનો જુલાઈ અને સ્થળ અંત્યોખ, રોમ પછી દુનિયાનું બીજા નંબરનું સૌથી મજબૂત શહેર, પૂર્વની રાણી તરીકે પ્રખ્યાત. બપોર પહેલાં સમુદ્ર બાજુથી એક માલવાહક જહાજ ઓરેન્ટિસ નદીના મુખમાં દાખલ થયું.

પાંચ વર્ષોમાં નવયુવક બેન–હર સંપૂર્ણ પુરૂષ બની ગયો હતો. સફેદ ઝભ્ભામાં તેનું શરીર ઢંકાયેલું, છતાં તેનો દેખાવ અતિ આકર્ષક હતો. દોઢ કલાકથી તે સઢની નીચે બેઠો હતો. અનેક દેશોની અનેક વ્યકિતઓએ તેની સાથે વાત કરવાના કરેલા પ્રયત્નો બેકાર નીવડયા હતા. શિષ્ટ લેટિન ભાષામાં અત્યંત ટૂંકા જવાબો તેના તરફથી મળતા. તેની વાણીની શુદ્ધતા, સંસ્કારી રીતભાત, ગાંભીર્યથી તો દર્શકોની અધીરતા, ઘણી વધી જતી. બધાંને લાગતું કે એના જીવનમાં કોઈ ગંભીર કથા છુપાયેલી છે.

પ્રવાસ દરમ્યાન જહાજ સાઈપ્રસના

બંદર પર થોભ્યું હતું, અને ત્યાં એક પ્રતિભાશાળી છતાં શાંત, ઠરેલ, ગંભીર હિબ્રૂ યાત્રાળુ વહાણમાં ચઢયા હતા. બેન–હરે તેને અમુક પ્રશ્નો પૂછયા અને વાતચીત કરી.

બહાર નીકળતાં જ સાઈપ્રસના બારામાંથી બે વહાણો સામાં મળ્યાં, તેમણે ચળકતા પીળા રંગના ધ્વજો ફરકાવ્યા.

" આ સંકેતોનો શો અર્થ છે ? એક યાત્રીએ વ્યાપારીને પૂછયું."

" હું એ સંકેતોનો અર્થ સમજું છું. આ તો કોઈ દેશના ધ્વજો નથી. એ તો એના માલિકોનાં નિશાન છે." વ્યાપારીએ ઉત્તર આપ્યો.

" શું માલિકને ઘણાં વહાણો છે ?"

" હા."

" શું તમે તેને ઓળખો છો ?"

" તે અંત્યોખની ખૂબ ધનવાન વ્યકિત છે, જેને પ્રાચીન હૂર–પરિવારના રાજકુમાર સાથે દિલોજાન દોસ્તી હતી."

બેન–હરના હ્દયના ધબકારા બેવડાઈ ગયા, જો કે તેણે પોતા પર ઘણો અંકુશ રાખ્યો.

વ્યાપારીએ આગળ જણાવ્યું કે, " રાજકુમાર હૂર ઘણા કુશળ વ્યાપારી હતા, પરંતુ સમુદ્રમાં ડૂબી જવાથી તેમનું મૃત્યુ થઈ ગયું. દૂરનાં ઘણાં શહેરોમાં તેની પેઢીની શાખાઓ હતી. અંત્યોખ શહેરમાં સિમોનીડીઝ નામે એક વફાદાર ચાકર પાસે તેનો વહીવટ હતો. સિમોનીડીઝ ગ્રીક નામ લાગે છતાં તે યહૂદી છે. આ રાજકુમારના પુત્રે

ગવર્નર ગ્રેટસના ખૂનનો પ્રયાસ કર્યો, ત્યારથી એનું નામનિશાન મળતું નથી. એની મા, બહેનને કેદમાં પૂરવામાં આવ્યાં, અને તેમનું પણ શું થયું તે કોઈ જાણતું નથી. એમની યરુશાલેમની સંપત્તિ જપ્ત થઈ ગઈ.''

ખૂબ બુદ્ધિપૂર્વક સિમોનીડીઝે બધી માલમિલકતની સંભાળ રાખી અને પોતાના નામથી વેપારનો કારોબાર સંભાળ્યો. બે વાર ગવર્નરે એને પકડયો, રિબાવ્યો, પણ એણે સંપત્તિ અંગે કશું પણ બતાવવાનો સાફ ઇન્કાર કર્યો. એણે અંત્યોખમાંથી છેક ભારત સુધી વેપાર કર્યો, અને લખલૂટ ધન પેદા કર્યું.

યહૂદા બેન–હરે પોતે પકડયું હતું તે દોરડું તે તૂટી જાય તે રીતે દબાવ્યું, ખેંચ્યું.

'' મેં એવું પણ સાંભળ્યું છે કે રોમનના ક્રૂર, પાશવી જુલમોને લીધે સિમોનીડીઝ અપંગ બની ગયો છે. તેના શરીરમાં એકે હાડકું સાજું રહ્યું નથી, છતાં તે કેવો વેપાર કરે છે તે તમે જોયું. એનાં વહાણો એકબીજાને મળે ત્યારે પીળા ધ્વજો ફરકાવી સલામી આપે છે એ તમે જોયું.''

'' શું રાજકુમારના દીકરા અંગે કોઈ આશા નથી ? એકે પૂછયું.''

'' કહેવાય છે કે એને વહાણો પર હલેસાં મારવાની જનમટીપ ફરમાવાઈ છે. કોઈ ગુલામ હલેસાંબાજ એક વર્ષથી વધુ જીવતો નથી, એવું ભયાનક કઠોર એ કામ છે. તેથી શકય છે કે રાજકુમારના દીકરાએ પણ યહૂદિયાની કોઈ જેલમાં છેલ્લા શ્વાસ લીધા હશે.''

યહૂદા વહાણચાલકની કેબિન તરફ ગયો. ચારે તરફ સૂર્યનાં કિરણો પ્રકાશ વેરતાં હતાં, જયારે એના જીવનમાં અંધકાર પીછો છોડતો નહોતો.

વહાણમાંથી ઊતરતાં પહેલાં એણે પેલા હિબ્રૂ વ્યાપારીને શોધી કાઢયો.

" પેલા અપંગ વેપારીની તમારી વાતમાં મને રસ પડયો છે. આપ તેને સિમોનીડીઝ કહો છો, નહિ !"

" હા, તે છે યહૂદી, પણ નામ ગ્રીક છે."

" તે કયાં મળી શકે ?"

તે વેપારીએ થોડી તીખાશથી કહ્યું : " પણ સિમોનીડીઝ ધીરધાર કરતા નથી."

" અને હું ઉછીનું લેનાર પણ નથી. " બેન–હરે હસીને જવાબ આપ્યો.

એક ધર્મશાળામાં રાત ગાળ્યા પછી બેન–હર સવારથી જ સિમોનીડીઝના મકાનની તલાશમાં નીકળી પડયો. સેલ્યુસિન માર્ગે આગળ વધી, નદી પાર કરી. તે તેના મકાને પહોંચ્યો. મકાન ખૂબ વિશાળ હતું, બારીઓ પણ પુષ્કળ, અને દરવાજા પણ તોતિંગ અને મજબૂત હતા.

દરવાજા ખુલ્લા હતા. એકમાંથી વેપારની વસ્તુઓ, પોઠો અંદર આવતી અને બીજામાંથી બહાર નીકળતી એણે જોઈ.

તે બહાદુરીથી દ્વારમાં થઈ અંદર દાખલ થયો. અંદર એક

વિશાળ ગોદામમાં અનેક પ્રકારની વસ્તુઓના ઢગેઢગ પડયા હતા. પ્રકાશ ઓછો હતો, છતાં માણસો કામમાં મચી પડયા હતા, અને વિદેશ મોકલવાનાં મોટાં મોટાં ખોખાંમાં માલ તૈયાર કરતા હતા. બેન–હર આ બધી વસ્તુઓને આશ્ચર્યથી જોતો વિચારતો રહ્યો કે કયારે અને કેવી રીતે આ માણસ પિતાજીનો ચાકર બન્યો હશે !

વધુ અંદર જતાં એક વ્યકિતએ તેની પાસે આવીને પૂછ્યું : “ આપ કોને મળવા માંગો છો ? ”

“ વ્યાપારી સિમોનીડીઝને.”

કેટલીયે સીડીઓ વટાવી તે વ્યકિત પથ્થરના બનેલા એક નાના ઓરડામાં બેન–હરને લઈ ગઈ. ઓરડાની આગળના માર્ગ ઉપર ગુલાબો મઘમઘતાં હતાં. દરવાજા પાસે ટાંગેલા પરદા પાસે જઈ તે વ્યકિતએ કહ્યું : “ એક પરદેશી માલિકને મળવા આવ્યા છે. ”

સ્પષ્ટ અવાજમાં પ્રત્યુત્તર મળ્યો :

“ ઈશ્વરના નામમાં, તેમને અંદર મોકલો.”

ઓરડામાં બે વ્યકિતઓ હતી. એક ઊંચો, વિશાળ ખભાવાળો માણસ, તકિયા મૂકેલી ઊંચી ખુરસી પર બેઠો હતો. તેની ખુરસીની પાછળ યુવાનીમાં પ્રવેશતી એક અલ્લડ યુવતી ઊભી હતી.

બેન–હરે થોડું રોકાઈ કહ્યું :

“ જો આપ જ યહૂદી વ્યાપારી સિમોનીડીઝ હો, તો આપણા પૂર્વજ અબ્રાહમનો દેવ આપને શાંતિ બક્ષો.”

તે વ્યકિતએ સ્પષ્ટ અવાજે કહ્યું : “ હું જ સિમોનીડીઝ,

જન્મજાત યહૂદી. આપને પણ પરમેશ્વર શાંતિ બક્ષો. શું હું જાણી શકું કે આપ કોણ છો ?"

બેન–હરે તેની સામે જોયું. વિશાળ મસ્તક, કોઈ રાજવીને શોભે તેવું. પરંતુ શરીરની જગ્યાએ અને ચહેરા પર માત્ર જાણે માંસના લોચા ન હોય ! ચહેરામાં જરાયે લાલાશ ન મળે. શાહી જુલમો કેટલા ભયંકર હોઈ શકે તેનું આ સાક્ષાત્ ચિત્ર.

બેન–હરે અપંગ સિમોનીડીઝ પ્રત્યે હાથ લંબાવ્યા અને કહ્યું:

" હું હૂર–પરિવારના મોવડી અને યરુશાલેમના રાજકુમાર સ્વર્ગીય ઈતામારનો પુત્ર છું."

વ્યાપારીનો સુક્કો, લાંબો, જમણો હાથ ઝભ્ભાની બહાર હતો, તેની જરાક મુઠ્ઠીઓ વળી, બાકી તેના આખા શરીર કે ચહેરા પર કોઈ લાગણી દેખાઈ નહિ. તેણે માત્ર આટલું કહ્યું : " યરુશાલેમના રાજકુમારોનું મારે ત્યાં કાયમ સ્વાગત થાય છે. આપનું પણ સ્વાગત કરું છું. એસ્તર, મહેમાનને બેસવા ખુરસી આપ."

છોકરીએ પાસે પડેલો એક મૂઢો ઊઠાવ્યો અને બેન–હર પાસે મૂકયો, તે જ પળે બંનેની આંખો મળી.

" આપણા દેવની શાંતિ આપ સાથે હો. આરામથી બેસો. છોકરીને તેના આગમનનો કોઈ હેતુ સમજાયો નહોતો. પરંતુ દયા, માયા, પ્રીતિ, સહાનુભૂતિ વગેરે લાગણીઓ સ્ત્રીઓને તરત સ્પર્શે છે. તેને લાગ્યું કે નવયુવક જિંદગીનો કોઈ કારી ઘા રૂઝવવા ત્યાં આવ્યો છે."

બેન–હર બેઠો નહિ, પરંતુ ઊભો ઊભો જ બોલ્યો : " હું તો

આટલી વિનંતી કરવા આવ્યો હતો. : કાલે નદીથી આવતાં મને ખબર મળ્યા કે આપ મારા પિતાને જાણો છો તેથી હું આવ્યો.

"હું રાજકુમાર હૂરને ઓળખતો, અમે સાથે સાથે વેપાર કરતા. પરંતુ આપ બેસો. એસ્તર, આ યુવાન માટે થોડો દ્રાક્ષારસ લાવ."

એસ્તર પાસેની મેજ પર મૂકેલા દ્રાક્ષારસમાંથી ચાંદીનો એક પ્યાલો ભરી બેન–હર પાસે આવી. નમેલા મસ્તકે તેણે પ્યાલો લંબાવ્યો. બેન–હરે પ્યાલો દૂર રાખવા તેના હાથને કોમળતાથી સ્પર્શ કર્યો. ફરીથી બંનેની આંખો મળી. બેન–હરે જોયું કે કન્યા નાનકડી છે, તેના ખભા સુધી પણ ન પહોંચે; પરંતુ તેના ચહેરા પર મધુર સૌંદર્યની આભા છે. આંખો અત્યંત શ્યામ, મોટી અને મુલાયમ. તેને લાગ્યું કે છોકરી સહૃદયી અને ખૂબસૂરત છે. જો તિર્જા જીવતી હોત તો આવી જ રૂપાળી હોત.

"શું આ તમારા પિતા છે ?"

"હા, હું એસ્તર છું. સિમોનીડીઝની દીકરી."

"સિમોનીડીઝ !" તેણે ઊંચે અવાજે કહ્યું :

"મરતી વખતે મારા પિતાએ જણાવેલું કે આપના જ નામના તેના એકમાત્ર વિશ્વાસપાત્ર સેવક છે. મને કહેવામાં આવ્યું છે કે આપ જ તે વ્યક્તિ છો."

એકાએક વેપારીના દૂબળાપાતળા હાથમાં કંપારી થઈ આવી અને તેણે મુઠ્ઠી વાળી.

" લોકોને ઓળખવાનો મને ખાસ્સો અનુભવ છે. જેણે તમને આ બધું કહ્યું તેણે જરૂર એ પણ કહ્યું હશે કે હું માણસો પર વિશ્વાસ રાખતો નથી. મને માત્ર થોડીક જ વસ્તુઓ પ્રત્યે પ્રેમ છે, તેમાંની એક આ છે," કહેતાં તેણે એસ્તરના હાથ નાજુકતાથી પોતાના હોઠ પર મૂકી તેમને ચૂમી લીધા. " જો આને કોઈ મારાથી અલગ કરી દે, તો હું વગર મોતે માર્યો જાઉં : બીજી ચીજ છે એક પરિવારની યાદદાસ્ત. કાશ ! જો મને ખબર મળી જાય કે એ કયાં છે.'

બેન–હરનો ચહેરો રકતહીન થઈ ગયો. તેણે એક ડગલું આગળ વધી ભાવાવેશમાં જોશથી કહ્યું : " શું આપ મારી મા અને બહેન અંગે કહી રહ્યા છો?"

પરંતુ સિમોનીડીઝે ઠંડકથી કહ્યું : " પહેલાં તો તમે કોણ છો એનો મને પુરાવો આપો. શું તમારી પાસે કોઈ સાબિતી છે કે તમે એમને એમ આવ્યા છો ?"

વાત બિલકુલ સીધી અને સમજવા જેવી હતી. બેન–હરે પોતાના હાથની મુઠ્ઠીઓ વાળી. તે નિરાશ બની ગયો.

સિમોનીડીઝે ફરી કહ્યું : " સબૂત જોઈએ, મારે તો પુરાવો જોઈએ. જે હોય એ પુરાવા મારી સામે, મારા હાથમાં મૂકો."

બેન–હર પાસે કોઈ જવાબ નહોતો. આ વાતનો તેણે કદી વિચાર કર્યો નહાતો. હવે એને ખ્યાલ આવ્યો કે ગુલામીનાં, જહાજ પરનાં ત્રણ વર્ષ દરમ્યાન એ પોતાની હસ્તીના તમામ પુરાવા ખોઈ બેઠો હતો. હા, તેને ઓળખનારા ઘણા હતા, પરંતુ તેથી વિશેષ કશું જ નહિ. હા, જો સરદાર એરિયસ હોત તો એ પણ પોતે કહેલી વાતથી

વિશેષ કશું બતાવી શકત નહિ. યહૂદાને એકાકીપણાનો અનુભવ થયો હતો, પરંતુ આજે તેને જિંદગીના ખૂણેખૂણામાં ખાલીપાનો અનુભવ થવા લાગ્યો. ત્યાં સિમોનીડીઝ પણ ખામોશ હતો.

છેવટે બેન–હર બોલ્યો : " જવાન સિમોનીડીઝ ! હું આપને મારી પૂરેપૂરી કહાણી સંભળાવી શકું, માત્ર શરત એટલી જ કે આપ શાંતિથી તે સાંભળો, અને મારી પૂરી કહાણી સાંભળ્યા વિના મારે અંગે કોઈ કાયમી અભિપ્રાય બાંધી દેશો નહિ.

સિમોનીડીઝે પરિસ્થિતિ પર પૂરેપૂરો કાબૂ મેળવી લીધો હતો. તેણે કહ્યું : " કહો, હું રસપૂર્વક તમારી વાત સાંભળીશ. કારણ કે મેં એવું કહ્યું નથી કે તમે જેનો દાવો કરો છો તે તમે નથી."

એ પછી બેન–હરે મિસેનસમાં તે ઊતર્યો ત્યાંથી એરિયસ સાથેની મુલાકાત, એજિયન સાગરમાં પ્રાપ્ત કરેલા વિજયોની, તેને મદદ કરનાર એરિયસનો પ્રાણ બચાવ્યાની, એરિયસે તેને દત્તક લીધાની, અને રોમમાં તેણે પ્રાપ્ત કરેલી વિદ્યાની બધી વાતો કહી. એ રોમન નહોતો, યહૂદી જ હતો. પોતાની મા, બહેનને મળવા ચાહતો હતો. રોમ સામે બદલો લેવા જ એણે યુદ્ધકલાનું પૂરેપૂરું જ્ઞાન સંપાદન કર્યું હતું, જેમાં રોમન સેનાસંચાલનનાં કૌશલ્યો પણ મેળવ્યાં હતાં. કિવન્ટસ એરિયસે તેને યહૂદિયામાં મોકલ્યો હતો જેથી તે પોતાના કુટુંબના સભ્યોની શોધ કરી શકે. આ બધી વાતો વકતૃત્વના મૂળસ્ત્રોત જેવી લાગણીથી કહી સંભળાવી. એ પછી તે ખામોશ થઈ ગયો.

સિમોનીડીઝે આંખો ઊંચી કરી કહ્યું : " હું હજુ તમારી કથા

સાંભળુ છું.

બેન–હર : " તો શું હજી મારા વિશે આપનો સંદેહ દૂર થયો નથી ? "

વેપારી શિલ્પમૂર્તિશો અચળ બેઠો હતો. બેન–હરે કહ્યું : " હું પણ મારી મુશ્કેલ પરિસ્થિતિને બરોબર સમજું છું. હું મારા રોમન સંબંધો સાબિત કરી શકું છું, એટલા માટે મારે માત્ર રોમન ગવર્નરને મળવું પડે. પરંતુ હું મારા પિતાનો પુત્ર છું એ પુરવાર કરી શકતો નથી, જે એમાં મારી મદદ કરી શકે તેવાં હતાં તે તો મૃત્યુ પામ્યાં છે. "

આવું કહેતાં જ તેણે બંને હાથોથી પોતાનું મુખ ઢાંકી દીધું. એસ્તર આ જોઈને પુનઃદ્રાક્ષારસનો પ્યાલો તેના તરફ લંબાવતાં બોલી : " આ દ્રાક્ષારસ આ દેશનો જ છે. અમને બધાંને તે ખૂબ ગમે છે. મારું માનો અને આપ તે પીઓ."

બેન–હરે જોયું કે એસ્તરની આંખો પણ આંસુથી છલકાઈ ઊઠી હતી. તેણે દ્રાક્ષારસનો પ્યાલો હોઠે લગાડતાં કહ્યું :" સિમોનીડીઝની દીકરી, તમારું હૃદય ભલાઈથી સભર છે. આપણો પરમેશ્વર તમારા પર કૃપા કરો. આપનો ખૂબખૂબ આભાર.

ફરી વેપારીને તેણે જણાવ્યું : " હું મારા પિતાનો પુત્ર છું એ સાબિત કરી શકતો ન હોવાથી હું મારી માગણી પાછી ખેંચું છું. હું અહીંથી પાછો ફરું છું, અને ફરીથી કદી આપને પરેશાન કરીશ નહિ. પરંતુ જતાં જતાં હું એટલું કહીશ કે હું આપની દોલત છીનવી લેવા આવ્યો નહોતો. કોઈ પણ સ્થિતિમાં અત્યારે હું જે કહી રહ્યો હતો તે

જ કહેત. જે બધું આપે શ્રમપૂર્વક અને બુદ્ધિબળથી મેળવ્યું છે તે આપનું જ છે. ખુશીથી આપ તેને પોતાની પાસે રાખો. મારે એમાંનું કાંઈ જોઈતું નથી. મારી માગણી તો માત્ર એટલી જ હતી કે આપ મારી મા અને બહેન વિશે શું જાણો છો?"

" એક દોસ્તને દાવે મેં ખૂબ મહેનતથી આપના પરિવારની શોધ કરી, પરંતુ મને તેમના વિશે કશી ખબર નથી. એમનો કોઈ પત્તો લાગ્યો નથી."

બેન–હર વેદનાપૂર્વક બોલ્યો : " તો, તો મારી બીજી એક આશાના ચૂરેચૂરા થઈ ગયા. મેં જે તકલીફ આપી છે, તે બદલ માફી માંગું છું. હું આપ બંનેનો આભાર માનું છું."

વ્યાપારીએ કહ્યું : " પરમેશ્વરની શાંતિ તમારી સાથે આવે!

રુદનને કારણે એસ્તર કશું બોલી શકી નહિ.

★ ★ ★

બેન–હર હજુ તો હમણાં જ ઘરમાંથી બહાર નીકળ્યો હતો ત્યાં તો સિમોનીડીઝ જાણે ઊંઘમાંથી જાગી ગયો. તેનો ચહેરો ચમકી ઊઠયો. તેની આંખોમાં પણ સુસ્તીને બદલે પ્રકાશ રેડાઈ રહ્યો. તેણે આનંદથી બૂમ પાડી : " એસ્તર, જલદી ઘંટડી વગાડ. "

એસ્તરે મેજ પાસે આવી ઘંટડી વગાડી. તરત જ દરવાજો ઊઘડયો અને એક વ્યક્તિએ વ્યાપારીને સલામ કરી.

વ્યાપારીએ હકૂમતી મિજાજથી કહ્યું :

" માલૂખ, સાંભળ. ગોદામમાંથી એક લાંબો, મજૂબત,

ખૂબસૂરત ઇસ્ત્રાએલી યુવક નીચે ઉતરી રહ્યો છે. એનો પીછો કર. દર રાત્રે મને ખબર આપ કે એ કયાં છે, શું કરે છે, કોની સાથે રહે છે, અને જો કોઈ કોઈ વાર એની વાત સાંભળ તો શબ્દેશબ્દની મને ખબર કર. એની આદતો, હેતુઓ વગેરે વિશે જે કંઈ તું મેળવી શકે તે જાણી લાવ. જા, જલદી જા."

માલૂખે પહેલાંની જેમ જ સલામ ભરી અને ચાલ્યો ગયો. સિમોનીડીઝે પોતાના નબળા હાથ એકબીજા સાથે ઘસ્યા અને જોરથી હસીને કહ્યું : " બેટા, આજનો દિવસ પણ કેવો છે ! હું તો એને મળેલા આનંદ માટે યાદ કરીશ."

આ આનંદ એસ્તરને અસ્વાભાવિક લાગ્યો. તેણે દુઃખથી કહ્યું : " જો હું આ દિવસ ભૂલી જાઉં તો મને લ્યાનત હો."

વ્યાપારીના હાથ તાત્કાલિક નીચે નમી ગયા. " હા, આજે ચોથા મહિનાનો વીસમો દિવસ છે. પાંચ વર્ષ પહેલાં આજે રાહેલ, તારી મા, પડી ગઈ અને મૃત્યુ પામી. તેમણે મને શરીરે ભાંગી ગયેલો ઘેર આણ્યો. છતાં હે ઈશ્વર ! મારી એસ્તર માટે તારો આભાર માનું છું. શું બહાર દિવસ ચોખ્ખો છે ? જો હોય તો અબીમેલેખને બોલાવ કે જેથી આપણે બગીચામાં જઈએ.

એસ્તરે ઘંટડી વગાડતાં જ એક નોકર અંદર આવ્યો. તે પૈડાંવાળી ખુરસી ધકેલીને પાસેના નાનકડા મકાનના ધાબા પર લઈ ગયો, ત્યાં મૂકી તે ચાલ્યો ગયો. એસ્તર પિતાજીની ખુરસીના હાથા પર બેસી તેના અપંગ હાથ પંપાળવા લાગી.

" એ નવયુવક બોલતો હતો ત્યારે એસ્તર, મેં તને જોઈ અને

લાગ્યું કે તેણે તને મોહિત કરી લીધી છે."

"પિતાજી, સાચું પૂછો તો મને તેની વાત પર ઈતબાર આવી ગયો હતો," ઢળેલી આંખે એસ્તરે કહ્યું.

"એનો અર્થ એ કે તારી નજરમાં તો એ રાજકુમાર હૂરનો ખોવાયેલો દીકરો છે. શું તને વિશ્વાસ છે કે હું તેના પિતાનો ગુલામ હતો ?"

"મારા ખ્યાલમાં તો એણે સાંભળેલી વાત કહી હશે."

પોતાની લાગણીઓને ભારે મુશ્કેલીથી દબાવતાં સિમોનીડીઝે કહ્યું : "મારાં માબાપ હિબ્રૂ ગુલામો હતાં. સિયોનની પાસે હિન્નોમની ખીણની એક કબરમાં મારો જન્મ થયો. માબાપે મને રાજકુમાર હૂરને વેચ્યો. હું યહૂદી કાનૂન પ્રમાણે છ વર્ષની ગુલામી પછી મુકત બન્યો. પરંતુ હું મારા માલિકને ચાહતો હતો, તેથી બીજાં સાત વર્ષ મેં તેની સેવા કરી."

એવામાં જ એક ગુલામ દાસી સાથે હું પ્રેમમાં પડયો. એથી જોકે હું દરિયાઓ ઉપર સાહસિક સફરો ખેડતો હતો છતાં મારી પ્રિયતમા સાથે જિંદગી વિતાવવા હું કાયમી ગુલામ બન્યો, જેનું ચિહ્ન હજુ મારા કાન પર છે. શું તું એ જોઈ શકે છે ?

વ્યાપારીએ પોતાનો કાન ખુલ્લો કર્યો.

"હા, અને તમે મારી મા પર કેટલો પ્રેમ રાખતા હતા એની એ નિશાની છે."

"પ્રેમ રાખતો હતો ? અરે ! તારી મા તો મારે માટે સુગંધી

.ફૂલોના બાગ અને લેબેનોનના ઝરણા જેવી પવિત્ર હતી.''

"ત્યાં જ મારા માલિક દરિયામાં ડૂબી મૃત્યુ પામ્યા. ત્યારે હું તેમનો મુખ્ય ચાકર બની ગયો હતો. માલિકની વિધવા પત્ની પ્રત્યે પણ હું એટલો જ વફાદાર રહ્યો. પરંતુ એક કમભાગી પળે પેલાં નળિયાં પડવાની દુર્ઘટના બની, ગવર્નર ઘાયલ થયા, અને માલિકનો પરિવાર છિન્નભિન્ન થઈ ગયો. એમનો પછી કોઈ પત્તો લાગ્યો નહિ. મારી પત્ની પણ પ્રભુને પ્યારી બની ગઈ. મને ગિરફતાર કરવામાં આવ્યો, અને બે વાર મારા પર કારમો જુલમ ગુજારવામાં આવ્યો. છતાં મેં મિલકત અંગે કશું કહેવાનો ઈન્કાર કર્યો. પછી મેં રોમન શહેનશાહ પાસેથી આખી દુનિયામાં વેપાર કરવાના હકો ખરીદ્યા. પણ એસ્તર, હું આ મિલકતનું શું કરું ?''

"શું એ મિલકતનો સાચો હકદાર હમણાં જ આપની પાસે આવ્યો નહોતો ?''

"મારી લાડલી બેટી ! શું હું તને ભિખારણ બનાવી દઉં ?''

"ના, પિતાજી, હું આપની દીકરી છું, તેથી એ સંબંધે હું પણ ગુલામ જન્મી છું, ખરું ને ?''

વ્યાપારીનો ચહેરો ચમકી ઊઠયો :

"ઈશ્વરે મારી ભારે મદદ કરી છે. છતાં, એસ્તર તું તો મારા પ્રભુની સૌથી મોટી ભેટ છે !'' કહી એણે દીકરીને ચુંબન કર્યું.

"હવે તું સાંભળ કે હું કેમ સવારે હસ્યો હતો ? એ નવયુવક એના પિતાની પ્રતિમા જેવો ખૂબસૂરત હતો. મારા આત્માએ તરત જ તેને સલામ ભરી. મને લાગ્યું કે મારી પરીક્ષા, પ્રતીક્ષા અને

મહેનતમજૂરીનો સમય પૂરો થયો છે. મને ઇચ્છા થઈ આવી કે હું એને ભેટી પડું, અને એને કહી દઉં કે આ બધી મિલકત તારી છે. હું તારો સેવક છું. તું જે ચાહે તે કામ કરી મારી પાસેથી લઈ શકે છે."

" પરંતુ તે સાથે જ ત્રણ વિચારો મારા મનમાં ધસી આવ્યા. હું બરોબર જાણું કે એ જ મારા માલિકનો પુત્ર છે. એના સ્વભાવ વિશે પણ હું કશું જાણું. પૈસામાં આળોટેલા કેટલાક માટે તો દોલત જ એ શ્રાપની જનની બની જાય છે. એણે શસ્ત્રતાલીમ લીધી છે, શા માટે એ તેણે બતાવ્યું નહિ. મેં કહ્યું હતું કે વેરની ભાવનાથી એ કદાચ શસ્ત્રવિદ્યા શીખ્યો હશે. તેથી તો હું વાતચીત દરમ્યાન કઠોર બન્યો, અને પછી હું હસ્યો."

" એ તો ચાલ્યો ગયો. શું એ પાછો નહિ આવે ? " એસ્તરે પૂછ્યું.

" એટલા માટે તો માલૂખને મેં એની પાછળ મોકલ્યો છે. હું મારી તૈયારી કરી લઈશ એટલે એને બોલાવી લઈશ."

" એવું કયારે બનશે ? "

" બહુ વખત નહિ લાગે. એનો ખ્યાલ છે કે એના બધા સાક્ષીઓ મરી ગયા છે, પણ એક સાક્ષી હજુ છે કે જો એ સાચે જ માલિકનો દીકરો હશે તો એને ઓળખી કાઢવામાં ભૂલ નહિ કરે."

" એની મા ? "

" ના, દીકરી, હું એની સામે એ સાક્ષીને હાજર કરીશ. ત્યાં સુધી બધું પરમેશ્વર પર છોડી દે."

★ ★ ★

ગોદામમાંથી બહાર નીકળતા બેન–હરના મગજમાં એક જ ખ્યાલ હતો : ફરી એકવાર નિષ્ફળતાનું મુખ એને જોવું પડયું. રસ્તાની ભીડ કરતાં એના વિચારોની ભીડ વિશેષ હતી. તેથી તે બધાં વાહનો અને માણસોથી અલગ ચાલતો હતો.

થોડા સમય પછી તે એક પહોળી નિર્ધૂળ સડક પર આવી પહોંચ્યો. સહસા એની સામે ઊંચા વૃક્ષોથી ખીચોખીચ બાગ દેખાયો. ' ત્યાં એક બાગ દેખાય છે. ' એણે પોતાની સાથે ચાલતા એકને કહ્યું.

" કોઈ ધાર્મિક વિધિ ચાલતો લાગે છે ! " સાથીદારે હિબ્રૂમાં જણાવ્યું.

" શુક્રિયા ! શું તમે મારી સાથે આવો છો ? "

" જો તમે ખેલના મેદાન તરફ જતા હો તો હું પણ ત્યાં જ જાઉં છું. તુરાઈનો જે અવાજ તમે સાંભળ્યો તે હરીફોને બોલાવવા માટેનો હતો."

બેન–હરે જણાવ્યું : " દોસ્ત, હું અજાણ્યો છું, જો તમે મારી સાથે આવશો તો આપનો મોટો ઉપકાર થશે."

" ચાલો, જુઓ, રથોનો અવાજ સંભળાય છે."

બેન–હર : " હું સરકારી અફસર એરિયસનો દીકરો છું."

" હું અંત્યોખનો વ્યાપારી માલૂખ છું."

" તો માલૂખ ! મને પણ રથ ચલાવતાં આવડે છે. રોમના ખેલના મેદાનોમાં તો મેં ઘણી વાર ભાગ લીધો છે. ચાલો, જલદી ચાલો."

માલૂખ : " એરિયસ તો રોમન હતા, પણ એના દીકરાએ યહૂદી વસ્ત્રો પહેર્યાં છે !"

બેન–હર : " જનાબ એરિયસે મને દત્તક લીધો છે."

ત્યાં જ લોકોની ભારે શાબાશી મેળવનાર અને શાનદાર રીતે રથ હાંકનાર એક વ્યકિતને જોઈ તેને યાદ આવી ગયું કે એ જ હતો તેનો પુરાણો દુશ્મન મેશાલ્લા. તેને જોતાં જ તેના મનમાં વિચારોનું ધમસાણ યુદ્ધ શરૂ થઈ ગયું. આ બધાં વર્ષો દરમ્યાન એ પોતાને કહેતો રહ્યો હતો કે ગવર્નર ગ્રેટસને તો માફી આપી શકાય, પણ મેશાલ્લાને તો કોઈ કાળે માફ ન કરી શકાય. હવે સામનો કરવાનો સમય આવી ગયો છે.

બેન–હર અને માલૂખ ઝરણા પાસે મીઠું પાણી પીએ તે પહેલાં જ તે તરફ બીજા મુલાકાતીઓ આવતા દેખાયા.

તેણે પહેલા એક ઘણું ઊંચું, ભરાવદાર અને તદ્દન સફેદ ઊંટ જોયું, જેની દોરી આગળ ચાલતા ઘોડેસવારના હાથમાં હતી. ઊંટ પરની પાલખી લાલ અને ચળકતી હતી. પાછળ આવતા ઘોડેસવારોના હાથોમાં ભાલા હતા.

એક વ્યકિતએ કહ્યું : " આ તો કોઈ દૂર દેશના રાજકુમાર લાગે છે !"

" ના, આ તો કોઈ રાજા લાગે છે."

" હાથી પર બેઠા હોત તો રાજા માનત. પરંતુ આ સ્ત્રીપુરુષ છે કોણ ?"

બધા લોકો પ્રશ્નસૂચક દૃષ્ટિથી આ સવારી જોતા હતા. પાલખીમાં મોટો સાફો બાંધેલો એક દૂબળોપાતળો માણસ હતો, જેના ફરફરતા ઝભ્ભામાં તેની રાષ્ટ્રીયતા શોધવી મુશ્કેલ હતી. સ્ત્રીનો ચહેરો યૌવનપૂર્ણ અને સુંદર હતો. તેનો રંગ ન તો ગ્રીકો જેવો ગોરો કે ન તો રોમનો જેવો તામ્રવર્ણો હતો. શરીર પર ભારે કીમતી આભૂષણોનો ઠઠારો હતો. આનંદપૂર્વક તે ઘૂંઘટ ઊઠાવી લોકો સામે જોતી હતી. તેની આંખો વિશાળ અને કાળીભમ્મર હતી. તેણે ઊંટચાલકને ફુવારા પાસે થોભવાનું કહ્યું.

બસ તે જ પળે રથનાં પૈડાંનો ખડખડાટ અને ઘોડાઓના પગનો ધમધમાટ સંભળાયા, અને સ્ત્રીના સૌંદર્યને નિહાળવા જમા થયેલા લોકો બૂમ પાડી દરેક દિશામાં નાઠા.

સ્વયં માલૂખે પણ ચીસ પાડી બેન–હરને કહ્યું : '' રોમનનો ઈરાદો આપણને કચડી માર્રવાનો લાગે છે. હોશિયાર.

બેન–હરે અવાજની દિશામાં જોયું તો મેશા હ્વા પોતાના ચાર ઘોડાવાળા રથને દોડાવતો આવી રહ્યો હતો. લોકો આમતેમ વિખરાઈ ગયા હતા. તેનાથી રથના ઘોડા એકદમ ઊંટ સામે ધસી ગયા. ઊંટ હાંકનાર ઈથીયોપિયન પણ ગભરાઈ ઊઠયો. પાલખીમાં બેઠેલાં સ્ત્રી અને વૃદ્ધને બચાવની કોઈ જ તક નહોતી. બેન–હર ત્યાં જ ઊભો હતો.

તેણે બૂમ પાડી કહ્યું : '' ઊભા રહો, થોભી જાઓ. કયાં ધસી જાઓ છો ? પાછા ફરો.''

રોમન અધિકારી તબિયતથી ખિલખિલાટ હસી રહ્યો હતો.

બચાવનો એક જ માર્ગ હોવાથી બેન–હર વચમાં કૂદી પડયો, અને મેશાલ્લાના બે ઘોડાની લગામ એકઝાટકે ખેંચી આંચકો માર્યો. બંને ઘોડા પાછા પડયા, અને રથ ઝાટકા સાથે વળી ગયો. મેશાલ્લા પણ પડતો પડતો બચી ગયો.

છતાં મેશાલ્લા શાનદાર રીતે રથ પરથી ઊતર્યો. ઊંટ પાસે ઊભેલા બેન–હર તરફ એક દ્રષ્ટિપાત કરી તે પાલખીમાં બેઠેલા વૃદ્ધ અને યુવતી તરફ ફર્યો. " માફ કરજો. મારી આપ બંનેને વિનંતી છે. હું મેશાલ્લા છું. મા ધરતીના સોગંદ–મેં ન તો આપને કે ન આપના ઊંટને જોયાં હતાં. મને મારી હોશિયારી પર જરા વધુ પડતો વિશ્વાસ હતો એટલું જ ભલા લોકોને મારે કહેવું છે.

એણે લોકો તરફ ભારે લાપરવાહ છતાં ભાવભરી દ્રષ્ટિથી જોયું. આ લોકોનો અસંતોષ ઓછો થયેલો જોઈ એણે સાથીને રથ ચલાવવાનો સંકેત કર્યો. એણે યુવતી તરફ ફરી કહ્યું, " તમે કદાચ આ ભલા વૃદ્ધની દીકરી છો. જો એ મને માફી નહિ આપે, તો હું તમને ખુશ કરી માફી મેળવી લઈશ.

તેણે વધુ હિંમતથી સ્ત્રીને કહ્યું : " દેવોના સમ, તું સુંદર છે. તારી આંખોમાં ભારતનો સૂરજ છે. પેલા ગુલામ તરફ ન ફરીશ. મને કહે કે તેં મને માફ કર્યો છે?"

પણ તે યુવતીએ આ વાતનો કોઈ ઉત્તર આપ્યો નહિ. તેણે સુંદર રીતે મસ્તકને મરોડ આપી બેન–હરને પૂછયું : " શું તમે અહીં આવશો ? પ્યાલો ભરી પાણી લઈ આવશો ? મારા પિતા તરસ્યા છે." તેણે હસીને વિનંતી કરી.

" હું તો તમારો સદાતૈયાર નોકર છું. બેન–હર પાણી લેવા ફર્યો તો એની અને મેશાલ્લાની નજરો ટકરાઈ. બેન–હરની નજરમાં દ્રઢતા હતી, રોમનની આંખોમાં મજાક, ટીખળ."

રથ તૈયાર થઈ જતાં એણે ફરીથી યુવતીને કહ્યું : " હે સુંદર કાતિલ ! જો એપોલો તને ઉપાડી નહિ જાય, તો તું મને ફરી જોશે. હું જાતે મારી ભલામણ તને કરું છું. તે રથમાં બેઠો. યુવતીએ મેશાલ્લા પાછળ જોયું, અને તેણીની દ્રષ્ટિમાં કોઈ અણગમો નહોતો. બેન–હરે તેને પાણી આપ્યું. પહેલાં એના પિતાએ પાણી પીધું, અને પછી તે યુવતીએ. પછી તેણે ભારે અદા અને નજાકતથી પ્યાલો બેન–હર તરફ ધરતાં કહ્યું : " આ આપની પાસે જ રાખો, એવી અમારી વિનંતી છે. આ પ્યાલો ખૂબ શુકનિયાળ છે.

ઊપડવા માટે ઊંટ તૈયાર હતું. આ નાનો કાફલો આગળ ખસવાની તૈયારીમાં જ હતો ત્યાં વૃદ્ધે બેન–હરને બોલાવ્યો, અને તે આદરથી ગયો.

વૃદ્ધે કહ્યું : " તમે અમારી ભારે મોટી સેવા કરી છે. ઈશ્વરના નામે હું તમારો આભાર માનું છું. હું મિસરનો બાલ્થાઝાર છું. ખજૂરીઓની મોટી વાડીમાં શેખ ઇલ્દરીમના તંબૂમાં અમે તેમનાં મહેમાન છીએ. ત્યાં અમને જરૂર મળજો. આવશો તો તમારું સ્વાગત કરતાં અમને આનંદ થશે."

બેન–હર વૃદ્ધના સ્પષ્ટ સ્વર અને ગંભીર વ્યવહારથી આશ્ચર્યચકિત બન્યો, ત્યાં જ તેને રથમાં ચાલ્યો જતો મેશાલ્લા દેખાયો, એવો જ આનંદી, બેદરકાર અને મજાકિયું હસતો.

આ મજાકિયા બેદરકાર હાસ્યમાં બેન–હરને પોતાની ધરપકડ વખતે ક્રૂર અને મજાકિયું હસતો મેશાલ્લા યાદ આવ્યો. તેણે માલૂખને બધી વાત કહી એને રથમાં આવેલ વ્યકિતનો પરિચય આપ્યો. “ માલૂખ ! એ જ એ વ્યકિત છે, જે મારી બહેન અને મારી મા કયાં છે એ જાણે છે, પરંતુ તે કહેશે નહીં

“ કેમ નહીં કહે ?”

“ કારણ કે તે રોમન છે, હું યહૂદી છું ; અને એ ઉપરાંત એ રાજરહસ્ય પણ છે.”

“ શું તેણે તમને ઓળખ્યા નહિ હોય ?”

“ ના, માલૂખ, એ શકય નથી. એ તો મને મરેલો જ માને છે.”

“ તમે તેના પર હુમલો કેમ ન કર્યો ?”

“ મારાં જીવનના રહસ્યો તેની પાસે છે, માલૂખ ! તેથી હું તેને શિક્ષા કરીશ, પણ મારી નહીં નાખું, નહિ તો એની સાથે મારાં રહસ્યો પણ દટાઈ જાંય.”

વૃદ્ધ અને તેની દીકરીને જાનને જોખમે બચાવતા બેન–હરને જોઈ તેના વિશે માલૂખના દિલમાં આદર જન્મ્યો. બેન–હરને પણ માલૂખને પોતાનો ઇતિહાસ કહેવાની ખ્વાહિશ જન્મી. સિમોનીડીઝને જે જે તેણે કહ્યું તે બધું જ તેણે માલૂખને કહ્યું. પછી પૂછયું : “ શું તમે શેખ ઇલ્દરીમ વિશે કાંઈ જાણો છો ?

“ હા.”

“ એમના ખજૂરીના બગીચા અહીંથી કેટલા દૂર છે ?”

માલૂખને તરત જ કૈસ્ટેલિયાના ઝરણ પાસે મળેલી પેલી ખૂબસૂરત સ્ત્રી યાદ આવી ગઈ. એને થયું કે શું આ હસીનાનો પ્યાર માના દર્દની જગ્યા તો નહીં લઈ લે ! છતાં તેણે કહ્યું : "ઘોડેસવારી કરીએ તો બે કલાકમાં ત્યાં પહોંચી જવાય.

"સૂચન માટે આભાર. શું રથસ્પર્ધાનો ઘણો પ્રચાર કરાયો છે ? ક્યારે થશે એ સ્પર્ધા ?"

આ વાત માલૂખને ગમી.

"હા, આ સ્પર્ધા બહુ શાનદાર રીતે થશે. મહિનાઓ પહેલાં એની જાહેરાત થાય છે."

"હા, અને ખેલના (રથસ્પર્ધાના) ગોળ મેદાનની શી ખબર છે ? મેં તો સાંભળ્યું છે કે મિસેનસ પછી બીજું સ્થાન એનું છે ?"

"તમે રોમના મેદાનની વાત કરો છો ? અહીં બે લાખ દર્શકો રમતો જોઈ શકે છે, જ્યારે રોમમાં બે લાખ પંચોતેર હજાર. બંને સંગેમરમરનાં બન્યાં છે. છેય સરખાં."

"શું નિયમો પણ સમાન છે ?"

"મેક્સિમસના ખેલમેદાન પર માત્ર ચાર રથો સાથે દોડે છે, અહીં બધા સાથે દોડે છે."

"અને દરેક પોતાનો રથ પોતે પસંદ કરે છે ?"

"હા, જો રથ અને ઘોડા હોય તો ગમે તે ભાગ લઈ શકે."

"માલૂખ, એક વાત બતાવો. આ દોડ ક્યારે શરૂ થવાની છે?"

"કાલે અને પરમદિવસે. પછી રાજ્યાધિકારી આવશે. છઠ્ઠા

અંતિમ દિવસે ઘોડદોડ થશે.''

'' માલૂખ, સમય તો બહુ જ થોડો છે, પરંતુ કોઈ વાંધો નહિ. હું ફરી રથના અશ્વોની રાસ સંભાળીશ. શું મેશાલ્લા પણ શરતમાં ભાગ લેશે ?''

હવે માલૂખ સમજયો. એ દીવા જેવું સ્પષ્ટ થયું કે રોમન મેશાલ્લાને નીચે પાડવા જ આ જુવાન આ બધું વિચારે છે.

'' શું તમને આની પ્રેકિટસ છે ?''

'' ચિન્તા ન કરો, દોસ્ત. મેકિસમસના મેદાન ઉપર કોઈને પણ પૂછો. ત્રણ વર્ષ સુધી વિજેતા મારી ઇચ્છાથી જ વિજેતા બન્યો છે. શહેનશાહે પણ આખી દુનિયાના સર્વશ્રેષ્ઠ ખેલાડીઓ સામે પોતાના અશ્વોથી હરીફાઈમાં ઉતરવાનું મારી સામે પ્રસ્તાવ મૂકેલો.''

'' છતાં તમે ના દોડયા ? ''

'' ના, કારણ કે હું યહૂદી છું. રોમન નામ છે તેથી શું થઈ ગયું? અહીં પણ હું દોડમાં ભાગ લઈશ તો કસમ ખાઈને કહું છું કે ઈનામની લાલચે ભાગ નહીં લઉં.''

'' થોભો, એકદમ શપથ ન લો. અહીં તો વિજેતાને દસહજાર સિક્કા ઈનામ મળે છે. આખી જિંદગી સુખમાં જશે.''

'' હું તો માત્ર મારા શત્રુનું ઊજળું મોં કાળુંધબ્બ કરવા જ ભાગ લઈશ.''

'' મેશાલ્લા જરૂર ભાગ લેશે. એનો તો સડકો, સ્નાન ગૃહો, નાટયશાળાઓ, ફોજી બેરકો, વગેરેમાં એટલો પ્રચાર થયો કે તે જરૂર

રથસ્પર્ધામાં ભાગ લેશે."

માલૂખે હસીને કહ્યું.

"ખૂબ સરસ. પેલા જ અશ્વો અને રથ દોડાવશેને ? માલૂખ, તમારો લાખલાખ આભાર. હવે તમે મને જલદી ખજૂરીના બાગમાં લઈ જાઓ, અને શેખ ઈલ્દરીમ સાથે મુલાકાત કરાવો. આજે જ મળી લેવું જોઈએ, કદાચ એ પોતાના અશ્વો કોઈ બીજાને કાલે આપી દે."

★ ★ ★

બેન-હર અપાર વિસ્તારમાં પથરાયેલા ખજૂરીના બગીચાઓનું નૈસર્ગિક સૌંદર્ય અને હરિયાળી જોઈ આશ્ચર્યમાં ડૂબી ગયો.

હવે માલૂખનો વારો આવ્યો.

તેણે શેખ ઈલ્દરીમે કેવી રીતે આ ધનદોલત અને પ્રતિષ્ઠા હાંસલ કર્યાં તેનો આખો ઈતિહાસ કહી સંભળાવ્યો. તેણે એ પણ જણાવ્યું કે શેખને રોમ પ્રત્યે ભારોભાર નફરત છે. એને આશા છે કે યહૂદીઓનો એક રાજા શીઘ્ર આવશે, જેનાથી રોમનું પતન થશે.

"થોડાં સપ્તાહ પહેલાં વૃદ્ધ આરબ સિમોનીડીઝને મળવા આવ્યા ત્યારે હું હાજર હતો. એ ખૂબ પરેશાન દેખાતા હતા, એટલે હું ત્યાંથી હટી જવા ઈચ્છતો હતો ; પરંતુ વૃદ્ધ આરબે મને કહ્યું, તું ઈસ્રાયલી છે અને હું એક અદ્‌ભુત કહાણી સંભળાવવા માગું છું. કેટલાંક વર્ષ પહેલાં મારા તંબૂમાં ત્રણ વ્યકિતઓ આવી હતીઃ એક

હિન્દુ, એક ગ્રીક અને એક મિસરી. ત્રણ ઊંચાં સફેદ ઊંટો પર સવાર થઈ, રણો વીંધી આવ્યા હતા. મેં તેમનો આદરસત્કાર કર્યો, અને સરભરા કરી.

એમણે પૂર્વમાં એક અદ્‌ભુત તારો જોયો હતો. તેથી યરુશાલેમ આવી પૂછયું હતું કે તે રાજાનો જન્મ કયાં થયો હશે ? મહાન હેરોદે બતાવેલું કે બેથલેહેમમાં તેનો જન્મ થશે એવાં શાસ્ત્રમાં ભવિષ્યકથનો છે. એમણે ત્યાં જઈ પવિત્ર બાળકનું પૂરી શ્રદ્ધાથી ભજન કર્યું હતું, અને તેને કીમતી નજરાણું ભેટ ધરી ગેબી સૂચનાનુસાર હેરોદને કશું બતાવ્યા વિના પાછા ફરી ગયા.

બેન–હરે કહ્યું : " આ તો ભારે આશ્ચર્યજનક કથા છે."

" ઈલ્દરીમ ખૂબ ગંભીર પ્રકૃતિના છે, અને તેના મુખે કોઈ જૂઠી વાત કયારેય આવે તેવો સંભવ નથી."

" પણ તેમણે હમણાં એ વાત પુનઃ કેમ યાદ કરી ? "બેન–હરે પૂછયું.

" એ તો હું કહું છું. પેલા મિસરી ભવિષ્યવેતા એમને ફરી પાછા મળ્યા છે. પહેલાની જેમ જ સફેદ ઊંટ પર સવાર થઈ તે પાછા આવ્યા છે. તેમનું નામ છે મિસરવાસી બાલ્થાઝાર."

" આ તો દેવનો ચમત્કાર છે, " બેન–હરે ભારે ઉશ્કેરાટથી કહ્યું. " આજે ઝરણ પાસે જે વૃદ્ધ વ્યકિત આપણને મળી તેણે પણ તેનું નામ બાલ્થાઝાર બતાવ્યું હતું."

આ સાંભળી માલૂખ પણ ઉત્તેજિત બની ગયો : " હા, હા, એ

જ સફેદ ઊંટ, એ જ વૃદ્ધ જયોતિષી—અને તમે તો એમનો પ્રાણ પણ બચાવ્યો !"

" અને યુવતી તે તેમની પુત્રી ! "

" જુઓ, કોઈ આપણી તરફ આવી રહ્યું છે." માલૂખે કહ્યું.

ધીમે ધીમે પૈડાંઓનો અને ખરીઓનો અવાજ મોટો થતો ગયો. થોડી જ ક્ષણોમાં સ્વયં ઈલ્દરીમ અશ્વ પર સવાર થઈ આવતા દેખાયા. એમની પાછળ ચાર આરબો ચાર અશ્વોથી ખેંચાતો એક રથ દોડાવતા હતા.

" માલૂખ, મારા મિત્રો! હું તમારું સ્વાગત કરું છું. આવો, આપણે કંઈક નાસ્તો કરીએ," વૃદ્ધ શેખે કહ્યું.

બધા તંબૂ તરફ ગયા. ત્યાં શેખે દ્વાર ઉપર એક થાળમાં મૂકેલી ત્રણ સુરાહીથી—કીમતી પીણાથી—તેમનું સ્વાગત કર્યું. અંદર જતાં માલૂખે શેખ પાસે જઈ તેમના કાનમાં કશુંક કહ્યું.

પછી તે બેન—હર પાસે જઈ બોલ્યો : " મેં શેખ સાથે તમારા વિશે વાત કરી છે. આવતી કાલે સવારે જ તે તમને અશ્વોની અજમાયશ કરવા દેશે. તે તમારા મિત્ર છે. મારાથી જેટલું થાય એટલું મેં કર્યું છે. હું હવે શહેરમાં જાઉં છું. આવતી કાલે પાછો આવીશ અને હરીફાઈ પૂરી થશે ત્યાં સુધી રોકાઈશ."

★ ★ ★

સિમોનીડીઝ પોતાની પુત્રી સાથે રાત્રિના સમયે હવા ખાવા અગાસી પર બેઠો હતો. એસ્તર ભોજન પીરસી રહી હતી.

જમતાં જમતાં સિમોનીડીઝે કહ્યું : " આજે તો કાંઈ માલૂખે આવતાં ખૂબ મોડું કર્યું."

એસ્તર : " શું તમને લાગે છે કે તે આજે રાત્રે પાછો ફરશે?"

" જો તે રણ સુધી કે સમુદ્ર સુધી બેન–હરનો પીછો કરતો ગયો હશે તો તે નહિ આવે. પાસે હશે તો આવશે જ."

" એ આવે તો સારું," એસ્તરે કહ્યું, " શું તું પણ એના પાછા આવવાની ઇન્તેજારીમાં છે ?"

આંખો ઊંચી કરી યુવતીએ કહ્યું : " હા," – " શું તું એનું કારણ જણાવી શકે ?" પિતાએ જિદ્દ કરી પૂછ્યું.

" કારણ કે...," તે અટકી, " કારણ કે તે યુવાન માણસ..."

ત્યાં જ કોઈનાં પગલાં સંભળાયાં.

સિમોનીડીઝ : " જો એસ્તર, મેં તને કહ્યું જ હતું કે તે પાછો આવશે. હમણાં જ ખબર પડશે કે આપણો નવો માલિક તારું અતુલ સૌંદર્ય અને આપણી લખલૂટ સમૃદ્ધિ છોડીને જવાનું પસંદ કરે છે કે રહેવાનું !"

માલૂખે નજીક આવી અભિવાદન કર્યું. સિમોનીડીઝે પૂછ્યું : " માલૂખ, એ નવયુવકના શા ખબર છે ?"

માલૂખે આખા દિવસના બનાવોનું સીધાસાદા શબ્દોમાં વર્ણન કર્યું. બંનેએ તે શાંતિથી સાંભળ્યું.

" મેશાલ્લા અતિ પ્રભાવશાળી છે, પરંતુ આ વખતે રેસકોર્સ પર જે કપરી સ્પર્ધા થશે તેમાં એરિયસનો પુત્ર જરૂર વિજેતા બનશે."

સિમોનીડીઝ : " તને કયાંથી ખબર ?"

માલુખે હસીને કહ્યું : " એની વાતોથી મને એવું લાગ્યું. ઉપરાંત તે ભારે હિંમતવાન છે."

" એ તો ઠીક માલૂખ, પણ એ વેર વાળવાની જે વાત કરતો હતો તેનું શું ? શું એ નાદાનિયતભરી વાતો હતી કે કોઈ ગંભીર વ્યકિતનો દ્રઢ સંકલ્પ હતો. ?"

માલૂખ : " માલિક, મને લાગ્યું કે તેના હ્રદયમાં રોમનો પ્રત્યે ભારોભાર તિરસ્કાર છે, તેથી જ તો હું તેને યહૂદી સમજું છું. જયારે એ રોમ વિશે ઇલ્દરીમના વિચારો જાણવા ઇચ્છતો હતો ત્યારે, અને બીજીવાર જયારે મેં શેખ અને મિસરી બાલ્થાઝાર વચ્ચેની યહૂદીઓના નવા રાજાના જન્મની વાત કરી ત્યારે તેના પ્રત્યાઘાતથી મેં તેને વધુ ઓળખ્યો. તેમાંય મેં જયારે શેખની વિચારસરણી બતાવી કે રોમના પતનની સાથે સાથે યહૂદીઓના રાજાનો ઉદય થશે ત્યારે તેના મોં પર રકતની લાલી ચમકી રહી."

" સારી વાત, માલૂખ, હવે તું જા. થોડો આરામ કર, અને પછી ખજૂરીના બાગમાં રવાના થઈ જા."

માલૂખના ગયા પછી સિમોનીડીઝે એક ગ્લાસ દૂધ પીધું. એસ્તર મૂર્તિશી તેની પાસે બેસી રહી.

વ્યાપારી : " દીકરી, કઈ ચિંતામાં પડી ? તારી કોઈ ખ્વાંહિશ હોય તો કહી દે."

બાળકશી લાડલહેજાથી એસ્તરે કહ્યું : " પિતાજી, એ યુવકને

બોલાવી લો. આજે રાત્રે અહીં રાખો અને રેસમાં ભાગ લેવા ન દો."

નીચે વહેતી નદીનાં કાળાંભમ્મર પાણી તરફ સિમોનીડીઝ તાકી રહ્યો. " શું સાચે જ એસ્તરને તેની સાથે પ્રેમ થઈ ગયો છે ? હજુ તો તે માત્ર ષોડશી જ છે. શું એ એને તજી જશે ?"

છતાં પોતાને વશમાં લઈ લેતાં તેણે કહ્યું : " રેસમાં ભાગ ન લે ? શા માટે ?"

" પિતાજી, ઈસ્ત્રાયલના એક સપૂત માટે તે કોઈ ઉપયોગી જગ્યા નથી."

" બસ આટલું જ ?"

એસ્તરના કોમળ ચહેરા પર વિચિત્ર મૂંઝવણો અને સ્નેહભર્યાં સંવેદનો ડોકાઈ રહ્યાં.

વ્યાપારીએ પ્રેમથી કહ્યું : " યુવકને આપણી બધી મિલકત મળશે. જહાજો, ઉદ્યોગો, મકાનો એ બધાંનો તે માલિક બનશે. શું એ સાથે સાથે તને પણ છીનવી લેશે ?"

" પિતાજી, આપ હિંમત ન હારો. હું આપને કોઈ કાળે છોડીશ નહિ. તે મારા પ્યારનો સ્વીકાર કરે તોય હું આપની સેવા કરતી જ રહીશ," એસ્તરે સ્નેહથી પિતાને ચુંબન કરતાં કહ્યું.

" એની વાતોથી હું ખૂબ પ્રભાવિત થઈ ગઈ છું. એ જોખમમાં આવી પડે એ વાત તે મારાં રૂંવેરૂંવાં કંપી ઊઠે છે. ફરી એને જોઈને હું ખુશ થઈશ. છતાં હું યોગ્ય અવસરની વાટ જોઈશ."

" એસ્તર, તું તો સાક્ષાત્ ઈશ્વરનું વરદાન છે. ચાહે મારું

સર્વસ્વ લૂંટાઈ જાય છતાં તારા વડે હું હંમેશાં ધનવાન અને સુખી રહીશ."

★ ★ ★

સિમોનીડીઝના મહેલની લગભગ સામે નદીની પેલે પાર એક બીજો મહેલ હતો. ત્યાં એક વિશાળ ભવનના સજાવેલા ભાગમાં આશરે સો જેટલા રોમન યુવકો કાં તો ટહેલતા હતા કે બેઠા હતા. ચારેબાજુ ભારે ઘોંઘાટ હતો. કેટલાક પાનાં ખેલતા હતા.

મેશાલ્લા નાટકીય રીતે પાસા ફેંકતો હતો અને જીતતો પણ હતો.

દ્રુસસે તેને કહ્યું : " હું તને એક સવાલ પૂછવા માંગું છું. શું તેં કદી એરિયસના પુત્રને જોયો છે ?"

મેશાલ્લા : " એરિયસને તો હું ઓળખું છું ; પરંતુ એના કોઈ દીકરા વિશે જાણતો નથી!'

" તમે બંને લગભગ સરખા છો."

બીજા પણ બોલી ઊઠયા : " ચહેરોમહોરો, આંખો, બધું સરખું."

" પરંતુ મેશાલ્લા તો રોમન છે જયારે એરિયસનો પુત્ર યહૂદી છે."

બીજાએ કહ્યું : " શહેનશાહ સીઝરે એને પોતાની સાથે આવવાનું કહ્યું હતું પણ એ ગયો નહિ. એ કુસ્તીનો, તલવારબાજીનો, રેસકોર્સનો અચ્છો ખેલાડી છે.!"

" પરંતુ એ રોમનો સામે સદાય કતરાતો રહે છે. કદાચ એ પોતાને આપણાથી ચઢિયાતો માનતો હશે."

" એ અહીં આવ્યો છે."

મેશાલ્લાએ કાયસને બૂમ પાડી : " કાયસ, ક્યાં છે તું ? આજે જેણે તને રથ પરથી ગબડાવી દીધો હતો એ તને યાદ છે ?"

કાયસ : " મને તો ખભા પર ખસ્સી ચોટ લાગી છે. કેવી રીતે ભૂલી જાઉં?"

મેશાલ્લા : " આ એરિયસનો બેટો કેવાં કપડાં પહેરે છે ?"

દ્રુસસ : " યહૂદીઓનાં કપડાં. "

કાયસ : " તો આ જ ઝરણ ઉપર એની જ સાથે મુલાકાત થઈ હશે."

મેશાલ્લાએ દ્રુસસને પૂછ્યું : " તેં એરિયસના દીકરા વિશે કોઈ રહસ્યની વાત કરી હતી. શું છે એ રહસ્ય ?"

દ્રુસસ : " સમુદ્રના ચાંચિયાઓ સાથે લડતાં એરિયસ સમુદ્રમાં પડી ગયા. સમુદ્રમાંથી જ્યારે એક પાટિયા પરથી એક નૌકાએ તેમને ઊંચકી લીધા ત્યારે તેમની સાથે તેમને બચાવનાર પણ હતો. એરિયસે બીજે દિવસે તેને દત્તક લઈ લીધો."

" એ છોકરો એરિયસને ક્યાં મળ્યો ?" મેશાલ્લાએ પૂછ્યું.

" સંઘર્ષ દરમ્યાન એરિયસ જહાજના સરદાર હતા. રક્ષકદળના સૈનિકોએ જણાવ્યું કે પાટિયા પર એરિયસને જે છોકરાએ બચાવેલો તે કોઈ યહૂદી ગુલામ હતો."

આ વાત સાંભળી મેશાલ્લા ઉત્તેજિત થઈ ગયો. વિચારમાં ડૂબી ગયો.

★ ★ ★

શેખ ઈલ્દરીમે ભારે શાનથી બેન–હરનું સ્વાગત કર્યું. માલિકના ઈશારા પર એક ગુલામે તેના બૂટ ઉતાર્યા અને બીજાએ પગ સાફ કર્યા.

શેખે કહ્યું : " તમે મારા દોસ્ત છો, કારણ કે તમે મારે ત્યાં શરાબ પીધો છે. અને નમક ચાખવાના છો. મારે એક સવાલ પૂછવો છે : તમે કોણ છો ? "

બેન–હર : " જેવી આપની મરજી. એક વાત સાચી જ છે કે હું રોમન નથી. મારા નામથી આવી ભૂલ થઈ શકે."

છાતી સુધી લહેરાતી લાંબી દાઢી પર હાથ ફેલાવી શેખ બેન–હરને તાકી રહ્યા.

બેન–હર : " બીજી વાત એ કે હું ઈસ્ત્રાયલી અને યહૂદી વંશનો છું."

" એટલું જ નહિ, મારા રોમેરોમમાં રોમ સાથે બદલો લેવાની તમન્ના છે."

" એક વાત વધારે. શેખજી, હું આપની સમક્ષ સોગંદ લઉં છું કે મને બદલો લેવાની તક આપો. જે કાંઈ નામ અને ઈનામ મળશે તે બધું આપનું થશે."

વૃદ્ધ શેખનો દમામદાર ચહેરો સંતોષ તથા આનંદથી ચમકવા

લાગ્યો.

"ઠીક વાત છે. પરંતુ તમે રથ દોડાવવાની તાલીમ ક્યાં પ્રાપ્ત કરી ? શું તમે અશ્વોને તમારી મરજી અનુસાર દોડાવી શકો છો ? શું તમે એમને જાન લડાવી દોડવા માટે મજબૂર કરી શકો ? શું તમે મારા અશ્વોને અવ્વલ દરજ્જાના સાબિત કરી શકો ? દીકરા, દરેકના નસીબમાં આવું સૌભાગ્ય હોતું નથી."

એક નોકરને ઇલ્દરીમે કહ્યું : "મારા અરબી વછેરાઓને લઈ આવો."

નોકરે તંબૂનો પરદો ઊઠાવ્યો. સામે જ અશ્વોનું એક દળ ઊભું હતું. બધા જ અશ્વો જાણે કોઈ સવારની પ્રતીક્ષામાં હતા.

ઇલ્દરીમે તેમને કહ્યું : "આવો, ત્યાં કેમ ઊભા છો ? મારું સર્વસ્વ તમે છો, નહિ ?"

અશ્વદળ આગળ આવ્યું. નાના નાના કાન અને હરણ જેવી મોટી આંખોવાળા એક અશ્વે બેન–હરની તદ્દન નજદીક આવી જાણે ધીમે પૂછ્યું : "તમે કોણ છો ?" અને તરત જ બેન–હરને ખ્યાલ આવી ગયો કે રથે જોડાયેલ ચાર અશ્વોમાંનો આ એક પાણીદાર અશ્વ હતો. બેન–હરે તે ખૂબસૂરત જાનવરની પીઠ માયાળુપણાથી થાબડી.

ઇલ્દરીમે નોકરને કહ્યું : "મારો રેકોર્ડ લઈ આવ." રેકાર્ડમાંથી ઇલ્દરીમના પરિવાર અને અશ્વો.વિશે બેન–હરને ઘણું ઘણું જાણવાનું મળ્યું.

બેન–હર : " હવે મને ખબર પડી કે આરબોના દિલમાં અશ્વો પ્રત્યે પોતાના બાળકો જેટલો સ્નેહ કેમ હોય છે. અરબી અશ્વો વિશ્વમાં શ્રેષ્ઠ ગણાય છે તેનું રહસ્ય પણ મેં આજે જાણ્યું. પણ આપ મને આ ઘોડાની પરીક્ષા કરવાની માત્ર તક આપો. હું આ રેગિસ્તાની અરબી અશ્વોને જોઈ કહું છું કે અલગ અલગ તે શકિતમાં વાઘ જેવા, અને ગતિમાં બાજ જેવા છે, પણ સમૂહમાં દોડવાનું શિક્ષણ ન મળે તો એ બેકાર સાબિત થાય."

શેખ : " અમારા રણની એક કહેવત છે : 'જો તમે શબ્દોથી રસોઈ પકાવી શકો, તો હું તને સમુદ્ર જેટલું માખણ આપું. આવતીકાલે સવારે તમને અશ્વો મળી જશે.'"

બસ, એ જ સમયે બાલ્થાઝાર ત્યાં દાખલ થયા. ઈલ્દરીમ અને બેન–હરે તેમનું સ્વાગત કર્યું. બાલ્થાઝારના આખા શરીરમાં શિથિલતા હતી. તે લાકડીના ટેકે ટેકે પગ માંડતા હતા.

શેખ : " બાલ્થાઝાર, આજ આ યુવક આપણી સાથે જમશે. જો બધું બરોબર ઊતરશે તો એ મારા અશ્વોથી આવતી કાલની સ્પર્ધામાં ભાગ લેશે. આપ એમને રોમન સરદાર એરિયસનો પુત્ર સમજો, પણ એ પોતાને યહૂદી કહેવડાવવામાં ગૌરવ અનુભવે છે."

બાલ્થાઝાર હવે પોતાને રોકી શકયા નહિ.

તે બોલ્યા : " શેખ સાહેબ, આજે મારો જીવ જોખમમાં મુકાયો હતો. જયારે બધા ભાગી છૂટયા ત્યારે આ અથવા આના જેવા જ કોઈ નવયુવકે મારો પ્રાણ બચાવ્યો હતો." પછી તેમણે જ બેન–હરને પૂછયું : " શું તમે જ એ નવયુવક છો?"

અતિ નમ્રતાપૂર્વક બેન–હરે કહ્યું : " હા, હું એ જ છું જેણે કૈસ્ટેલિયાના ઝરણ પાસે આપના ઊંટ પર રથ લઈ ધસી આવનાર રોમન અશ્વોને રોકયા હતા. આપની પુત્રીએ મને એક પ્યાલો પણ આપ્યો હતો, " કહીને તેણે એ પ્યાલો બાલ્થાઝારને આપ્યો.

મિસરીના સૂકા ચહેરા પર હરિયાળી છવાઈ ગઈ. તેણે પોતાના હાથ બેન–હર તરફ લંબાવતાં કહ્યું : " પરમેશ્વરની એવી જ મરજી હશે કે સવારે આપણે ઝરણ પાસે મળી ગયા અને રાત્રે અહીં. આ પ્યાલો તમારો જ છે, તમારી પાસે રાખો ! "

શેખ : " જયારે તમારી પાસે કોઈ સારી ભલામણ નહોતી ત્યારે આ ઘટના કેમ ન કહી બતાવી ? "

બેન–હર : " હું કોઈ ઈનામની લાલચે આપની પાસે આવ્યો નથી. આ મહાપુરુષની જગ્યાએ કોઈ અદનો આસામી હોત તોયે હું એની મદદે દોડી જાત."

ભોજન પછી મિસરી ભવિષ્યવેત્તાએ બાળઈસુના જન્મની રોમાંચકારી કથા કહી સંભળાવી. બાલ્થાઝારની માર્મિક વાતોએ બેન–હરના હૃદયને સ્પર્શ કર્યો.

એણે પૂછયું : " હવે એ બાળઈસુ કયાં છે ? તેનો મૂળભૂત હેતુ શો હતો? "

બાલ્થાઝાર : " જો મને આજે પણ એ કયાં છે તેની ખબર પડે તો પહાડ ઠેકી, સાગર ઓળંગી હું તેની પાસે હમણાં જ પહોંચી જાઉં. જો કે હેરાદે તો ઘણાં બધાં નવજાત શિશુઓને મારી નંખાવ્યાં, પણ મારો આત્મા કહે છે કે, મારો મુકિતદાતા જીવે છે. મેં મુકિતદાતાને

જન્મ લેતાં તો જોયા, પણ હજી ભવિષ્યવાણી પૂરી થઈ નથી. હજી મુકિત મળવાની બાકી છે, તેથી મને લાગે છે કે હજુ સમય પૂરો પાકયો નથી.'' તેમણે ઉમેર્યું : '' ઈશ્વરી આદેશ અનુસાર મને પૂરો ભરોસો છે કે ઈસુ જીવે છે, અને તેથી તો હું પુણ્યશાળી પ્રતીક્ષામાં જીવી રહ્યો છું !''

બેન–હરે ધીમે અવાજે પૂછયું : '' બાળક કયાં હોઈ શકે એ વિશે આપનો શો ખ્યાલ છે ? ''

બાલ્થાઝાર : '' હાલ તે સત્તાવીશ વર્ષની વયના યુવાન હશે. યહૂદિયા સિવાય બીજે કયાં તે પ્રગટ થશે ? યરુશાલેમ સિવાય બીજું કયું એવું શહેર હોય જયાં તે પોતાનો દૈવી સંદેશો આપે ? તમે તો ઈશ્વરની પસંદ કરેલી પ્રજા છો.''

બેન–હર : '' ઈસુના આગમનના ઉદ્દેશો વિશે આપનો શો વિચાર છે ?''

બાલ્થાઝાર : '' તેમનું આગમન રાજકીય નહિ, પણ ધાર્મિક છે. આત્માના ઉદ્ધારને લગતું છે. તે મુકિતદાતા તો છે જ, પરંતુ રાજય કરતાં આત્માના સવિશેષ.''

બેન–હરના ચહેરા પર નિરાશાના ભાવો આવી ગયા. તેણે પૂછયું : '' તો શું નવા રાજા હેરોદની ગાદી પર નહિ બેસે ? ''

'' એક તો આ ધરતીનું સામ્રાજય છે. બીજું સામ્રાજય આકાશનું છે. ઈસુનું રાજય દૈવી છે, હ્રદયનું છે, આ જગતનું એ ન પણ હોય.''

★ ★ ★

બેન–હર : " શેખ સાહેબ, મેં આજે રાત્રે વિચિત્ર અને રહસ્યભરી વાતો સાંભળી છે. મને જવા દો, જેથી હું સરોવરકિનારે શીતળ રાત્રિમાં ફરીને એ બધા વિશે વિચારી શકું."

રાત્રિ શાંત હતી. કિનારા પર કોઈ મોજાં અથડાતાં નહોતાં. પ્રાચીન પૂર્વના આકાશના બધા તારા આજે બહાર આવ્યા હતા. બેન–હરની કલ્પનાઓ ચકરાવે ચઢી હતી, તેની લાગણીઓ ઉશ્કેરાઈ હતી, અને તે બેબાકળો બની ગયો હતો. તે,કપ્તાન કે સૈનિક થઈને બહાર પડે ત્યારે કયા હેતુ માટે જિંદગી ગુજારે ? અહીં એક ઉકેલ મળ્યો હતો. સિંહોની જાતિમાં એક રાજા જન્મ્યો હતો. યહૂદીઓનો રાજા!

રાજાનો અર્થ રાજય. એવું રાજય જેની સામે ટકરાઈને રોમ ભાંગીને ભુક્કો થઈ જવાનું હતું. મહાભયાનક યુદ્ધ હશે અને મહાવિનાશ. પછી સર્વત્ર શાંતિ અને યહૂદી શાસનનો સર્વત્ર જયજયકાર.

" આ કેવું રાજય હશે ?" બેન–હરે વિચાર્યું. ત્યાં જ કોઈએ તેના ખભા પર હાથ મૂકયો :

" મારે એ શબ્દ કહેવો છે. પછી હું જઈશ. રાત પૂરી થવા આવી છે."

" બેલાંશક કહો."

' જે વાતો તેં સાંભળી છે તે વિશે તારું મન કિતાબ જેવું ખુલ્લું રાખ. ને તમને તમારા ધર્મની બધી ભવિષ્યવાણીઓ ધર્મગ્રંથોને આધ  સમજાવશે. બાળક રાજા થશે ત્યારે તારા વેરનો બદલો વળી જશે. તને શાંતિ હો."

ત્યાં જ સરોવર તરફથી કોઈ યુવતીના ગાયનનો અવાજ સંભળાયો. વાંસળીની ધૂનની જેમ તેનો અવાજ સરોવરની ખામોશી પર વહેતો હતો. થોડા જ સમય પછી હલેસાંનો અવાજ પણ સંભળાયો. ગીતના ગ્રીક શબ્દોમાં પ્રણયની દર્દભરી અભિવ્યકિત હતી.

બેન–હરે વિચાર્યું : ' આ સંગીત અને ગીત બાલ્થાઝારની દીકરીનાં હશે! તરત જ એના મનમાં એની મોટી મોટી આંખો, ખીલેલા હોઠ અને સૌંદર્યની ભીનાશથી ચમકતી કાંતિ રમી રહ્યાં.'

બીજી જ ક્ષણે એટલું જ સુકુમાર અને સુંદર બીજું એક મુખ પણ મનમાં ઊગી આવ્યું. બાળક જેવી ભોળી આંખો અને સૌંદર્યમઢયો દેહ. એને લાગ્યું કે સરોવરનાં પાણીમાં એ જ આંખો ચમકી રહી હતી.

એસ્તર ?

મિસરી યુવતી ?

કોણ ?

# પાંચમો ખંડ

શરાબ, ભોજન, જુગાર આ બધાથી તરબતર રોમી યુવકોમાંથી કેટલાક દીવાનો પર ઢળ્યા હતા. કેટલાક નશામાં જાતે ઢળી પડેલા, કેટલાકને ફર્શ પર ગુલામોએ ગબડાવી દીધેલા.

સૂર્યની રોશની એ વિશાળ કમરામાં કાચની બારીઓમાંથી પ્રવેશી કે તરત મેશાલ્લા જાગી ગયો. ત્રણ કલાક બાદ બે સંદેશાવાહકો એના કમરામાં દાખલ થયા. બંનેને તેણે એક–એક બંધ પત્ર આપ્યો, અને એકને દરિયાઈ માર્ગે અને બીજાને જમીનમાર્ગે ગવર્નર વેલેરિયસ ગ્રેટસને પહોંચાડવાનું કહ્યું.

પત્રમાં તેણે બેન–હર વિરુદ્ધ થયેલી કાર્યવાહીનું વર્ણન કરી ફરી તે કયાં અને કેવી રીતે દેખાયો છે તે જણાવી તેને તાત્કાલિક રસ્તા પરથી હટાવી દેવાની વિનંતી કરી હતી, નહિ તો એ તે બંને માટે ભારે ખતરનાક પુરવાર થશે. એણે શેખ ઈલ્દરીમને પણ દેશનિકાલ કરવાની વાત લખી હતી.

બસ, એ જ સમયે બેન–હર શેખના

વિશાળ તંબૂમાં દાખલ થયો. વૃદ્ધે તેનું અભિવાદન કરી જણાવ્યું કે અશ્વો તૈયાર છે, અને બેન–હરે તરત જ અશ્વો મંગાવી લીધા. બેન–હરે પોતે જ ઘોડાઓને સજાવ્યા અને બહાર દોરી ગયો. રથ પર ચઢયા વગર તે પાંચે અશ્વોને દોડાવતો રહ્યો. અશ્વો અને બેન–હર વચ્ચે કોઈ પૂર્વની સમજૂતી હોય એમ ખૂબ સુંદર રીતે તે દોડતા રહ્યા. અલગ અલગ રીતે ઘોડાઓને દોડાવવાનો ઉપક્રમ લગભગ એક કલાક ચાલ્યો.

બેન–હર શેખ પાસે ગયો : " કેટલા અવ્વલ અને પાણીદાર અશ્વો છે ! બસ, થોડા રિયાજની જ જરૂર છે."

ફરી એ અશ્વો તરફ ગયો. ત્યાં તો એકાએક માલૂખ શેખ પાસે પહોંચ્યો અને કહ્યું : " વ્યાપારી સિમોનીડીઝે આપને સંદેશો આપ્યો છે."

શેખ : " સિમોનીડીઝે ? ખૂબ સુંદર !"

પત્રમાં મેશાલ્લાએ શેખ વિરુદ્ધ કરેલા ષડયંત્રની જાસૂસો દ્વારા મેળવેલી વિગતો હતી. બેન–હર વિશે પણ નોંધ હતી, અને તાત્કાલિક પોતાને મળી જવાની વિનંતી હતી.

બેન–હરે રેસકોર્સના વિશાળ મેદાન પર શેખના આરબોને પણ તાલીમ આપી. તેણે અશ્વોને સીધી લીટીમાં, પછી મોટાં વર્તુળોમાં અને નાનાં વર્તુળોમાં પણ દોડાવ્યા. તેણે છલાંગો મારતાં કેમ દોડવું, અવરોધો કેમ ટપી જવા, આડાઅવળા, ડાબાજમણા કેમ જવું, તેની પણ તાલીમ આપી. બે કલાક આમ વીતી ગયા.

" શેખ સાહેબ, મને આનંદ છે કે આપની પાસે આવા ચાકરો

છે. આપણે ન જીતીએ તો જ વિચિત્ર. વિજય ..... "

તે ઊભો રહી ગયો, અને લાલલાલ થઈ ગયો. તેણે શેખની બાજુમાં જ બાલ્થાઝાર અને એક ઘૂમટાવાળી યુવતીને જોયાં. યુવતી તરફ એક બીજો દ્રષ્ટિપાત કરતાં જ તેનું હૃદય કપોતની જેમ ફફડી ઊઠયું : " એ જ છે. "

શેખે વાકય પૂરું કર્યું : ". વિજય અને વેરનો બદલો. એરિયસના પુત્ર હું આરબોને પણ તને જ સોંપું છું. "

સરોવરમાં થોડું શરીર ઝબકોળી, સ્ફૂર્તિમાં આવી જઈ, બેન–હરે પોતાનાં યહૂદી વસ્ત્રો પહેરી લીધાં અને માલૂખ સાથે વાતો કરી.

" ભલા માલૂખ, મારે એક ખાસ કામ છે, જો તને વાંધો ..... "

" વાંધો ? હું તો આપનો ચાકર છું. "

" આભાર, માલૂખ, આભાર. ખેલના મેદાનમાં જઈ ભાગ લેવાની બધી કારવાઈઓ, તું પૂરી કરી દે. નિયમાવલિ પણ લેતો આવજે, અને મારું સ્થાન સ્પર્ધાને આરંભે મોશાલ્લાની સાથે જ હોય તેવું ગોઠવજે. અને જમીન કરતાં તેનો રથ બરોબર કેટલો ઊંચો ફરે છે તેનું ચોક્કસ માપ તું લેતો આવજે. "

" પૈડાંની વચ્ચેના ચક્રથી સીધી લીટીમાં જે માપ આવે તે જ ને ? "

" હા, તે જ, બરોબર ઈંચે ઈંચ. "

થોડો શરાબ પી માલૂખ શહેરમાં ગયો.

★ ★ ★

પર્વતોના પડછાયા ખજૂરીઓના બગીચા પર લંબાતા હતા. ત્યાં જ એક સંદેશાવાહક બેન–હર પાસે તંબૂમાં આવ્યો અને કહ્યું : "બાલ્થાઝારની પુત્રી ઈરાસ તરફથી હું સલામ પાઠવું છું. તે પૂછાવે છે કે શું આપ તેમની સાથે સરોવર પર વિહાર કરવાનું પસંદ કરશો ?"

"જવાબને બદલે હું જાતે જ હાજર થઈશ, એવું તેમને કહેજે."

એણે સરોવર પર જોયું કે મિસરી યુવતી અદ્દભુત સ્વરૂપવાન હતી, જાણે સૌંદર્યની દેવી પૃથ્વી પર ઊતરી આવી હોય ! સરોવરનાં સ્વચ્છ જળ પર એક નાની વિહારનૌકા ઊભી હતી. એક ઈથોપિયન હલેસાં મારતો હતો. સુકાન પર યુવતી જાતે બેઠી હતી. એણે ભારતીય શાલ ઓઢી હતી.

બેન–હરના દિલોદિમાગમાં ધ્રુજારી વ્યાપી ગઈ.

"આવો, આગળ વધો, નહિ તો હું સમજીશ કે તમે નબળા ખલાસી છો."

એના હોઠ લાલ થઈ ગયા. દરિયા પરનું ખલાસીજીવન ? શું આ સ્ત્રી કશું જાણતી હશે ? તે એકદમ નૌકા પર ચઢી ગયો.

તે બોલ્યો : "મને ડર લાગે છે."

"શાનો ?"

"આ નૌકા ડૂબી જાય તેનો ?"

"આપણે ઊંડા પાણીમાં જઈએ નહિ ત્યાં સુધી શાંત રહો. હું તમારી કરજદાર છું, અને આજે મારે દેવું ચૂકવવું છે. તમે બોલો અને

હું સાંભળું, અથવા તમે સાંભળો, હું બોલું. જે જોઈએ તે માંગી લો ; પણ હું જયાં ચાહીશ ત્યાં તમારે આવવું પડશે, જે કહીશ તે કરવું પડશે."

ઈથોપિયને હલેસાં મારવાનાં શરૂ કર્યાં. "મને સુકાન આપો." બેન–હરે કહ્યું:

"ના, કયાં જવાનું એ હું નક્કી કરીશ. શું આમંત્રણ મેં આપ્યું નથી ?"

"કયાં જવાનું છે ?"

"ઓહ ! તમને તો ડર લાગવા માંડયો. સ્ત્રીએ હસતાં હસતાં કહ્યું."

"હે સુંદરી ! મેં તો દરેક કેદી જે પૂછે તે જ પૂછયું. પણ હું તને મિસરી કહેવાને બદલે ઈરા કહેવાનું વધુ પસંદ કરું. શું આપણે મિસર જઈએ છીએ ?"

"એવું હોત તો કેવું સારું !" નિઃશ્વાસ નાંખી યુવતીએ કહ્યું.

થોડી જ વારમાં નૌકા કિનારે આવી.

બેન–હર : "આપણે જલદી મિસર પહોંચી ગયાં !"

"અને જલદી પાછાં ઊપડી જઈશું."

"તો હલેસાં મને આપો."

"ના, નૌકાને હું સંભાળીશ. હું તમને તો રથ આપીશ."

નાવ ફરી ઊપડતાં તેણે કહ્યું : "તમે હવે મને પેલા રોમન

વિશે કહો, જેનાથી તમે અમને બચાવી લીધાં.

આ અનુરોધ બેન–હરને ગમ્યો નહિ. એણે કહ્યું : " એના વિશે મને કશી ખબર નથી."

" શું એ ધનિક પરિવારનો છે ?"

" ખબર નથી."

" એના અશ્વો કેટલા ખૂબસૂરત હતા ! એના રથની ગાદી સોનેરી અને પૈડાં હાથીદાંતનાં હતાં. તેની હિંમત પણ કેવી ગજબ કે તે રસ્તાના લોકો પર રથ લઈ ગયો."

" એ બધા નીચા વર્ગના હતા," તિરસ્કારથી બેન–હરે કહ્યું.

" આજકાલ રોમમાં એના જેવા રાક્ષસો વધી પડયાં છે. શું એ અંત્યોખમાં રહે છે ?"

" કોઈ પૂર્વના દેશમાં રહેતો હશે."

" સિરિયા કરતાં ઈજિપ્ત એને માટે સારો દેશ ગણાય."

" ના, કિલઓપેટ્રા તો મરી ચૂકી છે."

ઈરાએ જોયું કે બેન–હરની આંખોમાં ઈર્ષ્યા ઊભરાઈ રહી છે.

" ચાલો, નદી તરફ ચાલો."

" હા, ચાલો. સવાર, સાંજ, રાત. સવાર સુધી લગાતાર નૌકા ચાલતી રાખો." તેણે જુસ્સાથી કહ્યું.

" હું તમને પ્રેમનો ઉપાય સૂચવું. એક રાણીની વાત

છે. શાંતિથી સાંભળો.”

વાર્તા પૂરી થઈ ત્યારે બેન–હર મિસરી સ્ત્રીના પગ પાસે બેઠો હતો, અને તેના હાથમાં ઈરાનો હાથ હતો.

આમ વાતચીતમાં અને વિહારમાં કલાકો વીતી ગયા.

કિનારે તેણે કહ્યું : “ કાલે આપણે શહેરમાં જઈશું.

“ પણ તમે રમતો જોવા તો આવશોને ?”

“ હા.”

“ તો હું તમને મારા રંગો આપીશ. ” આમ કહી તેઓ છૂટા પડયા.

★ ★ ★

ઈલ્દરીમના કબીલાની એક વ્યકિતએ બીજે દિવસે તેને કહ્યું : “ શેખ સાહેબ, હું એક ચિઠ્ઠી લાવ્યો છું. આપ કૃપા કરી તાત્કાલિક વાંચી જાઓ તો હું ઉત્તર માટે ઊભો રહું.”

ઈલ્દરીમે જોયું કે કવર પહેલાંથી ખોલેલું છે. ઉપર લખ્યું છે : “ વેલેરિયસ ગ્રેટસ, સિજેરિયા. ગ્રીક કે મિસરી લિપિમાં નહિ, પણ પત્ર લેટિનમાં લખાયેલો હતો, તેથી શેખ તે વાંચી શકયા નહિ ; પરંતુ તે લેખકનું નામ ઓળખી શકયા : ‘મેશાલ્લા અને તેમની આંખો એકદમ ચમકી ઊઠી.”

એણે પૂછયું : “ પેલો યહૂદી નવયુવક કયાં છે ?”

“ એ તો મેદાનમાં અશ્વો પર સવારી કરે છે.”

એવામાં જ એક અજાણ્યો ત્યાં આવી ઊભો : "સાંભળ્યું છે કે ખેલમાં ભાગ લેવા આપને એક ઘોડેસવારની જરૂર છે.

"રસ્તો માપ. મારી પાસે તો ઘણા છે."

યુવકે આર્જવભરી રીતે કહ્યું : "હું અશ્વોનો શોખીન છું. સાંભળ્યું છે કે આપની પાસે દુનિયામાં સૌથી ખૂબસૂરત ઘોડા છે."

"ભાઈ, આજે મને સમય નથી," કહી અશ્વ પર બેસી શેખ નીકળી ગયા. અજાણ્યો પણ હસતો હસતો ચાલ્યો ગયો. આમ રોજ કોઈને કોઈ ઘોડેસવારીના ઉમેદવારો આવતા રહ્યા. આવી રીતે મેશાલ્લા બેન–હરની જાસૂસી કરતો હતો.

બપોરે બેન–હર મેદાનમાંથી આવ્યો. તેણે કહ્યું : "શેખ સાહેબ, મેં પૂરી તૈયારી કરી લીધી છે, પણ એક વાત કહું. વિજયની લાલચમાં રોમનો પ્રામાણિકતા વીસરી જાય છે. એથી આપ આપના અશ્વોને બરોબર સાચવતા રહેજો. પછી મને કશી ચિંતા નથી.

"તમે જે કહેશો એનો પ્રબંધ થઈ જશે, પણ જરા તમે આ પત્ર વાંચો," આમ કહી શેખે બેન–હરને લેટિનમાં લખાયેલો પત્ર આપ્યો.

બેન–હરે ખુશમિજાજમાં ચિઠ્ઠી વાંચવી શરૂ કરી. : 'ગ્રેટસ ઉપર મેશાલ્લાનો પત્ર.

એનું ખૂન ઊકળી ઊઠયું. એના હાથમાં ચિઠ્ઠી ધ્રુજવા લાગી. એને થયું કે નક્કી એનાં મા તથા બહેનના કરપીણ મોત અંગે લખ્યું હશે. પરંતુ ત્યાં આ વાકય વાંચ્યું : "આપે એ કેદીની મા અને બહેનનું શું કર્યું છે તે યાદ હશે. હવે શું કરવાનું છે ? હું જાણવા માંગુ છું કે તેઓ મરી ગયાં છે યા જીવે છે ?"

બેન–હરે તત્કાળ વિચાર્યું : "એ મૃત્યુ પામ્યાં નહિ હોય, નહિ તો મેશાલ્લાને એની ખબર જ હોય."

એણે શેખને કહ્યું : "હું તો આપના તંબૂ નીચે માત્ર અશ્વો માટે આવ્યો હતો. મારી જીવનકથા મેં આપને કહી નહોતી. ભાગ્યવશાત્ આ એવી ચિઠ્ઠી છે કે હું હવે કશું છુપાવવા માંગતો નથી. કારણ કે આપણા બંનેનો શત્રુ એક જ છે. હવે હું ચિઠ્ઠી વાંચી સંભળાવું છું જેથી આપ સમજી શકશો કે હું કેમ એકદમ વિચલિત થઈ ગયો હતો !"

છેલ્લા વાકયથી શેખની આંખો ક્રોધથી લાલલાલ થઈ ગઈ. "મેં યહૂદીને ગઈકાલે રાજદ્રોહી શેખના તંબૂમાં જોયો હતો." શેખના મસ્તક અને ગરદનની એકેએક નસ ફૂલી ગઈ. "આ જુલમનો સામનો કેવી રીતે કરવો ? હું સ્વતંત્ર નાગરિક છું, છતાં મારે ગુલામોની જેમ આ રોમન કુત્તાઓના પગ ચાટવા ! કાશ, હું દસ વર્ષ જુવાન હોત તો એને છોડત નહિ."

"શેખ સાહેબ, આ પત્ર આપને કેવી રીતે મળ્યો ?"

"મારા માણસો બે શહેરો વચ્ચે જાસૂસી કરે છે. એમણે એક સંદેશાવાહક પાસેથી આ ચિઠ્ઠી આંચકી લીધી."

"શું રોમનો જાણે છે કે એ તમારા માણસો છે ?"

"ના, દુનિયાની નજરે તો તેઓ લુંટારા છે અને મારું કામ તેમને ખતમ કરવાનું છે. આ પત્ર તમે મને આપી દો."

જતાં પહેલાં શેખે પૂછ્યું : "શું તું રોમ વિરુદ્ધ શસ્ત્ર ઊઠાવશે ?"

" હું મારી મા અને બહેનનો બદલો લેવા શું ન કરું ? રોમ સામે બદલો લેવો એ જ તો મારા જીવનનું લક્ષ્ય છે."

ઈલ્દરીમ : " જો તારો ઈશ્વર તને સાથ ન આપે તો એ મરી ચૂકયો. મારો કબીલો, ઘોડા, ઊંટ, બધી મિલકત હવે તારાં છે. મારો તને પૂરેપૂરો સહકાર છે. રાત પહેલાં હું તને કોઈક ખબર આપીશ."

સાંજે બેન–હર શેખના આગમનની પ્રતીક્ષામાં હતો ત્યાં જ માલૂખે આવી સલામ કરી : " શેખે તાત્કાલિક તમને શહેરમાં આવી જવાનું કહ્યું છે. એ તમારી રાહ જુએ છે."

ઉત્તર આપ્યા વિના બેન–હર ઘોડા પર બેસી રવાના થયો. થોડા સમયમાં બંનેએ નદી પણ ઓળંગી અને સિમોનીડીઝના ગોદામ પર પહોંચ્યા. માલૂખે કહ્યું:

" ઊતરો, આપણે આવી ગયા."

બેન–હર : " શેખ કયાં છે ?"

" મારી સાથે આવો. હું બતાવું છું."

સમજી શકે તે પહેલાં બેન–હર ફરી એકવાર સિમોનીડીઝના દ્વાર પાસે હતો. અંદરથી અવાજ આવ્યો : " ઈશ્વરના નામમાં, અંદર આવો.

બેન–હર એકલો અંદર પ્રવેશ્યો. થોડાં પગલાં આગળ વધ્યા પછી એ અટકયો. ત્યાં ત્રણ વ્યકિતઓ હતી : " સિમોનીડીઝ, શેખ અને એસ્તર."

★ ★ ★

બેન–હરના મનમાં તાત્કાલિક પ્રશ્ન થયો : " આ ત્રણે શત્રુ છે કે મિત્ર ? એમને મારું શું કામ હશે ? " પછી એની આંખો એસ્તર ઉપર જઈને ઠરી. બેઠેલા બધા લોકોની આંખોમાં આત્મીયતા હતી, પરંતુ એસ્તરની આંખોમાં, ચહેરા ઉપર માયાળુપણું હતું – કંઈક એવું આધ્યાત્મિક કે દિવ્ય, જેની વ્યાખ્યા થઈ શકે નહિ.

સિમોનીડીઝ : " હૂરના પુત્ર, આપણા પ્રભુ અને ઈશ્વરની શાંતિ આપની સાથે હો. એસ્તર, માલિક માટે ખુરસી લાવ."

એસ્તર ઉતાવળે એક સ્ટૂલ લઈ આવી. બેન–હરે કોમળતાથી તેના હાથમાંથી તે લઈ લીધું અને સિમોનીડીઝના પગ પાસે તે સ્ટૂલ ઉપર બેઠો. બેન–હરની ઉદારતા અને સહનશીલતા જોઈ એસ્તરનું હૃદય કૃતજ્ઞતાથી ભરાઈ આવ્યું.

સિમોનીડીઝ : " એસ્તર દીકરા, કાગળ લઈ આવ." એસ્તરે દીવાલ પરના એક કબાટમાંથી પેપીરસ કાગળનો એક વીંટો કાઢયો, અને સિમોનીડીઝને આપ્યો.

પ્રથમ પૃષ્ઠ ઉઘાડી સિમોનીડીઝે કહ્યું : " આ આપના પિતાની જે આવક રોમનોથી મેં બચાવી તેની વિગતો છે. મિલકતો તો બચી નહોતી. માત્ર પૈસા બચ્યા હતા. બચેલાં નાણાં ૧૨૦ તાલંત* જેટલાં હતાં."

બીજા દસ્તાવેજમાં એ જ મૂડીમાંથી જે મિલકત વ્યાપારમાંથી મેં પ્રાપ્ત કરી તેની વિગતો છે. આ દોલત મેળવીને આપ મોટા ધનવાન બનો છો, અને જે ચાહો તે કરી શકો છો.

---

* એક ચાંદીનો તાલંત એટલે લગભગ ૨૫,૦૦૦ રૂપિયા

સિમોનીડીઝ પુનઃ શાંત બની ગયો. એસ્તર પરેશાન હતી. ઇલ્દરીમ હતાશ. બેન–હર કાગળો લઈ ઊભો થઈ ગયો.

સિમોનીડીઝ તરફ હાથ લંબાવી તેણે કહ્યું : " આ કાગળોમાં જે કંઈ છે – જહાજ, મકાન, ઊંટ, ઘોડા, ધનદૌલત– એ બધી જ નાની મોટી વસ્તુઓ હું ફરીથી આપને સોંપી દઉં છું. એ આજથી હંમેશાં આપની જ રહેશે."

એસ્તરની રૂપાળી આંખોમાં અશ્રુ છલકાઈ ઊઠયાં, છતાં તે સ્મિત કરતી હતી. ઇલ્દરીમ પોતાની દાઢી પસવારવા લાગ્યા. એમની આંખોમાં પણ સ્વચ્છ મોતી ચમકી ઊઠયાં. એકમાત્ર સિમોનીડીઝ શાંત રહ્યાં.

બેન–હર : " પરંતુ મારી શરત આ છે કે મારા પિતાજીએ મૂકેલાં નાણાં મને આપજો અને મારી મા–બહેનની શોધમાં મને સહયોગ આપજો."

સિમોનીડીઝ : " મને એ વાતનો આનંદ છે કે પરમેશ્વરની કૃપાથી આપણી મુલાકાત થઈ શકી છે. જેવી રીતે મેં આપના પિતાની સેવા કરી હતી તેવી જ રીતે આપની સેવા કરીશ. બીજી વાત મને મંજૂર નથી. હવે આ બીજો કાગળ વાંચો."

બેન–હરે વાંચ્યું તો જણાયું કે હૂર–પરિવારના ત્રણ નોકરો છે : યરુશાલેમના મહેલની રક્ષિકા અમરાહ, સિમોનીડીઝ અને એસ્તર.

તેને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે કાનૂનની દ્રષ્ટિમાં દીકરી પણ માતાપિતાની જેમ ગુલામ બની જાય છે. બેન–હર તો એસ્તરને પ્યાર

કરવાનાં ગુલાબી સ્વપ્નો જોતો હતો. એ વાંચ્યા પછી એણે એસ્તર તરફ જોયું. એસ્તરની આંખો શરમથી ઢળી ગઈ.

બેન–હર : " જે આટલી મોટી મિલકતનો માલિક એ ભલે ગમે તે કરી શકે, પણ દોલત ઉપરાંત મસ્તક છે, જે મિલકત ઉપાર્જિત કરવાની શકિત ધરાવે છે. દોલત ઉપરાંત એક દિલ પણ છે જે દોલત મેળવી સ્વચ્છ બની જાય છે. સિમોનીડીઝ અને એસ્તર, આપને ડરવાની કોઈ જરૂર નથી. શેખ ઇલ્દરીમ આ વાતના સાક્ષી રહેશે કે આપ મારી સામે દાસ કે ગુલામ જાહેર થયાં, પરંતુ એ જ પળે તમે આઝાદ, મુકત માનવી પણ બની ગયાં."

" બેન–હર, કેટલીક બાબતો એવી છે કે આપ તે નહિ કરી શકો. કાનૂનની દ્રષ્ટિમાં અમે કદી આઝાદ ન થઈ શકીએ. કારણ કે હું તો આપનો જિંદગીભરનો ગુલામ છું. જુઓ, મારા કાનમાં એની નિશાની છે.

" શું મારા પિતાએ આવો જુલમ કર્યો હતો ?"

" ના, ના, હું જ કાયમી ચાકર બનવા તેમની પાસે ગયો હતો. મારા અનુરોધથી જ મને ગુલામ બનાવાયો, અને તેથી તો રાહેલ પ્રત્યેના મારા અસીમ સ્નેહની કિંમત હું ચૂકવી શકયો. મારી દીકરીની મા રાહેલ સાથે ગુલામ બન્યા વિના હું કયારે પણ લગ્ન ન કરી શકત."

બેન–હર : " હું તો આ પહેલાં પણ અમીર હતો. એરિયસની બધી દોલત– પરંતુ આજે મને એથીયે કિંમતી દોલત મળી છે, એવો દિમાગ જે લાત મારી દોલત પેદા કરી શકે. સિમોનીડીઝ, મારે તો તમારી સલાહની જરૂર છે."

સિમોનીડીઝનો ચહેરો પ્રસન્નતાથી ચમકી ઊઠયો : " હું તો મારાં પૂરાં દિલદિમાગથી આપની સેવા કરીશ. બસ, આપ મને કાનૂની હેસિયત પુનઃ પાછી બક્ષો."

" એ વળી શું છે ?"

" જેવી રીતે આ માલમિલકતની હું પહેલાં સંભાળ રાખતો હતો તેવી રીતે હવે પણ રાખું."

" એ આપને મળી ગઈ."

સિમોનીડીઝ : " હવે એસ્તર, તું તારું કહે ! "

એસ્તર થોડીવાર તો હતપ્રભશી ઊભી રહી ગઈ. એના ચહેરા પર કંઈ કંઈ રંગો ધસી આવ્યા. પછી એ બોલી : " મને મારી માતા જેવું તો નહિ આવડે, પરંતુ મારી એટલી વિનંતી છે કે મને મારા પિતાની સંભાળ રાખવાની રજા આપો."

બેન–હરે કોમળતાથી તેના હાથ પોતાના હાથમાં લઈ કહ્યું : " તું તો ખૂબ સરસ છોકરી છે. તને ઠીક લાગે તે કર."

★ ★ ★

સિમોનીડીઝ : " માલિક, આપ પેલા દિવસે મારા દ્વારેથી એવું સમજીને પાછા ફર્યા હશો કે હું આપની દોલત ચાઉં કરી ગયો છું, પરંતુ એ સત્ય ન હતું. એવું તો મેં પળભર માટે પણ વિચાર્યું નહોતું. એસ્તર સાક્ષી છે કે મેં આપને ઓળખી લીધા હતા, અને માલૂખ, હવે તું કંઈ કહે. "

" માલૂખ ! આશ્ચર્યથી બેન–હર બોલી ઊઠયો, " હા, મારા

જેવી અપંગ વ્યકિત, જો દુનિયાથી અલગ થઈ ગઈ છે, તેને ઘણા હાથ જોઈએ. માલૂખ એ બધામાં શ્રેષ્ઠ છે. શેખ ઇલ્દરીમ જેવા પણ સહૃદયી મિત્રો છે, જેની સાથે હું કયારેક વિચારપરામર્શ કરી લઉં છું. એ પણ આપને કહેશે કે મેં નહોતો કર્યો આપનો અનાદર કે નહોતો કયો અસ્વીકાર. આપ કેવા પ્રકારની વ્યકિત છો તે હું જાણતો નહોતો. એવા પણ લોકો હોય છે જેમને માટે દોલત એક શ્રાપ બની જાય છે. આપ એવા છો કે કેમ તે શોધી કાઢવા મેં માલૂખને મોકલ્યો હતો. એણે ખૂબ સુંદર રિપોર્ટ આપ્યો છે. તેની ટીકા કરશો નહિ."

"હું નથી કરતો. તમારી ભલાઈમાં પણ..ડહાપણ છે."

થોડીવાર પછી સિમોનીડીઝે પૂછયું : "શું આપે બાલ્થાઝારને જોયા છે ?"

"હા જી, અને તેમની વાત પણ સાંભળી છે."

"રાજા જયારે આવશે ત્યારે ગરીબીમાં આવશે. એની પાછળ જનસમુદાય નહિ હોય, લશ્કરો પણ નહિ હોય, છતાં એ રાજય સ્થાપશે અને રોમ નેસ્તનાબૂદ થઈ જશે. જુઓ માલિક, પરમેશ્વરે આપની સામે કેવી તકો ઊભી કરી છે ?"

"હું તમે જે કહો છો તે સ્વીકારું છું, સિમોનીડીઝ, કે રાજા આવશે ; પરંતુ તે આવે ત્યાં સુધી આપણે વાટ જોવાની ? અથવા મને તેડું મોકલે ત્યાં સુધી બેસી રહેવાનું. ?"

સિમોનીડીઝ એકદમ બોલી ઊઠયા : "આપણી પાસે કોઈ પસંદગી નથી, વિકલ્પ નથી. આ પત્ર–" તેણે પત્ર બહાર કાઢયો– "આ પત્ર વેલેરિયસ ગ્રેટસ પર મેશાલ્લાનો છે. તે પગલાં ભરવા માંગે

છે."

" મેશાલ્લાનો પત્ર ગ્રેટસ ઉપર ? " બેન–હરે પૂછ્યું.

શેખ : " મારા સાથીદારો એક જાસૂસ પાસેથી તે લઈ આવ્યા."

" રોમન જાણે છે કે તમે પાછા આવ્યા છો ?" સિમોનીડીઝે કહ્યું તેણે આગળ વાંચ્યું : " આ બેન–હર અત્યારે બદલાની આગમાં સળગતો હશે. એની મિલકતમાંથી આપણ બંનેને જે કંઈ મળ્યું તેને ખાતર હું વિનંતી કરું છું કે જલદીથી કોઈ નિર્ણય લઈ લો, અને કામ પતાવી નાખો, મેશાલ્લા.

" માલિક, જો આપણે બેસી રહ્યા તો એ તમને મારી નાખશે."

" બદલો તો યહૂદીના લોહીમાં હોય જ. મારી પાસે કોઈ વિકલ્પ નથી. અહીં રહેવું એટલે ધૃણાસ્પદ, શરમજનક મૃત્યુને ભેટવું."

" પરંતુ રાજા આવે તે પહેલાં તેને માટે કામ કરવાનું છે. રોમના જુલમોમાંથી મુકત થવાનો સમય આવી પહોંચ્યો છે. તેથી માલિક, આપ યરુશાલેમ તરફ જતા રહો, ત્યાંથી રણમાં અને ત્યાં ઈસ્ત્રાયેલના લડવૈયાઓને તાલીમ આપો, અને છૂપાં સ્થળોએ શસ્ત્રોના ભંડારો બનાવો. શેખ ઈલ્દરીમ રાજમાર્ગોની ચોકી કરશે, અને હું આપને પુરવઠો પૂરો પાડીશ. રાજા આવે ત્યારે આપ તેને જમણે હાથે હોવા જોઈએ. આપ શું કહો છો ?"

બેન–હરના ચહેરા પર રકત ધસી આવ્યું. જો તે આ સ્વીકારે તો શાંતિ ચાલી જાય, રોમ સામે મોરચો માંડવો પડે અને તેના શિકારી

લોહીતરસ્યા કૂતરાઓનો સામનો. ત્રણે તેના તરફ ઔત્સુકયથી તાકી રહ્યાં હતાં.

" પરંતુ હું રેસ પૂરી થઈ જાય ત્યાં સુધી આપની પાસે મુદત કે મહેતલ માંગું છું. હું કોઈપણ જોખમે સરકસમાં મેશાક્ષા સાથે મુલાકાત તો લઈશ. પછી  હું એકદમ કામમાં લાગી જઈશ. મને આપની વાતો પર પૂરી શ્રદ્ધા છે."

★ ★ ★

થોડા સમય પછી બેન—હર એસ્તર સાથે વિશાળ ગોદામની અગાસી પર ઊભો રહ્યો હતો. નીચે ચાકરો વસ્તુઓ, પેકેટો, ખોખાં બંધ કરવાના કામમાં મચી પડયા હતા.

બેન—હરે એસ્તર સામે જોયું. એના કદાવર ઊંચા દેહ સામે એ ઝાંખા પ્રકાશમાં બાળક જેવી લાગતી હતી. એનો ચહેરો પણ સ્પષ્ટ દેખાતો નહોંતો. એકદમ બેન—હરને તિર્જા યાદ આવી. એનું હૃદય પાણીપોચું અને કોમળ બની ગયું. આવી જ રીતે ખોવાઈ ગયેલી નાનકડી બહેન ભાઈ સાથે છત ઉપર ઊભી હતી, અનેં ત્યાં જ નળિયું તૂટયું અને એ ગોઝારો અકસ્માત બની ગયો.

એસ્તર નદી સામે જોતી હતી. એણે પૂછયું : " શું તું કદી રોમ ગઈ છે ?"

" ના, અને મને જવાની ઇચ્છા પણ નથી."

"કેમ ?"

" મને રોમનો ડર લાગે છે. મારી દ્રષ્ટિએ તો રોમ મંદિરો અને મહેલો માટે નહિ, ગુંડાઓ–રાક્ષસો માટે મશહૂર છે. ત્યાં ઇન્સાન સામે બરબાદી નાચ્યા કરે છે. તે બેન–હર પાસે આવી : " આપ રોમ સામે શત્રુતા કેમ વહોરો છો ? સમાધાન કરીને આરામની જિંદગી કેમ વિતાવતા નથી ? દુઃખોથી તો આપની યુવાની ભરાઈ ગઈ છે. હવે કયાં સુધી યાતના વેઠશો ?"

બેન–હર : " એસ્તર, તું મારી પાસે શું ચાહે છે ?"

એસ્તર : " રોમમાં આપને રહેવા કોઈ મહેલ છે ?"

" હા."

" શું ખુશનુમા સ્થળ છે ?"

" હા, ખૂબ સુંદર જગ્યા છે. ચારેબાજુ બાગબગીચા અને લીલોતરી છે. પહાડની ગોદમાં ઝરણાં વહે છે."

" મારી સમજમાં આવતું નથી કે આપ જિંદગી અપનાવવા ચાહો છો તે જિંદગી ....."

" હિંસાપૂર્ણ હશે, રકતછલકતી હશે. એસ્તર, મારે માટે બીજો કોઈ રસ્તો જ નથી. અહીં તો મોત છે, ચારેબાજુ મોત છે. ત્યાં જઈશ તોપણ છે તો એ જ ઝેરનો પ્યાલો, અથવા સંગ્રામમાં વીરોચિત મૃત્યુ કે ન્યાયાધીશ દ્વારા મૃત્યુદંડ. મેશાલ્લાએ મારા પિતાની ઘણી દોલત હડપ કરી છે, અને હવે તે કોઈપણ ભોગે એ છોડી દેવા માંગતો નથી."

" શું કશું જ થઈ શકે તેવું નથી ?"

એસ્તરે લાગણીથી ધ્રૂજતા અવાજે કહ્યું.

બેન–હરે તેનો હાથ પકડતાં પૂછ્યું : " એસ્તર, શું તને મારી આટલી બધી લાગણી છે ?"

" હા." તેણે નરમાશથી કહ્યું.

હાથ નાજુક હતો, ગરમ હતો, તેની વિશાળ મુઠ્ઠીમાં કેટલો નાનો દેખાતો ! એને લાગ્યું કે એસ્તરનો હાથ કંપી રહ્યો છે. ત્યાં જ પેલી મિસરી સુંદરી યાદ આવી. કેટલી ઊંચી, કેટલી હિંમતવાન, કેટલી ખૂબસૂરત, અને રીતભાત તથા અદા પણ કેટલી આકર્ષક ! તેણે એસ્તરનો હાથ ઊંચકી ચુંબન કર્યું.

રમતોનો આરંભ થાય તે દિવસે મધ્યાહ્ન પહેલાં શેખ ઈલ્દરીમની ઘોડદોડને લગતી મિલકત શહેરમાં લાવવામાં આવી અને સરકસ એટલે કે ખેલના મેદાનની આસપાસ મૂકી દેવામાં આવી – એટલે નોકરચાકરોનું દળ, પશુઓનું દળ, સામાનથી લદાયેલાં ઊંટ વગેરે. જાણે કોઈ કબીલો બીજે સ્થળે જતો હોય તેટલી ધૂમધામ મચી રહી. બેન–હર અને શેખ સંપૂર્ણ વિશ્વાસથી અને આરામથી, હસીમજાક ઉડાવતા સાથે સાથે અશ્વો પર સવાર થઈ નીકળ્યા.

રસ્તામાં તેમની વાટ જોતો માલૂખ મળી ગયો. તેણે શેખનું અને બેન–હરનું અભિવાદન કર્યું. શેખને જણાવ્યું કે તેમના અશ્વોનાં નામ પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. બેન–હર તરફ ફરી તેણે કહ્યું : " આપના ધ્વજનો રંગ સફેદ છે અને મેશાલ્લાના ધ્વજનો રંગ રતાશ પડતો લાલ અને સોનેરી છે. છોકરા તો અત્યારથી સફેદ રિબનો વેચવા લાગ્યા છે, અને આવતી કાલે તો દરેક આરબ અને યહૂદી સફેદ વસ્ત્રો પરિધાન કરીને આવશે, જેથી જનતા આપની દોડને દિલચસ્પીથી જુએ."

" આભાર, માલૂખ. બધાંય જોનારાંની નજર મારી અને મેશાલ્લા સ્પર્ધા પર રમતી રહે એ જ હું ઇચ્છું."

માલૂખ : " એ થઈ શકશે. એ માટે હજારોની લગાવેલી શરત એનો જવાબ આપશે."

" શું મને તેની લૂંટનો પૂરેપૂરો બદલો નહિ મળી રહે ? મારે તો તેને સંપત્તિમાં અને ગર્વમાં બંનેમાં ગાળી નાખવો છે, ભાગી નાખવો છે. આપણા પૂર્વજ યાકૂબ આપણા પર અનુગ્રહ રાખશે. અને જો માલૂખ, પૈસા (સેસ્ટેટી એટલે લગભગ ૪૦ પૈસા) વહેંચવામાં પાછો પડતો નથી. વાત આગળ વધે તો તાલંતોમાં શરત લગાવજે, ખુદ મેશાલ્લા સાથે પણ મોટી શરતની હોડ બકજે. ૫૦ તાલંત હોય તોય વાંધો નહિ."

" એ તો ખૂબ મોટી રકમ થઈ (એક ચાંદીનો તાલંત બરાબર ૨૫,૦૦૦ રૂપિયા). મને કોઈક ખાતરી મળવી જોઈએ." માલૂખે કહ્યું.

" જા, વ્યાપારી સિમોનીડીઝને કહે કે આ સ્પર્ધામાં મારી આખી સંપત્તિ હોમાઈ જાય તો વાંધો નહિ."

" અને હા, માલિક, એક બીજી વાત. હું ખુદ મેશાલ્લાના રથ પાસે જઈ શકયો નથી, પરંતુ મારો એક મિત્ર તે માપી લાવ્યો છે. તેના પૈડાનું કેન્દ્ર તમારા પૈડાના કેન્દ્ર કરતાં એક હથેલી જેટલું ઊંચું છે."

બસ, એ જ વખતે ઇલ્દરીમનો અવાજ સંભળાયો : " યા ખુદા ! અને તેણે બેન–હરને જાહેરાત બતાવી જેમાં વિભિન્ન પ્રતિયોગિતાઓ અને હરીફોનાં નામ હતાં, રથસ્પર્ધામાં કુલ છ

પ્રતિસ્પર્ધી હતા, અને બેન–હરના નામ સામે લખ્યું હતું. –"બેન–હર, યહૂદી રથચાલક."

બેન–હરે રજિસ્ટ્રેશન તો એરિયસના પુત્ર તરીકે કરાવ્યું હતું, પણ આવી પ્રસિદ્ધિ પાછળ કોનો હાથ હતો એ દીવા જેવું સ્પષ્ટ હતું.

★ ★ ★

સંધ્યા ઢળી ચૂકી હતી. શહેરની લગભગ પ્રત્યેક વ્યક્તિ આગલા દિવસની સ્પર્ધા માટેનાં પોતાનાં મનપસંદ રંગના વસ્ત્રો પહેરીને ફરતી હતી. ત્રણ રંગો વિશેષ દેખાતા હતા : એથેન્સના કલીઓપાસનો લીલો, બેન–હરનો સફેદ અને મેશાલ્લાનો લાલ તથા સોનેરી.

મહેલના દીવાનેખાસમાં મેશાલ્લાના રંગ સિવાય બીજો કોઈ રંગ દેખાતો નહોતો. ત્યાં તો દરેકનાં મનમાં મેશાલ્લાનું નામ રમતું હતું. એનું વિશેષ શિક્ષણ, એના અગાઉના વિજયો, એનો ઉત્સાહ, તાલીમ બધું એના પક્ષમાં હતું, અને સર્વથી વિશેષ તો એ રોમન હતો!

એક તકિયા પર ઢળેલો મેશાલ્લા પોતાના વિશેની પ્રશંસા સાંભળતો હતો ત્યાં જ બૂમ પડી : " સફેદ ધ્વજાવાળો, સફેદ ધ્વજાવાળો."

" એને અંદર આવવા દો."

આગંતુક બેન–હર સાથે સાઈપ્રસથી પ્રવાસે જોડાયેલો યહૂદી હતો. શાંત, ગંભીર અને સ્વસ્થ.

ડ્રુસસે પૂછ્યું : “ કોણ છે આ ? ”

“ નામ એનું સમ્બલાત, રહેવાસી રોમનો, ખાસો ધનિક, પરંતુ યહૂદી કૂતરો ! ”

સમ્બલાતે કહ્યું : “ સાંભળ્યું છે કે મેશાલ્લાના નામ પર ઘણી વ્યકિતઓ શરતની બાજી લગાવવા તૈયાર નથી. તેથી હું જાતે અહીં આવ્યો. ”

વાતાવરણમાં એકદમ ગરમી આવી ગઈ. વટનો સવાલ આવ્યો. તો કદાચ પોતાની નેતાગીરી ખતમ થઈ જશે એ ભયે મેશાલ્લાએ સૌથી વધુ કિંમતની શરતની બાજી પર દસ્તખત કર્યા.

રાત્રે આ પ્રચંડ શરતની બાજીની વાત આખા શહેરમાં વીજળીની જેમ પોળે પોળે ફરી વળી. બેન–હરને જયારે સમાચાર મળ્યા કે મેશાલ્લાની બધી જ દોલત હારજીતની આ બાજી પર લગાવવામાં આવી છે ત્યારે તે પહેલી વાર ઘસઘસાટ ઊંઘી ગયો.

★ ★ ★

બપોરના ત્રણ વાગ્યે રથસ્પર્ધા સિવાયના સરકસના કે એરિનાના બધા જ કાર્યક્રમો પૂરા થઈ ગયા. વિશાળ ખેલમેદાનના બધા દરવાજા ઉઘાડી નાખવામાં આવ્યા, છતાં રથદોડમાં રસ લેનારા તો પોતાની જગ્યાએ ચીટકી રહ્યા.

ચાર હટ્ટાકટ્ટા નોકરો સિમોનીડીઝને ખુરસી પર ઊંચકી બેન–હર છ સ્પર્ધકોમાં ડાબી બાજુએ છેલ્લો હતો. દોડ શરૂ થતાં પહેલાં જ તેણે અન્ય હરીફો અને ખાસ કરીને મેશાલ્લા પ્રત્યે એક તીક્ષ્ણ દ્રષ્ટિ

ખેલમેદાનમાં આવ્યા ત્યારે લોકોમાં ખળભળાટ મચી ગયો ; કારણ કે તેની દોલતની વાતો તો આખા દેશમાં મશહૂર હતી.

શેખ ઈલ્દરીમને ઓળખતી જનતાએ તેમનું અભિવાદન કર્યું, પરંતુ તેમની સાથે ચાલનાર બાલ્થાઝાર અને બે પરદાનશીન બાનુઓ વિશે તેઓ તર્કવિતર્ક કરતા રહ્યા.

સમ્બલાતે શેખ પાસે જઈ કહ્યું : " હું હમણાં જ અશ્વોને જોઈ આવ્યો, અને તે ખૂબ સારી હાલતમાં છે."

તુરાઈનો અવાજ સંભળાતાં આમતેમ ઊભેલા પોતાની જગ્યાઓ પર પહોંચી ગયા. બસ તે જ સમયે ચાર નોકરોએ એક ઊંચા પ્લેટફોર્મ પર સાત લાકડી અને સાત માછલી ટાંગી દીધાં.

શેખે બાલ્થાઝારને કહ્યું : " દોડનું પ્રત્યેક વર્તુળ પૂરું થશે તેમ એક લાકડી અને એક માછલી હટાવી લેવામાં આવશે."

બધી તૈયારી પૂરી થઈ જતાં જ રમતના અધ્યક્ષના સંકેતથી તુરાઈ વાગી, લોકો એકદમ શાંત થઈ ગયા, અને અંતિમ નિશાની થતાં જ દોડ શરૂ થઈ ગઈ. ખેલમેદાનના ખૂણે ખૂણે જાણે વીજળી ફરી વળી, અને એકદમ ભારે શોરબકોર થઈ રહ્યો.

ઈરાસે મેશાલ્લાને બતાવી કહ્યું :

" તે આવ્યો છે, જુઓ."

એસ્તરે બેન–હરને જોતાં કહ્યું : " હું તેને જોઉં છું. જે દોરડાથી હરીફાઈનો પ્રારંભ હતો ત્યાં છએ રથો એકસાથે પહોંચી ગયા, અને મેશાલ્લા પળનાયે વિલંબ વિના દીવાલ પાસે ધસી ગયો.

ફેંકી. "

બેન–હરના મનમાં તેનો નિશ્ચય પોલાદ જેવો મજબૂત બની ગયો. ગમે તે કિંમતે, ગમે તે જોખમે, તે પોતાના શત્રુને નીચાજોણું કરાવશે, દાંતે તરણું લેવડાવશે. ઈનામ, મિત્રો, શરત, માન આ બધું જ અત્યારે ગૌણ હતું, છતાં દોડ શરૂ થતાં તે એકદમ શાંત હતો. કોઈ ઉશ્કેરાટ નહિ, કોઈ નસીબમાં વિશ્વાસ નહિ.

દોડ શરૂ થતાં જ બેન–હર જમણી તરફ વળી ગયો. અને તેના આરબોની બધી ઝડપથી, પોતાના સ્પર્ધકોની પાછળ વળી ગયો.

આ રથદોડના આરંભે જ એક દુર્ઘટના બની. મેશાલ્લા અતિ ઝડપથી વળ્યો, અને તેના રથના ચક્ર પર લગાડેલી સિંહમૂર્તિ તેની ડાબી બાજુના હરીફના ઘોડાને અથડાઈ, તે અશ્વ તેની પાસેના અશ્વ સાથે અથડાયો. બંને રથો પણ એકસાથે ઘસડાયા, એક મોટો કડાકો થયો ; ક્રોધ અને ભયની બૂમો અને ચીસો સંભળાઈ, અને તે કમભાગી રથી પોતાના જ અશ્વોની ખરીઓ નીચે દબાઈ ગયો. તેના રથ ઉપરથી બીજા બે રથ પસાર થઈ ગયા.

ભયથી ફિક્કી પડી ગયેલી એસ્તરે આંખો ખોલી ત્યારે મજૂરો અશ્વોને, ભાંગેલા રથને અને બેહોશ રથી ઊઠાવી લઈ જતા હતા. પરંતુ ઓહ ! એકદમ તેણે આંખો પરથી હાથ લઈ લીધા. ઈજા વગરનો બેન–હર આગલી હરોળમાં જ હતો, અને તે રોમન સાથે સરળતાથી રથને આગળ ધપાવતો હતો.

બેન–હર જમણી બાજુ બધાથી આગળ હતો, પરંતુ મેશાલ્લાની ચતુરાઈ જોઈને તે ઘણી સફાઈથી તે ડાબી બાજુ વળી ગયો હતો.

ખેલના મેદાનમાં આ રસાકસી જોઈને હંગામો મચી ગયો, અને દર્શકોની તાળીઓથી આકાશ ગૂંજી ઊઠયું.

મેશાલ્લા અને બેન–હર સાથે જ રથો દોડાવતા બીજા ગોલ સમીપ પહોંચી ગયા. અહીં જે વળાંક હતો એ રથ દોડાવનારાઓ માટે ભારે નાજુક, મુશ્કેલ અને જોખમી ગણાતો હતો. મેદાન પર એકદમ ખામોશી છવાઈ ગઈ, જેથી રથોનાં પૈડાંનો ખડખડાટ સંભળાવા લાગ્યો. ત્યાં જ મેશાલ્લાએ બેન–હરને જોયો અને તેને ઓળખી કાઢયો. એના શરીરનું એકેએક અંગ ઉત્તેજિત થઈ ઊઠયું. તેણે ગર્જના કરી, પોતાની ચાબુક હવામાં ઘુમાવી અને એકદમ ક્રૂરતાથી બેન–હરના અરબી અશ્વો પર વીંઝી.

મેશાલ્લાની વીંઝાતી ચાબુક દરેક દર્શકે આંખે નિહાળી-અને ચારે બાજુ સનસનાટી મચી ગઈ. ખામોશી વધુ ઘેરી બની ગઈ. પછી ક્રોધે ભરાયેલા લોકોના પોકારો સંભળાયા.

ચારે અશ્વો એકસાથે ઊછળ્યા, અને રથ પણ ઊંચકાતો ઘસડાયો. પરંતુ જે મજબૂત હાથોએ વર્ષો સુધી તોફાની સમુદ્રમાં ભારે હલેસાં ચલાવ્યાં હતાં તે હાથ જરાય ડગ્યા નહિ. તેણે ચારે અશ્વોની લગામ વધુ છૂટી મૂકી, અને એણે મુલાયમ સ્વરે અશ્વોને આશ્વાસન આપ્યું, અને જોખમકારી વળાંક પાસે શું કરવું તે સમજાવ્યું.

થોડી જ પળોમાં તેણે તેના રથ ઉપર કાબૂ મેળવી લીધો, અને ફરીથી તે મેશાલ્લા સાથે થઈ ગયો.

રથો ફરીથી ગોલ પાસે વળ્યા ત્યારે એસ્તરે બેન–હરનું મુખ જોયું થોડુંક ઝંખવાયેલું, થોડુંક વધુ ઊંચું છતાં સ્થિર.

ત્રણ ચક્કર પૂરાં થયા. અંદરની બાજુએ મેશાલ્લા હતો. તેની સાથે જ બેન–હર અને પાછળ અન્ય સ્પર્ધકો. આમ ને આમ છઠ્ઠું ચક્કર આવ્યું. દર્શકોનાં હ્રદયો અને આંખો પણ અશ્વો સાથે જ દોડી રહ્યાં હતાં. છઠ્ઠું ચક્કર કોઈ મોટા પરિવર્તન વગર પૂરું થયું. ધીમે ધીમે રથોની ગતિ વધતી જતી હતી. ગરમ ગરમ ખૂનવાળા પ્રતિયોગીઓ અને અશ્વો જાણે કે જાણતા હતા કે હવે જ ખરી કટોકટી– આખરી મુકાબલાની પળ આવી રહી છે. લોકહ્રદયમાં યહૂદી બેન–હર માટે ચિંતા વધતી જતી હતી. બધી બેન્ચો ઉપર દર્શકો નીચા વળ્યા હતા.

મેશાલ્લા પોતાની પૂરેપૂરી શકિત અને ગતિથી રથ દોડાવતો હતો. દર્શકોને લાગ્યું કે તેના અશ્વો ધરતીને જાણે કે ટપી જતા હતા. તેના અશ્વોનાં નસકોરાં ફૂલીને રકતવર્ણા બની ગયાં હતાં. તેમની આંખો ફૂલી ગઈ હતી – અને હજુ તો છઠ્ઠા રાઉન્ડનો માત્ર આરંભ જ હતો. બીજા ગોલ પાસે તેઓ પહોંચ્યા ત્યારે બેન–હરે પોતાના રથને મેશાલ્લાના રથની પાછળ ફેરવ્યો.

મેશાલ્લાના પ્રશંસકોએ આનંદનો ભારે શોરબકોર મચાવી દીધો. તેમણે પોતાના ધ્વજો જોરજોરથી ફરકાવ્યા. વિજયદ્વાર સમીપ બેઠેલો માલૂખ નિરાશ બન્યો. સિમોનીડીઝનું મસ્તક પણ નીચું નમ્યું. ઈલ્દરીમે પોતાની દાઢી ખેંચી. એસ્તરનો તો જાણે શ્વાસ અટકી ગયો. માત્ર એકલી ઈરા ખુશ દેખાઈ.

મેશાલ્લા દીવાલની એકદમ નજદીક હતો, ભયજનક રીતે પાસે હતો, તેઓ ભ્રમણમાં ઝૂમ કરી જોરથી દોડી ગયા ત્યારે એસ્તરે જોયું

કે બેન–હર વધુ ફિક્કો–સફેદ પડી ગયો હતો.

ટોળાંએ બૂમ પાડી : “ બેન–હર ! બેન–હર ! ઝડપ વધાર ; હવે તો આ પાર કે પેલે પાર.”

કદાચ તેણે સાંભળ્યું કે ન સાંભળ્યું, પરંતુ તેની ઝડપ વધી નહિ. હવે તો માત્ર અડધું જ અંતર બાકી હતું, અને હજુ તે પાછળ હતો. બીજો ગોલ આવ્યો અને છતાં પરિસ્થિતિમાં કશો ફેર ન પડયો.

હવે વળાંકે વળવા માટે મેશાલ્લાએ પોતાની ડાબી બાજુના અશ્વોની લગામ ખેંચવા માંડી. એનો ઉત્સાહ આસમાનમાં હતો. માત્ર ૬૦૦ ફૂટ દૂર હતાં કીર્તિ, કલદાર, પ્રગતિ અને વિજય; એવો વિજય જેમાં તિરસ્કારનો ડંખ હોય. બસ એ જ પળે બેન–હર અરબી અશ્વો તરફ આગળ નમ્યો, અને લગામો નીચે મૂકી દીધી. તેના હાથમાં લાંબી ચાબૂક ફરકી, અને તેણે એવો જોરથી અશ્વોની પીઠ પર સબોસબ વીંઝવા માંડી કે તેઓ ભડકયા. તે જ ક્ષણે તેમણે એવી છલાંગ લગાવી કે તેઓ રોમનના રથની લગોલગ આવી ગયા.

મેશાલ્લાનો રથ હવે એક વર્તુળમાં ગોલની આસપાસ દોડતો હતો. તેની આગળ જવા બેન–હરે રસ્તો ઓળંગવો રહ્યો. બધા લોકોએ બેન–હરના પડકારના મહાન જવાબમાં ચારે અશ્વોને મેશાલ્લાના રથના બહારના ચક્ર પાસે છલાંગતા જોયા. બેન–હરના રથના અંદરના ચક્રને રોમનના રથની પાછળ – આ બધું તેમણે જોયું, અને આખા સરકસ–એરીનામાં એક કંપારી ફેલાવી દે તેવો તૂટી પડવાનો–કડાકાનો અવાજ સાંભળ્યો. રોમનના રથની બેઠક જમણી

બાજુ ગબડી પડી, એનાં ચક્રો ફરીથી ધરતી સાથે અથડાતાં બીજો એક જબરજસ્ત કડાકો થયો, અને રથના ભૂકેભૂકા થઈ ગયા. આંખના પલકારામાં જ તો પોતાના અશ્વોની લગામો વચ્ચે ફસાઈ પડેલો મેશાલ્લા જમીન પર ઊંધે માથે તૂટી પડયો.

સિદોનિયનનો પાછળ દોડયો આવતો રથ બાજુએ ખસી શકયો નહિ કે અટકી શકયો નહિ, અને મેશાલ્લાના રથના ભંગાર ઉપર પૂરઝડપે તેનો રથ ધસી ગયો. લોકો બેન્ચો પર ઊભા થઈ ગયા, કૂદકા મારવા અને બૂમો પાડવા લાગ્યા. જેઓએ ધ્યાનથી મેશાલ્લા તરફ જોયું તેઓએ તેને ઘડીમાં રથની નીચે તો ઘડીમાં અશ્વોની નીચે ફંગોળાતો જોયો. તે શાંત થઈ ગયો હતો. તેઓએ તેને મૃત્યુ પામેલો ધાર્યો. પણ અધિકાંશ લોકોની દ્રષ્ટિ તો બેન–હર પર અટકી હતી. કેટલા શાનદાર ઢંગ અને અતુલ શકિતથી તેણે અરબી અશ્વોને પાગલ બનાવી દીધા, કેટલી યુકિતપૂર્વક પોતાનાં ચક્રોની ધરી મેશાલ્લાના રથમાં ઘુમાવી તેને ઉથલાવી દીધો, કેવી રીતે સ્પર્શ, સાદ અને દ્રષ્ટિથી તેણે અશ્વોને પ્રેરણા આપી અને કેવી રીતે પોતાના ધરખમ પ્રતિસ્પર્ધીઓનો અદ્‌ભુત પરાભવ કર્યો, તે જ વાત તેમના મનમાં ઊભરાઈ હતી. બીજા બે રથસવારો તો હજી કેટલેય દૂર હતા, ત્યાં તો બેન–હર લક્ષ્યસ્થાને પહોંચી ગયો. તેણે રેસ જીતી લીધી.

થોડી જ વારમાં વિજયદ્વારથી વિજેતાના જયનાદ ગજાવતું, વિજય સરઘસ નીકળ્યું.

★ ★ ★

ત્રીસ કલાક પહેલાં જે માર્ગે કારવાનો નીકળી ચૂકી હતી, તે જ માર્ગે બેન–હરે શેખ ઇલ્દરીમ સાથે નદી ઓળંગી.

બેન–હરના વિજયથી શેખ બેહદ ખુશમિજાજમાં હતા. એણે તો શાહી રીતરસમ મુજબ વિજેતાને બક્ષિસોથી નવાજવાનું ચાહ્યું પરંતુ કશું પણ લેવાનો બેન–હરે મ ક્કમ ઇન્કાર કર્યો. એ તો એમ જ કહેતો રહ્યો કે દુશ્મનનું નાક કાપી લેવાથી એને આ સંતુષ્ઠ થઈ ગયો હતો.

ત્યાં જ બે સંદેશવાહકો આવ્યા. એક માલૂખ અને બીજો કોઈ અજાણ્યો. માલૂખે પણ પોતાનો ભારે આનંદ વ્યકત કર્યો : " સિમોનીડીઝે મને સૂચના આપવા મોકલ્યો છે કે ખેલ પૂરો થયા પછી કેટલાક રોમનોએ ઈનામની રકમ ન ચૂકવવાનું જાહેર કર્યું."

ઇલ્દરીમે તીણા અવાજે કહ્યું : " તો તો પૂર્વના લોકો રેસ જીતાઈ કે નહિ તેનો ફેંસલો કરશે."

માલૂખ : " ના, ના, શેખ સાહેબ ! રમતોના અધ્યક્ષે પુરસ્કાર રકમ ચૂકવીયે દીધી : જયારે રોમનો શિકાયત કરવા ગયા ત્યારે તેમણે હસીને કહ્યું કે, ' પહેલા વળાંક પર અરબી અશ્વો પર કોણે ચાબૂક વીંઝેલી ? "

ઇલ્દરીમ : " શું મેશાલ્લા બચી ગયો ? "

" હા જી, બચી ગયો, પરંતુ ડોકટરોનો અભિપ્રાય છે કે તે હવે જીવનભર પગ પર ઊભો થઈ શકશે નહિ."

માલૂખ : " સમ્બલાતને પણ શરતના પૈસા ચૂકવવાની રોમનો આનાકાની કરે છે, અને તેનો સાથીદાર ઈનામની રકમ માગવા ગયો તો એને મેજિસ્ટ્રેટ સામે ખડો કરી દીધો."

બેન–હર : " સિમોનીડીઝનો શો અભિપ્રાય છે ? "

" મારા શેઠ તો ખૂબ ખુશ છે. એ તો કહે છે : " રોમનો અદાલતમાં જશે તો તબાહ થઈ જશે ; જો પાછો પડશે તો બદનામ થશે. શાહી કાનૂનથી મેશાલ્લાને પૈસા ચૂકવવા પડશે."

માલૂખ તો ગયો પછી બીજો સંદેશવાહક આવ્યો, ખૂબસૂરત અને ખુશમિજાજ. તે ખૂબ ઝૂકીને અદબથી બોલ્યો : " બાલ્થાઝારની શાહજાદી ઈરાએ આપને વધામણીનો સંદેશો પહોંચાડવા મને મોકલ્યો છે."

ઇલ્દરીમ : " મારા દોસ્તની દીકરી ઘણી ભલી છે. મારી તરફથી એને આ ભેટ, " કહી પોતાની આંગળી પરથી એક મૂલ્યવાન મુદ્રિકા તેને કાઢી આપી.

નવયુવક : " હું જરૂર એમને પહોંચાડી દઈશ ; પરંતુ ઈરાએ મને એક બીજી વાત કહેવા મોકલ્યો છે. તેણે આપને પ્રાર્થના કરી છે, આપ બેન–હરને આવતી કાલે સાંજે ઈડની મહેલમાં મોકલી આપો. ત્યાં એ બેન–હરને મળશે."

શેખે બેન–હર સામે જોયું અને તેની આંખોમાં ચમકતી આનંદની ભીની લાગણી તેમની અનુભવી આંખો પારખી ગઈ.

બેન–હર : " શેખ સાહેબ, મને જવાની અનુમતિ આપો."

ઇલ્દરીમે હસતાં હસતાં કહ્યું : " માણસે પોતાની યુવાનીનો ઉપભોગ તો કરવો જોઈએ."

બેન–હરે સંદેશો લાવનારને કહ્યું : " ઈરાને કહેજો કે આવતી કાલે બપોરે હું તેને મહેલમાં મળીશ."

નવયુવક શાંતિથી સલામ કરી ચાલ્યો ગયો.

★ ★ ★

નવયુવક બેન–હર સહજ અધીરાઈથી ઈડર્ની મહેલમાં સમય પહેલાં પહોંચી ગયો. શેરી પસાર કરી તે દીવાનખંડમાં પ્રવેશ કરવાના ઓરડામાં પહોંચ્યો, ત્યાં તો મહેલના વિશાળ દરવાજા આપોઆપ ધીમે ધીમે ઊઘડી ગયા.

એણે જોયું તો અંદરનો કમરો શાહી સજાવટ પામેલો હતો, છતાં આખો વિશાળ મહેલ સૂનો લાગતો હતો. એ બે–ત્રણ ઓરડામાં જઈ આવ્યો, પણ કોઈ વ્યકિત દેખાઈ નહિ. સમય પસાર કરવો મુશ્કેલ હતો. તેને લાગ્યું કે ઈરા કેમ આવી નહિ ? ધીમે ધીમે તેનામાં શંકા સળવળવા લાગી.

સંદેશવાહક તો મિસરી રાજકુંવરીનો ચાકર હતો, ઈડર્ની મહેલનો જ હતો. ત્યાં જ જે રહસ્યભરી ભેદી રીતે દરવાજા ઊઘડયા હતા તે વાતે તેને યાદ આવી. તે દ્વાર તરફ ગયો. દરવાજાની મજબૂત રોમન સાંકળી ખોલવાનો પ્રયાસ કર્યો, પણ વ્યર્થ. હવે એને ડર લાગ્યો. પલભર તો એ ધ્રૂજી ગયો.

" અંત્યોખમાં એનું ભૂંડું કરનારો કોણ છે ?"

" મેશાલ્લા."

" હા, તો એ હવે કેદમાં હતો. કોણે પૂર્યો ? શા માટે ? શું આ ખરેખર ઘાયલ મેશાલ્લાની શેતાનિયત તો નહીં હોય ?"

તે બેઠો. ચારે તરફ ધ્યાનથી જોયું અને હસ્યો. હા, તેના જેવા

માટે તો દરેક મેજ, દરેક ખુરશી એક હથિયાર બની શકે. એ કોઈ કમજોર આદમી નથી, અને ક્રોધમાં તથા લાચારીમાં તો સાચા ઇન્સાનની તાકાત બેવડાય છે.

"મેશાલ્લા જાતે તો ન આવી શકે. હા, એ કોઈને મોકલી શકે. ફરી એકવાર બેન–હરે તોતિંગ દરવાજો હચમચાવી જોયો."

અરધો કલાક થઈ ગયો. તે રૂમના બીજા છેડે બેઠો હતો, ત્યાં કોઈનાં પગલાંનો અવાજ આવ્યો. "છેવટે ઈરા આવી, તેણે વિચાર્યું, પણ પગલાંનો અવાજ ભારે હતો. એણે એક થાંભલાની પાછળ ઊભા રહી જોયું તો બે માણસોને ગંદી, વિચિત્ર, અજાણી ભાષામાં હસીમજાક કરતા સાંભળ્યા. તે એકેએક વસ્તુને તપાસતા હતા. તેમાંનો એક રોમનો મશહૂર પહેલવાન નોર્થમેન હતો. તેના વિશાળ સ્કંધ, પહાડી બાવડાં, ઘણી લડાઈઓમાં પડેલા ઘાથી વિકરાળ બનેલો ચહેરો–આ બધું જોઈ તેને સામે ઊભેલા ભયની વિકરાળતા સમજાઈ ગઈ.

એ લોકોએ તેને જોયો કે તરત જ નોર્થમેને અજાણ્યાને કશુંક કહ્યું.

બેન–હરે લેટિનમાં પૂછયું : "તમે કોણ છો ?"

નોર્થમેને ક્રૂરતાથી હસતાં કહ્યું : "જંગલી."

બેન–હર : "આ ઈડર્નીનો મહેલ છે. તમે કોને શોધો છો ? જવાબ દો."

નોર્થમેને પૂછયું : "તું કોણ છે ?"

બેન–હર : "રોમન."

રાક્ષસે જોસથી માથું ધુણાવી હસતાં હસતાં કહ્યું :

" હા, હા, હા ! ઈશ્વર પણ કોઈ યહૂદીને રોમન બનાવી શકતો નથી."

બંને વધુ નજીક આવ્યા. બેન–હરે ગર્જના કરી : " થોભો, એક શબ્દ, બોલ." તેઓ ફરી થોભ્યા.

નોર્થમેને તેના હાથ ઉઘાડી છાતી પર મૂકયા અને કહ્યું : " એક શબ્દ બોલ.

બેન–હર : " તમારું નામ થોર્ડ નોર્થમેન છે, અને તમે રોમમાં કુસ્તીના ઉસ્તાદ છો."

નોર્થમેનની લીલી આંખો પહોળી થઈ.

બેન–હર : " હું તમારો શિષ્ય હતો."

નોર્થમેન : " પરંતુ કોઈ યહૂદી કયારેય મારો શિષ્ય નહોતો."

" હું એને સાબિત કરી શકીશ. તમે મને મારવા આવ્યા છો."

" હા, મારવા."

" તો તમારી સાથેના આદમીને કહો કે મારી સાથે એકલો લડી જુએ. હું સાબિત કરી દઈશ કે હું સત્ય કહું છું."

નોર્થમેનનો ચહેરો ચમકયો. તેણે પોતાના સાથીને કશુંક કહ્યું પછી ઝટપટ બાળક જેમ હસીને કહ્યું :

" હું શરૂ કરવાનું કહું ત્યાં સુધી ઊભા રહો."

પગની ઠોકરો લગાવી એણે એક આરામખુરસી સીધી કરી.

પછી પોતાનો વિશાળ દેહ આસ્તેથી તેના પર લંબાવ્યો. પછી તેણે કહ્યું:

" હા, હવે શરૂ કરો."

કશી ઉત્તેજના કે ઉશ્કેરાટ વગર બેન–હર તેના પ્રતિદ્વન્દ્વી સામે ગયો.

તેણે કહ્યું : " બચાવ કર."

બંને એકબીજા સામે ઊભા રહ્યા ત્યારે લાગ્યું કે બંને સગા ભાઈ છે. અજાણ્યાની આંખોમાં આત્મવિશ્વાસની આભા હતી, જ્યારે બેન–હર ઊંડા જળ જેવો બિલકુલ શાંત હતો.

બેન–હરે પોતાના જમણા હાથથી પ્રહાર કરવાનો અભિનય કર્યો. અજાણ્યાએ પોતાનો ડાબો હાથ ઊંચકયો. પરંતુ એ પોતાનો બચાવ કરે તે પહેલાં બેન–હરે એનું કાંડું ભયંકર જોરથી પકડયું. એના હાથ વર્ષોનાં હલેસાં મારવાથી ભયાનક તાકાતવાળા બની ગયા હતા. પ્રતિદ્વન્દ્વીને પ્રહાર કરવાનો સમય પણ ન મળ્યો. બેન–હરે તેને આગળ ધક્કો માર્યો, પોતાનો જમણો હાથ તેની ગરદનમાં ભરાવી તેને નીચે પટકયો, અને પછી તેના ડાબે હાથે તેના કાન નીચે પ્રહાર કર્યો. બીજા એકે પ્રહારની જરૂર ન પડી. અવાજ કર્યા વિના તે માણસ ધરાશાયી થઈ ગયો.

થોર્ડ આશ્ચર્યથી પોતાની સીટ પરથી બેઠો થઈ ગયો :

" વાહ, બહોત ખૂબ. હા, હા, હા !" આટલી સરસ રીતે તો હું પોતે આ દાવ ન લગાવી શકત. તેણે બેન–હરને પગથી માથા લગી નિહાળ્યો, અને પછી પ્રશંસાભરી દ્રષ્ટિથી કહ્યું : " આ તો મારો જ દાવ હતો ; દસ વર્ષ સુધી મેં જે રોમની સ્કૂલોમાં શીખવ્યો હતો."

" તમને ક્વિન્ટસ એરિયસ યાદ હશે."

" ક્વિન્ટસ એરિયસ ? હા, એ તો મારા પેટ્રન હતા. હું એના દીકરાને પણ ઓળખું. એના વિના બીજો કોઈ આ દાવ આવી રીતે ન ખેલી શકે."

" તો હું એરિયસનો પુત્ર છું."

થોર્ડ થોડો વધુ નજીક આવ્યો, અને બેન–હરને ધ્યાનથી નિહાળ્યો. તેની લીલી આંખો સાચા આનંદથી ચમકી રહી.

" હા, હા, હા ! તેણે તો કહ્યું હતું કે, મને અહીં એક યહૂદી મળશે, તેને મારી નાખવાથી દેવોને આનંદ થશે."

બેન–હરે તેનો હાથ પકડી પૂછયું : " કોણે કહ્યું હતું ?"

" મેશાલ્લાએ, બીજા કોણે વળી ? હા, હા, હા ! કાલે રાત્રે બિસ્તરા પર કરાંજતાં તેણે જ મને કહ્યું હતું."

બેન–હરે વિચાર્યું કે તે જો જીવતો રહ્યો છે એમ જાણશે તો એ રોમનનો બચ્ચો કયારેય તેનો પીછો નહિ છોડે. એણે નીચે પડેલા પ્રતિસ્પર્ધી સામે જોયું. ચહેરો સફેદ પડી ગયો હતો. એ તેના જેવો જ દેખાતો હતો.

એણે પૂછયું : " મને મારવા માટે મેશાલ્લાએ તમને કેટલું ઈનામ આપવાનું કહ્યું હતું ?"

" એક હજાર દીનાર."

" એ ઈનામ હું આપીશ, અને જો મારું એક બીજું કામ કરો

તો બીજા ત્રણ હજાર દીનાર આપીશ."

થોર્ડે કહ્યું : "કાલે મને પાંચ હજાર દીનાર મળ્યા. મેશાલ્લાના એક હજાર મળી છ હજાર. જો તું મને ચારને બદલે પાંચ હજાર આપ, તો હું તારે માટે ગમે તે કરીશ. તું કહીશ તો ખાટલે પડેલા મેશાલ્લાને મોતને ઘાટ ઉતારી દઈશ."

બેન–હર હસ્યો : "દસ હજાર દીનાર મળી જાય તો તમે રોમ જઈ ગ્રેટ સરકસ નજીક શરાબની દુકાન ઉઘાડી સુખચેનની જિંદગી ગુજારી શકો, અને એ રકમ મેળવવા તમારે એકે ખૂન નહિ કરવું પડે. એક વાત સાંભળો. ત્યાં જે આદમી પડયો છે તેનો દેખાવ મારા જેવો છે, નહિ ?"

"મને તો લાગે છે કે તમે બંને એક વૃક્ષનાં સફરજન છો. તો એ કેવું રહેશે કે હું એનાં કપડાં પહેરી લઉં અને એને મારાં કપડાં પહેરાવી દઉં. પછી એને અહીં છોડી, આપણે બંને જતા રહીએ. મેશાલ્લાનું ઈનામ તમને મળી જશે; બસ, તમારે એટલું કહેવાનું કે, બેન–હરને મારી નાખ્યો છે."

થોર્ડ એટલા જોરથી હસ્યો કે તેની આંખમાં પાણી આવી ગયાં.

"હા, હા, હા ! દસ હજાર દીનાર આટલી સહેલાઈથી કદી જિતાયા નહોતા. થોડું જૂઠું બોલવું પડશે, બસ. હા, હા, હા ! પણ એક શરત : રોમ આવે ત્યારે તારે મારી જ દુકાનેથી શરાબ લેવો પડશે. હું તને સર્વોત્તમ આપવાનો. ખુદા તારી મદદ કરે."

રાત્રે બેન–હરે સિમોનીડીઝને ઈડર્ની મહેલમાં બનેલી બધી જ ઘટનાઓથી વાકેફ કર્યા. ઠરાવવામાં આવ્યું કે બેન–હરનો પત્તો

નથી એવું જાહેર કરવું, સાર્વજનિક તપાસ કરાવવી, ગવર્નર પાસે પણ ફરિયાદ કરવી. રાજ કશું નહિ કરે તો મેશાલ્લા અને ગ્રેટસ બંને ખુશ થઈ જશે, અને બેન–હર ખોવાયેલાંની ખોજમાં યરુશાલેમ જઈ શકશે.

બીજે દિવસે પિતાની જેમ સિમોનીડીઝે બેન–હરને વિદાય આપી. એસ્તર છેક છેલ્લાં પગથિયાં સુધી નીચે ગઈ.

બેન–હર : "જો મને મારી મા મળી ગઈ, તો તારે યરુશાલેમ આવવું પડશે, અને તિર્ઝાની બહેન બની રહેવું પડશે."

આ શબ્દો કહી તેણે તેને ચુંબન કર્યું. નદીપાર પહોંચતાં જ ઈલ્ડરીમનો માણસ મળ્યો અને કહ્યું : "આ ઘોડો આપનો છે."

બેન–હરે જોયું કે એ તો વૃદ્ધ શેખનો સૌથી પ્રિય અશ્વ આલ્દેબારાન હતો. બેન–હરને લાગ્યું કે શેખે માત્ર બક્ષિસ નથી આપી, હૃદય તોડી આપ્યું છે.

મહેલમાં પડેલા શબને દફનાવી દઈ મેશાલ્લાએ ગ્રેટસને બેન–હરના મોતનો સંદેશો મોકલ્યો.

થોડા જ દિવસોમાં રોમમાં સરકસ મેક્સિમસ પાસે શરાબની એક નવી દુકાન ખૂલી, જેના પર લખ્યું હતું :

"થોર્ડ નોર્થમેન."

# છઠ્ઠો ખંડ

બેન–હર શેખ ઈલ્દરીમ સાથે અંત્યોખથી રણમાં નીકળ્યો. તે વાતને ત્રીસ દિવસ વીતી ગયા હતા. રાજ્યવહીવટમાં એક મોટું પરિવર્તન થયું હતું, એટલે વેલેરિયસ ગ્રેટસને સ્થાને પોંતિયસ પિલાતની નિમણૂક થઈ હતી.

થોડા જ સમયમાં યહૂદીઓને લાગ્યું કે એ પરિવર્તન વધુ સારું નહોતું તેમ છતાં, ક્યારેક ભૂંડામાં ભૂંડી વ્યક્તિઓ પણ ક્યારેક ભલાં કામ કરી બેસે છે, તેવું જ પિલાતના સંબંધમાં બન્યું.

શાસનધુરા સંભાળતાં જ તેણે યહૂદિયાનાં બધાં કેદખાનાંનું નિરીક્ષણ કરવાનો, જેલમાં પુરાયેલાંની સૂચિ તૈયાર કરવાનો, જેલકેદીઓના અપરાધોનું વિવરણ કરવાનો આદેશ આપ્યો. પ્રાપ્ત થયેલું વિવરણ આશ્ચર્યમાં ડુબાડી દે તેવું હતું. જેના વિરુદ્ધ કોઈ જ ફરિયાદો નહોતી તેવી સેંકડો વ્યક્તિઓ વિનાકારણ જેલમાં સબડતી હતી, તેમની તાત્કાલિક મુક્તિના હુકમ અપાયા. કેટલાંક ક્યારનાંયે મૃત્યુ પામેલાં મનાતાં હતાં તેમના જીવતા હોવાના અહેવાલ મળ્યા.

યરુશાલેમના એન્ટોનિયા ટાવરમાં પુરાયેલી વ્યકિતઓની તપાસના સવિસ્તાર હેવાલ પણ મળ્યા.

નવા ગવર્નરના હુકમ અનુસાર ઝટપટ બધી ફાઈલોનો નિકાલ કરવામાં આવ્યો. છેલ્લી કમનસીબ વ્યકિતનો હેવાલ મળ્યે બે દિવસ થઈ ગયા હતા. માત્ર પાંચ જ મિનિટમાં ગવર્નર પિલાત પાસે આખું સ્ટેટમેન્ટ પહોંચી જવાનું હતું.

દિવસને સાતમે કલાકે સરદારની ઓફિસમાં જેલના સંચાલક દાખલ થયા.

" ગેસિયસ, અંદર આવો." સરદારે કહ્યું.

ગેસિયસ સરદારના મેજ પાસે પહોંચ્યો, ત્યારે તેના મુખ પર આશંકા અને ભય છવાઈ ગયાં હતાં.

"સરદાર, જે ખબર હું આપવાનો છું તે આપતાં મને ડર લાગે છે."

" ગેસિયસ, શું કોઈ બીજી ભૂલ થઈ છે ?"

" જો ભૂલ હોત તો તો... " તેણે પોતાના ઝભ્ભાના ખિસ્સામાંથી ત્રણ નકશા કાઢયા. ત્રણે ઘણો સમય વીત્યાને લીધે પીળા પડી ગયા હતા. તેણે તે નકશા મેજ પર ફેલાવ્યા. તેણે કહ્યું :

" આઠ વર્ષ પહેલાં મને વેલેરિયસ ગ્રેટસે કેદીઓનો દરવાન બનાવ્યો હતો ત્યારે આ નકશા મને આપવામાં આવ્યા હતા. મેં ચાર્જ લીધો તેના આગલા દિવસે યરુશાલેમમાં મોટું હુલ્લડ થયું હતું. "

| રસ્તો | | | | |
|---|---|---|---|---|
| ૫ | ૪ | ૩ | ૨ | ૧ |

તેણે કહ્યું : " ગ્રેટસે મને કહ્યું હતું : ' પાંચમી ઓરડીમાં જેમણે રાજયનું એક રહસ્ય ચોર્યું હતું તેવી ત્રણ ખતરનાક વ્યકિતઓ છે. તે અંધ છે, બોબડી છે, અને આજીવન કેદની સજા પામેલી છે. તેમની કોટડીનો દરવાજો કયારેય ઉઘાડવાનો નથી, ભલે તેઓ ત્યાં જ મરી જાય. એ કોટડી જ ભલે એમની કબર બને. ઉપરાંત એ કોટડી કોઢ થાય તેવી ચેપી છે. એક નાની ડોકાબારીમાંથી એમને ખોરાક કે પાણી આપજે. " આમ કહી તેણે મને ચાવીઓ આપી હતી.

નામદાર ગવર્નરના આદેશ અનુસાર મેં ગઈકાલે બધી કોટડીઓની મુલાકાત લીધી. પાંચમા નંબરની કોટડીના દરવાજા એટલા ખવાઈ ગયા હતા કે અમે જરા હલાવ્યા કે તૂટી પડયા. કોટડીમાં માત્ર એક માણસ હતો : ઘરડો, આંધળો, બોબડો અને વસ્ત્ર વગરનો. બીજા બેને શોધવા અમે કોટડીની તલાશી લીધી, પણ ત્યાં હાડકાં પણ નહોતાં.....

આશ્ચર્યમાં પડી ગયેલા સરદારે વાત આગળ ચલાવવાનો ઈશારો કર્યો.

" તું શું ધારે છે ? "

" એ કોટડીમાં છેલ્લાં આઠ વર્ષથી માત્ર એક જ માણસ છે. મેં

શું કર્યું જાણો છો ? મેં તેને નવડાવ્યો, વાળ કપાવી આપ્યા, વસ્ત્રો આપ્યાં અને જવા દીધો. આજે તે પાછો આવ્યો છે, અને આંસુભરી આંખે નિશાનીઓ વડે મને તેની કોટડીમાં પાછો લઈ જવા ઈચ્છા બતાવી. મેં તેવો હુકમ કર્યો. પરંતુ તેણે તો હું પણ સાથે આવું એવો આગ્રહ રાખ્યો."

આ પળે તો આખી ટુકડી શાંત અને સ્તબ્ધ બની ગઈ.

જેલના રખેવાળે કહ્યું : "આ નકશો સાચો નકશો નથી. એમાં માત્ર પાંચ કોટડીઓ બતાવેલી છે, પણ છે છ કોટડીઓ."

"તું છ કહે છે ?"

ત્યારે રખેવાળે એક બીજો નકશો દોરી સરદારને આપ્યો.

| | | | | |
|---|---|---|---|---|
| રસ્તો | | | | |
| ૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૬ | | | | |

"જ્યારે અમે કોટડીમાં બીજી વાર પેઠા ત્યારે કેદી અમને દીવાલના એક કાણા પાસે લઈ ગયો. તેણે પોતાનું મોં કાણા પાસે લઈ જઈ પશુ જેવી ચીસ પાડી. તરત જ નીચેથી એક ધીમો અવાજ આવ્યો. મેં તેને પાછો ખેંચી લીધો અને બૂમ પાડી : 'ત્યાં કોણ છે ? અને ધીમા શબ્દો સંભળાયા : 'હે યહોવાહ, તારી સ્તુતિ થાઓ.' એ એક

સ્ત્રીનો અવાજ હતો. મેં ફરી પૂછયું ‘ તું કોણ છે ? અવાજ આવ્યો : ‘ ઈસ્ત્રાયેલની એક સ્ત્રી પોતાની દીકરી સાથે આ કબરમાં દટાયેલી છે. અમને જલદી બહાર કાઢો, નહિ તો અમે મરી જઈશું. આ સાંભળી એમને થોડી વાટ જોવાનું કહી હું આપની ઈચ્છા જાણવા અહીં દોડી આવ્યો."

સરદાર તરત જ ઊભો થઈ ગયો :

" ગેસિયસ, તેં સરસ કામ કર્યું. ચાલો, આપણે જઈને તે સ્ત્રીઓને છોડાવીએ."

ગેસિયસ ખુશ થયો : " પરંતુ આપણે દીવાલ તોડવી પડશે. દરવાજો પણ મજબૂત પથ્થરોથી સખત રીતે બંધ કરી દેવાયેલો છે."

સરદારે એક સૈનિકને કહ્યું : " તાત્કાલિક ઓજારો સાથે કારીગરોને મારી પાછળ મોકલ!"

★ ★ ★

આઠ વર્ષ પહેલાં કબર જેવી કાળકોટડીમાં પુરાયેલી એ સ્ત્રીઓ હતી બેન–હરની મા અને બહેન. પહેલાં તો ગ્રેટસે તેમને મારી નાંખવાનું વિચારેલું, પણ પછી આ છઠ્ઠા નંબરની કોટડીમાં આજીવન કેદમાં પૂરવાનું નક્કી કર્યું, એવી કેદ કે જેની કોઈને કદી કશી માહિતી ન મળે. ઉપરાંત કોટડીમાં કોઢના કીટાણું હતા, એનાથી પણ મોત આવે. આવી કોટડીઓમાં કેદીને ધકેલી દઈ ઉપર દીવાલ ચણી લેવામાં આવતી. ગ્રેટસે ઈરાદાપૂર્વક પાંચ નંબરની કોટડીના કેદીને બોબડો બનાવી દીધો હતો કે, કોઈને બેન–હરની મા–બહેન ધરતીમાં કયાં દટાઈ ગયાં તેની માહિતી ન મળે, અને તે અને મેશાલ્લા

બેન–હરના પિતાની બધી જાયદાદ હડપ કરી લે.

બંને સ્ત્રીઓ એક નાના બાકોરા પાસે હતી. એક બેઠી હતી અને બીજી તેના પર અરધી ઢળેલી હતી. બંને વસ્ત્રહીન હતી. તેમના વાળ લાંબા, ઓળાયા વગરના અને સફેદ થઈ ગયા હતા. ગઈ કાલથી તે ભૂખી અને તરસી હતી.

" તિર્જા દીકરી, શાંત થઈ જા. તેઓ આવશે. પરમેશ્વર મહાન છે. આપણે પ્રાર્થના કરવાનું ભૂલી ગયાં નથી. કોઈક તો જરૂર આવશે. '

તિર્જાની કિશોરવયમાં બીજાં ૮ વર્ષ ઉમેરાતાં તે હવે બાળક ન હતી. " હું હિંમત તો રાખું છું, મા પણ મારી જીભ પાણી વગર બળે છે, મારા હોઠ સૂકાભટ થઈ ગયા છે. મારો ભાઈ કયાં હશે ? એ કદી આપણને શોધી કાઢશે કે કેમ ?" તેણે પોતાના હાથ ઉછાળ્યા અને ફરી કરુણ નિસાસો નાખ્યો :

" પાણી, પાણી, મા, એક ટીપું તો આપો."

તેની મા કરુણ નિઃસહાયતામાં આમતેમ જુએ છે. " તિર્જા, દીકરી, થોડી ધીરજ રાખ, તેઓ લગભગ આવી પહોંચ્યા છે.

ત્યાં જ ભારે અવાજ સાથે પાસેની દીવાલ તૂટી, પથ્થરો પડયા, થોડો પ્રકાશ આવ્યો, અને પેલા કેદીની પરિચિત પશુ જેવી ચીસ પાસેથી જ પડઘાઈ. તિર્જાએ પણ તે સાંભળી, અને બંને ઊભાં થઈ ગયાં.

" યહોવાહ, સદા સ્તુતિપાત્ર હો, " માતાએ પ્રાર્થના કરી.

ત્યાં જ દરવાજો તૂટયો, એક વ્યકિત અંદર આવી. પછી તો કેટલાય મશાલો સાથે અંદર આવ્યા.

બંને સ્ત્રીઓ શરમ અને પીડાથી કોટડીના અંદરના ભાગમાં છુપાઈ ગઈ. સરદાર હતો ત્યાં જ ઊભો રહી ગયો. છુપાવાની અતિ સાંકડી જગામાંથી સરદારે આ ભારે પીડાજનક, અતિ ભયંકર અને અત્યંત નિરાશાથી ભરપૂર આ શબ્દો સાંભળ્યા : " અમારી પાસે આવો મા ; અમે અશુદ્ધ છીએ."

મા અને દીકરી બંને કોઢિયાં બની ગયાં હતાં. બંને કરુણ, હૃદયદ્રાવક ચીસો પાડી રડવા લાગ્યાં.

સરદારે ફરી પૂછ્યું : " તમે કોણ છો ?"

" અમે ભૂખ અને તરસથી મરી જતી બે સ્ત્રીઓ છીએ. અમે અશુદ્ધ છીએ. કૃપા કરી પાસે ન આવશો કે આ દીવાલોને પણ અડકશો નહિ."

" મને તમારી વાત કહો. તમે કોણ છો ? કોણે તમને અહીં પૂર્યાં ? શા માટે ?"

બંનેએ પોતાની દર્દભરી દાસ્તાન, પોતાનો કરુણ કમનસીબ ઈતિહાસ સંભળાવ્યાં.

બધું બયાન લખી લઈ કાગળો વાળી સરદારે કહ્યું : " બાઈ, તને બધી રાહત મળશે. હું હમણાં જ તમને ખોરાક અને પાણી મોકલાવું છું.

" ઓ ઉદાર રોમન, મહેરબાની કરી વસ્ત્રો અને શુદ્ધ કરનારું

પાણી પણ મોકલજો."

" તમે કહો છો તેમ જ."

" ઈશ્વર કૃપાળુ છે. તેની શાંતિ તમારી સાથે હો."

" હું તને ફરી જોઈ શકીશ નહિ. તમને બંનેને સાંજે ટાવરના દરવાજા પાસે છોડી દેવામાં આવશે. તું કાયદો જાણે છે."

પછી તરત જ કેટલાક ગુલામો પાણી, સ્ત્રીઓનાં વસ્ત્રો, થોડો ખોરાક લઈ આવ્યા. અરધી રાતે રોમન સરદારે સિપાઈઓ સાથે આવી તેમને છોડી મૂકયાં.

બંનેએ શેરીમાંથી આકાશ સામે, ઊંચા ઊંચા તારાઓ સામે જોયું અને પોતાને પૂછયું :

" હવે શું ? કયાં જવું ? "

★ ★ ★

એન્ટોનિયાના ટાવરમાં દરવાન ગેસિયસ જયારે સરદાર સમક્ષ પોતાની કેફિયત રજૂ કરી રહ્યો, બસ, એ જ સમયે એક યુવક જૈતુન પર્વતનું પૂર્વી ચઢાણ ચઢતો હતો. રસ્તો ખડકાળ અને ધૂળિયો હતો. ગરમીની ઋતુ હોવાથી પર્વતના ઢોળાવ પર કશી લીલોતરી નહોતી. તે ડાબી અને જમણી બાજુ જોતો ઉપર ચઢતો હતો. તેના મનમાં ખુશી અને આશંકાનાં મોજાં ખળભળતાં હતા. થાકની પરવા કર્યા વિના તેણે પોતાની ગતિ તેજ કરી, અને શિખર પર આવતાં જ તે એકદમ થોભ્યો. શહેર દેખાતાં જ તેના ગાલો પર લાલી દોડી આવી. તેનો શ્વાસ ઝડપી બન્યો.

યુવક હતો બેન–હર અને શહેર હતું યરુશાલેમ.

તે એક શિલા પર બેઠો, અને સફેદ રૂમાલથી કપાળ લૂછતો નિરાંતથી નીચે જોવા લાગ્યો. સૂર્ય પોતાના ભ્રમણમાં નીચે ઝૂકતો હતો. ચારે તરફ છવાયેલી ખામોશીમાં એનું ધ્યાન પોતાના ઘર અને કુટુંબ તરફ વળ્યું. દૂર દૂર એના પિતાનું મકાન હતું. હવે એ હશે કે કેમ ?

તરત જ એને પોતાનું કર્તવ્ય યાદ આવ્યું. નવા આવનાર યહૂદી રાજાની સેવા અને મા અને બહેનની શોધ એ જ તો તેની ફરજ હતી. શા માટે એ શોધ શરૂ ન કરી દે ? મેશાલ્લા અપંગ બની ગયો હતો, ગ્રેટસની બદલી થવાથી તે કશું કરી શકે તેમ નહોતો. તે પોતાનાં સ્વજનોને શોધી કાઢશે અને પછી માત્ર રાજાની સેવામાં જાતને હોમી દેશે.

સિમોનીડીઝે એને બતાવ્યું હતું કે એની મિસરી સેવિકા અમરાહ હજી જીવિત છે. એ જ તો કદાચ એ વિશાળ ભવનની દેખભાળ કરતી હશે. એને ખબર નહોતી કે લોકો એને ભૂતિયું મકાન કહેતા હતા. એની પાસે આવતાં જ કાનફૂસિયાં કરવા લાગતા. આ કશું એ જાણતો નહોતો. તેથી તે સૌથી પહેલાં ઘેર જશે અને અમરાહને મળશે.

જયારે બેન–હર દક્ષિણ દિશામાં લઈ જતી સાંકડી ગલીમાં પેઠો ત્યારે અંધારું થઈ ગયું હતું. જે કેટલાક લોકો તેને મળ્યા તેમણે તેને સલામ કરી. પરંતુ પરિસ્થિતિની એકલતા, રાત્રિની નીરવતાએ તેની લાગણીઓને ખળભળાવી બેચેની વધારી દીધી. એન્ટોનિયાના

શ્યામ અને ભયાવહ ટાવરની સામે આવેલી શેરીમાં તે દાખલ થયો, અને પશ્ચિમ તરફ વળ્યો. એકદમ પૂર્વી આભ પ્રકાશવા અને ચાંદીની જેમ ચમકવા લાગ્યું.

અંતે તે તેના પિતાના મહેલે આવી પહોંચ્યો. પુરાણા સમયની નાનકડી બહેન સાથેનાં તોફાન–મસ્તી અને માતાનાં લાડકોડ આકાશના તારાની જેમ ચમકવા લાગયાં.

જૂના ઘરની ઉત્તર દિશા પાસેના દરવાજે તે થોભ્યો–હજુ પણ સીલ કરવા લગાડેલું મીણ ખૂણામાં દેખાતું હતું, અને દરવાજા પર આ તકતી લગાડેલી હતી :

'સમ્રાટની સંપત્તિ

એ ભયાનક દિવસ પછી ત્રણમાંથી કોઈ તેમાં ગયું નહોતું કે બહાર આવ્યું નહોતું. શું તે ભૂતકાળની જેમ ખખડાવે ? તે જાણતો હતો જ છતાં તેણે એક પથ્થર લીધો. વિશાળ પગથિયાં ચઢી ત્રણ વાર બારણું ઠોકયું. માત્ર પડઘા સંભળાયા. શાંતિ તો ઉપહાસ કરતી હતી. અમરાહની કોઈ નિશાની જણાઈ નહિ. કોઈ આત્મા ત્યાં જણાયો નહિ.

ફરી તે શેરીમાં પાછો ગયો, અને બારીઓને તાકી રહ્યો ; પણ તેયે જીવંત નહોતી. ખામોશીથી તે દક્ષિણ તરફ વળ્યો. ત્યાં પણ દરવાજે સીલ હતું અને 'સમ્રાટની સંપત્તિ એ શબ્દ ઉપર ઑગસ્ટનો સફેદ ચંદ્ર પ્રકાશ નાખતો હતો. તેણે વાંચ્યું અને ક્રોધથી સળગી ગયો. તેણે પાટિયું ખીલા સાથે ખેંચી કાઢ્યું અને પાસે વહેતી નીકમાં ફેંકી દીધું. તે પગથિયાં પર બેઠો અને નવા રાજાના આગમન માટે

આતુરતાથી પ્રાર્થના કરી. એનું લોહી શાંત પડયું. ઉનાળાની લાંબી મુસાફરીના થાકે પણ નશાની જેમ પોતાનું કામ કર્યું, અને તે ઘસઘસાટ ઊંઘી ગયો.

બસ, એ જ સમયે બે સ્ત્રીઓ ટાવરની દિશામાંથી શેરીમાં દાખલ થઈ. ચૂપકીથી તે આગળ વધી–ધીમે બીકણ ડગલે, અને કશુંક સાંભળવા માટે વારે વારે થોભતી.

ખૂણા પાસે એકે બીજીને ધીમા અવાજે કહ્યું, " તિર્જા, આ જ એ છે."

એક દ્રષ્ટિપાત કર્યા પછી તિર્જાએ માતાનો હાથ પકડી લીધો, અને તેના પર ઢળી પડી કરુણ મૌન રુદન કરી રહી.

" આપણે આગળ જતાં રહીએ, બેટા, કારણ કે સવાર પડશે તો તેઓ આપણને શહેરની બહાર હાંકી કાઢશે–કદી પાછા ન ફરવા માટે."

" ઓહ, હું ભૂલી, મા, મને તો હતું કે આપણે ઘરે જઈએ ; પરંતુ આપણે તો કોઢિયાં, મરી ગયેલાં, આપણું ઘર ન હોય. " ડૂસકાં ખાતી ખાતી તે બોલી.

માએ નીચા નમી કોમળતાથી તેને ઊભી કરી અને કહ્યું : " આપણને કોઈની બીક નથી ; ચાલ, જઈએ." ભૂતની જેમ તે બંને દરવાજા પાસે આવી, અને ત્યાં મૂકેલું પાટિયું વાંચવા લાગી– 'સમ્રાટની સંપત્તિ.

તેઓ ચંદ્રપ્રકાશથી દૂર ભાગતી, ચોરપગલે ડગલાં માંડતી,

બારીઓ તરફ, બારણા તરફ જોવા લાગી. તેમની આંસુભરી આંખોમાં, સુકાઈ ગયેલા હાથોમાં, ડગમગતી ધીમી ચાલમાં માત્ર વેદના જ ઊભરાતી હતી; બીજું કશું જ નહિ. તેમની આંખોની ભમરો પણ સફેદ થઈ ગઈ હતી. કોણ મા ને કોણ દીકરી તે કહેવું મુશ્કેલ હતું. બંને એકસરખી વૃદ્ધ ને દયાપાત્ર દેખાતી હતી.

"આવતી કાલે આપણે રસ્તાની બાજુ પર બેસી ભીખ માંગવી પડશે."

"તો, તો મરવું સારું ; ચાલ, મા, મરી જઈએ."

"ના, ના, ઈશ્વરે બધાને માટે સમયો ઠરાવ્યા છે. આપણે તો અત્યારે પણ, આ હાલતમાં પણ, એની જ ઇચ્છાને અનુસરવી જોઈએ."

તિર્જાનો હાથ પકડી તેની મા મકાનની પશ્ચિમ દિશા તરફ દીવાલે દીવાલે આગળ વધી. ત્યાં જ મા એકદમ અટકી ગઈ અને બોલી:

"ઊભી રહે, સીડી પર કોઈ માણસ પડેલો છે. ચાલ, આપણે તેને જોઈએ."

શેરીની સામેની દિશા તરફ ઝડપથી રસ્તો ઓળંગી પહોંચી જઈ તે છાંયામાં ઊભી ઊભી તે પડેલા માણસને જોવા લાગી.

માએ કહ્યું : "તું અહીં ઊભી રહે, અને હું દરવાજો ઉઘાડી જોઉં."

મા અવાજ કર્યા વગર ડોકાબારી તરફ ગઈ. તે ઊઘડશે કે નહિ

એ તે જાણતી નહોતી. પણ તે જ પળે પેલા માણસે પોતાના માથા પરનો હાથરૂમાલ માથા પરથી એવી રીતે ખસેડયો કે ઉજ્જ્વળ ચંદ્રપ્રકાશમાં તેનું મોં સ્પષ્ટ દેખાયું. માએ જોયું અને ચમકી ઊઠી, ફરીથી જોયું અને ઊભી થઈ. પોતાના એક હાથથી બીજો હાથ પકડી લીધો.

તે જ ક્ષણે તેણે આકાશ તરફ પોતાની આંખો ઊંચી કરી અને તિર્જા તરફ દોડી ગઈ :

" ઈશ્વર જીવે છે. એ માણસ મારો દીકરો અને તારો ભાઈ છે."

" મારો ભાઈ જુડાસ ?"

" ચાલ, આપણે ફરી એકવાર તેને જોઈએ, માત્ર એક જ વાર."

પછી હાથમાં હાથ પરોવી પ્રેત જેવી ઝડપથી, પ્રેત જેવી શાંતિથી બંનેએ શેરી ઓળંગી. એમનો પડછાયો એના ઉપર પડયો ત્યારે તે થોભી. તિર્જા પોતાના ઘૂંટણ પર પડી અને માએ રોકી ન હોત તો ભાઈને ચૂમી લેત.

" તારા જીવને ખાતર પણ નહિ ! આપણે અશુદ્ધ છીએ, અશુદ્ધ."

તિર્જા ઝડપથી ત્યાંથી ખસી ગઈ. ભાઈ કેટલો મજબૂત અને ખૂબસૂરત જણાતો હતો, છતાં એ બહેન હોવા છતાં તેને મળી શકતી નહોતી, ભેટી શકતી નહોતી. અને મા ? માના હૃદયમાં આટલાં વર્ષે કિશોરમાંથી જુવાન બનેલાં, ફરી કદી જોવા નહિ મળે તેવી સ્થિતિમાં

વિખૂટા પડેલા દીકરાને, અચાનક પાછો જોઈ શુંનું શું થયું હશે ? એ તો માત્ર મા જ કહી શકે.

તે હલ્યો, હાથ ઊંચો કર્યો અને બબડયો : " મા, અમરાહ ! કયાં છે..... ? "

માએ ધૂળમાં મોં છુપાવી દીધું. હૃદય ફાટી પડે તેવું ધ્રૂસ્કું તે દબાવી દેવા ચાહતી હતી. તે ભુલાઈ ગઈ નહોતી. દીકરાના હૃદયમાં જ હતી.

ફરી એકવાર દ્રષ્ટિપાત કરી લીધો, જાણે કે તેનું મોં હૃદયમાં સંઘરી લેતું ન હોય ! અને હાથમાં હાથ રાખી તેમણે શેરી ઓળંગી. દીવાલની આડશે તે ઘૂંટણે પડી. ત્યાં જ બીજી એક સ્ત્રી મહેલના એક ખૂણામાં દેખાઈ. સીડી પર પડેલા માણસને જોઈ એકદમ ચમકીને ઊભી રહી. બંને સ્ત્રીઓએ જોયું કે તે સ્ત્રી એકદમ નીચી નમી. જાગી ગયેલા બેન–હરની આંખો તે સ્ત્રીની આંખોમાં પરોવાઈ.

" અમરાહ ! અમરાહ ! એ શું તું છે ? " ગુલામ સ્ત્રી શબ્દોમાં કોઈ ઉત્તર આપી ન શકી, પરંતુ તેની ડોકને વળગી આનંદથી છલકાતા હૃદયે રડવા લાગી. ધીમેથી બેન–હરે અમરાહના હાથ ઊઠાવ્યા અને તેને ચુંબન કર્યું, તિર્જા અને તેની માએ જતાં જતાં સાંભળ્યું :

" અમરાહ ! અમરાહ ! મા અને તિર્જા કયાં છે તે ? મને એમના વિશે કહે. "

અમરાહ ફરી રડી પડી. તિર્જા જરાક ફરી, પણ માએ તેને પકડી લીધી.

દરવાજાને ખુલ્લો જોઈ બેન–હર બોલ્યો : " શું તું અંદર જઈ રહી છે ? ચાલ, હું પણ તારી સાથે આવીશ."

તે ઊભો થઈ ગયો.

" રોમનો તો જૂઠું બોલ્યા હતા. મકાન તો મારું છે, ચાલ, અમરાહ, અંદર જઈએ."

શેરીમાં બહાર ઊભેલાં બંને દરવાજાને બંધ થતો જોઈ રહ્યાં. એ જ દરવાજો જેમાં તે કદી પુનઃપ્રવેશ પામી શકશે નહિ.

તેમણે ફરજ બજાવી હતી.

તેમનો પ્રેમ પુરવાર થયો હતો. બીજે દિવસે સવારે લોકોએ તેમને શોધી કાઢયાં, અને પથ્થરે મારી શહેર બહાર હાંકી કાઢયાં.

★ ★ ★

શહેરના દક્ષિણ–પૂર્વ કિનારા પર પહાડોમાં એક કબરસ્તાન હતું. અહીં જ કોઢિયાંઓની વસાહત હતી–અલગ સમાજ, અલગ જીવન.

બીજે દિવસે અમરાહ એન–રોગેલ નામક એક કૂવાની પાસે શિલા પર બેઠી હતી. તેના હાથમાં એક કૂજો અને એક સફેદ નેપકીનથી ઢંકાયેલી ટોપલી હતી.

બેન–હરને માલિકપત્ની અને તિર્ઝા અંગે અમરાહને કશું કહેવાનું નહોતું. બેન–હરે તેને પોતાની સાથે આવવાનું કહ્યું, પણ તેણે ના પાડી. ઊલટું તેણે તો બેન–હર બચપણમાં જ ઓરડામાં રહેતો હતો ત્યાં જ તે રહે એવો આગ્રહ કર્યો. પરંતુ ત્યાં રહેવાથી તો

ઉઘાડા પડી પકડાઈ જવાનો ડર હતો. તેથી તેણે અમરાહને આશ્વાસન આપ્યું કે તે અવારનવાર રાત્રે આવી, અમરાહને મળી, રાત્રે જ પાછો ચાલ્યો જશે.

બજારમાં તેણે રહસ્યભરી, રોમાંચભરી વાતો સાંભળી. કહેનાર તે કિલ્લાની જેલમાં સરદારને મશાલ બતાવનાર માણસ હતો. તેણે ત્યાં શું શું બન્યું તેની પૂરી માહિતી આપી, અને વાતમાં ને વાતમાં મા–દીકરીનાં નામ પણ આપ્યાં.

સ્વપ્ન જોતી હોય તેમ અમરાહે બધી વાતો સાંભળી. તેની ખુશી બેસુમાર હતી. બેન–હરને મા–બહેન જીવે છે આ સાંભળી કેટલો આંનદ થશે, પરંતુ તે કોઢિયાં બની ગયાં છે જાણી કેટલું દુઃખ થશે ! આ વાત ન કહેવાનો તેણે નિશ્ચય કર્યો.

આથી જ તે કૂવા પાસે આવી હતી, જ્યાં ભિખારી કોઢિયાં આવતાં અને ભીખ માંગતાં. શિલા પર બેઠી બેઠી તે દરેકને તાકીને જોતી, ત્યાં જ બે ધીમે ધીમે ચાલતી સ્ત્રીઓ આવી. એક દુર્બળ સ્ત્રી બીજીને સહારે ડગ માંડતી હતી. બંને વૃદ્ધ, સફેદ વાળવાળી દેખાતી હતી, પરંતુ તેમનાં વસ્ત્રો ફાટેલાં નહોતાં, અને તે અજાણી હોય એમ ચારે તરફ જોતી હતી.

ત્યાં જ એક કુષ્ટરોગી સ્ત્રી બોલી : " અમરાહ !"

મિસરી સ્ત્રીના હાથમાંથી કૂજો પડી ગયો. મારી માલકણ તો કેટલી સુંદર હતી ! જ્યારે આ બે તો કેટલી બેડોળ અને ઘરડી લાગે છે !

અમરાહનું અંગેઅંગ કાંપી ઊઠયું. તેણે પૂછયું : " કોણે મને

બોલાવી ?"

"અમરાહ !"

"કોણ છો તમે ?" તેણે ચીસ પાડી.

"તું જેને શોધે છે તે અમે છીએ."

અમરાહ પોતાના ઘૂંટણો પર પડી : "માલકિન, માલકિન ! ઈશ્વરને ધન્યવાદ હો કે તેણે આપની સાથે મારી મુલાકાત કરાવી," કહી તે આગળ વધવા લાગી કે, મા બોલી : "થોભ, અમારી નજીક ન આવ : અમે અશુદ્ધ છીએ."

"માલકિન, તિર્ઝા ક્યાં છે ?"

"અમરાહ, હું અહીં છું. શું મને થોડું પાણી ન લાવી આપે?"

અમરાહે બાસ્કેટ ખોલી. તેમાં રોટલી અને માંસ હતાં.

તેણે નેપકીન પાથરી પીરસ્યું હોત, પરંતુ માએ કહ્યું : "એવું ન કરીશ, નહિ તો તેઓ તને પણ પથ્થરે મારશે. માટલું ભરી અહીં મૂકી દે. અમે તેને કબરોમાં લઈ જઈશું. હવે ઝડપ કર, અમરાહ.

એક સ્ત્રીએ પૂછ્યું : "તેઓ કોણ છે ?"

અમરાહ : "એક સમયે તેમણે મારી મદદ કરી હતી."

માને સખત તૃષા લાગી હતી, છતાં તેણે કહ્યું : "મને ખબર છે કે જુડાસ પાછો આવ્યો છે. કાલે રાત્રે મેં તેને સીડી પર સૂતેલો જોયો હતો. મેં તને પણ તેને જગાડતાં જોયેલી."

"બધું જોયા છતાં આપ પાસે કેમ ન આવ્યાં ?"

" એવું કરવું એટલે તેને મારી નાખવો. હું તેને કદી ભેટી ન શકું, ચૂમી ન શકું. તું પણ એને પ્રેમ કરે છે ને ? "

" હા, મેં જેને ઊછેર્યો તેને માટે તો હું મરી પણ શકું. "

" તો તું એક વચન આપ. "

" હું તૈયાર છું. "

" તું વચન આપ, અમરાહ, કે તું અમારે વિશે તેને કશું બતાવીશ નહિ. તું કયાં અમને મળી તે પણ કહીશ નહિ. "

" પણ એ તો આપ બંનેને શોધવા અહીં આવ્યો છે. "

" ના, અમારે વિશે તેને તારે કશું કહેવાનું નથી. હા, તેને વિશે અમને કહ્યા કરજે. ચાલ, સાંજે ફરી આવજે. "

★ ★ ★

ઑકટોબર મહિનામાં આવી પહોંચેલા માલૂખને પણ મુકત કરાયેલા કેદીઓની ભાળ મળી. તે હિંમતપૂર્વક એન્ટોનિયાના ટાવરના સરદારને મળ્યો, બધી વિગતો જણાવી. બેન-હરનાં મા અને બહેન અંગે માહિતી માંગી. અધ્યક્ષે હતી તેટલી બધી વિગતો, મા-દીકરીએ ખુદ કરેલું બયાન-આ બધું જ તેને આપી દીધું. માલૂખે તત્કાળ બધી વાતો બેન-હરને કહી.

પોતાનાં મા તથા બહેન કોઢિયાં બની ગયાં છે જાણી બહાદુર બેન-હર મૃત્યુ જેવા શોકની ઊંડી ઊંડી ખીણમાં ડૂબી ગયો. છતાં પુનઃસ્વસ્થ થઈ તેણે કોઢિયાંઓના કબરસ્તાનમાં પણ શોધ આદરી. પરંતુ ત્યાં પણ તેમને શોધવાના પ્રયત્નો નિષ્ફળ ગયા. અંતે તેણે

નિરૂપાય શોધ બંધ કરી.

રણશિંગડાં ફૂંકવાના પર્વના દિવસોમાં તેને તાલીમ માટે ગાલીલી જાતિના જોશીલા, હટ્ટાકટ્ટા અને બહાદુર યુવાનો મળી ગયા.

પિલાતે હુકમ કર્યો કે મંદિર માટેનું બધું ધન શહેર માટે એક બંધ અને નહેર બાંધવામાં ખર્ચી દેવામાં આવે. આનો ભારે વિરોધ થયો. પિલાતના મહેલ ઉપર બહાર ઊભેલાં બૂમો પાડતાં ટોળાં ઉપર રોમન સૈનિકો લાકડીઓ લઈ તૂટી પડયા.

કેટલાક ઘાયલ થયા, કેટલાક પગ નીચે કચડાઈ ગયા. પરંતુ બેન–હરે સમય વર્તી પહેલાં ભીડને ભાગી છૂટવા દીધી, અને પછી પોતાના તાલીમબાજો સાથે પિલાતના મહેલ તરફ આગળ વધ્યો. પછી તો ગાલીલીઓ અને રોમનો વચ્ચે ભારે ઘમસાણ મચી ગયું.

ત્યાં તેમણે બીજા ભાલા, તલવારધારી રોમનોને આવતા જોયા, અને તે યુક્તિપૂર્વક પાછા હઠી ગયા.

ત્યાં જ એક હથિયારધારી રોમન અફસરે બેન–હરને પડકાર્યો : " એ ઉદ્ધત ! તું રોમન છે કે યહૂદી ?"

" હું યહૂદાનું સંતાન છું. તારે મારું શું કામ છે ?"

" ઊભો રહે અને મારી સાથે લડ."

" એકલો ?"

" હા, જેવી તારી મરજી."

બેન–હર વ્યંગમાં હસ્યો : " બહાદુર રોમન, મારી પાસે તો કોઈ શસ્ત્ર નથી."

અફસર : " તું મારાં હથિયાર લઈ લે, અને હું કોઈ સૈનિક

પાસેથી લઈ લઈશ."

સમસ્ત જનસમુદાયમાં નીરવતા વ્યાપી ગઈ. જયારે બંને શૂરવીરો ટક્કર લેવા આગળ વધ્યા ત્યારે બધા યહૂદીઓની જબાન પર એક જ પ્રશ્ન હતો : " આ કોણ છે ?"

બેન–હરને બધા રોમન દાવપેચ આવડતા હતા. તેને ખબર હતી કે દ્વન્દ્વયુદ્ધમાં દુશ્મનના મુખ સામે નિશાન તાકી રોમન તલવાર ભોંકતો હોય તેમ ધસે છે.

બંને એકબીજા સામે ધસ્યા. રોમને તલવાર ઉપાડી પ્રહાર કર્યો. બેન–હર બાજુએ ખસી ગયો, અને દુશ્મનના 'ઊંચકાયેલાં હાથ નીચે પોતાની ઢાલ ભોંકી દીધી, એવી રીતે કે દુશ્મમની તલવાર અને હાથ બંને ઢાલથી દબાયાં. એક કદમ આગળ વધી તેણે છાતીમાં તલવાર ભોંકી દીધી, રોમન નીચે ઢળી પડયો.

તેણે અન્ય સૈનિકોના મોવડીને કહ્યું :

" તમારો સરદાર વીરને છાજે તેમ મર્યો છે. હું તેના શરીરને નષ્ટભ્રષ્ટ કર્યા વિના માત્ર વિજયના પ્રતીક તરીકે આ તલવાર અને ઢાલ લઈ લઉં છું."

ખુશીથી ઝૂમી ઊઠેલા લોકોએ પૂછયું : " તમે કોણ છો ?

" હું યહૂદાનું સંતાન છું."

ઘણા યહૂદી માર્યા ગયા હતા છતાં આ અજાણ્યા સૈનિકના મહાન પરાક્રમથી તે ઘણા આનંદમાં હતા.

# સાતમો ખંડ

શિયાળો પૂરો થાય તે પહેલાં બેન–હરે ગાલીલિયોનાં ત્રણ લીજિયન [ LEGION ] = (૩,૦૦૦ થી ૬,૦૦૦ માણસોનું લશ્કર) તૈયાર કરી દીધાં, અને સૈનિકોને રોમન નમૂના મુજબ સંગઠિત કર્યા. પછી તેમને લડાઈ માટે ટ્રેઈનિંગ આપવાનું શરૂ કર્યું.

સૈનિકોની તાલીમમાં અસીમ ધૈર્ય, ચતુરાઈ, સાહસ અને લગનની જરૂર પડે છે. જો બેન–હરને સિમોનીડીઝ ને ઈલ્દરીમની મદદ ન હોત, તો તે કેટલું કરી શકત તે કહેવું મુશ્કેલ છે. ઉપરાંત ગાલીલિયનો પણ પોતાના મુલ્કને પ્યાર કરવા સાથે રોમને નફરત કરતા હતા, એ વસ્તુએ પણ મોટો ભાગ ભજવ્યો. એ બહાદુર, તેજ અને વફાદાર લોકોમાં નવા રાજાના આગમનના સમાચારે પણ ભારે ઉત્સાહ પ્રગટાવ્યો હતો.

આમ શરદઋતુ પૂરી થઈ અને વસંત આવી. હવે તે કહી શકશે :

" મહાન રાજા હવે ભલે આવે. તેને

રાજગાદી કયાં સ્થાપવી છે એટલું જ તે કહે. અમારા તલવારબાજો બાકીનું બધું પતાવી દેશે."

એક સાંજે બેન–હર તેની ગુફામાં કેટલાક સાથીદારો સાથે બેઠો હતો, ત્યાં એક આરબ હલકારાએ આવી તેને એક ચિઠ્ઠી આપી.

યરુશાલેમ, નિશાન IV

અહીં એક પ્રબોધક આવ્યા છે. કેટલાક કહે છે કે તે એલિયાહ છે. વર્ષોથી તે રણજંગલમાં ભટકતા હતા. તે બીજા કોઈ એનાથી વધુ મહાન વ્યકિતનો સંદેશો લઈ આવ્યા છે. યરદન નદીના પૂર્વ તટે તે આવનારા મહાનબીની વાટ જુએ છે. મને લાગે છે કે જે નવા રાજાની વાટ આપ જુઓ છો તેની જ વાત એ કહે છે. આપ જાતે આવી જાઓ તો સારું.

– માલૂખ

તેથી બીજી એક સાંજે અશ્વ પર સવાર થઈ આરબ ભોમિયા સાથે બેન–હર સિમોનીડીઝને મળવા યરુશાલેમ તરફ ઊપડયો. રણમાં જ પરોઢ ઊગી ગયું ત્યાં સુધી તેઓ ચાલતા રહ્યા. ભોમિયાએ બતાવ્યું કે આગળ પહાડોથી વીંટાયેલી એક ખુશનુમા જગ્યા છે, જયાં એક ઝરણું, થોડાં વૃક્ષો અને અશ્વ માટે ચરાણની જગ્યા છે.

રસ્તામાં ચોકસાઈથી આગળ વધતા ભોમિયાને જણાવ્યું :

" આપણી પાછળ કોઈ ઊંટ આવે છે."

થોડી જ વારમાં બેન–હરે એકદમ સફેદ અને વિશાળ કદવાળું ઊંટ જોયું. તેને લાગ્યું કે વૃદ્ધ બાલ્થાઝાર અને ઈરા હોય તો

કેવું ! ઊંટના વેગીલાં પગલાં ધીમાં પડતાં જ પાલખીમાં બેઠેલી વ્યકિતઓ ઓળખાઈ. આ તો બાલ્થાઝાર અને ઈરા જ છે ! ઈરા તેની સામે જ જોઈ રહી છે. તેની પહોળી આંખો આનંદાશ્ચર્યથી ચમકી ઊઠી છે !

અભિવાદન બાદ બેન–હરે પૂછયું : " આપ કયાં જાઓ છો? "

" અમે યરુશાલેમ જઈએ છીએ, " બાલ્થાઝારે ગાંભીર્યથી કહ્યું. તેણે ઉમેર્યું : " હું બહુ બેચેન છું. મને વારે વારે સપનામાં એક વાત સંભળાયા કરે છે : 'જેનો તેં આટલા દિવસ ઇન્તજાર કર્યો છે તે હવે આવે છે. "

" યહૂદીઓના નવા રાજા વિશે આપ કહો છો ? "

" હા. "

ત્યારે બેન–હરે તેમને માલૂખની ચિઠ્ઠી બતાવી. મુકિતદાતાને જોઈ શકાશે, મળી શકાશે એ વિચારે વૃદ્ધ બાલ્થાઝાર આભારવશ હૃદયે આકાશ સામે તાકી રહ્યા.

તેઓ સાથે ચાલ્યા અને એક વાડી પાસે થોભ્યા. ઊંટ પરથી બાલ્થાઝાર અને ઈરાને ઊતરવામાં બેન–હરે મદદ કરી. મિસરી યુવતી અને તે ઝરણા તરફ સાથે ગયાં.

ઘૂંટણે પડી તે યુવતીએ ઝરણાંમાંથી પ્યાલો ભર્યો અને બેન–હરને આપતાં કહ્યું : " નસીબદારને પ્યાલો આપનાર થવું તે રાજાના પ્રધાન કરતાં વધુ સારું, આવી એક કહેવત અમારે ત્યાં છે. "

" નસીબદાર ! " તેણે કહ્યું. તેના અવાજમાં આશ્ચર્ય અને

પ્રશ્ન બંને હતાં.

યુવતીએ તરત જ કહ્યું : " શું તમે રથદોડમાં વિજેતા નહોતા થયા ? હા, તમે તલવારથી રોમનને કાપી નાખ્યો. તેના જ માનમાં હું આ પીઉં છું. તેણે હસીને પાણી પીધું. બેન–હરે પ્યાલો લીધો અને પુનઃભરવા નીચે નમ્યો. તેનામાં અવિશ્વાસ જાગ્યો હતો."

તે જવાબ આપે તે પહેલાં બાલ્થાઝાર ઝરણા પાસે આવ્યા.

ફરી તેઓ ચાલી નીકળ્યા. મિસરીઓના ઊંટ સાથે જ બેન–હર અશ્વને દોડાવતો હતો. આબીલીન રણમાં ચોખ્ખા પાણીના એક કુંડ પાસે આથમતે પહોરે તેઓ થોભ્યા, તંબૂ તાણ્યા અને જમ્યા.

રાત્રિના બીજા પ્રહરે બેન–હરનો ચોકીનો વારો હતો. હાથમાં ભાલા સાથે ઘડીમાં આકાશને જોતો, તો ઘડીમાં અંધારાનો ઘૂમટો ઓઢીને બેઠેલી પૃથ્વી સામે જોતો તે ઊભો હતો. આ ચંદ્રપ્રકાશ વગરની રાત્રિમાં પણ એક ખૂબ સુંદર હાથ તેના ખભા ઉપર મુકાયો. એ સ્પર્શથી તેને ઝણઝણાટી થઈ. પાછા ફરીને જોયું તો ઈરા તેની પાસે ઊભી હતી.

" મને તો લાગ્યું કે તું ઊંઘી ગઈ."

" નિદ્રા તો બુઢ્ઢાઓ અને બચ્ચાંઓ માટે છે. હું તો નીલ નદી ઉપર આસમાન પરથી ઝૂકેલા આ મારા મિત્રો (તારાઓ)ને મળવા નીકળી છું. પરંતુ મને જોઈને તમે ખુશ થયા કે નહિ તે કહો. હા, પણ મારી એક તમન્ના છે."

" તમન્ના ? એવો કોણ હશે કે જે તારી ખ્વાહિશનો ઇન્કાર કરે ?"

" મારી તમન્ના તમને મદદ કરવાની છે."

તે હસ્યો : " ઓ મિસર ! હું કહેતો હતો પ્રિય મિસર ! મિસરના સ્ફિંકસ (**SPHINX**) ની જેમ જ તું પણ એક કોયડો છે."

" પુરુષો કેમ નકારે છે કે સ્ત્રીઓની ઇંદ્રિયો તેમના કરતાં વધુ તેજ હોય છે ? હૂરના પુત્ર, જેને તમે શોધવા નીકળ્યા છો તે શું યહૂદીઓનો રાજા બનવાનો છે ?"

બેન–હરના હૃદયની ધડકનો ઝડપી બની ગઈ. તેણે આકાશના તારા સામે અને પછી તે યુવતીની આંખો સામે જોયું.

ઈરા : " સવારથી આપણને સંદર્શનો થાય છે. જો હું તમને મારા મનની વાત કહું, તો શું તમે તમારા મનની વાત કહેશો ?"

એના ખભા પર હાથ મૂકી તે બેન–હરની ઉપર ઝૂકી ગઈ, અને પછી તેના ગળામાં હાથ પરોવ્યા. હવે તેનો શ્વાસ તેના મુખ પર અથડાતો હતો. બેન–હર અભિભૂત થઈ ગયો. તે બોલ્યો : " મારી ઈરા, હું તને આધીન છું."

તેણે કહ્યું : " મને એક ભવ્ય લડાઈનું સંદર્શન થયું છે. આખી સૃષ્ટિ ઉપર ધૂળ અને રાખનાં વાદળો ફરી વળ્યાં, અને રોમ નેસ્તનાબૂદ થઈ ગયું. બધી જ સત્તા પૂર્વમાં પાછી આવી. જે આવા રાજાની શ્રેષ્ઠ અને સૌપ્રથમ સેવા કરશે તેને શું શું નહિ મળે ? તમે રાજાને જોશો, અને તેની સેવા કરશો. તમારી તલવાર વડે તમે રાજાની સૌથી કીમતી બક્ષિસો પ્રાપ્ત કરશો, અને રાજાનો શ્રેષ્ઠ

સૈનિક એ મારા દિલનો નેતા થશે.''

" તો હવે હું તારી વાત સમજ્યો. તું યુદ્ધની બાબતમાં મને મદદ કરવા માંગે છે. તારા જેવી રૂપવાન અને બુદ્ધિવાન રાણી મળવી મુશ્કેલ. પરંતુ તલવાર સિવાય કોઈ રસ્તો હોય તો બતાવ. હું જાન આપીને પણ તારે માટે ગમે તે કરીશ."

તેણે પોતાનું મુખ ઈરા તરફ ફેરવ્યું અને નજદીકથી તેને જોઈ. પોતાના હાથ તેની આસપાસ વીંટાળ્યા અને તેને દીર્ઘ ચુંબન કર્યું. " ઓ મિસર, મિસર ! જો રાજા પાસે બક્ષિસોમાં તાજ હશે તો એક મારો હશે, અને તું–હે સુંદર ! તું મારી રાણી થશે. "

ઈરાએ પણ પ્રેમવિહ્‌વલ બની તેને ચુંબન કરતાં કહ્યું :

" અને તમે પણ મને બધું જ કહેશો અને મને તમારી મદદ કરવા દેશો ?"

આ પ્રશ્ને તેના બધા ઉત્સાહ પર ઠંડુ પાણી ફેરવી દીધું.

બેન–હર : " શું એટલું પૂરતું નથી કે હું તને પ્રેમ કરું છું ?"

ઈરા : " સંપૂર્ણ પ્યારનો અર્થ છે સંપૂર્ણ વિશ્વાસ. પણ વાંધો નહિ, તમે મને પછી ઓળખશો."

જતાં જતાં તે ઊંટની પાસે થોભી અને પોતાની ડેકથી ઊંટના મુખને સ્પર્શ કર્યો અને બોલી :

" હે ખાનદાન પ્રાણી, તું અનોખું છે; કારણ કે તારા પ્રેમમાં કોઈ સંદેહ નથી."

તે જ ક્ષણે તે ચાલી ગઈ.

★ ★ ★

યાબ્બોક નદીને કિનારે ત્રીજે દિવસે બપોરે કાફલો પહોંચ્યો. ત્યાં સોએક જેટલા લોકોએ ડેરા તાણ્યા હતા. હજુ તો તેઓ માંડ નીચે ઊતર્યા હશે ત્યાં એક વ્યકિતએ તેમને પાણી આપ્યું. તેણે કહ્યું : " હું બેથ–બારા નામના સ્થળેથી પાછો ફરું છું. ત્યાં આજકાલ દૂરદૂરથી ટોળેટોળાં આવે છે.

બેન–હર : " તે તો પહેલાં ઘણી ઉજ્જડ જગ્યા હતી. મારી સમજમાં આવતું નથી કે લોકો ત્યાં કેમ તૂટી પડયા છે ?"

અજાણ્યાએ કહ્યું : " તો તમે પણ દૂર દેશથી આવો છો અને શુભસંદેશ સાંભળ્યો નથી. એકદમ રણપ્રદેશમાંથી એક ધર્માત્મા પધાર્યા છે. તે પોતાને યોહાન બાપ્તિસ્મી તરીકે ઓળખાવે છે, અને આવનાર મસીહાના તે પેગંબર છે. તે જ અત્યારે બેથ–બારામાં છે."

" તે શો ઉપદેશ કરે છે ?"

" એક બિલકુલ નવો સિદ્ધાંત : 'પસ્તાવો કરો અને પાપની માફી માંગો. એ પોતાને માત્ર રાનમાં પોકારનાર–એક શબ્દ–તરીકે ઓળખાવે છે."

બીજે દિવસે ત્રીજે કલાકે તેઓએ નદીને કિનારે લોકોની ભારે ભીડ જોઈ. તેઓએ તેજીથી પોતાનાં પશુઓ હાંકયાં, પણ ત્યાં તો ટોળાં વિખરાવા માંડયાં. પરંતુ તેઓ યોહાનને જોઈ શકયા. માણસ જોવામાં બહુ કઠોર અને અસભ્ય–જંગલી જેવો દેખાતો. પરંતુ એની આંખોમાં બેહદ ચમક હતી. ઊંટના રૂઆંના વસ્ત્રોથી તેણે શરીર ઢાંકયું હતું, હાથમાં ગાંઠાવાળી લાકડી હતી અને ચાલમાં દ્રઢતા હતી.

ઈરાએ આ રણપુત્રને આશ્ચર્ય અને નાખુશીથી જોયો.

હાઉડાનો પરદો ઊંચકી ઘોડા પર બેઠેલા બેન–હરને તેણે પૂછયું : " શું, આ જ તમારા રાજાનો સંદેશાવાહક છે ?

ઊંચે જોયા વગર બેન–હરે જવાબ આપ્યો :

" એ તો નબી છે."

સાચું પૂછો તો એ પણ લજ્જિત અને હતપ્રભ બની ગયો હતો. માત્ર બાલ્થાઝારના હોઠો પર પ્રાર્થના હતી, કારણ કે તે જાણતા હતા કે પરમેશ્વરની કામ કરવાની રીત મનુષ્યોથી નિરાળી હોય છે, અને તેમણે તો ખુદ મુકિતદાતાને બાળશિશુરૂપે દીઠા હતા.

નદીના કિનારે શિલા ઉપર એક માણસ એકલો બેઠો હતો. તે ઊઠયો અને નદીકિનારેથી શાંતિથી ચાલવા લાગ્યો. તે નબીની પાછળ ઠેઠ ઊંટ પાસે આવી પહોંચ્યો.

આ અજાણ્યાને જોઈ પ્રબોધક એકદમ ઊભા રહી ગયા. તેમના જમણા હાથમાંની લાકડી નીચે ફેંકી દઈ સંકેતના રૂપમાં તેમણે હાથ ઊંચા કર્યા. આસપાસના બધા લોકો કંઈક સાંભળવાનું મળશે માની પૂરેપૂરા શાંત થઈ ગયા.

અજાણ્યા યુવક તરફ નિશાની કરી પ્રબોધક બોલ્યા : " જુઓ, આ દેવનું હલવાન, જે જગતનાં પાપ હરણ કરે છે. આ વિચિત્ર, ન સમજાય તેવાં, છતાં ગંભીર વચનો સાંભળી માણસો આશ્ચર્યમાં ડૂબી ગયાં. માત્ર બાલ્થાઝાર માટે આ શબ્દો અત્યંત પ્રભાવશાળી નીવડયા. મનુષ્યોના મુકિતદાતાના દર્શન માટે તે ફરી એકવાર મોજૂદ હતા. આસ્થા આદર્શને બરોબર અનુરૂપ અજાણ્યાનાં આકૃતિ, ચહેરો, વસ્ત્ર, અને હાવભાવ હતાં.

અજાણ્યાંના વ્યકિતત્વનું સૌથી આકર્ષક અંગ એનો પવિત્ર ચહેરો હતો. બધા લોકોની આંખો તે તરફ જ મંડાઈ રહી હતી. તેના સૂર્યશા મુખમંડળ ઉપર બુદ્ધિમતા, સ્નેહ, દયા તથા સહાનુભૂતિની લાગણીઓ સાગરની જેમ છલકાતી હતી, ત્યાં કોઈ કમજોરી નહોતી.

બેન–હરે પણ આ દૂબળી આકૃતિ જોઈ. પવિત્ર, સુંદર, વેદનાસભર ચહેરો નિહાળ્યો. તેણે પાસે ઊભેલા એકને પૂછયું :

" પેલો ત્યાં જાય છે તે માણસ કોણ છે ?"

તે માણસે કટાક્ષમિશ્રિત હાસ્ય કરીને કહ્યું : " એ તો નાઝરેથના એક સુથારનો દીકરો છે."

પ્રબોધકની ધીરગંભીર વાણીનો સ્ત્રોત હજી વહી રહ્યો હતો : " મેં આત્માને કબૂતરની જેમ આકાશમાંથી ઊતરતો જોયો. મેં જાતે જોયું છે અને સાક્ષી આપું છું કે આ ઈશ્વરનો પુત્ર છે."

બાલ્થાઝારે બૂમ પાડી : " હા, તે જ તે છે, તે જ તે છે," અને બેભાન બની ધરણી પર ઢળી પડયા.

બેન–હર ભારે દિલચશ્પીથી અજાણ્યાનો મોહક ચહેરો જોઈ રહ્યો હતો. તેના દિલદિમાગમાં માત્ર એક જ પ્રશ્ન સળવળતો હતો : ' મસીહ અથવા રાજા !' આ વ્યકિતને તો જોવાથી જ યુદ્ધ કે વિજય વિશેની વાતો અર્થહીન બની જાય. આ સુલેમાનનું કે હેરોદનું સિંહાસન શોભાવવા આવ્યા નથી. આ વ્યકિત રાજા થઈ શકે, પણ કોઈ બીજા રાજયની; વિશાળ રોમન રાજયના રાજા તો નહિ જ પણ આ ઉપરાંત એના હૃદયના અભ્યંતરમાં એક બીજો ઊંડો સંઘર્ષ ચાલી રહ્યો હતો : " નક્કી આ વ્યકિતને મેં કયાંક જોઈ છે, પરંતુ કયાં ને

ક્યારે ?" આ શાંત, સ્નેહસભર, દયાશીલ, મૃદુ આંખો એણે ક્યારેક અચૂક નિહાળી છે. ધીમે ધીમે નાઝરેથના કૂવાનું દ્રશ્ય સ્મૃતિપટ ઉપર ઊપસવા લાગ્યું. રોમન સૈનિકો મૃતપાય બેન–હરને ઘસડી રહ્યા હતા, તે વખતે આ જ હાથોએ એને બરબાદ થતો, મૃત્યુ પામતો બચાવી લીધો હતો. બાકીનું બધું એ ભૂલી ગયો. માત્ર આ શબ્દો એના વ્યક્તિત્વની, જીવનની બધી જ સીમાઓ પર પડઘાતા રહ્યા :

" આ જ સાચે પરમેશ્વરનો પુત્ર છે."

બેન–હરે પોતાના મુક્તિદાતાનું સન્માન કરવા અશ્વ પરથી નીચે છલાંગ મારી, ત્યાં જ ઈરાની બૂમ સંભળાઈ : " બેન–હર, મદદ કરો, નહિ તો પિતાજી મૃત્યુ પામશે.

તે થોભ્યો, પાછો ફર્યો, પછી ઈરાની મદદે દોડયો. ઈરાએ તેને એક પ્યાલો આપ્યો. ગુલામને ઊંટને બેસાડવાનું કહી તે પાણી લેવા દોડયો. પાછો આવ્યો ત્યારે અજાણ્યો ચાલ્યો ગયો હતો.

આખરે બાલ્થાઝાર હોશમાં આવ્યા, તરત જ તેમણે પૂછયું : " તે ક્યાં છે ?"

ઈરા : " કોણ ?"

વૃદ્ધ બાલ્થાઝારનું મુખ પણ તત્કાળ ચમકી ઊઠયું :

" એ જ મુક્તિદાતા : પરમેશ્વરનો પુત્ર, જેને મેં એકવાર પહેલાં પણ જોયો છે."

ઈરાએ ધીમે અવાજે બેન–હરને પૂછયું : " શું, તમને આ બાબતો પર વિશ્વાસ પડે છે ?"

ઉત્તરમાં બેન–હરે માત્ર એટલું જ કહ્યું : " આ આપણા જીવનની આશ્ચર્યજનક ઘડી છે. ધીરજ રાખો, જુઓ, શું થાય છે !"

બીજે દિવસે ત્રણે યોહાનનો તીખો બોધ સાંભળતા હતા ત્યાં જ નબી બડા આદરથી બોલી ઊઠયા : " જુઓ, પરમેશ્વરનું હલવાન !"

એમણે જે દિશામાં સંકેત કર્યો ત્યાં જોતાં અજાણ્યાને આવતો જોયો. બેન–હરે જયારે એ દૂબળીપાતળી આકૃતિ અને વેદનાભર્યા મુખને જોયાં ત્યારે એના મગજમાં એક વિચાર ઝળકી રહ્યો : " બાલ્થાઝાર પણ સાચા છે, અને સિમોનીડીઝ પણ. શું એ સંભવિત નથી કે મુકિતદાતા રાજા પણ બને ?"

પોતાની પાસે ઊભેલા એક માણસને તેણે પૂછયું : " આ ચાલી આવતી વ્યકિત કોણ છે ?"

પેલો માણસ કટાક્ષમાં હસ્યો : " નાઝરેથનો એક સુથારનો તે પુત્ર છે."

# આઠમો ખંડ

યોહાન બાપ્તિસ્માના હાથે બેથ–બારામાં ઈસુનો જળસંસ્કાર થયાને ત્રણ વર્ષ વીતી ગયાં હતાં. માર્ચની એકવીસમી તારીખ હતી. યરુશાલેમમાં બેન–હરના ગ્રીષ્મકાલીન મહેલની અગાસી ઉપર સિમોનીડીઝ બેઠા હતા. તેમણે એસ્તરને કહ્યું :



" એસ્તર, એસ્તર, જરા નોકરને નીચે બૂમ પાડ કે મારે માટે પાણીનો એક ગ્લાસ લાવે."

" શું તમે થોડી મદિરા નહિ લો, બાપુ ?"

" ચાલ, બંને મંગાવ."

એસ્તરે અટારી પરથી નીચે ઝૂકી નોકરને મદિરા અને જળ લાવવાને કહ્યું. બસ, એ જ વખતે એક બીજો નોકર અદબથી અંદર આવી બોલ્યો :

" માલિકને માટે ચિઠ્ઠી છે. " તેણે વસ્ત્રોમાં વીંટેલું, મુદ્રાજડિત એક પેકેટ આપ્યું.

બેન–હર વતી માલૂખે, હૂરના વડવાઓના જૂના મહેલને પોંતિયસ પિલાત

પાસેથી ખરીદી લીધો હતો. મરામત અને સાફસૂફી કરી સરસ બનાવી દીધો હતો. હજુ બેન—હરે પ્રગટ થવાનું મુનાસિબ માન્યું નહોતું. તેથી પોતાનું અસલ નામ ઘોષિત કર્યું નહોતું. તે તો ગાલીલમાં પોતાની તૈયારીઓમાં મશગૂલ હતો, જો કે નાઝારી તેને માટે દિવસે દિવસે ઘેરા અને ઘૂંટાતા રહસ્યસમો બનતો જતો હતો. તેના ચમત્કારો અને કાર્યો નિહાળી બેન—હર નાઝારીના વ્યકિતત્વ અને ઉદ્દેશો વિશે ચિંતિત થતો હતો.

આથી તે અમુક અમુક અંતરે પવિત્ર શહેરની મુલાકાતે આવતાં પોતાના જ મહેલમાં અજાણ્યા તરીકે, મહેમાન તરીકે ઊતરતો. બીજું પણ એક સચોટ કારણ હતું : બાલ્થાઝાર અને ઈરાએ પુરાણા મહેલમાં જ વસવાનું પસંદ કર્યું હતું, અને ઈરાના આકર્ષણમાં હજીયે પહેલાંની જ તાજગી છલકાતી.

સિમોનીડીઝ અને એસ્તર થોડા જ વખતથી અંત્યોખ છોડી અહીં આવ્યાં હતાં, અને બે ઊંટ વચ્ચે બાંધેલી પાલખીમાં લાંબું અંતર કાપી આવેલો સિમોનીડીઝ હજુયે આરામ કરતો હતો.

એસ્તર આરામગાહથી નીકળતી તો સૂર્યનાં તાજાં કિરણો જેમ તેનું યૌવન પણ ઊઘડતું—સોળે કળાએ વિકસતું—દેખાતું. સ્વાસ્થ્યને કારણે ગાલો પર સુરખી છવાઈ રહેતી અને ચહેરા પર બુદ્ધિમતા ચમકતી.

પાછા ફરતાં એસ્તરની નજર બેન—હરની મહોરવાળા પેકેટ પર પડી, એ જોઈને જ તેના ગાલો પર લાલી દોડી આવી. તેણે જલદી જલદી ડગલાં ભરવાનું શરૂ કર્યું. સિમોનીડીઝે પણ પહેલાં સીલ જોયું,

તોડયું અને ચિઠ્ઠી ખોલી એસ્તરને આપી કહ્યું : " વાંચ."

તેની આંખો એસ્તર પર મંડાઈ હતી. તેણે પૂછયું : " એસ્તર, તને ખબર છે કે આ કોનો પત્ર છે ?"

" માલિકનો."

" શું તું માલિકને પ્યાર કરે છે ?"

" હા."

" શું તેં એ અંગે પૂરેપૂરો વિચાર કર્યો છે ?"

" હા, જી, હું તો માલિક પ્રત્યે ફરજ અદા કરું છું."

" પરંતુ તને એ ખબર છે કે એનો પ્રેમ તો પહેલાંથી કોઈની મિલકત બની ચૂકયો છે ?"

" હા, મને ખબર છે," તેણે શાંતિથી કહ્યું.

" મિસરી યુવતીએ તેને પોતાની જાળમાં ફસાવ્યો છે. તે નાજનીન જરૂર છે પરંતુ ધૂર્ત છે. જેટલી ખૂબસૂરત એટલી જ હૃદયહીન. જે પિતાની ઉપેક્ષા કરે તે પતિનું શું માન જાળવે ? હું પોતે કમાયો હતો તે બધી મિલકત મેં મારી પાસે રાખી હોત, તો તારો પ્રેમ નિષ્ફળ ન થાત."

પિતાએ પુનઃ ઉમેર્યું, " જો બેન–હરે તેને પત્ની બનાવી દીધી. જિંદગીભર તને યાદ કરી પસ્તાશે. ઈરાના સ્વપ્નાંનો દેશ તો રોમ છે. તેની દ્રષ્ટિમાં બેન–હર યહૂદી નથી, રોમન અફસર એરિયસનો પુત્ર છે."

એસ્તર : " પિતાજી, એમની રક્ષા કરો."

સિમોનીડીઝે હસીને કહ્યું : " ડૂબતાને તો બચાવી શકાય, પણ પ્રેમમાં પડેલાને ન ઉગારાય. હવે તું ચિઠ્ઠી વાંચ."

નિશાન ૮મો દિવસ

ગાલીલથી યરુશાલેમ જતાં આ પત્ર લખું છું. નાઝારી પણ જઈ રહ્યા છે. એમની જાણ બહાર હું સાથે સાથે ફોજ લઈને જઈ રહ્યો છું. નગરદ્વારથી એમને પસાર કરવાની વ્યવસ્થા થઈ ગઈ છે. નાઝારીએ ઊપડતાં પહેલાં કહ્યું હતું, 'જુઓ, આપણે યરુશાલેમ જઈએ છીએ, અને ભવિષ્યવેત્તાઓએ માનવપુત્ર વિશે જે જે વાતો લખી છે તે પૂરી થશે. આપણા ઈન્તજારનો અંત આવે એ દિવસ પાસે છે. સિમોનીડીઝ, ઈશ્વર આપને શાંતિ દો.

—બેન—હર

નોકર જળ લઈ ઉપર આવ્યો. એસ્તર પિતાની મદદે પહોંચી ગઈ, ત્યાં ઈરા અટારી ઉપર આવી. એસ્તરને મિસરી કદી નહોતી લાગી એટલી આજે ખૂબસૂરત લાગી. તેનો ચહેરો ખુશીથી છલકાઈ રહ્યો હતો.

" સિમોનીડીઝ, તમને શાંતિ હો. રૂપાળી એસ્તર, તને પણ," ઈરાએ કહ્યું. " એસ્તર, તું મારી સાથે પેલી દીવાલે ચાલ, થોડી વાતો કરીએ."

બંને યુવતીઓ અટારીની દીવાલ તરફ ગઈ. ઈરાએ ધીમે અવાજે કહ્યું : " રાજા આવે છે."

નિર્દોષ આશ્ચર્યથી એસ્તર તેના તરફ તાકી રહી.

" જે નાઝારી વિશે આપણા પિતાઓ ઘણી વાતો કરે છે, જેની

સેવામાં બેન–હર ક્યારથી લાગ્યા છે, તે નાઝારી–આવતી કાલે આવશે, અને બેન–હર આજ રાત્રે."

એસ્તરે સ્વસ્થતા જાળવવા પ્રયત્ન કર્યો, પણ નિષ્ફળ ગઈ. તેની આંખો નીચી ઢળી ગઈ, મુખ પર શ્યામતા છવાઈ રહી, એ જોઈ મિસરી યુવતીના મુખ પર વિજયનું સ્મિત ફરકી રહ્યું.

"જો, અહીં એક વચન છે." તેણે પોતાનાં ઢીલાં વસ્ત્રોમાંથી એક ઓળિયું કાઢ્યું : "મારી સાથે આનંદ કર, દોસ્ત ! રોમની ટાઈબર નદી પર એક ઘર છે, અને ત્યાં કોઈની પ્રિયતમા..."

નીચેની શેરીમાં કોઈના ઝડપથી પડતાં પગલાંનો અવાજ સંભળાયો. તે અટારી પરથી કોણ છે તે જોવા નીચે નમી.

"એ તો તે છે, બેન–હર જાતે ! હું તેના વિશે વિચારતી જ હતી ત્યારે જ એ આવે એ કેવું !"

એસ્તરે તેને ઝડપથી દાદર ઊતરતી જોઈ. પોતાના હાથ વડે મુખ ઢાંકી તે રડી પડી. હૈયું ગાળી નાંખે, ભાંગી નાંખે તેવી વેદનાથી તે રડી રહી.

શહેર પર નીચા ઝૂકીને જોતા તારાઓ પૂરેપૂરા બહાર આવ્યા ત્યાં સુધીમાં તેણે ધીમે ધીમે સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી, અને ફરીથી તેના પિતાની સેવામાં જોડાઈ ગઈ. તેના કાનમાં પિતાના શબ્દો જ પડઘાતા હતા : "હું જે કમાયો હતો તે બધી મિલકત મારી પાસે રાખી હોત, તો તારો પ્રેમ નિષ્ફળ ન જાત."

★ ★ ★

એક કલાક બાદ મહેલના વિશાળ હોલમાં બાલ્થાઝાર, સિમોનીડીઝ અને એસ્તર બેઠાં હતાં ત્યાં બેન–હર અને ઈરા સાથે દાખલ થયાં.

જુવાન યહૂદીએ બાલ્થાઝારને પ્રણામ કર્યા, પછી સિમોનીડીઝ તરફ ફરતાં જ પૂરી ખીલી ગયેલી કળી જેવી ખૂબસૂરત એસ્તરને જોઈ તે ઊભો રહી ગયો. પછી એસ્તર પાસે જઈ બોલ્યો, " એસ્તર, ઈશ્વર તને શાંતિ બક્ષો, સિમોનીડીઝ, તમને પણ."

સિમોનીડીઝ : " માલિક, આપને પણ ઈશ્વર શાંતિ આપો. હવે આપની યાત્રા, કામકાજ, અને અદ્‌ભુત નાઝારી વિશે બતાવો. તે કોણ છે, શું છે, કયાં છે ?"

એસ્તર ચૂપચાપ બહાર જઈ બેન–હરને માટે મૂડો લેતી આવી. તે પર બેસી બેન–હરે કહ્યું : " કેટલાય દિવસોથી હું લગાતાર નાઝારીના આચાર ને વ્યવહાર ધ્યાનથી જોતો આવ્યો છું. મેં તેમને જિંદગીની કસોટીમાંથી પાર ઊતરતાં જોયા છે. મને લાગે છે કે તે મારી તરફ માનવ છે અને તે સાથે મારા કરતાં કયાંય ચઢિયાતા માનવી છે."

ત્યાં જ રૂમમાં કોઈક દાખલ થયું. તેને જોતાં જ બેન–હર લગભગ રડી ઊઠયો : " અમરાહ, ઓ અમરાહ !" અમરાહ પણ તેને માતાની જેમ વળગી પડી રડી રહી.

" અમરાહ, શું હજુ તને એ લોકો વિશે એકે શબ્દ, એકે નિશાની મળી નથી ?"

પ્રશ્નના જવાબમાં તે વધુ જોરથી રડી.

બેન–હર : " ચાલો, ઈશ્વરને જે મંજૂર હતું તે થયું."

" આવ, અમરાહ અહીં આવ; હું આ લોકોને દુનિયાની એક અદ્ભુત વ્યકિત વિશે વાત કરું છું."

આવતી કાલે નાઝારી જેને તે 'પિતાનું ઘર  કહે છે તે મંદિરમાં પ્રવેશશે. ત્યાં તે પોતા વિશેની ઘોષણા પણ કરશે.

બાલ્થાઝાર : " શું હું ત્યાં જાઉં ? "

બેન–હર : " ખૂબ ભીડ હશે. આપ લોકો અહીંથી પણ જોઈ શકશો."

સિમોનીડીઝ : " શું તે શાહી રીતરસમથી આવશે ? "

બેન–હર : " તેમની સાથે માત્ર બાર વ્યકિતઓ છે જેમાં માછીમારો, કિસાનો, નાના સરકારી નોકરો છે. એ બધાં પગપાળા જ યાત્રા કરે છે. એમનામાં અદ્ભુત શકિત અને પરાક્રમ છે."

" આપને કેવી રીતે ખબર પડી ? "

બેન–હર : " હું જોતો જ હતો ત્યાં એમણે સાદા જળમાંથી દ્રાક્ષારસ બનાવ્યો. એક વ્યકિત પાસે સાત રોટલી ને થોડી નાની માછલીઓ હતી તેમાંથી, સ્ત્રીઓ અને બાળકોને બાદ કરતાં જમનારા ચાર હજાર પુરુષો હતા જેમાંનો એક હું હતો."

સિમોનીડીઝ : " આપે આ બધું જાતે જોયું ?"

બેન–હર : " હા જી. એ વ્યકિત વિશે આપ શું કહેશો જેનાં વસ્ત્રોનો સ્પર્શ કરવાથી જિંદગીભરના રોગી સાજા થઈ જાય છે, કહે છે કે જેના પર ઈશ્વરનો કોપ ઉતરે છે તે કોઢિયાં બની જાય છે. જેને

માત્ર મૃત્યુમાં આરામ મળે છે."

આ શબ્દો સાંભળતાં જ સૂતેલી અમરાહ બેઠી થઈ ગઈ.

"તો હું ગાલીલમાં નાઝારી સાથે હતો. એક કોઢિયાએ આવી કહ્યું : 'પ્રભુ, આપ જો ચાહો તો હું શુદ્ધ થઈ શકું.' તેમણે કોઢિયાના શરીરને સ્પર્શ કર્યો અને કહ્યું : 'તમે શુદ્ધ થાઓ , અને તત્કાળ તે શુદ્ધ થઈ ગયો."

આ વાતચીત દરમ્યાન કયારે અમરાહ દીવાનખંડમાંથી ચાલી ગઈ તેની કોઈને ખબર ન પડી. આ ઉપરાંત ઈસુ વિશે ઘણી ઘણી વાતો બેન–હરે કહી.

★ ★ ★

બીજે દિવસે સવારે ' ઘેટાંનો દરવાજો ' નામે નગરદ્વાર ખૂલતાંની સાથે સૌથી પહેલાં બહાર જનાર વ્યકિત અમરાહ હતી. હાથમાં ટોપલી લઈ તે પોતાની માલકિન પાસે જઈ રહી હતી. તેની માલિકણ એન–રોગલના કૂવા પાસેના કબરસ્તાનમાં રહેતી હતી.

હજુ તો સવાર હમણાં જ થયું હતું તેથી તે દુઃખી સ્ત્રી પોતાની ઝૂંપડીમાંથી ઊઠીને બહાર આવી હતી. અંદર તિર્ઝા ઊંઘતી હતી. આ ત્રણ વર્ષ દરમ્યાન કોઢ ભયંકર રીતે તેને વ્યાપી વળ્યો હતો. તેના વાળ બરફ જેવા સફેદ થઈ ગયા હતા. આંખનાં પોપચાં, હોઠ, નાક, ગાલ આ બધાં પરથી ચામડી ઊખડી ગઈ ગંધાતાં બની ગયાં હતાં. બેન–હરની માતા તિર્ઝાને તો લગભગ મરેલી જ માનતી, જયારે પોતે જાણતી હતી કે તેની જિંદગીનો પ્રત્યેક કલાક મૃત્યુ તરફ જ લઈ જઈ રહ્યો છે. તે સ્ત્રી પોતાનાં ખૂબસૂરત શરીરને હજુ ભૂલી નહોતી, તેથી

શરમની મારી તે પોતાનું અધિકાંશ શરીર ઢાંકેલું રાખતી. આ વહેલી સવારે તે માથું ખોલી હવા ખાઈ રહી હતી.

આવી રીતે તે બહારના અને અંદરના સૂનકારને નિહાળતી અને અનુભવતી બેઠી હતી ત્યારે તેણે પહાડ તરફથી એક સ્ત્રીને લથડિયાં ખાતી, થાકથી માંદી થઈ ગઈ હોય તેવી આવતી જોઈ.

વિધવા તત્કાળ ઊભી થઈ ગઈ અને માથું ઢાંકતી ચીસ પાડી ઊઠી : " અશુદ્ધ, અશુદ્ધ."

ત્યાં સુધીમાં તો અમરાહ આ ચેતવણીની દરકાર કર્યા વિના તેના પગને વળગી પડી હતી. આંસુ વરસાવતી તે પોતાની માલકિનનાં વસ્ત્રોને ચુંબન કરતી હતી. શરૂમાં તે વિધવાએ તેને પોતાથી અલગ ખસેડવાનો પ્રયત્ન કર્યો, પરંતુ પોતાને અસમર્થ નિહાળી તે ચૂપચાપ ઊભી રહી ગઈ, જેથી થોડીવારે અમરાહનો મનોવેગ શાંત પડયો.

" અમરાહ ! આ તેં શું કર્યું ? બેવકૂફ ઓરત, તેં પોતાની જિંદગી બરબાદ કરી નાખી. હવે તું તારા માલિક પાસે યરુશાલેમ પાછી નહિ જઈ શકે. કાનૂનની મનાઈ તારા ઉપર છે. હવે અમારું શું થશે ? રોટીપાણીની વ્યવસ્થા કોણ કરશે ?"

અમરાહે ભૂમિ પરથી કહ્યું : " મારા પર દયા કરો; દયા કરો."

આ શોરબકોરથી તિર્જા જાગી ગઈ. કબરને દરવાજે આવીને તેણે પૂછયું : " શું, કોણ અમરાહ છે ? " અમરાહે તેની તરફ પણ સરકવાનો પ્રયત્ન કર્યો. તિર્જાની આંખો લગભગ ગઈ હતી, અને તેના હાથપગ પર ભારે સોજા ચઢી ગયા હતા.

માએ કહ્યું : " અમરાહ, રોકાઈ જા. એને સ્પર્શીશ નહિ. કોઈ

જુએ એ પહેલાં અહીંથી ભાગી જા. ના, ના, હવે તો સમય ચાલ્યો ગયો. તારે પણ અમારી સાથે યાતનાઓ ભોગવવી પડશે."

અમરાહ તેના ઘૂંટણો પર બેઠી થઈ અને ધીમે તૂટેલે સ્વરે બોલી : " માલકિન, હું જૂઠી નથી, બેવકૂફ પણ નથી. હું તો શુભસંદેશ લઈને આવી છું."

" મારા દીકરા યહૂદાની શી ખબર છે ?"

" એક અદ્‌ભુત માણસ આવ્યા છે. તેની પાસે તમને સાજા કરવાનું પરાક્રમ છે. એની જીભના શબ્દોથી જ રોગીઓના રોગ મટે છે, કોઢિયાં શુદ્ધ થઈ જાય છે. મારી સાથે ચાલો. તે આજે શહેરમાં જાય છે."

તિર્જા : "બિચારી અમરાહ ! તને કોણે કહ્યું આ બધું ?"

" યહૂદાએ મને આ બધું કહ્યું."

" શું તે અમારા વિશે જાણે છે ?"

" ના, ના તે તો માને છે કે તમે મૃત્યુ પામ્યાં છો."

માએ તિર્જા તરફ ફરી કહ્યું : " કોઢીઓને સાજાં કરી દેનાર મસીહ વિશે મેં પણ સાંભળ્યું છે."

તિર્જા : " ઘણાં વર્ષો પહેલાં મસીહના જન્મની ભારે ચકચાર મચેલી, એ જ તે હશે. હવે તો જુવાન થઈ ગયા હશે. એ જ એ હશે."

માએ અમરાહને કહ્યું : " અમે તારી સાથે આવીશું."

થોડીવારમાં ત્રણે ચાલવા માંડી. માત્ર એક મૂંઝવણ હતી. બેથાનિયાથી યરુશાલેમ જવાના ત્રણ માર્ગો હતા. કયા માર્ગે મસીહ

આવશે ? પછી પહેલાં બેથ–ફાગે જવાનું નક્કી કર્યું. તે ટોફેટ અને રાજબાગ તરફ જતી ટેકરી ચઢયાં, અને પછી તો એક મોટો ખડક ચઢી રસ્તા ઉપર આવ્યાં. તિર્જા ભારે થાકી ગઈ હતી. માના અપાર પ્રોત્સાહનથી જ તે આટલે સુધી આવી શકી હતી. એક વૃક્ષની છાયામાં તેમણે આરામ કર્યો. થોડીવારમાં થાકથી અર્ધ બેહોશ જેવી બનેલી તિર્જા નિદ્રાધીન થઈ ગઈ.

★ ★ ★

લગભગ ત્રણ કલાક બાદ જૈતુનના પહાડ પરથી એક મોટું ટોળું આવતું દેખાયું. હજારો લોકો શિખર પરથી નીચે ઊતરતા હતા. દરેકના હાથમાં ખજૂરીની ડાળીઓ હતી. તે જ સમયે તેમણે બીજા એક વિશાળ જનસમૂહને પૂર્વ દિશામાંથી આવતો જોયો. તરત જ માએ તિર્જાને ઊંઘમાંથી ઊઠાડી :

" મસીહ આવે છે," તેણે કહ્યું : " જેઓને આપણે જોઈએ છીએ, તે શહેરમાંથી મસીહને મળવા આવે છે. જેમના હર્ષનાદો આપણે સાંભળીએ છીએ, તે તેમના મિત્રો અને સાથીદારો છે. અમરાહ, જયારે બેન–હર રોગીઓ સાજા થવાની વાત કરતો હતો, ત્યારે કયા શબ્દોમાં તેમણે નાઝારીને પોકાર કર્યો હતો ?"

" તેમણે વિનંતી કરી હતી : ' પ્રભુ અમારા ઉપર દયા કરો. પ્રભુ દયા કરો.'"

" બસ, એટલું જ ?"

"હા, અને તેઓ શુદ્ધ કે સાજાં થઈ જતાં."

ત્યાં જ પૂર્વમાંથી આવતી ભીડ નજદીક આવી ગઈ. ધ્યાનથી

જોતાં એક પસંદ કરાયેલ ટોળીની વચ્ચે એક ગધેડા પર સવાર થઈને આવતાં માણસને તેમણે જોયા. સવારી કરનાર ઉઘાડે મસ્તકે હતા અને તેમણે સફેદ વસ્ત્રો પહેર્યાં હતાં. તે ડાબે કે જમણે જોતા નહોતા. એમના શિષ્યોના મોટા બૂમબરાડા જે ગંભીર વેદનાભર્યા મૌનમાં તે ડૂબેલા હતા તેના પર કોઈ અસર થતી નહોતી.

માએ કહ્યું : " દીકરી, ચાલ." અને તે સફેદ ખડકની બહાર સરકી આવી અને ઘૂંટણે પડી. તિર્જા અને અમરાહ પણ ઘૂંટણે નમ્યાં. હજારો ખજૂરીની ડાળીઓ લઈ જયનાદ કરતા હતા : " ઈશ્વરને નામે જે યહૂદીઓનો રાજા આવે છે તેને ધન્ય છે."

આ ભારે શોરબકોર વચ્ચે આ ગરીબ કોઢિયાંનો અવાજ તો ચકલીઓના ચીંચીં અવાજ જેવો લાગે.

" દીકરી, હજુ આગળ ચાલ," માએ કહ્યું અને ઊભી થઈ તે લથડિયાં ખાતી આગળ વધી. તેણે દુઃખની તીણી ચીસ પાડી, કારણ કે તેની પાછળ આવતી તિર્જા અશકિતને કારણે ધરતી પર ઢળી પડી.

" કોઢિયાંઓ ! અસ્પૃશ્યો ! શાપિતો ! એમને પથ્થરે મારો. આવા પોકારો હોસાન્નાના પોકારોમાં ભળી જવા લાગ્યા. કેટલાકે તો પથ્થરો પણ લીધા."

ત્યાં જ ગધેડા પર સવારી કરનાર આવી પહોંચ્યા ; ગંભીર, દયાપૂર્ણ અને બેહદ શાંત; અને ઘૂંટણે પડેલી સ્ત્રીની સમક્ષ થોભ્યા.

"સ્વામી ! સ્વામી ! તમે અમારી ગરજ જાણો છો. તમે અમને શુદ્ધ કરી શકો છો. અમારા પર દયા કરો."

"હે સ્ત્રી ! તારી શ્રદ્ધા પરમ છે. તું જેવું ઇચ્છે છે એવું તમારા અંગે થાઓ."

તે એક પળ થોભ્યા. પછી ગધેડા પર આગળ વધી ગયા. ધીમેથી માર્ગે આગળ વધતું સરઘસ પહાડ પરથી અદ્રશ્ય થઈ ગયું. જયારે ગાયનનો અવાજ બંધ થવા લાગ્યો, ત્યારે તો તેમનામાં ચમત્કારિક શકિતનો આરંભ થઈ ચૂકયો હતો. પહેલાં તો તાજા લોહીની હિલચાલનો આરંભ થયો. પછી લોહીનું ભ્રમણ વેગીલું બન્યું. તેમનાં કોઢિયાં માંદલાં શરીરોમાં દર્દવિહીન સાજાપણાનો, એક નવા જીવનનો, આરંભ થઈ ચૂકયો. આનંદની ઝણઝણાટી બંનેનાં પરિવર્તન પામતાં શરીરોમાં થવા લાગી. શકિત પાછી આવી, અને બંનેનાં અંગો કોઢથી પૂર્ણયતા શુદ્ધ થઈ ગયાં.

"પરમઊંચામાં પરમેશ્વરને મહિમા હો ! જે પુત્ર તમે અમને આપ્યો છે તેને અધિક મહિમા હો."

અમરાહ ઉપરાંત આ બધી ચમત્કારી દૈવી ઘટનાઓનો એક બીજો પણ સાક્ષી હતો, અને તે હતો બેન–હર. મિત્રોની સાથે તે પણ નાઝારીની સંગાથે હતો. કોઢી સ્ત્રીઓ જયારે યાત્રાળુઓના માર્ગ વચ્ચે આવી ત્યારે પણ હતો. તેણે તે દુઃખિત સ્ત્રીઓની દર્દભરી પ્રાર્થના અને તેનો પુનિત પ્રત્યુ +ત્તર બંને સાંભળ્યાં.

પછી તે સરઘસમાંથી નીકળી ગયો. તેની તૈયારી તો સૂર્યાસ્ત પહેલાં નાઝારી પોતાને રાજા તરીકે જાહેર કરે તે અંગેની હતી. સરઘસ ચાલ્યું ગયું એટલે તે રસ્તો ઓળંગી હજુય ઘૂંટણે પડેલી સ્ત્રીઓ પાસે ગયો. જતાં જતાં રસ્તાની કોરે સફેદ ખડક પાસે ઊભેલી

સ્ત્રી પર તેની નજર પડી. તેણે પોતાના હાથ મોં પર મૂકયા હતા.

" ઈશ્વરનો મહિમા હો, આ તો અમરાહ છે," તેણે કહ્યું.

એ જ પળે જાણે એનું હૃદય ધબકતું બંધ થઈ ગયું. એકદમ સ્તબ્ધ, હાલીચાલી કે બોલી ન શકે તેવો મંત્રમુગ્ધ તે બની ગયો. જે સ્ત્રીને તેણે નાઝારી સમક્ષ ઘૂંટણે પડી પ્રાર્થના કરતાં જોયેલી તે જ સ્ત્રીએ ઊભી થઈ પોતાના બે હાથ પ્રાર્થનામાં જોડયા હતા, અને આંસુથી દદડતી આંખે અને ચમકતે ચહેરે તે આકાશ સામે જોતી હતી. આ સુંદર સ્ત્રી તે તેની માતા ન હોય તો બીજું કોણ હોઈ શકે ? અને તેની પાસે ઊભેલી યુવતી તિર્જા ન હોય તો બીજું કોણ હોઈ શકે ? –ગૌરવદની, સુંદર અને વધુ સ્વસ્થ.

તે થોભી શકયો નહિ. હાથ પહોળા કરી બૂમો પાડતો તે દોડયો : " મા ! મા ! તિર્જા ! હું અહીં છું."

તેઓએ પણ બેન–હરની બૂમ સાંભળી અને એટલા જ પ્રેમ–આનંદથી ચીસ પાડી તેને ભેટવા દોડયાં. બીજી જ પળે, વર્ષોથી છૂટાં પડેલાં આ ત્રણ સ્વજનો, એકબીજાને ભેટતાં, ચુંબનો કરતાં અશ્રુ વહાવી રહ્યાં.

ભાવોનું આ પહેલું જોરદાર મોજું ઓછું થતાં માતાએ કહ્યું : " મારાં બાળકો, આપણે કૃતધ્ન બનીએ. આ ખુશીની પળે આપણી નવી જિંદગીનો આરંભ કરીએ. જેમણે આપણને નવી જિંદગી બક્ષી છે તેમને આપણું જીવન અર્પી દઈ ઋણમુકત થઈએ."

બધાં જ પોતાનાં ઘૂંટણો પર નીચે નમ્યાં, માએ પ્રાર્થના શરૂ કરી, બાકીનાંએ તે દોહરાવી. જો કે બેન–હર એટલા જ ભાવ બતાવી

શકયો નહિ.

તેણે પૂછયું : “ મા, જયાં તે જન્મ્યા છે તે નાઝરેથમાં લોકો તેમને સુથારનો દીકરો કહે છે, પણ એ છે કોણ ?”

માએ પહેલાંના જેવા જ મીઠા અવાજે કહ્યું : “ એ મસીહ છે.”

* * * * * *

બેન–હરે રાજાઓના કબરસ્તાનના પૂર્વમાં બે તંબૂ તણાવ્યા, અને મળી શકે તેટલી સુવિધાઓથી સજાવ્યા. યાજકો તેમના શુદ્ધિકરણ અંગે યોગ્ય જાહેરાત ન કરે ત્યાં સુધી ત્યાં જ મા અને બહેનને રાખ્યાં.

બેન–હરને પણ અશુદ્ધતાને કારણે બીજાંથી અલગ રહેવું પડયું.

એ જ દિવસો દરમ્યાન પાસ્ખાપર્વને કારણે લગભગ આખું શહેર યાત્રિકોથી ઊભરાઈ રહ્યું. બેન–હરે આવેલાં ઘણા સાથે ચર્ચાઓ કરી. કયારેક કયારેક બેન–હરને મળવા તાજાતગડા, ઉઘાડા મસ્તકવાળા, કાળી દાઢીવાળા અજાણ્યાઓ આવતા, અને ખાનગીમાં ગુફતેગુ કરી ચાલ્યા જતા. મા કંઈ પૂછતી તો એ કહેતો : “ એ ગાલીલના મારા મિત્રો છે. આ લોકોથી નાઝારી, તેના શત્રુ–મિત્રો વગેરે વિશે બેન–હરને ઉપયોગી માહિતી મળ્યા કરતી. તે જાણી ચૂકયો હતો કે તે ભલા પુરુષનો જાન જોખમમાં છે. પરંતુ ક્રાઈસ્ટની અદ્‌ભુત શકિતઓનો પણ અંગત પરિચય હોવાથી તેને નાઝારીમાં વિશ્વાસ રહેતો.

એકવીસ અને પચીસ માર્ચની વચમાં આ બનાવો બન્યા. પચીસમીની સાંજે એની ધીરજ ખૂટી જતાં તે 'હમણાં આવું છું' કહી ઘોડા પર સવાર થઈ શહેર તરફ નીકળ્યો.

★ ★ ★

બેન–હર સરાઈ પાસે ઘોડા ઉપરથી ઉતર્યો. ઘોડાને તેણે આરબ સાથીઓને સોંપ્યા બાદ તે પોતાના જૂના મહેલમાં દાખલ થયો, જયાં મિસરી બાલ્થાઝાર અને તેની દીકરી ઈરા રહેતાં હતાં, અને વિશાળ દીવાનખંડમાં પહોંચ્યો.

તે મહેમાનો અંગે પૂછતાછ કરતો હતો ત્યાં જ દરવાજા પરનો પરદો હટાવી મિસરી યુવતી અંદર પ્રવેશી. તેણે અતિ કીમતી પોશાક પરિધાન કર્યો હતો. તેના દાખલ થતાં જ જાણે કમરો ઝગમગી ઊઠયો, કારણ કે તે દીવાનખંડમાં દીવાઓના ઝુમ્મર નીચે જ ઊભી રહી. નોકર બંનેને એકલાં મૂકી ચાલ્યો ગયો.

છેલ્લાં થોડા દિવસની તોફાની ઘટનાઓમાં બેન–હર એટલો ખોવાઈ ગયો હતો કે તેણે આ હસીના અંગે કશું વિચાર્યું નહોતું. પરંતુ આજે તેને જોતાં જ તેના સૌંદર્યનો નશો, તેની નજાકતનો જાદુ તેના ઉપર છાઈ ગયો. ભાવવિભોર થઈ તે યુવતી તરફ આગળ વધ્યો, પણ ઊભો રહી ગયો. આવું પરિવર્તન એણે કયારેય જોયું નહોતું.

અત્યાર સુધી તો ઈરા કાળજીભરપૂર પ્રેમિકાની માફક તેને જીતી લેવાનો પ્રયત્ન કરતી હતી–તેની રીતભાત કે અદામાં મોહકતા, દરેક ઈશારામાં પ્યારનું ઈજન, દરેક કાર્યમાં સ્વીકાર હતો. ખજૂરીની

વાડીઓનાં સરોવર પરના નૌકાવિહારની તે રમણીય રાત્રિથી માંડી આજ સુધી મિસરી યુવતી બેન–હર માટે બધું જ બની રહી હતી. પરંતુ હવે !

શાયદ આજ દિન સુધી કોઈ અજાણ્યાનો પણ આવો તિરસ્કાર કોઈએ કર્યો નહિ હોય. બહારથી તો શિલ્પપ્રતિમાશી ખામોશ હતી. પરંતુ હવે તે પોતાનું અસલી રૂપ બતાવવામાં જ હતી.

" ખૂબ સમયસર છો તમે, " તેણે તીણા સ્પષ્ટ અવાજે કહ્યું : " બેન–હર, મને કહો કે નાઝરેથના સુથારનો અને સાથે દેવનો દીકરો કયાં છે ? જેની પાસેથી મહાન કાર્યોની અપેક્ષાઓ રાખવામાં આવી હતી ? "

બેન–હરે પોતાનો હાથ અધીરતાથી હલાવી કહ્યું : " હું કંઈ એનો રખેવાળ નથી.

એણે પોતાની નાજુક ગરદન નીચે ઝુકાવી પૂછયું : " શું એણે રોમનો ભુક્કો બોલાવી દીધો ? સત્યાનાશ કરી નાખ્યું ? "

બેન–હરે નાપસંદગીની દ્રષ્ટિએ પોતાનો હાથ ઊંચો કર્યો. યુવતીએ ફરી પૂછયું : " તેણે પોતાની રાજધાની કયાં સ્થાપી છે ? તમે હજુ આ ઝૂલતાં વસ્ત્રોમાં કેમ ફરો છો ? આવી રીતે ભારતના ગવર્નરો કે બીજા દેશોના ઉપરાજવીઓ ફરતા નથી. જે રાજયમાં તમે મારી સાથે સહભાગી થવાના હતા તે રાજય હજુ સ્થપાયું લાગતું નથી ! તેણે મુર્દાઓને તો જીવતાં કર્યાં, પણ શું એક સોનાનું સિંહાસન, સુવર્ણમહેલ ઊભો કરી શકતો નથી ? "

" મારા માનવંતા મહેમાનની દીકરી પોતે ધારે છે તેથી વધુ

દયાળુ છે. " બેન–હરે ઠંડી સભ્યતાથી કહ્યું.

ઈરાએ થોડો વખત પોતાના નેકલેસને રમાડતાં નફરતભરી દ્રષ્ટિથી કહ્યું : " તમે યહૂદી છો, છતાં હોશિયાર છો ! મેં તમારા સ્વપ્નદ્રષ્ટા સીઝરને સુવર્ણરથમાં બેસી યરુશાલેમમાં પ્રવેશતા જોયા!" તેણે કટાક્ષથી હસતાં કહ્યું : " માથે ટોપ પહેર્યા વિનાના, હાથમાં તલવાર વિનાના, એક ગરીબ ગાય જેવા માણસને ગધેડા પર સવાર થઈ યરુશાલેમમાં વિજય કૂચ કરી આવતા જોયા ! એમની આંખોમાં આંસુ હતાં ! રાજા ! ઈશ્વરપુત્ર ! મુકિતદાતા ! હા, હા, હા !"

બેન–હરે કોઈપણ રીતે પોતાની ધીરજ ગુમાવી નહિ.

તેણીએ આગળ ચલાવ્યું : " યરુશાલેમના રાજકુમાર ! મેં તો મારી જગ્યા છોડી નહિ, અને ઈશ્વરપુત્રની લાચાર સૂરત જોઈ હસી પણ નહિ. મેં તો મારી જાતને એમ કહ્યું કે, 'થોડી ધીરજ રાખ; એ મંદિરમાં ગૌરવ પ્રાપ્ત કરી સમગ્ર વિશ્વનો અધિકાર પોતાના હાથમાં લઈ લેશે. પરંતુ મેં સુંદર દ્વાર પાસે ઊભા થતા જોયા. મને કહેવા દો કે આશરે દસ લાખ માણસો તેની રણઘોષણા, વિજયટંકાર સાંભળવા કાન માંડી ઊભાં હતાં, પરંતુ તે તો પથ્થરના થાંભલા જેવા ખામોશ રહ્યા. મને તો લાગ્યું કે આખું રોમન સામ્રાજય પત્તાના મહેલની જેમ તૂટી પડશે. હા, હા, હા ! પરંતુ મુખ પણ ઉઘાડયા વગર તમારી દુનિયાના શહેનશાહ ચાલ્યા ગયા ! અને રોમનો છે ત્યાં જ રહ્યા!"

પરંતુ બેન–હરને લાગ્યું કે, મસીહનો કોમળ, અશ્રુભરી

આંખોવાળો ચહેરો તેની આંખો સામે ડોકાઈ રહ્યો. તેને તો હવે સમજાતું જ હતું મસીહનો ઉદ્દેશ રાજનૈતિક નથી. તેણે ગૌરવથી કહ્યું : " બાલ્થાઝારની પુત્રી, આપણે હવે કામથી કામ રાખીએ, અને ભૂલી જઈએ કે આપણે કદી એકબીજાને મળ્યાં હતાં.

ઈરાએ જાણે શું કરવું તે જાણવા ધ્યાનથી એક ક્ષણ તેની સામે જોયું, અને પછી ઠંડાશથી કહ્યું : " મને મંજૂર છે, હવે તમે જઈ શકો છો."

" તમને શાંતિ હો, " કહી તે દ્વાર તરફ વળ્યો. તે દ્વારમાં જ હતો ત્યાં ઈરાએ કહ્યું : " એક વાત સાંભળો. હું તમારા વિશે શું જાણું છું તે વાત પર જરા ધ્યાન દેજો."

" હે સુંદર મિસરી સ્ત્રી, તમે મારે વિશે શું જાણો છો ? "

તેણે જાણે બેધ્યાનપણે કહ્યું : " જહાજ પર ગુલામી કરતાં કરતાં ફરાર બનેલો એક યહૂદી હતો, તેણે ઈડર્નીના મહેલમાં એક રોમનની હત્યા કરી."

બેન–હર ચમકી ગયો.

" આ એ જ યહૂદીએ અહીં યરુશાલેમના બજારમાં એક રોમન સૈનિકને મારી નાખ્યો. તેણે જ આજે રાત્રે રોમન ગવર્નરને કેદ પકડવા ત્રણ સૈનિક ટુકડીઓ તૈયાર કરી છે, તેણે જ રોમ સામે યુદ્ધે ચઢવા તૈયારીઓ પૂરી કરી છે. શેખ ઇલ્દરીમ તેમાં સહભાગી છે."

ઈરાએ પાસે જઈ કહ્યું : " તમે રોમમાં રહી ચૂકયા છો. જરા કલ્પના કરો કે કોઈ જાણીતાના કાનમાં આ વાતોની ફૂંક મારવામાં

આવે તો શું થાય ? અરે ! તમારા ચહેરાનો રંગ ઊડી જાય છે કે શું?

હરણનો શિકાર કરવા નીકળેલા શિકારીને અચાનક વાઘ ભેટી જાય તેવી રીતે બેન–હર ઈરાથી પાછો હઠયો.

" મિસરની દીકરી, તું ખુશ થાય તે માટે મને કહી દેવા દે કે, હું તારી ચાલાકી સ્વીકારું છું, અને હું તારી દયા પર છું એય સ્વીકારું. તને એ જાણીને પણ આનંદ થશે કે, તારી પાસે મદદ મેળવવાની મને કોઈ ઉમેદ નથી. હું તારો જાન લઈ શકું, પરંતુ તું સ્ત્રી છે. જાણી લે કે હજુય રણમાં મારે માટે પૂરતી ખુલ્લી જગા છે. રોમ જો કે દુશ્મનોનો શિકાર કરવામાં મશહૂર છે, છતાંય રેગિસ્તાનમાં મારી શોધ અને ધરપકડ બહુ આસાન નહિ હોય. એક વાત હું જરૂર જાણવા માંગું કે, મારે વિશે તને આ બધું કોણે બતાવ્યું ?

સ્ત્રીચરિત્ર કે ચાલાકી : પણ ઈરાના મુખ પર હમદર્દી ઝળકી : " રાજકુમાર હૂર, મારા મુલકમાં એવા કેટલાય કારીગરો છે જે તોફાન પછી કિનારા પર પથરાયેલાં શંખલાંમાંથી રંગીન તસવીરો સર્જે છે. બીજા એવા પણ છે જે વિભિન્ન સૂત્રો એકત્ર કરી મોટાં રહસ્યો પ્રાપ્ત કરી લે છે. મેં શેખ ઇલ્દરીમ પાસે થોડું સાંભળ્યું, થોડુંક તમારી પાસેથી... "

" આભાર, હવે રોમન ગવર્નરને તારે માટે વાટ જોવી નહિ પડે, " કહી તે ચાલ્યો.

ફરી ઈરાએ તેને રોકયો, પણ આ વખતે તેના ચહેરાના હાવભાવ પરથી બેન–હરને લાગ્યું કે સાચી વાત હવે મળી જશે.

તેણે ઉતાવળથી કહ્યું : " એક જમાનામાં તમારો એક મિત્ર

હતો. બચપણનો દોસ્ત. એણે તમારી સાથે જુલમ ગુજાર્યો. કેટલાંક વર્ષ પછી અંત્યોખના રમતમેદાન પર તમે બંને મળ્યા."

" મેશાલ્લા ? "

" હા, મેશાલ્લા. એ તમારો દેવાદાર છે. ભૂતકાળને ભૂલી જાઓ, હું તમને વિનંતી કરું છું. સ્પર્ધામાં જે બાજી, જે રકમ તે હારી ગયો, અને બરબાદ થઈ ગયો, તે તેને માફ કરી પાછી આપો. ઓ ઉમદા રાજકુંવર ! તેને ભિખારી થઈ જતો અટકાવો."

" સુંદર મિસરી સ્ત્રી, શું એ જેની વિનંતી ગુજારે છે એ જ વસ્તુ મારે માટે તેણે કરી હોત ? " તેના હાથના સ્પર્શમાં અને આંખોમાં આતુરતા હતી.

" ઓહ ! " તેણે કહ્યું, " તે એક ..... "

" રોમન છે, એટલું જ કહેવું છે ને ? હું બાજી જીતી ગયો છતાં એને માફ કરું, કારણ કે એ રોમન છે ! હજુ વધુ કહેવું હોય તો, બાલ્થાઝારની દીકરી, કહી દે. મારું લોહી ઊકળી ઊઠશે તો હું ભૂલી જઈશ કે, તું સુંદર છે અને સ્ત્રી છે; પછી મને યાદ નહિ રહે કે, તું એક રોમન માલિકની ધિક્કારપાત્ર જાસૂસ છે.

તેણે બેન–હરનો હાથ ઝટકાવી નાખ્યો, તેનો બધો દુષ્ટ સ્વભાવ તેની આંખોમાં અને અવાજમાં જાણે નાગણની જેમ ફૂંફાડયો : " મેશાલ્લાને જોયા બાદ હું તને પ્રેમ કરું ? છટ... તું જે એની ખિદમત કરવા જન્મ્યો છે તેને ? કાન ખોલીને સાંભળી લે, જો તું કાલ સુધીમાં એને છવીસ તાલંત નહિ ચૂકવે, તો રોમમાં તારો હિસાબ

ચૂકવાશે.

બેન–હરે તેને રોકી કહ્યું : " ચાહે આજે, ચાહે કાલે ; ચાહે રોમમાં, ચાહે હ્યાં; જયાં કંઈ તું મેશાલ્લાને મળે ત્યારે કહેજે કે, મારું દેવું ચૂકવાઈ ગયું છે; જહાજમાં એણે મને ગુલામ બનાવ્યો હતો, પણ કહેજે કે, આજે હું સ્વતંત્ર છું અને તેની બેઈજ્જતી જોઈ ભારે ખુશ છું. રોમન ગવર્નર મને બરબાદ નહિ કરી શકે, કારણ કે રોમમાં મારી કોઈ મિલકત હવે છે નહિ. અહીંની મારી મિલકત પણ મારે નામે નથી. મેશાલ્લાને મારા વતી એટલું કહેજે કે, હું તેને શબ્દોમાં શાપ મોકલતો નથી, પરંતુ હું એક એવી વ્યકિતને મોકલું છું જે બધા શાપના સરવાળા બરોબર છે. અને તને જોઈ એ મારા શબ્દોનો અર્થ તરત સમજી જશે."

તેણે તેને દરવાજા તરફ દોરી, અને તે ચાલી જતી હતી ત્યારે કહ્યું : " તને શાંતિ હો."

★ ★ ★

જયારે બેન–હર દીવાનખંડમાંથી બહાર નીકળ્યો ત્યારે એનાં પગલાં ધીમાં અને મસ્તક ઢળેલું હતું. તેણે મોટેથી કહ્યું : " ઈશ્વરની સ્તુતિ હો કે, હું આ ખૂબસૂરત બલાના પંજામાંથી છૂટયો. એણે મારા ઉપર નાંખેલી મોહિનીમાંથી બચી ગયો. " પછી તે ઝડપથી ચાલ્યો. થોડા સમયમાં તે ગ્રીષ્મમહેલના ધાબા પર આવી ગયો.

સિમોનીડીઝની ખુરસી પાસે જતાં તેણે જોયું કે, ત્યાં એસ્તર ટૂંટિયું વાળી સૂઈ ગઈ હતી. એના ચહેરા પર વાળ ઊડતા હતા, તેના શ્વાસોચ્છ્વાસ ધીમા અને અનિયમિત હતા, અને તે ધીમાં ડૂસકાં

ભરતી હતી. તેને એકદમ સમજાયું કે, એસ્તરની નિદ્રા થાક કરતાંય કોઈ અજાણ્યા દુ:ખને કારણે હતી. તેણે ખુરસીની પાછળ પોતાના હાથ મૂકયા અને વિચાર્યું :

" હું એને નહિ જગાડું. મારે એને મારા સ્નેહ સિવાય બીજું કંઈ કહેવાનું નથી. તે યહૂદીની પુત્રી છે અને મિસરી યુવતી જેવી નથી, છતાં સુંદર તો છે જ. પ્રશ્ન હવે હું એને ચાહું છું તે નથી, પરંતુ એ મને ચાહે છે કે કેમ તે છે. મેં એને અંત્યોખમાં ધાબા પર કરેલું ચુંબન શું તે ભૂલી ગઈ હશે ? હું એને ચાહું છું. તે મારી મા માટે બીજી પુત્રી જેવી બનશે."

તે જેવો આવ્યો હતો, તેવી શાંતિથી ચાલ્યો ગયો.

પાસ્ખાપર્વને કારણે ભીડ હતી. ત્યાં એણે સામેથી મશાલોની રોશની જોઈ. યહૂદીઓના ધાર્મિક સમારોહમાં રોમન સૈનિકોનું શું કામ ? આ તો ભારે વિચિત્ર કહેવાય. એણે ધ્યાનથી જોયું તો રોમન સૈનિકો સાથે મંદિરના પૂજારીઓ અને રાબ્બીઓ હતા.

બધાથી આગળ મંદિરના મુખ્ય પૂજારી હતા. વચમાં એક બીજી વ્યકિત અને તેની સાથે મંદિરના બીજા પૂજારી હતા. પીળા ચહેરાવાળી પેલી વ્યકિતને જોતાં જ તે બોલી ઊઠયો : " ઈસ્કારિયોત! "

વૃદ્ધ પૂજારીએ વચ્ચે જ કહ્યું : " કોણ છે તું ? ચાલ્યો જા. " સૈનિકો અને નોકરોનું આ સરઘસ ધીમે ધીમે જૈતુન બાગ તરફ આગળ વધ્યું. મશાલોનો પ્રકાશ બાગમાં સફેદ વસ્ત્ર પહેરેલી, દુ:ખિત ચહેરાવાળી એક વ્યકિત પર પડતાં જ બેન–હર તેમને ઓળખી ગયો. તે નાઝારી હતા.

ત્યાં જ ઈસુનો સ્પષ્ટ, સ્નેહપૂર્ણ અવાજ ગૂંજી રહ્યો : " તમે કોને શોધો છો ?

" ઈસુ નાઝારીને."

" હું જ તે છું."

ત્યાં જ યહૂદા ઈસ્કારિયોતે આગળ વધી ઈસુને ચુંબન કરી કહ્યું " રાબ્બી, નમસ્કાર." આ શબ્દો સાંભળતાં જ બધા ફરોશીઓ ઈસુ તરફ દોડયા. તેને બચાવવાના ઈરાદાથી ઈસુના એક શિષ્યે તલવાર ઊઠાવી એક વ્યકિતનો કાન કાપી નાખ્યો. ઈસુ નાઝારીએ તે કાન ફરી સાંધી દેતાં કહ્યું : " જે તલવાર ઊઠાવે છે તે તલવારથી નાશ પામશે. તારી તલવાર મ્યાનમાં નાખ." સૈનિકો ઈસુને બાંધી લઈ ચાલ્યા, ત્યારે બધા શિષ્યો નાસી છૂટયા.

ન નાઠો એક બેન–હર. તેણે તો ઈસુની સમીપ જઈ પૂછયું : " શું આપ પોતાની મરજીથી આમની સાથે જાઓ છો ? હું આપનો મિત્ર છું. જો આપને છોડાવવાનો પ્રયત્ન કરું, તો આપને માઠું તો નહિ લાગે ને ?"

ઈસુએ તેની તરફ જોયું પણ નહિ. પરંતુ બેન–હરને લાગ્યું કે કોઈ તેને કહે છે : " મને એકલો રહેવા દો." ત્યાં જ " આ પણ તેઓમાંનો છે, " કહી પાંચ–છ યહૂદીઓ બેન–હર પર તૂટી પડયા. બેન–હરમાં ચારગણી તાકાત આવી ગઈ. કપડાં ફાટી ગયાં, છતાં તે ટોળા વચ્ચેથી મારામારી કરી નાસી છૂટયો. ધર્મશાળામાં જઈ વસ્ત્રો બદલી નાંખ્યાં.

★ ★ ★

બીજે દિવસે સવારે બે ઘોડેસવારો તેજીથી ઘોડા દોડાવતા બેન–હરના તંબૂ પાસે આવ્યા.

બંને ગાલીલની સેનાના વિશ્વાસપાત્ર અફસરો હતા. બેન–હર તેમને મળ્યો: " તમને શાંતિ હો ; બેસો." એકે કહ્યું : " બેસવું એટલે નાઝારીને મરવા દેવા. બેન–હર, ઊઠો ; અમારી સાથે ચાલો. ન્યાયચુકાદો આપી દેવામાં આવ્યો છે, અને ગલગથા પાસે ક્રૂસની તૈયારી પણ કરી દેવામાં આવી છે."

હતપ્રભ બેન–હરે તેમની સામે તાકી કહ્યું : " ક્રૂસ ?" " રાત્રે તેઓ નાઝારીને લઈ ગયા, તેમના પર કામ ચલાવ્યું. પરોઢ પિલાત પાસે લઈ ગયા."

" પવિત્ર પિતા આબ્રાહમ ! એમ નહિ થઈ શકે. આ તો યુદ્ધનો સમય છે."

તેનો ચહેરો દ્રઢ નિશ્ચયથી ઝળહળી રહ્યો. તેણે પોતાના હાથની મુઠ્ઠીઓ વાળી–તેણે મોટેથી કહ્યું : " અશ્વો !" અને થોડી જ વારમાં તેઓ ઘોડા દોડાવતા રસ્તા પર આવી ગયા.

ગાલીલીએ પૂછ્યું : " પહેલાં ક્યાં જઈશું ?"

" સેનાઓ એકત્રિત કરવા."

" અફસોસ છે મારા માલિક ! અમારા બે સિવાય બીજા કોઈ રહ્યા નથી. બીજા તો યાજકો સાથે નાઝારીને મારી નાખવાના કાવતરામાં જોડાઈ ગયા છે."

બેન–હરે એકથી બીજા તરફ ધ્યાનથી જોયું, પછી લગામ ખેંચી કહ્યું : " ભાઈઓ, ચાલો, આપણે ગલગથા જઈએ." એના

મનમાં તો ગેથસેમાનેના બાગમાં ઈસુના મુખે સાંભળેલા શબ્દો જ પડઘાતા હતા : " જે પ્યાલો મારા પિતાએ મારે માટે તૈયાર કર્યો છે તે શું હું ન પીઉં ?"

નાઝારી અને બીજા બંદીવાનોને ક્રૂસ પર ચઢાવવા માટેનું સરઘસ હેરોદના મોટા મિનારા પાસેથી પસાર થશે એવું જાણી ત્રણે મિત્રો તે તરફ ચાલ્યા.

ઘણા વખત પછી મોટા મિનારા પાસેથી ઘણા માણસોનો શોરબકોર સંભળાયો. એક મિત્રે કહ્યું : " સાંભળો, તેઓ આવી રહ્યા છે."

ત્રણે મિત્રો ઘોડેથી ઊતરી એક ઘરના ખૂણા પાછળ સંતાઈને ઊભા રહ્યા.

શોરબકોર પાસે આવતો ગયો. ચારે તરફ હવામાં વિચિત્ર હંગામો મચ્યો હતો ત્યારે બેન–હરે સિમોનીડીઝને ખુરસીમાં ઊંચકીને આવતા તેના નોકરો અને એસ્તરને જોયાં. એમની પાછળ બાલ્થાઝારની પાલખી હતી.

" સિમોનીડીઝ અને એસ્તર, પ્રભુની શાંતિ તમારી સાથે હો. તમે જો ગલગથા તરફ જતાં હો, અને સરઘસ પસાર થઈ જાય ત્યાં સુધી તમે થોભો, તો હું તમારી સાથે આવું."

સિમોનીડીઝ : " મહેરબાની કરી બાલ્થાઝારને પૂછો. હું તેમની ઇચ્છાને અનુસરીશ." પાલખીમાં લગભગ મૃતપ્રાય પડેલા વૃદ્ધ મિસરીનો ચહેરો સફેદ થઈ ગયો હતો.

બાલ્થાઝાર : " શું આપ એમને જોઈ શકો છો ?"

" નાઝારી ? હા, તે થોડીવારમાં અહીંથી જશે."

બાલ્થાઝારે વ્યાકુળતાથી કહ્યું : " ઓ પિતા, આજનો દિવસ કેટલો ભયાનક છે !"

ભીડ નજીક આવતી ગઈ. આગળ તોફાની છોકરાંઓનાં ટોળાં " યહૂદીઓનો રાજા, " માર્ગ આપો," વગેરે બૂમો પાડતાં હતાં. પાછળ હથિયારબંધ રોમન સૈનિકો હતા. એમની પાછળ નાઝારી.

નાઝારી અત્યંત દુર્બળ બની ગયા હતા. એક–બે ડગલાં ચાલતાં જ તેમના પગ ધ્રૂજતા ને તે લગભગ ગબડી જતા. લોહીભીનો ફાટેલો ઝભ્ભો તેમના ઉઘાડા ખભા પરથી લટકતો હતો. ગળામાં એક લાકડાની તખ્તી હતી, અને તેમના ઉઘાડા પગ જે પથ્થરો પર પડતા ત્યાં લોહીનાં ટીપાં દેખાતાં. માથા પર જબરજસ્તીથી પહેરાવાયેલો કંટકોનો મુગટ હતો. દરેક ગુનેગારને એનો ક્રૂસ ઊંચકવાની ફરજ પડાતી. વજનદાર ક્રૂસ ઊંચકવાને કારણે નાઝારીનાં અંગો સફેદ પડી ગયાં હતાં. તેની આગળપાછળ ચાર સૈનિકો હતા, જેમના ધ્યાનબહાર કોઈક યહૂદી નાઝારીને લાકડી મારી લેતા. બેન–હરે આ શબ્દો સાંભળ્યા : " પ્રભુ, મારા પ્રભુ ! " અને તેનું હ્દય કરુણાથી છલકાઈ ઊઠયું.

સિમોનીડીઝે પૂછયું : " બેન–હર, તમારાં સૈન્યો કયાં છે ?"

બેન–હર : " એ અંગે હાન્નાસ વધુ સારી રીતે કહી શકશે."

" શું બધાંએ દગો દીધો ?"

" હા, આ બે જવાનો જ બાકી રહ્યા."

" તો તો બધું ખલાસ, અને આ ભલા માણસે મરવું પડશે. "

વેપારીનું મસ્તક દુઃખ–ક્ષોભથી નીચે ઢળી પડયું.

નાઝારીની પાછળ આવતી બે વ્યકિતઓ પાસે પણ ક્રૂસ હતા.

બેન–હર : " આ બે કોણ છે ? "

" આ બે ચોરને પણ નાઝારી સાથે ક્રૂસે જડવાના છે."

એસ્તરે પૂછયું : " ત્યાં કેટલીક સ્ત્રીઓ ખૂબ આંસુ સારે છે, એ કોણ છે ? "

" ઈસુના પ્રિય શિષ્ય યોહાનના ખભા પર જે વૃદ્ધા ઢળી પડયાં છે તે નાઝારીનાં મા છે. બાકીની ત્રણ સ્ત્રીઓ નાઝારીની શિષ્યાઓ છે."

ત્યાં જ બેન–હરે થોડાક ગાલીલિયનોને જોયા. તેણે તેમને કહ્યું : " મારી સાથે ચાલો. " તેઓ બેન–હર સાથે એક ઘરમાં પહોંચ્યા.

બેન–હરે કહ્યું : " તમે મારી તલવારો લઈને કસમ ખાધા હતા કે, તમે આઝાદી માટે અને યહૂદીઓના નવા રાજા માટે જાન ન્યોછાવર કરી દેશો. હજુ તમારા હાથોમાં તલવાર છે અને કુરબાનીનો વખત આવી ગયો છે. તમારા સાથીઓને એકઠા કરી ગલગથા પાસે મને મળો. "

તેઓએ બેન–હર સામે નમ્રતાથી જોયું પણ હઠયા નહિ.

બેન–હરે ચીસ પાડી : " શું તમે બહેરા છો ? "

એકે કહ્યું : " યહૂદા ! બેન–હર ! તમે છેતરાયા છો. નાઝારી

રાજા નથી, નથી એનામાં રાજા બનવાની તાકાત. યરુશાલેમમાં અમે તેની સાથે હતા. પણ સુંદરદ્વાર પર દાઊદનું સિંહાસન સ્વીકારવાનો તેણે ઇન્કાર કર્યો."

યહૂદા બેન–હરે પોતાના હાથ વડે મોં ઢાંકી દીધું.

સિમોનીડીઝે ચોથી વાર કહ્યું : " ચાલો, અમે તમારી વાટ જોઈએ છીએ. યંત્રવત્ તે એમની સાથે ચાલ્યો."

★ ★ ★

બાલ્થાઝાર, સિમોનીડીઝ, બેન–હર, એસ્તર અને બંને ગાલીલી યુવકો ક્રૂસે ચઢાવવાના સ્થળે પહોંચી ગયાં. સૌથી આગળ બેન–હર હતો, પરંતુ લગભગ બેભાનાવસ્થામાં જ તે ચાલી રહ્યો હતો. ત્યાં તેણે એક વેરાન, લગભગ મનુષ્યની ખોપરી જેવી ટેકરી જોઈ. ક્રૂસની ચારે તરફ રોમન સૈનિકોનો ઘેરો હતો, અને ભીડ તો બેસુમાર હતી. આ જ સ્થળ હતું ગલગથા–અર્થાત્ ખોપરીની જગ્યા.

વિશેષ વસ્ત્રો પહેરી મહાયાજક પણ ઊભા હતા. ટેકરી પર ઊભેલા ઈસુના ચહેરા પર પારાવાર વેદના હતી, છતાં તે અત્યંત ખામોશ હતા. રોમન સૈનિકો અને અન્ય નગરજનો હંસીમજાક અને ગાળાગાળી કરી રહ્યા હતા. આ લહેરાતા માનવમહેરામણમાં હૃદયના અભ્યંતરમાં ડૂબી ગયેલા બેન–હરના કાને શબ્દો ગુંજતા રહ્યા, અને ઉષા ઉગી ત્યારે બધી જ શંકાઓ, રહસ્યોની ઉપર એક અનોખી શાંતિ એના હૃદયમાં છવાઈ ગઈ હતી.

ત્યાં જ હથોડાના અવાજો સંભળાયા. તેણે જોયું કે ક્રૂસો

ચોઢવા માટેના ખાડા તૈયાર થઈ ગયા હતા ત્યાં જ મહાયાજકનો અવાજ ગાજ્યો : " તમારા માણસોને ઝડપ કરવાનું કહો. કાનૂન અનુસાર સૂર્ય ડૂબે તે પહેલા આને દફનાવી દેવો જોઈએ, જેથી ધરતી નાપાક ન બને."

એક સૈનિકે નાઝારીને કશું પીવા માટે આપ્યું, પણ તેણે ઇન્કાર કરી દીધો. બીજા સૈનિકે એના ગળામાં ભરાવેલું પાટિયું ઉતારી લઈ ક્રૂસ પર લટકાવી દીધું.

સૈનિકોએ નાઝારીનાં બધાં વસ્ત્રો ઉતારી લીધાં. ખૂની કોરડાના મારનાં નિશાન હજુ તેની પીઠ પર સ્પષ્ટ દેખાઈ રહ્યાં. આડા લાકડાં પર તેના હાથ પહેલા જડી દેવામાં આવ્યા. શાંત અને સ્થિર થઈ ગયેલી હવામાં હથોડાના અવાજ ગુંજી રહ્યા. પછી પગ, અને છેવટે નાઝારીનું આખું શરીર ઊભા કરાયેલા ક્રૂસ પર ઝૂલી રહ્યું. હાથ, પગ બધેયથી રકતની ધારાઓ વહી રહી હતી, છતાં તે રડયા નહિ; માત્ર આટલા જ શબ્દો સંભળાયા : " પિતા, તેઓએ માફ કર; કેમ કે તેઓ જે કરે છે તે તેઓ જાણતા નથી." તખ્તી વાંચનારા હસીહસીને બેવડા વળી જતા હતા અને કહેતા હતા : " યહૂદીઓના રાજા, નમસ્કાર !"

મધ્યાહ્નનો સમય હતો, છતાં એકદમ અંધારું છવાઈ ગયું. લોકોમાં સનસનાટી છવાઈ ગઈ. છતાં હજુયે મજાક કરનારા મશ્કરીમાં કહેતા હતા : " હે મંદિરને પાડી નાખનાર અને ત્રણ દિવસમાં પાછું બાંધી દેનાર, પોતાને બચાવ."

કસમયની રાત્રિને કારણે ગભરાઈ ગયેલી એસ્તર બોલી :

" પિતાજી, આ તો દૈવી પ્રકોપ લાગે છે; ચાલો, આપણે ઘેર જતાં રહીએ. ક્રૂસ પર ત્રણેને લટકાવ્યાને બે કલાક થઈ ગયા હતા. નાઝારીનાં અપમાન, વેદના, દુઃખના પ્યાલા પીવાનો આ સમય હતો. બેન–હરના અંતરમાં સંપૂર્ણ શાંતિ પથરાયેલી હતી."

ત્યાં જ એક ચોરનો અવાજ સંભળાયો : " શું તું મસીહ નથી? હે દંભી, તું સાચો હોય તો પોતાને તથા અમને બચાવ. બીજા ચોરે તેની ટીકા કરી, અને ઈસુને વિનંતી કરી : " હે ઈસુ, તું તારા રાજયમાં આવે ત્યારે તું મને સંભારજે." ત્યાં જ નાઝારીનો સ્પષ્ટ અવાજ આવ્યો : " આજ તું મારી સાથે સ્વર્ગલોકમાં હોઈશ."

આ શબ્દો સાંભળી સિમોનીડીઝે તરત વિશ્વાસ કર્યો. એની આંખો સામેનો અંધકાર દૂર થઈ પ્રકાશ વ્યાપી ગયો.

જેનો આખો ચહેરો લોહીથી લદબદ થઈ ગયો હતો તેવા નાઝારીની બીજી બે વાણી સંભળાઈ : " મારા દેવ ! મારા દેવ ! તેં મને કેમ તજી દીધો છે," " સંપૂર્ણ થયું "તથા " પિતા હું મારો આત્મા તારા હાથમાં સોંપુ છું." કહેતાં જ ઈસુના શરીરને એક ધક્કો લાગ્યો અને એક તીણી ચીસ સાથે ઈસુનું દુનિયા પરનું જીવન સમાપ્ત થઈ ગયું. ત્યાં જ ધરતી ધ્રૂજી, અંધારૂં હઠી ગયું અને ફરી સૂરજ પ્રકાશ્યો.

સિમોનીડીઝે કહ્યું : " હવેથી આપણે તેમને મસીહ કહીશું. તેમણે બાલ્થાઝાર તરફ જોયું તો વૃદ્ધ મિસરી યાત્રિકનો આત્મા માલિક સાથે જ ચાલ્યો ગયો હતો."

આ ઐતિહાસિક દિવસે સૂર્યાસ્ત સમયે ઈસુનું શબ ક્રૂસ પરથી નીચે ઉતારવામાં આવ્યું.

બેન–હર ઈરાને તેના પિતાના મૃત્યુના સમાચાર આપવા ગયો, ત્યારે ત્યાં ઈરા દેખાઈ નહિ. આથી બાલ્થાઝારના મૃતદેહની બધી જ વ્યવસ્થા તેને કરવી પડી.

યાજકોએ તિર્જા અને બેન–હરની માતાને શુદ્ધ જાહેર કર્યા પછી બેન–હર તેમને પોતાના મહેલમાં લઈ આવ્યો. ત્યાં જ ઈસુના પુનરુત્થાનના સમાચાર આવતાં જ બધાંના આનંદમાં ચાર ચાંદ લાગી ગયા.

# ઉપસંહાર

ઈસુ ક્રૂસ પર મૃત્યુ પામ્યા તેને પાંચ વર્ષ થઈ ગયાં હતાં. બેન–હરની પત્ની એસ્તર ઈટાલીના મિસેનમના પોતાના શાનદાર મહેલમાં બેઠી હતી. બપોરનો સમય હતો. મહેલની આસપાસના બગીચામાં ગુલાબો ખીલ્યાં હતાં. તિર્ઝા બેન–હરનાં બે બાળકો સાથે સિંહના ચામડા ઉપર રમત કરતી હતી, ત્યાં જ એક નોકરે દ્વારમાં આવી કહ્યું : " એક મહિલા આપને મળવા માંગે છે."



" અંદર આવવા દે, હું એમને અહીં જ મળીશ." અંદર આવતી સ્ત્રીને જોતાં જ એસ્તર ઊભી થઈ ગઈ, કંઈક બોલવા ગઈ પણ બોલી શકી નહિ. તત્કાળ પોતાની જાત પર સંયમ રાખી તે બોલી : " હું આપને ઓળખું છું, શું આપ... "

" હું બાલ્થાઝારની દીકરી છું."

એસ્તરે એક નોકરને ખુરસી લાવવા કહ્યું; પરંતુ ઈરાએ કહ્યું : " ના, હું તરત જ પાછી ફરવા માંગું છું."

બંને એકબીજાને જોઈ રહ્યાં.

એસ્તરની જૂની હરીફના શરીરમાં હજુયે

માદકતા હતી; પરંતુ ચહેરો સુકાઈ ગયો હતો. લાંબી આંખો લાલ થઈ ગઈ હતી, અને ઊંડી ઊતરી ગઈ હતી. તેના વસ્ત્રો ફાટેલાં અને જૂનાં હતાં.

" શું આ આપનાં બાળકો છે ?" ઈરાએ પૂછયું.

બાળકો તરફ જોઈ એસ્તર હસી ઊઠી : " શું આપ તેમને નહિ બોલાવો ?"

" મારી સાથે વાત કરતાં તે બીશે," અને પછી તે એસ્તર તરફ આગળ વધી.

ભયથી એસ્તર પાછી હઠી.

ઈરાએ કહ્યું : " ડરવાની કોઈ જરૂર નથી. આપના પતિને મારો એક સંદેશો આપજો. કહેજો કે, એમનો શત્રુ મૃત્યુ પામ્યો છે. એમના એ દુશ્મને મને એટલી સતાવી કે, મેં જ તેની હત્યા કરી નાંખી."

" એમનો દુશ્મન ?"

" મેશાલ્લા. એમ પણ કહેજો કે, મેં એમને જેટલું દુઃખ પહોંચાડયું એની સજા મને મળી ચૂકી છે. હવે એ મને ક્ષમા આપે એટલું જ ચાહું છું."

એસ્તરની આંખો આંસુથી છલકાઈ ઊઠી.

ઈરાએ ફરીથી કહ્યું : " ના, મારે રહેમ કે આંસુની ભિક્ષા નથી જોઈતી. એમને કહેજો કે, હવે હું સમજી કે રોમન હોવાનો અર્થ છે જંગલી હોવું."

એ જવા લાગી કે એસ્તરે કહ્યું : " ઊભાં રહો. મારા પતિને મળીને જાઓ. એમના મનમાં તમારે વિશે કોઈ ફરિયાદ નથી. એ તમારી સાથે મિત્રતાભર્યો વર્તાવ રાખશે. અમે ખ્રિસ્તીઓ છીએ."

એ થોભી નહિ : " ના, હું મારી જ મરજીથી આ હાલતમાં છું. હવે થોડા જ સમયમાં એમાં ફેરફાર થઈ જશે."

એસ્તર : " શું અમે આપની સેવાનાં અધિકારી નથી ? "

મિસરી યુવતીનો ચહેરો મુલાયમ બન્યો. તેના હોઠ પર સ્મિત ફરક્યું. તેણે ફર્શ પર રમતાં બાળકો તરફ જોયું.

" હા, કંઈક તો કરી શકો."

પછી તે ફર્શ પર સિંહના ચામડા પર રમતાં બાળકો તરફ ગઈ. બંનેને ચુંબન કર્યાં, અને પછી ઊભી થઈ તરત કશું બોલ્યા વગર ત્યાંથી ચાલી ગઈ.

★ ★ ★

સમ્રાટ નીરોના રાજ્યારોહણના દસમા વર્ષે સિમોનીડીઝ પોતાની વખારની અગાસીમાં આરામખુરસીમાં બેઠા હતા. બેન–હર, એસ્તર અને તેમનાં ત્રણ બાળકો તેમની સાથે હતાં.

" બેન–હર," તેણે ગંભીરતાથી કહ્યું : " આ બધાં વર્ષો દરમ્યાન ઈશ્વર તમારી સાથે ભલમનસાઈથી વર્ત્યો છે. આભાર માનવાનાં તમારે કેટલાં બધાં કારણો છે ? શું એ અંગે વિચારવાનો સમય આવ્યો નથી કે, આ તમારી દિનપ્રતિદિન વધતી જતી દોલતની પ્રભુદીધી બક્ષિસનું શું કરવું જોઈએ ?

" મેં એ અંગે અગાઉથી નક્કી કરી નાંખ્યું છે. દોલત આપનાર પણ ઈશ્વર છે. દોલત પણ તેની જ છે, મારું તો કશું જ નથી. હવે પ્રશ્ન એ છે કે ઉપયોગ કઈ રીતે કરવો ? "

સિમોનીડીઝે કહ્યું : " અંત્યોખની મંડળીને જે ધનનું દાન તમે આપ્યું છે તેનો હું સાક્ષી છું. હવે રોમમાંથી મંડળીની સતાવણીના સમાચાર આવ્યા છે. આ આપણે માટે નવું ક્ષેત્ર છે. રાજધાનીમાં પ્રભુ ઈસુનો પ્રકાશ ઝંખવાવો ન જોઈએ."

" મને કહો કે, મારે એ પ્રકાશને કેવી રીતે ટકાવવો અને વધારવો ? "

" એ હું કહું. રોમનો અને ખુદ નીરો પણ બે ચીજોને ખૂબ પવિત્ર માને છે : મૃતદેહોની રાખ અને મરેલાંને દફનાવવાનાં કબરસ્તાનો. જો તમે જમીન ઉપર મંદિરો ન બાંધી શકો, તો જમીનની નીચે બાંધો. તેમને ભ્રષ્ટ થતાં બચાવવા શહીદ થયેલા ખ્રિસ્તીઓનાં શબ ત્યાં રાખો."

બેન–હરનો ઉત્સાહ વધી ગયો. તેણે કહ્યું : " આ તો ઉમદા સૂઝવાળી વાત છે. હવે વાટ જુએ નહિ ચાલે, જે જહાજમાં આ સમાચાર આવ્યા એ જ જહાજમાં હું રોમ જઈશ. શક્ય એટલી વધુ ઝડપે."

તેણે માલૂખને કહ્યું : " માલૂખ, જહાજ તૈયાર કરો. તમારે પણ મારી સાથે આવવું પડશે."

સિમોનીડીઝ : " હા, એ જ બરોબર છે. "

બેન–હરે એસ્તર તરફ ફરી પૂછયું : " એસ્તર, તારો શો અભિપ્રાય છે ? "

બેન–હરના હાથ પર હાથ મૂકી એસ્તરે કહ્યું : " એ જ રીતે તમે ખ્રિસ્તની સૌથી ઉત્તમ સેવા કરી શકશો. મને તમે અહીં ન રાખશો, પરંતુ તમારી સાથે લઈ જાઓ, જેથી હું પણ તમારી પડખે રહી શકું."

પ્રિય વાચક, જો આજે પણ તમે રોમમાં જાઓ, તો પ્રાચીન સાનકેલિકસ્ટોનાં લાંબાં લાંબાં ભોંયરાંઓનાં કબરસ્તાનોમાં બંધાયેલાં ખ્રિસ્તીઓનાં મંદિરો જોઈ શકો. એમાં જ બેન–હરની સંપત્તિ ખર્ચાઈ. સીઝરોના ખ્રિસ્તી ધર્મ પરના અત્યાચારો છતાં આ મંદિરોમાંથી જ રોમની ઉપરવટ જઈને ખ્રિસ્તી ધર્મનો વિજયધ્વજ દુનિયામાં બધે જ ફરકી રહ્યો.

